પ્રેમાનંદની પ્રસાદી.

પ્રકાશક,

એમ. સી. કોઠારી.

શાળોપયોગી અને સામાજિક આવૃત્તિ.

પ્રેમાનંદની પ્રસાદી.

કવિ પ્રેમાનંદનાં રસિક કાવ્યોનો ટીકા, વિવેચન સાથે સંગ્રહ.

યોજક:

ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા.

પ્રેમાનંદ, વિષ્ણુપ્રસાદ, મીરાંબાઈ વગેરે કવિઓના જીવનચરિત્રના લેખક તથા સુદામાચરિત્ર, મામેરૂ વગેરેની ટીકા લખનાર.

પ્રકાશક:

એમ. સી. કોઠારી.

રાવપુરા-કાપડી પોળ-વડોદરા.

(આવૃત્તિ બીજી)

સંવત ૧૯૭૯]   સર્વ હક્ક સ્વાધિન.   [ઈ. સ. ૧૯૨૩

મૂલ્ય એક રૂપિઓ.

મુદ્રકઃ “ધી ન્યુ પ્રિન્ટિંગ વર્ક્સ”
૧૧૫, રીચીરોડ–અમદાવાદ.
માલીકઃ–કુંજવિહારી ગોપીલાલ ધ્રુ.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

પ્રેમાનંદની પ્રસાદી માત્ર પ્રેમાનંદનાં કાવ્ય તથા નાટયની પ્રસાદી છે. ૧૯ મી સદીમાં ગુજરાતી વાંચનનો સાહિત્યમાં પુષ્કળ વધારો થયો છે. વીસમી સદીમાં એ વધારો મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં ગુજરાતીનો વિષય આપણી શારદાપીઠે દાખલ કર્યાથી વિશેષતર થયો છે. એથી કરીને વિદ્યાર્થિયોગ્ય પુષ્કળ પુસ્તકો જુદા જુદા પ્રસિદ્ધકર્તા તરફથી પ્રસિદ્ધ થયાં છે. આ પુસ્તકે તે યાદીમાં વધારો કર્યો છે. અત્યાર સુધીમાં વિદ્યાર્થિયોગ્ય જે પુસ્તકો તૈયાર થયાં છે તે તમામની પદ્ધતિ એક જાતની હોઇ વિવિધતાને ખાતર એકજ કવિની રસિકતાવાળું અને વિદ્યાર્થિને ગમ્મત સાથે જ્ઞાન મળે એવા કાવ્યોના ફકરાઓવાળું નવીન પદ્ધતિનું પુસ્તક આપવાનું કારણ આની પ્રસિદ્ધિ છે. વળી અંગ્રેજી કવિ ઉવર્ડ્ઝવર્થ, શેલિ આદિ કવિઓના અનુવાદવાળાં સ્વાનુભવરસિક કવિતાના ફકરા સમજવા, તથા તેમાં લીન થઇ તેમાંનો ભાવ ગ્રહણ કરવો એ આવી નાની ઉમરના બાળકોને માટે વધારે પડતું ગણાય. આ બાબતનો ઘણા શિક્ષકોને અનુભવ થયો જ હશે. સર્વાનુભવરસિકકવિતા બાળકોને સમજવી કે યાદ રાખવી મુશ્કેલ નથી, તેથી પ્રેમાનંદ જેવા ઉત્તમ સર્વાનુભવ રસિક કવિના ઉત્તમોત્તમ ગ્રંથોમાંથી લોકપ્રીય અને બોધક ફકરાઓ આપ્યા હોય તો બાળકોના જ્ઞાનમાં વધારો થાય. આ વિચારને કેટલાક વિદ્વાન અને શિક્ષક વર્ગ તરફથી પુષ્ટિ મળ્યાથી આ પુસ્તકનો જન્મ થયો છે.

પ્રેમાનંદની પ્રસાદીમાં ગદ્ય અને પદ્ય બન્ને છે. એનું ગદ્ય તે પ્રાચીન કાવ્યમાળાના યોજકો તરફથી પ્રસિદ્ધ થયેલાં ત્રણ નાટકો છે. એ નાટકો કવિનાં પોતાનાંજ લખેલાં છે કે કેમ તે વિષે શંકા છે. પરંતુ

જ્યાં સુધી તે કવિનાં નથી એમ સાક્ષરો સિદ્ધ કરે નહિ ત્યાં સુધી તે પ્રેમાનંદની જ કૃતિનાં છે એમ માની તેને આમાં સ્થાન આપ્યું છે.

વસંતપંચમી,
વિક્રમાર્ક ૧૯૬૭. } ભાનુ નિ. મહેતા.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

પ્રેમાનંદની પ્રસાદી સને ૧૯૧૧ માં પ્રસિદ્ધ થયા પછી ગૂજરાતના વિદ્વાનોએ તથા સાક્ષરોએ તેને માટે ઉચ્ચ અભિપ્રાય આપ્યા હતા, તથા શાળાઓમાં તે પાઠય પુસ્તક તરીકે સ્વીકારાયાથી એક જ વર્ષમાં તેની સર્વ પ્રતો ખપી ગઇ હતી. તથા એની માગણી થયાં કરતી હતી એથી જ એ પુસ્તકની લોકપ્રિયતા સાબીત થાય છે. એ માટે એ સર્વ ગૃહસ્થોનો હું આભાર માનું છું. એથી ઉત્તેજીત થઇ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો વિચાર કરતો હતો, પણ કેટલાંક અનિવાર્ય કારણો એવાં આવી પડયાં કે એ કામ હાથ પર લેતાં જરા વિલંબ થયો. એવામાં યાદવાસ્થળી જાગતાં કાગળ વગેરેના ભાવ વધી પડતાં એ યુદ્ધ બંધ થયે કાગળ વગેરેનો ભાવ સુધર્યા પછી જ તે પ્રગટ કરવાનો વિચાર રાખ્યો હતો, પરંતુ વડોદરા રાજ્યના મેહેરબાન વિદ્યાધિકારી સાહેબે એ પુસ્તકને હાઇસ્કૂલના ધોરણોમાં ગૂજરાતીના પાઠય પુસ્તક તરીકે રાખવા આજ્ઞાપત્રિકામાં હુકમ પ્રસિદ્ધ કર્યો તેથી આવા મોંઘવારીના સમયમાં પણ એને પ્રસિદ્ધિમાં મુકવાની હિમ્મત કરી છે તે માત્ર રા. મોહનલાલ ચૂનીલાલ કોઠારીના સહકાર્યને લીધે જ છે.

બીજી આવૃત્તિ વખતે સુધારો વધારો કરવા ગૂજરાતના વિદ્વાનો

તરફથી સૂચના થઇ હતી તે પ્રમાણે આ આવૃત્તિમાં સુધારો વધારો કરવામાં આવ્યો છે, એથી આશા છે કે શાળાઓના શિક્ષકોને તે અનુકૂળ થશે. એ પુસ્તક હાઇસ્કૂલના ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણમાં ચલાવી શકાય એવી એમાં ગોઠવણ રાખી છે. તથા એક જ પુસ્તકમાં પદ્ય અને ગદ્ય બન્ને હોવાથી બે જુદી જુદી ચોપડીઓનો ખર્ચ બાળકોના શિર ઉપરથી ઓછો થાય છે, એ મોટો લાભ છે.

આ આવૃત્તિ ઉતાવળે છપાયલી હોવાથી તેમાં ઘણી ભૂલો રહી જવા પામી હશે, તો તે સુધારીને વાંચવા સર્વને વિનતિ છે.

રામનવમી,
વિક્રમાર્ક ૧૯૭૪, } ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા.

અનુક્રમણિકા.

સુદામાચરિત્ર.

માંધાતા આખ્યાન.

ઓખાહરણ.

નળાખ્યાન.

મદાલસા આખ્યાન.

મહેતાનું મામેરૂં.

અભિમન્યુ આખ્યાન.

મ્હેતાની હુંડી.

સુધન્વા આખ્યાન.

રણયજ્ઞ.

ગદ્ય.

સત્યભામારોષદર્શિકા આખ્યાન.

પાંચાલીપ્રસન્ન આખ્યાન.

તપત્યાખ્યાન.

ઉપોદ્ઘાત.

ગુજરાતના સુપ્રસિદ્ધ, મનોહર, રસિક અને મધુર કવિ પ્રેમાનંદનું નામ લગભગ દરેક સ્ત્રીપુરૂષે સાંભળ્યું હશે. કેટલાંકે તેની મધુરી વાણીનું પાન પણ કર્યું હશે. કેટલાંકની રગેરગમાં ને નસેનસમાં તેનું લોહી સતત વહેતું રહ્યું હશે. જ્યાં સુધી ગુર્જરગિરા મૃત્યુ પામતી સંસ્કૃત ભાષા જેવી સંવૃદ્ધ થાય નહિ તથા તે દેવગિરા જેવી સાહિત્યમાં ભરચક બને નહિ ત્યાં સુધી માથે પાઘડી નહિ પહેરવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરવાવાળા ગુજરાતી ભાષાના ભીષ્મપિતામહ પ્રેમાનંદ કવિની શક્તિનું, તથા તેણે જે સાહિત્ય આપણને વારસામાં આપ્યું છે, તેનું નિરીક્ષણ કરવું એ તો આવડા નાના પુસ્તકને માથા કરતાં મણિયો મોટો પહેરાવ્યા જેવું થાય.

કવિ પ્રેમાનંદ પ્રાસાદિક કવિ હતો. પ્રેમાનંદની પ્રસાદી પ્રેમની અને આનંદની પ્રસાદી છે. ગુજરાતી ભાષા ખીલવવાને કવિએ ભગીરથ પ્રયત્ન કર્યો હતો તે એ કવિનું ચરિત્ર વાંચ્યાથી સમજાશે. આવી પ્રતિજ્ઞા કરવાવાળો પુરુષ કોણ હશે, તે જાણવાની સ્વાભાવિક ઇચ્છા થાય. એનાં ચરિત્ર તથા કાવ્યો વિષે કવિ નર્મદ, રા. રા. કાંટાવાળા, ધ્રુવ, ત્રિપાઠી વગેરે અનેક વિદ્વાનો તથા લેખકોએ જુદે જુદે વખતે લેખો લખ્યા છે, ભાષણો આપ્યાં છે, અને વાદ કીધો છે, તેથી એ સંબંધમાં વિશેષ કહેવા જેવું રહેતું નથી, તથાપિ આ પુસ્તકમાં તે કોણ હતો, ક્યાં જનમ્યો હતો, તેને કાવ્યશક્તિ કેવી રીતે પ્રાપ્ત થઇ, તેણે કેવી સ્થિતિ ભોગવી, તેણે કેટલાં ને કેવાં રસવાળાં પુસ્તકો રચ્યાં એ વગેરે વિષે થોડું ઘણું જાણવું જોઇએ.

કવિનો જન્મકાળ તેનાં અનેક પુસ્તકોની અંતે આપેલા સંવત

ઉપરથી આપણે અટકળી શકીએ છીએ. તે આશરે સંવત ૧૬૯૨ માં વડોદરામાં જનમ્યો હતો, અને તેનું મૃત્યુ આશરે સંવત ૧૭૯૦ માં થયું હતું, એટલે લગભગ સો વર્ષનું આયુષ્ય ભોગવવાને તે ભાગ્યશાળી થયો હતો. આ પ્રમાણે તેણે અઢારમા સૈકાનું કવિરાજ્ય ભોગવ્યું હતું.

ઇતિહાસ દૃષ્ટિથી જોઇએ તો આ વખત હિંદુસ્તાનને માથે અંધાધુનીનો હતો. મોગલાઈ સામ્રાજ્યની ચડતીની ટોચ, ઔરંગઝેબ પાદશાહનો અમલ, મરાઠા સરદાર શિવાજી અને મોગલ શહેનશાહ સાથેની લડાઇ, મરાઠાની લૂટફાટ, મોગલોની પડતી, અને ગુજરાતમાં ઉથલપાથલ વગેરેને લીધે કાવ્યકારોને ઘણુ સેહવું પડેલું હોવું જોઇએ.

પ્રેમાનંદના સમકાલીન કવિઓમાં શામળદાસ મુખ્ય છે. એ બે કવિ વચ્ચેનો ઝઘડો એમનાં કાવ્યો વાંચ્યાથી માલમ પડે છે. આ પ્રમાણે એક તરફથી રાજાઓ વચ્ચે રણયજ્ઞ થતા હતા, ત્યારે બીજી તરફથી બે કવિઓ વચ્ચે વાગ્યુદ્ધ થતાં હતાં. દેશની અંધાધુનીના સમયમાં દરેકનાં મન અસ્થિર હોય જ અને તે વખતે ગ્રંથ ઉપર ગ્રંથ રચવા એ થોડાથી જ બની શકે. પણ આ બે કવિઓએ એક બીજાની સરસાઇમાં એક ઉપર એક પુસ્તકો, આખ્યાનો કે વાર્તાઓ જે કહો તે, વાણીરૂપી નદીના સતત્ પ્રવાહમાં રેલ્યાં છે, ને તેમાં આપણે આજે ડુબકીઓ મારીએ છીએ. એ ઝઘડાએ ગુજરાતી ભાષાને ઘણો જ લાભ કીધો છે એમ કહ્યા વિના ચાલે એમ નથી.

પ્રેમાનંદ કવિ જ્ઞાતે ચોવીશા બ્રાહ્મણ હતો. એ ચોવીશા બ્રાહ્મણની ઉત્પત્તિ નાદોરામાંથી છે. કવિ દલપતરામે તેની જ્ઞાતિ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણની કહી છે, પણ કવિએ પોતે જ ઘણે ઠેકાણે 'ચતુર્વિંશી જ્ઞાતે બ્રાહ્મણ' કહ્યું છે. કવિના પિતાનું નામ કૃષ્ણારામ હતું તે ન્હાનપણમાં ગુજરી ગયા હતા. મા પણ થોડો કાળ જીવી મૃત્યુ

પામી હતી. તેથી કવિ જાતે અને જીવે એકલો થયો હતો, અને કદાપિ તે કારણને લીધે તે માસીને ઘેર ઉછરી મોટો થયો હશે. કવિમાં કવિત્વ-શક્તિ જન્મથી નહોતી એમ કેટલાકનું કહેવું છે. એ બાબત કવિ નર્મદે કવિ ચરિત્રમાં લખ્યું છે કે " ચૌદ પંદર વર્ષ સુધી કવિ મૂર્ખ અને જડભરત હતો, કામનાથ તથા બહુચરાજીનાં દહેરાં છે તે બેની વચ્ચે એક મકાનમાં કોઇ સિદ્ધ આવી રહ્યા હતો તેની પાસે તે રોજ જતો, તથા સેવા કરતો ને બાકીના વખત ગામમાં રખડયાં કરતો. એક દિવસ સિદ્ધે કહ્યું કે હું કાલે અહિંથી જવાનો છું, માટે તું સહવારમાં વહેલો આવજે. પ્રેમાનંદને જતાં મોડું થયેલું ને સિદ્ધ ચાલતો થયેલો, પણ પછી તે લોકને પૂછતો ને દોડતો થોડેક ગયો એટલે સિદ્ધ મળ્યો. પ્રેમાનંદ ગગળી ગયેલા જેવો પગે પડયો, ને સિદ્ધે કહ્યું કે જા તું પ્રાકૃત-માં કાવ્ય કરવાને સમર્થ થઇશ, વહેલો આવ્યો હોત તો સંસ્કૃતમાં કરવાને સમર્થ થાત. એ રીતે પ્રસાદ લઇને ઘેર આવ્યો ને પછી કાવ્ય કરતો થયો. " વળી એક બીજી દંતકથા એવી છે અને તેને ફક્કડ કવિ વલ્લભનાં કાવ્યથી પુષ્ટિ પણ મળે છે કે રામચરણ હરિહર નામે કોઇ સારો વિદ્વાન રામનાથના દેવળમાં ઉતર્યો હતો. તેની પાસે પ્રેમાનંદ જતો આવતો હતો. એ વખતે કવિની ઉમર ચૌદ પંદર વર્ષની હતી. કવિ બુદ્ધિશાળી છે એવું સાધુને જણાયાથી એણે કવિને સાથે આવવા કહ્યું. એથી તે લાગલો જ કોઇને કહ્યા કહાવ્યા વિના સાધુની સાથે ગયો, અને કેટલાંક વર્ષ તેની સાથે દેશપરદેશ મુસાફરીમાં રખડયો. એ અરસામાં તેને કવિત્વશક્તિ પ્રાપ્ત થઇ હોય એમ સંભવે છે. કવિ વલ્લભની એ સંબંધની ઉક્તિ વાંચવા યોગ્ય છે.

એવે મળી આવ્યા સિદ્ધ પૃથ્વીમાં પ્રસિદ્ધ પૂરા;
નમી પૂછ્યું તેમને મેં, ભલો ત્યારે ભાવિયો.
નિષ્કલંકી ભાષા કોઇ, બતાવીયે નરવર !
પૂજક હું થાઉં તેનો, વ્યગ્ર મન અતિ છે.

જોઉં જેમાં તેમાં દોષ, ગિરવાણુ શુદ્ધ ભાળું;
ન કરવાનું નિહાળું, મૂઢ મારી મતિ છે.
ધનવંત જોઇ પૂરોધન, અર્પવા જવું તે;
હાંસી વિશ્વ મધ્ય થાય, રાઢ એમાં નતિ છે?
ગિરવાણુ જેવી નહિ, ઉતરતી એના થકી;
એક પગથીઉં માત્ર, ગૂઢ કેવી ગતિ છે.
યોગીરાજ ઇશ્વર શા, વધા વેણુ ત્યારે તર્ત;
અભ્યા કઇ જાત તારી? પૂછ્યું એમ તેમણે.
મેં કહ્યું કે ગુજરાતી, મૂલ્યવાળો શુંશાં વિષે;
શુદ્ધ ભાષા જેની મારે, મૂલ્ય કર્યું એમણે.
ઉમ્બર મૂકી અને તું ડુંગર પૂજે કેમ?
ગોદમાંને સુત ભૂલે, જાણ્યું નહિ જેહણે.
તારી ભાષા છેજ તેવી, જાણ્યું નવ તેં જરૂર;
વિચારી જો વાર વાર, ગુણથી ઘટે ગણ્યે?
કોમળતા કમળથી અધિક દેખાય એમાં;
મધુસુધા મિષ્ટપણે, હારી હારી જાય છે.
અમલતા એના જેવી, નથી કોઇ ભાષા મધ્ય;
પ્રાચીનપણું તો એનું, મોટેરૂં મનાય છે.
નવરસની નાયકા, સુખદાયકા છે સિદ્ધ,
જાણે નહિ તેહ એના ખોટા ગુણ ગાય છે.
ગુર્જરગિરાની તુલ્ય ઉર્વીમાં નથી;
સર્વગુણ સંપન્ન છે; ઉચ્ચાર રસાળ શો?
એમ સમજાવી મને સારે પંથે વાળ્યો સિદ્ધ;
અનુભવે ખરૂં લાગ્યું; ટળ્યો ન્હાના બાળ શો.

આ દંતકથા હોય કે સાચી વાત હોય, ગમે તે હોય, પણ પ્રેમાનંદ સંસ્કારી હોવો જોઇએ. આવી દંતકથાઓ આપણા ઘણાખરા

સારા કવિઓ માટે ચાલે છે. આદિ કવિ નરસિંહ અને પ્રેમી અને દર્દી કવિ દયારામ જેમણે ભાષાને અનેક શણગારોથી શણગારી છે તેમને માટે પણ છે. એમાં એવું બને છે કે સંસ્કાર જન્મથી હોય, પણ તેને અમુક સાધન કે સિંચનની જરૂર હોય તે સાધન કે સિંચન જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી તેમાંથી બળવાન વૃક્ષ ઉદ્ભવે નહિ. એવું જ કાંઇ ગુજરાતી કવિઓની બાબતમાં બન્યું છે.

પ્રેમાનંદ કવિનો જન્મ વડોદરામાં થયો હતો, ને તેનાં ઘરબાર પણ ત્યાં જ હતાં. રહેણાક વડોદરાની પણ આખો જન્મારો તેણે ત્યાં ગાળ્યો નહોતો. એનાં કાવ્યો ઉપરથી જણાય છે કે તેની રહેણાકનાં ત્રણ મુખ્ય સ્થળ હતાં; વડોદરા, સુરત અને નંદરબાર. સુરત અને નંદરબાર રહેવાનું મુખ્ય કારણ એવું જણાય છે કે તે કોઇ શેઠીઆને ત્યાં નોકર રહ્યો હશે, ને તેની પેઢી સુરત અને નંદરબાર હોવાથી એને તે બે સ્થળે જવા આવવાનું થયું હશે. તે વખતમાં સુરત મોટું વેપારનું મથક હતું, તેથી આ પ્રમાણે હોવાનો સંભવ હોય પણ ખરો. નંદરબાર રહેવાનું કારણ કેટલાકના કહેવા પ્રમાણે ત્યાંના ઠાકોરનો તેને આશ્રય હતો તેને લીધે હતું. પરંતુ એટલું તો ખરૂં કે કવિએ એ બે શહેરોમાં રહી ઘણી કવિતા રચી છે, ને ગાઇ છે. એટલુંએ સિદ્ધ છે કે આ સ્થળોમાં પ્રેમાનંદ રચિત પુસ્તકોના વાંચનનો શોખ વંશપરંપરાથી ઉતરી આવ્યો છે.

પ્રેમાનંદ કવિ મુખ્યત્વે કરીને કથા કરતો હતો. તેથી તે કથાભટને નામે ઓળખાયો છે. એક વખતે સરકારવાડામાં તેને અને એક બીજા કથાકરને જગ્યાની બાબતમાં કજીયો થયો. એ વખતથી તે ગુજરાતીમાં કથા કરવા લાગ્યો એવું ઘણાનું કહેવું છે. જ્યારથી તે ગુજરાતીમાં કથા કહેવા લાગ્યો ત્યારથી તેની રોજી વધી હતી. એનું કારણ સમજવું મુસ્કેલ નથી. સામાન્ય જનસમાજ સુશિક્ષિત હોતો

નથી, તેથી તેને સ્વભાષામાં, અને તેમાં વળી જનસ્વભાવનાં ચિત્રોવાળી કથામાં જેટલો રસ પડે તેટલો સંસ્કૃત ભાષામાં પડે નહિ. આ સ્પર્ધામાં તે માણભટ્ટ થયો. ગુજરાતમાં આવા માણભટો

વૈશંપાયન એણી પેર બોલ્યા, સુણ જનમેજય રાય
વિસ્તારી તુજને સંભળાવું, ભારતનો મહિમાય

ના સૂર સાથે માણ ઉપરના છવિંટિયાનો ધ્વનિ ઘેલી ગુજરાતને એક ચક્રાવે ચડાવતો. એ માણભટ્ટોની શક્તિ, વાક્ચાતુરી, કાર્યદક્ષતા આદિ પ્રશંસનીય છે. માણભટો સંખ્યાબંધ ટોળાને પોતાની માણેથી વશ કરી શકયા છે. એ માણ જ તેમની આજીવિકાનું સાધન હોય છે. તેટલા માટે આપણો મોટો માણભટ્ટ પ્રેમાનંદ કથા કરવાને માટે જુદે જુદે સ્થળે ભટક્યો હોય એ પણ સંભવિત છે. ત્યારે શું કવિ પ્રેમાનંદ માત્ર માણભટ્ટના નામને પાત્ર હતો? નહીં જ. તે એક પ્રાસાદિક કવિ હતો. તેની કવિત્વશક્તિ એનાં બધાં કાવ્યોમાં પદે પદે જણાય છે. તેનાં પદો આજે વાંચ્યાથી આપણાં રૂવાડાં ઉભાં થાય છે તો જે વખતે આ મહાન્ કવિ લોકોને કથાના પ્રસંગનો શૂર ચડાવવા આવેશમાં આવી જઇ અર્ધો ઉછળ્યો હશે તે વખત આ કથાભટની વાણીસુધા પીનારને તેઓ કેવા ભાગ્યશાળી થયા હશે? કવિની વર્ણનશક્તિ અગાધ હતી. તેણે, વન, યુદ્ધ આદિ બીજું જે કંઇ વર્ણવ્યું છે તે પરથી આપણે કહી શકીએ છીએ કે ચિતારો ચિત્ર ચીતરીને આંખ આગળ વસ્તુ ખડી કરી શકે છે, પણ એણે તો કેવળ એના વર્ણનમાં બધા પટો આણ્યા છે. આથી કરીને કવિની કવિતા સામાન્યવર્ગને ઘણી અનુકૂળ થઇ છે. સામાન્ય રીતે ઘણાને અનુભવ થયેલા વિષયો જ તેણે પસંદ કીધા છે, કારણ એનું શ્રોતાજન સામાન્ય વર્ગનું હતું. વસ્તુ પૌરાણિક કથામાંથી લેઈ પોતાની ઇશ્વરદત્ત વાક્ચાતુર્યથી એવી પટાવી આભૂષિત કરી છે કે તેને આપણે ગુજરાતના એક ઉત્તમ

કવિની ગણનામાં ગણીએ છીએ. કવિતાની ખૂબી જ કથા પ્રસંગમાં રહેલી છે. એથી જ આપણને અંગ્રેજી કવિ શેક્સપિયરની આબેહૂબ ચિત્રકારની શક્તિ જેવી શક્તિ પ્રેમાનંદમાં જોવાથી એને ગુજરાતનો શેક્સપિયર કહેવાનું મન થાય છે.

એક તરફથી કવિને કથાનો પ્રસંગ, અને બીજી તરફથી કવિ સામળ સાથેની સ્પર્ધા એ બેને લીધે તેને એક મંડળ સ્થાપવું પડ્યું. તે ટોળીમાં આશરે ૧૦૦ માણસો હતાં, પણ એ સોમાં બાવન મુખ્ય હતાં. કવિના એ બાવન વીરો વિષેની કવિ વલ્લભની નીચલી ઉક્તિ વાંચવા યોગ્ય છે.

છે નવ દાસ અને બઇ ચારજ, રત્ન ભલાં દ્વય શિષ્ય કહાવે;
છે ભવ રાશ અને બમ્ર બારજ, રત્ન મળાં દ્વય વિશ્વ વહાવે;
છે વીર પંચજ, જી ગણિયે ત્રણ, નંદ ચતરનું નામ સુહાવે;
છે વીર વલ્લભ, શે ભણિયે ગણુ ? એકજ પ્રેમનું નામ પુહાવે.

આ ઉપરથી જણાય છે કે એ મંડળ સ્ત્રીપુરૂષ બન્નેનું હતું. કવિને વધારે આનંદની વાત તો એ થઇ હતી કે તેના સમાગમને લીધે તેમાંનાં કેટલાંક કવિ અને કવયિત્રી થયાં. આ પ્રમાણે કવિએ જે રથી અને મહારથી ઉત્પન્ન કીધા તેમાં નિરંકુશ રથી અને મહારથી વીરજી અને વલ્લભ મુખ્ય હતા. રા. ધ્રુવના શબ્દોમાં કહીએ તો "એ પૈકી જેમની કૃતિ પ્રકાશમાં આવી છે એવા તો ગાયક વીરજી, સહવાસી હરિદાસ, પ્રસાદકવિ દ્વારકાદાસ, અનુવાદકવિ રત્નેશ્વર, નિરંકુશકવિ વલ્લભ અને સાદો સુંદર એ છ જ છે."

કવિના મંડળના મહારથીઓએ ગુજરાતીમાં જે સાહિત્ય ઉભું કીધું તે પહેલાં ગુજરાતી ભાષાની સ્થિતિ કેવી હતી તે પણ વિચારવા યોગ્ય છે. અત્રે ગુજરાતી ભાષાની વંશાવળી આપવાનો પ્રસંગ નથી,

પ્રયાસ નથી, તેમ આશયે નથી. આપણી પાસે ગુજરાતીનું જે સાહિત્ય છે તે જોતાં એનો આરંભ કવિ નરસિંહથી ગણી શકીએ. તેટલા માટે કવિ નરસિંહ મહેતાને લોકો ગુજરાતી ભાષાનો પિતા કહે છે. એ કવિ સંવત ૧૪૦૦ ના સૈકામાં થઇ ગયો છે. એ હિસાબે ગુજરાતી ભાષાનો ઇતિહાસ માત્ર પાંચસો વર્ષનો કહેવાય. પરંતુ તેમ નથી. ગુજરાતની ગાદી અણહિલવાડપાટણમાં હતી તે વખતે પણ ત્યાંના રાજાઓના આશ્રય તળે કવિઓ હતા. તેમણે પણ કાવ્યો રચેલાં જાણવામાં છે. પરંતુ તે કાવ્યોની શૈલીમાં ને હાલની શૈલીમાં ઘણો તફાવત માલમ પડે છે. લોકોની સામાન્ય ભાષા જેમ જેમ વધારે બોલાતી ગઇ તેમ તેમ સંસ્કૃત ઘસાતી ગઈ, અને અંતે પરિણામ એ આવ્યું કે સંસ્કૃત અપભ્રષ્ટ થઇ, અને તેને સ્થાને તેમાંથી માગધી, પ્રાકૃત કે અપભ્રંશ ભાષા ઉત્પન્ન થઇ. એ અપભ્રંશ ભાષા સામાન્ય વર્ગની થતાં તેણે અસલી ગુજરાતીનું સ્વરૂપ પકડયું. આવી ટુંક રૂપરેખા ભાષાને માટે લેઇએ તો બહુ બાધ આવે તેમ નથી. કવિ નરસિંહના સમયના વીસનગરા નાગર કવિ પદ્મનાભના કાવ્યનું દૃષ્ટાન્ત અત્રે લઇએ તો તે વખતે ગુજરાતી ભાષાનું કેવું સ્વરૂપ હતું તેનો ખ્યાલ આવે.

तिणि अवसरि गूजरधर राय, करणदेव नामि बोलाय ।
तिणि अवगणिउ माधवबंभ, तांहि लगइ विग्रह आरंभ ॥
रीसायु मूलगु परधान, करी प्रतिज्ञा मोम्युं धान ।
गूजरातिनूं भोजन करुं, तु तरकाणूं आणूं अरुं ॥*

---

* આજથી આશરે ૬૪૦ વર્ષ ઉપર એટલે સં. ૧૩૨૭ માં ૫૪૦ ગાથાનો ઉપદેશમાળા નામે ગ્રંથ, છપ્પય છંદ ને ઢાળે, રત્નસિંહસૂરિ નામે જૈન કવિએ રચ્યો છે. તે વખતની ભાષા કેવી હતી તે બતાવવા, એમાંથી એક ગાથા નીચે આપી છે.

विजय नरिंद जिणिंद, वार हथ्थिहिं वय लेविणु
धम्मदासगणि नामि गामि, नयरहिं विहरइ पुणु

કવિ નરસિંહની અને કવિ પદ્મનાભની ભાષાશૈલીમાં કેટલો બધો તફાવત માલમ પડે છે ? એનાં કારણુ છે, પણુ તે જોવાનો આ વિષય નથી. એ સંબંધમાં એટલું જ કહીશ કે ભાષા જેમ જેમ પોષાતી ગઇ તેમ તેમ તે વધારે અને વધારે ઘટ થતી ગઇ અને આખરે પ્રેમાનંદના સમયમાં વિશેષ ઘટ થઇ. તથાપિ તે વખતે હિંદુસ્તાનની હિંદી, બંગાળી અને મરાઠી વગેરે ભાષાની સાથે ગુજરાતીની કેવી ગણુના હતી તે જાણ્યાથી આપણું મન આજે કચવાય છે, તો પ્રેમાનંદ કવિ જેવા પ્રાસાદિક કવિના સાંભળ્યામાં આવ્યું હશે, તેથી તે કેટલા કચવાયા હશે ? અન્ય ભાષાના લેખકોએ ગુજરાતીને નિર્માલ્ય ગણી તેની અવગણુના કીધી હતી. તેઓ કહેતા કે—

અમે તમે કા સોળ હિ આના, અઠે કઠે કા બાર,
છકડં તિકડં આઠ હિ આના, શુંશાં પેસે ચાર.

निम पुत्तह रणसिंहराय, पडिबोहण सारिहिं
करइ एस उपएसमाल, जिणवयण विचारिहिं
सम पंचव्याल गाहारयण, मणिकरंड महियलि मुणउ
ुद्धभावि सुह सिद्धंतसम, सवि सुसाहु सावय सुणउ

એ જ છપ્પાને આજની ભાષામાં લખ્યો છે, ને તેથી અસલમાં વપરાતી અને હાલમાં વપરાતી શૈલીમાંનો તફાવત સહજ માલમ પડશે.

વિજય નરેંદ્ર જિનેંદ્ર, વીર હાથે વ્રત લીધું,
ધર્મદાસ ગણિ નામે, ગામનગરે વિચરે પુનઃ
નિજ પુત્ર રણસિંહરાય, પ્રતિબોધન સાર
કરે એહ ઉપદેશમાળ, જિનવચન વિચારે;

શત પંચચાળીશ ગાથા રતન, મણિકરંડ મહિતળે સુનિએ,
શુદ્ધ ભાવે શુદ્ધ સિદ્ધાંતસમ, સર્વ સુસાધુ શ્રાવક સુણે.

કવિ પ્રેમાનંદથી પોતાની માતૃભાષાની આવી અવગણના ખમી શકાઇ નહિ, અને તેણે પુસ્તકો રચવા માંડયાં, તે એટલે સુધી કે સાહિત્યનો ગંજ કરી દીધો. આ પ્રમાણે કરવામાં કવિને બે ત્રણ કારણ મળ્યાં હતાં; એક તો માતૃભાષાની અવગણના, બીજું કવિ શામળદાસ સાથેનો વિગ્રહ, અને ત્રીજું ગુરુ રામદાસનો ઉદ્દેશ.

ઉપર કહ્યું છે તે પ્રમાણે પ્રેમાનંદે મુખ્યત્વે કરીને પુરાણમાંથી કે ધર્મપુસ્તકમાંથી કથાની વસ્તુ પસંદ કરી આખ્યાન કે આખ્યાયિકા રચ્યાં છે. પણ એને એ પદ્ધતિ કવિ શામળદાસ સાથેના વિગ્રહને લીધે બદલવી પડી હતી. કારણ શામળદાસે પ્રેમાનંદને ઉદ્દેશી એવું કહ્યું છે કે "કહ્યું કવે તે શેનો કવિ." આ ઉપરથી તેણે આપણા આદિ ભક્તકવિ નરસિંહ મહેતાના અમુક અમુક પ્રસંગ લેઇ વ્યવહારજ્ઞાન લોકોને આપ્યું, તે એવું કે હાસ્યમાં ને હાસ્યમાં રહી સચોટ બાણો મારી લોકોને આનંદ આપ્યો. કુંવરબાઇનું મામેરૂં, હુંડી, શામળશાનો વિવાહ, શ્રાદ્ધ ને હારમાળા જેવાં પુસ્તકો તેણે રચ્યાં છે તેનું કારણ કેવળ કવિ શામળદાસ સાથેનો વિગ્રહ. એ કવિઓ વચ્ચે ઝઘડો કેવો ચાલતો હતો તેનો ચિતાર પ્રેમાનંદના પુત્ર કવિ વલ્લભે કુંતી-પ્રસન્નાખ્યાન, દુઃશાસન રૂધિરપાનાખ્યાન, વગેરેમાં પ્રગટરીતે, તથા પ્રેમાનંદે છુટક છુટક કવિતામાં ગુપ્તરીતે અને શામળે પણ મર્મમાં કવિતાઓમાં પ્રગટ કર્યો છે, જે વાંચ્યાથી તેનું તાદૃશ ચિત્ર આપણી આંખ આગળ ખડું થઇ રહે છે.

કવિતાનાં મુખ્ય બે અંગ છે; સ્વાનુભવરસિક, અને સર્વાનુભવ-રસિક કવિતા. પ્રેમાનંદે સ્વાનુભવરસિક કવિતાનું અંગ લીધું નથી. તેણે માત્ર સર્વાનુભવરસિક કવિતા રચી છે. અંગ્રેજી કવિ શેલિ, ઉવર્ડ-ઝવર્થ, ટેનિસન આદિ ઉત્તમ કવિઓ જેવી કવિતા તે સમયના શ્રોતાને નીરસ લાગે, નિર્વાહના સાધનમાં ખલેલ પડે, અને વળી ભાષાને માટે

ઝડપેલા બીડાને અંતરાય આવે એવું તેને જણાયું છે. અથવા સ્વાનુભવરસિક કવિઓના ઉડ્ડયનની સાથે ઉડવાની શક્તિ પણ તે વખતના નિરક્ષર સમાજને ક્યાંથી હોઇ શકે ? આથી કરીને તે વિષય, એવો લેતો કે તે શ્રોતાઓને થોડો ઘણો પરિચિત હોય. વિષય થોડે વા ઘણે દરજ્જે અનુભવવાળો હોવાથી તે સમજવો, સમજાવવો, યાદ રાખવો, કે તેનો રસ ઝીલવો અથવા તેમાં લદબદ થઇ એકતાન થવું તેમને ગમે, એટલું જ નહિ પણ કવિ સાથે ઉડવાને પણ તેમને મજાહ પડે. સર્વાનુભવરસિક કવિતા સમજવામાં મગજ માથે જે બોજો પડે તેવું સર્વાનુભવરસિક કવિતામાં ન થાય, એ સ્વાભાવિક છે.

કવિ નર્મદ પ્રેમાનંદની કવિતા વિષે એવું કહે છે કે "વાલ્મિક, વ્યાસ, કાલિદાસાદિ એઓએ જે પ્રતિની કવિતા કરી છે તે પ્રવિની કવિતા પ્રેમાનંદની નથી." કવિતા, અને કવિત્વશક્તિના માપ વિષે આપણે ઝઘડો કરવાનું આ સ્થળ નથી. પણ એટલું તો કહેવું મને આવશ્યક જણાય છે કે કવિની ચિત્રકારની શક્તિ બાણની કાદંબરી જેવી નથી તો શું છે ? પ્રેમાનંદને ગુજરાતી ભાષાનો વાલ્મિક ગણ્યો છે, તે નીચેની ઉક્તિથી સાબીત થાય છે.

ગુજરાતી ગિરા કેસ આદિ વાલ્મિકિને નમું,
જેની કાવ્યગિરાચિત્રભૂમિમાં હું સદા રમું.

વળી દશમ સ્કંધ વાંચતાં આપણે જોઇએ છીએ કે તે પોતે નિરભિમાની હોવાથી કહે છે કે વ્યાસ મુનિનું ભાગવત ક્યાં ને પોતાનું ક્યાં ?. એ બેની સરખામણી જ સંભવતી નથી. તથાપિ દશમ સ્કંધ એટલા બધા રસથી વિભૂષિત કવિતા છે કે તેમાં સ્નાન કરનાર ભીનો જ વાને બહાર નીકળે છે, ને તેથી જ આપણા ગુર્જર કવિને વ્યાસ કહ્યો હોય તો ખોટું નથી.

કવિના અલંકાર તથા પિંગળ શાસ્ત્રના જ્ઞાન વિષે કેટલાકે શંકા કરી છે, કારણ તેણે છંદોબદ્ધ કાવ્ય કર્યાં નથી, પણ માત્ર રાગ રાગણીઓ જ, તેમાં પણ ચાલ, પસંદ કરી છે. અલંકાર તો જુદાં જુદાં કાવ્યોમાં ચાલ્યા જ આવે છે, તેની સેર વહેતી જ રહી છે. તેને પિંગળનું જ્ઞાન હતું, એનો પુરાવો માત્ર દ્રૌપદીહરણનું કાવ્ય છે.

હવે કવિ અને કવિના શિષ્યોએ મળી ગુજરાતી ભાષાની જે સમૃદ્ધિ કરી છે તેમાંથી તેના શિષ્યોનાં પુસ્તકો બાદ કરીએ તોપણ તે પુષ્કળ છે. તે વૃદ્ધ થયો ત્યાં સુધી તેણે ભાષાની સેવા ઉઠાવી છે, તે એટલે સુધી કે દશમ સ્કંધ તેનાથી પૂરૂં થઇ શકયું નહિ, ને અવશ્ય તે મૃત્યુ પામ્યો, અને તેના શિષ્ય સુંદરે તે પૂરૂં કરી ગુરુની ઇચ્છા પાર પાડી. પ્રેમાનંદના પુસ્તકોની નામાવલિ સ્વર્ગસ્થ કવિ નર્મદ, સાક્ષર નવલરામ, રા. બ. કાંટાવાળા તથા બીજા અનેક લેખકો તરફથી બહાર પડી છે. છેલ્લાં મારાં પ્રેમાનંદના પુસ્તકમાં એ યાદી નીચે પ્રમાણે છે. એ પુસ્તક વાંચ્યાથી પ્રેમાનંદ વિષે વિશેષ માહિતી મળશે.

(૧) સ્વર્ગનીસરણી (પ્રથમનું કાવ્ય), (૨) લક્ષ્મણાહરણ (૧૭૨૦), (૩) ઓખાહરણ (૧૭૨૩), (૪) ચંદ્રહાસ આખ્યાન (૧૭૨૭), (૫) અભિમન્યુ આખ્યાન (૧૭૨૭), (૬) મદાલસા આખ્યાન (૧૭૨૮), (૭) ઋષ્યશૃંગ આખ્યાન (૧૭૨૯), (૮) હુંડી (૧૭૩૦), (૯) બભ્રુવાહન આખ્યાન (૧૭૩૨), (૧૦) પાંડવાશ્વમેધ (૧૭૩૨), (૧૧) દ્રૌપદી હરણ (૧૭૩૨ અથવા ૧૭૪૫), (૧૨) હારમાળા (૧૭૩૪), (૧૩) દ્રૌપદી સ્વયંવર (૧૭૩:), (૧૪) માંધાતા આખ્યાન (૧૭૩૭), (૧૫) શ્રાદ્ધ (૧૭૩૭), (૧૬) સુદામા ચરિત્ર (૧૭૩૮), (૧૭) શ્રીમદ્ ભગવદ્‌ગીતા (૧૭૩૮)

(૧૮) મામેરૂં (૧૭૩૯), (૧૯) સુધન્વા આખ્યાન (૧૭૪૦), (૨૦) રણુયજ્ઞ (૧૭૪૧), (૨૧) નળાખ્યાન (૧૭૪૧), (૨૨) હરિશ્ચંદ્ર આખ્યાન (૧૭૪૮), (૨૩) દેવીચરિત્ર (૧૭૫૧), (૨૪) સુભદ્રાહરણુ (૧૭૫૮), (૨૫) માર્કંડેય પુરાણુ (૧૭૪૮-૧૭૬૫), (૨૬) અષ્ટાવક્રાખ્યાન (૧૭૬૬), (૨૭) દશમ સ્કંધ, (૨૮) દાણુલીલા, (૨૯) વામન ચરિત્ર, (૩૦) વિવેક વણુઝારો, (૩૧) ભ્રમર પચીશી, (૩૨) સપ્તમ સ્કંધ અથવા પ્રહ્લાદ આખ્યાન, (૩૩) રૂક્મિણી હરણુ, (૩૪) સામળશાહનો વિવાહ, (૩૫) દ્વાદશમાસ, (૩૬) નાસિકેતોપાખ્યાન, (૩૭) વ્રજવેલ, (૩૮) ડાંગવ આખ્યાન, (૩૯) સુરેખાહરણુ, (૪૦) લવકુશાખ્યાન, (૪૧) જ્ઞાનગીતા, (૪૨) વલ્લભ ઝઘડો, (૪૩) રેવાખ્યાન, (૪૪) ભીષ્મચરિત્ર, (૪૫) કર્ણચરિત્રાખ્યાન, (૪૬) જયદેવાખ્યાન, (૪૭) રામાયણ, (૪૮) મહાભારત, (૪૯) રઘુવંશ, (૫૦) હરિવંશ, (૫૧) કપિલગીતા, (૫૨) નરકાસુરાખ્યાન. (૫૩) પાંડવોની ભાંજગડ, (૫૪) દ્રૌપદી વસ્ત્રાહરણુ, (૫૫) રોષદર્શિકાસત્યભામાખ્યાન, (૫૬) પાંચાળીપ્રસન્નાખ્યાન અને (૫૭) તપત્યાખ્યાન.

આ પુસ્તકને ઉપલાં બધાં પુસ્તકો સાથે થોડો સંબંધ છે, પ્રેમાનંદના બધા ગ્રંથોનું સારરૂપ વિવેચન કોઇ લખવા બેસે તો એક સ્વતંત્ર પુસ્તક તૈયાર થાય. એ કામ કોઇ મહારથીનું છે, ને તે થવું આવશ્યક છે.

પ્રેમાનંદનાં ઉપલાં બધાં પુસ્તકોમાંથી રસમય ચુંટણી કરવી હોય તો થઇ શકે ખરી, પરંતુ આ પુસ્તકમાં કવિના પદ સંગ્રહમાંથી દશમ સ્કંધ, નળાખ્યાન, સુદામા ચરિત્ર, ઓખાહરણુ, માંધાતા આખ્યાન, અભિમન્યુ આખ્યાન, મદાલસા આખ્યાન, મામેરૂ, હુંડી, સુધન્વા આખ્યાન અને રણુયજ્ઞ, એ નામના કાવ્યોમાંથી તથા ગદ્યસંગ્ર-

હમાં છેલ્લાં ત્રણુ નાટકોમાંથી રસિક અને ઉપદેશ યોગ્ય ફકરાઓ લીધા છે.

પ્રેમાનંદનો દશમ સ્કંધ કવિના મહાન્ ભાષામેધ યજ્ઞની પૂર્ણાહૂતિનો ગ્રંથ હતો, એટલે તે ઉત્કૃષ્ટ છે. તે સર્વ રસથી ભરપૂર છે. ઘણો લોકપ્રિય છે. તેમાંની વસ્તુ પણુ બાળકને યોગ્ય છે, તેમાં વાત્સલ્ય પ્રધાન છે. તોપણુ એમાંના કરૂણુ, વીર, હાસ્ય, પ્રેમ વગેરે રસોનાં કડવાંઓ રોજ રોજ વાંચ્યાં હોય તથાપિ તૃપ્તિ વળતી નથી. એ ગ્રંથ એવી મીઠી વાણીથી અંકિત થયેલો છે કે તે ગુજરાતનાં શહેરોમાં તથા ગામડાંઓમાં ચોમાસાની ઋતુમાં ઘેર ઘેર વંચાય છે. દશમમાં કેટલાક પ્રસગો તો એવા ચિત્તવેધક છે કે કઠણુમાં કઠણુ હૃદયના વાંચનારનું મન એકવાર દ્રવ્યા વિના રહે જ નહિ. વાત્સલ્યભાવ, પ્રેમરસ, હાસ્યરસ એ સર્વમાં કવિની કલમે અવધિ કરી છે. કવિ વર્ણુન કરવા બેઠો છે ત્યારે આઘુંપાછું જોયું નથી, એટલે વર્ણનની તાણુમાં તણાઈ ક્લિષ્ટતા આવી ગઈ છે, ને તેથી દોષદર્શીને ખામી કાઢવાનું કારણ મળ્યું છે. નળાખ્યાનમાં પણુ આવો જ દોષ અલંકારની બાબતમાં નજરે પડે છે. હંસ નળરાજા આગળ દમયંતીનું વર્ણન

'વેલ જાણે હેમની અવેર ફૂલે ફુલી'

ના પદથી કરે છે તેમાં કવિ અલંકાર ઉપર અલંકાર ખડક્યો જ ગયો છે, ને તેથી ક્લિષ્ટતા આવી છે. નહિ તો નળાખ્યાન કવિનું ઉત્તમ કાવ્ય લેખાય છે. નળાખ્યાન કવિની વર્ણનશક્તિની પ્રતિમા છે. એમાં કરૂણુરસ પ્રધાન છે, ને શૃંગાર અને હાસ્ય ગૌણુ છે. કવિ નર્મદ કહે છે કે "નળાખ્યાન તેણે રાજ્યાશ્રયની ઉમેદમાં લખ્યું હશે, પણ આશ્રય મળ્યો કે નહિ તે કહી શકાય નહિ." કવિ નર્મદનું કહેવું ખરૂં એ હોય! પણ પ્રેમાનંદને રાજ્ય લોભ નહોતો. શામળભટે

રણીદાસને "બોજર સમેવાદ ભૂપ" કહી ગાયો છે, તેમ પ્રેમાનંદે કોઈની પ્રશંસા કરી હોય એમ જણાતું નથી. કવિઓના સ્વભાવ સામાન્ય રીતે નિરંકુશ અને સ્વતંત્ર હોય છે, એટલે કવિએ આશ્રયની દરકાર રાખી હોય એમ સંભવતું નથી. તેણે બચપણમાં ઘણી ગરીબી સ્થિતિ ભોગવી હશે, પણ મોટપણમાં તેને પૈસાની એટલી બધી તંગી પડેલી જણાઇ નથી. તે ઘણો ખરચાળ હતો. એ સંબંધમાં કવિ વલ્લભે કહ્યું છે કેઃ—

'જેણે ઘૃત સરિતા ચલવી રે, પ્રભુએ બાંધી સાકર પાજ.'

વળી વડોદરામાં પ્રેમાનંદનો વંડો એ નામની જગ્યા એની માલીકીની હતી. તેમાં ઘણાં ઘર હતાં. તો પછી નળાખ્યાન આશ્રયના ઇરાદાથી લખ્યું હતું એમ આપણાથી કેમ કહેવાય? નળાખ્યાન અને ઓખાહરણ કવિનાં ઉત્તમ કાવ્યો છે, ને તેથી તે ચોમાસામાં ગુજરાતમાં ઘણે ઠેકાણે ગાવાનો રિવાજ ચાલુ છે. કવિનાં બીજાં કાવ્યોમાં સુદામાચરિત્ર ગામ પરગામ દર શનિવારે વાંચવાનો રિવાજ છે. એમાંના ભક્તિ અને મિત્ર- ભાવની તથા કરૂણા અને હાસ્ય રસની ઝમાવટ ઉત્તમ છે. સાધુ, સંત, વેરાગીના અખાડામાં મસ્ત રહેનારા ભક્ત કવિનો પ્રસંગ લઇ તેમાં રસ ઝમાવવો એ તો કવિથી જ બની શકે. પ્રેમાનંદે મામેરૂં એવું રસિક બનાવ્યું છે કે સીમંત વખતે ઘણા ગામોમાં ગાવામાં આવે છે. કવિનો મશ્કરી કરવાનો સ્વભાવ ને તાદશ ચિત્ર પાડવાની શક્તિ, એ એના સંયોગથી શું ન બની શકે? હસવું, રડવું, ને રસનો ભંગ થયા સિવાય બીજા રસમાં ને રસમાં તણાવું એ પ્રેમાનંદની ખૂબી છે. મામેરૂં એટલું તો રસિક અને આહ્લાદજનક છે કે કંટાળો આવ્યા વિના આદ્યંત વાચવાનું મન થાય છે. એટલું જ નહિ પણ વાચતાં આનંદ આનંદ વરસી રહે છે. તેની લોકપ્રિયતાને લીધે તે દર રવિ- વારે ઘણા લોકો વાંચે છે. મામેરા વિષે તો એમ બોલાય છે કે

પ્રેમાનંદની હૈયાતીમાં સુરતમાં કોઇ એક ગૃહસ્થને ત્યાં સીમંતનો પ્રસંગ આવ્યો, ત્યારે ખુદ કવિને તેણે ગાવા બોલાવ્યો. રચનાર કવિ, ને ગાનારે કવિ! હવે બાકી શું રહે? તેણે તે એવું સરસ ગાયું કે લોકો જમવા આવ્યા હતા તેમણે પોતાના કળશિયા કવિને અર્પણ કરી દીધા. સુદામાચરિત્ર ભક્તિરસ કાવ્ય છે. કવિ નરસિંહે પણ સુદામા-ચરિત્ર બનાવ્યું છે, ને પ્રેમાનંદે પણ રચ્યું છે. નરસિંહે કેવળ ભક્તિ-રસ આપ્યો છે, ત્યારે પ્રેમાનંદ ભક્તિમાં અને હાસ્યરસમાં વાચકને ડુબાડે છે. એ સંબંધમાં રા. ેરા. કૃષ્ણલાલ ઝવેરી કહે છે કે " એમ કહીએ તો ચાલે કે એની કવિતા તથા કાવ્યોને ગુજરાતના લોકો એક રીતે પૂજે છે. પ્રદેશમા ઘણી જગાએ દર શનિવારે સુદામા ચરિત્ર અને રવિવારે હુંડી ગાય છે. ચૈત્ર મહિનામાં ગામે ગામ એના બનાવેલા ઓખાહરણની કથા થાય છે, અને માસિક શ્રાદ્ધ વખતે એના રચેલા શ્રાદ્ધનો પાઠ કરવામાં આવે છે. ચોમાસાના દહાડામાં જ્યારે ગામ-ડાના લોકો બીજું કાંઇ કામ કરી ન શકે તેવું હોય ત્યારે બધા ભેગા થઇ એનો દશમસ્કંધ વાચે છે યા સાંભળે છે. એના જેવો બીજો કોઇ બધા જ લોકોમાં પ્રિય થઇ પડેલો ગ્રંથકાર ગુજરાતમાં હજુ સુધી જન્મ્યો નથી. "

અભિમન્યુ અને સુધન્વા આખ્યાન બન્ને વીરરસ કાવ્યો છે. બન્નેમાં એક સરખી સમાનતા છે. પ્રેમાનંદના આ બે વીરરસ કા-વ્યોથી વળી સરસ વીરરસ કાવ્ય રણયજ્ઞ છે. રણયજ્ઞ વાંચ્યાથી અંગ્રેજી-કવિ હોમર સ્મરણમાં આવે છે. એ કાવ્યમાંના કેટલાએક પ્રસંગો દા-ખલા તરીકે સીતાનું રાવણે કરેલું હરણ અને તેને લીધે રામ અને રાવણ વચ્ચેનું મહાન્ યુદ્ધ, ઇલિયડમાંના હેલનનું પારિસે કરેલું હરણ અને તેને લીધે થયેલી ટ્રોયની લડાઇ એ આબેહુબ મળતા છે, તેથી પ્રેમાનંદને ગુજરાતનો હોમર કહીએ તો પણ ચાલે.

વળી કવિનું બીજું વીરરસ કાવ્ય વામન કથા છે. તો પણ

રણુયજ્ઞમાં વીરરસની જે ઝમક જોવામાં આવે છે તે એમાં નથી. એમ છતાં બલિ અને ઇદ્રરાયની વચ્ચેના વર્ણનમાં કવિની અદ્‌ભુત શક્તિ દશ્યમાન છે. એ સિવાય વામનજીનું વૈરાટ સ્વરૂપ પણ તેની કાવ્ય શક્તિનો ઉત્તમ નમૂનો છે. વામનકથા ઘણે ઠેકાણે સ્ત્રીઓ મ્હોંએ કરે છે, ને ગાય છે. એ જ એની લોકપ્રીયતાની સાબીતી છે.

પ્રેમાનંદની હુંડી ઘણું ટુંકું કાવ્ય છે. તે ટુંકું છતાં રંગનું ચટકું છે. મીઠી મશ્કરી ભર્યા પ્રસંગો એમાં ઘણા આવે છે. નિષ્કામ ભક્તિ અને પૂર્ણ શ્રદ્ધા રાખ્યાથી ઇશ્વર અણીને વખતે કેવી મદદ કરે છે તે બતાવવાનો કવિનો મુદ્દો છે. શ્રી કૃષ્ણ દોશી વાણીયાના વેશમાં પોતાના ભક્તની હુંડી શિકારવા આવ્યા છે તેનું ચિત્ર તો પ્રેમાનંદ કવિ જ ચીતરી શકે. આ ઉપરથી એટલું કહીએ તો ખોટું નથી કે કવિ જે વિષય હાથ પર લઇ વર્ણવતા તેમાં તે એટલા મશગુલ થતા કે એમનું વર્ણન એક ચિત્ર જ થઇ રહેતું. એમાં જ કવિની પ્રસાદી રહેલી છે.

કવિ કૃત માંધાતા આખ્યાન એક અદ્‌ભૂત કાવ્ય છે. સ્ત્રીઓ છોકરાંને જન્મ આપે છે એ તો કુદરતી ક્રમ છે, પરંતુ આ આખ્યાનમાં તો માંધાતાને તેના પિતાએ જન્મ આપ્યો હતો. એવી અદ્‌ભૂત વાત કવિએ એવી સરસ ઇબારતમાં વર્ણવી છે કે વાંચી હસી હસીને પેટમાં દુઃખવા આવે છે. સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી અરજ પડે છે તેમ યુવનાશ્વરાજાને પણ અરજ પડે છે, તથા ગર્ભવતી સ્ત્રી કોયલા, માટી વગેરે ખાય છે તેમ યુવનાશ્વને ખાવાનું મન થાય છે. પુરૂષને ગર્ભ રહ્યાની વાત ગામમાં ફેલાતાં હજારો લોકો રાજાને જોવા તેની સલામે આવે છે, ગામની સ્ત્રીઓ હરેક બાને જોવા આવે છે ને તાળી દઇ હસે છે. આવા સૃષ્ટિ વિરૂદ્ધ પ્રસંગને વર્ણવવામાં કવિએ હદ કરી છે. કવિની અવલોકન શક્તિ ઘણી તીવ્ર હોવાથી, તે એવા પ્રસગો મનપસંદ વર્ણવી શક્યો છે.

મદાલસા આખ્યાન પણ એક ઉત્તમ કાવ્ય છે. એમાં ધણી અને ધણીઆણી વચ્ચેનો પ્રેમ કેવો દિવ્ય હોવો જોઇએ તે કવિએ બતાવ્યું છે. એમાં પણ અદ્‌ભૂત રસની કવિએ જમાવટ કરીછે. મદાલસા એક ગાંધર્વ કન્યા હતી. તેને પાતાળકેતુ નામનો રાક્ષસ ઉપાડી ગયો હતો. તેને ઋતુધ્વજે મુક્ત કરી હતી અને તે એને પરણી હતી. પણ પાતાળકેતુનું દિલ મદાલસામાં ચોંટેલું હોવાથી ' ખવાય નહિ તો ઢોળી નાખું પણ બીજાને ખાવા ન દઉં ' એવી મનુષ્યની નિર્બળ અને દ્વેષી પ્રકૃતિ પ્રમાણે તેણે તેવો રસ્તો લીધો. મદાલસા મરી જતાં તેને સ્મશાને બાળી હતી ત્યાં ઋતુધ્વજ આવ્યો ને તેની રાખોડી એકઠી કરી તેનું પોટલું બાંધી એ પોટલું માથે લઇ મદાલસા, મદાલસા એવી બૂમ પાડતો ફરવા લાગ્યો. આખરે મરી ગયેલી મદાલસા એના પ્રેમભાવને લીધે જીવતી થઇ અને તે બેજણાં સુખે રહેવાં લાગ્યાં.

પ્રેમાનંદનો ગદ્ય વિભાગ માત્ર નાટકનો જ છે. એ નાટકો પ્રેમાનંદ રચિત છે કે તેને નામે કોઇ વિલક્ષણ પુરૂષે પ્રસિદ્ધ કર્યાં હોય તે તો પ્રભુ જાણે ! નાટકોની ભાષા પ્રૌઢ ગુજરાતી છે. તેમાં ગુજરાતી ભાષાને માટેનું અભિમાન પ્રદર્શિત થાય છે. એ નાટકો બાબત રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ શંકા ઉઠાવી છે. પણ જ્યાં સુધી એ વિવાદાસ્પદ વિષયનો નિવેડો આવે નહિ ત્યાં સુધી એ નાટકો કવિનાં જ રચેલાં છે એવું માનવાને બાધ નથી. કવિનું ભાષાભિમાન ત્રણે નાટકોમાં ઝળઝળી રહેલું છે. સત્યભામારોષદર્શિકાઆખ્યાનને અંતે આપેલા

સાંગોપાંગ સુરંગ વ્યંગ અતિશે, ધારો ગિરા ગુર્જરી,
પાદેપાદ રસાળ ભૂષણ વતી, થાઓ સખી ઉપરી;
જે ગિર્વાણ ગિરા ગણાય ગણુતાં, તે સ્થાન એ લ્યો વરી,
થાયે શ્રેષ્ઠ સખી જન સહુ થકી, એ આશ પૂરો હરિ !

કાવ્યથી જણાય છે. કેવી આશા ! ગુજરાતી ભાષામા અંગ, ઉપાંગ,

બંગ, આદિ સારી રીતે વધે, એટલું જ નહિ પણ હિંદુસ્તાનમાં બો- લાતી હિંદી, મરાઠી, મારવાડી વગેરે બોલીથી શબ્દે શબ્દે રસવાળી, અલંકારવાળી, અને માધુર્યવાળી તે થઇ શ્રેષ્ઠ પદવી ભોગવે. એટલું જ બસ નહિ, પણ તે સંસ્કૃત ભાષાનું સ્થાનક લે એવી પ્રાર્થના ! કવિ માત્ર આવી પ્રાર્થના જ કરી બેસી રહ્યો નથી તે આપણે એ- મના કવિ જીવનમાં જોયું. એ સંબંધમાં રા. બ. કાંટાવાળા કહે છે કે "ગુજરાતીનો ઉત્કર્ષ કરવા માટે કવિએ પણ લીધું હતું એ વાત તેમના ચરિત્રમાં સૂચવી છે. ભાષાનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉત્કર્ષ થતા સુધી પાઘડી ન પહેરવાની તેમણે બાધા રાખી હતી, અને ભાષા ખીલવવા યત્ન મરણ પર્યંત જારી રાખ્યો હતો. તેમની ઇચ્છા કેવી હતી તે આ શ્લોક બતાવી આપે છે. કેવી ઇચ્છા! કેવો ઉધમ, કેવું દેશાભિમાન! અને તે પણ ૧૭ મી સદીમાં કે જ્યારે દેશાભિમાન ને સ્વદેશ પ્રીતિનાં બાપણો નહોતાં થતાં, સુધારાનો ઝુંડો નહોતો ઉડ્યો અને ભાષા ખીલવવાના તો શું તથાપિ તે શીખવવાના પણ ઉપાય નહોતા લેવાયા !"

વળી એ જ લેખક એ જ નાટકના વિવેચનમાં કહે છે કે "મહા કવિ પ્રેમાનંદે ગુજરાતી ભાષાનું સાહિત્ય ખીલવવામાં જે જે યત્ન કરવો પડે તે કરવામાં બાકી રાખી નથી, તેનો આ એક પુરાવો છે. એ અવિશ્રાંત યત્ન કરનાર મહા કવિએ મહાભારતથી ત્રણ ગણાં સ્વતંત્ર અને ભાષાંતરરૂપ કાવ્યો લખ્યાં છે, ને એ ઉપરાંત ઘણાં નાટકો પણ લખ્યાં છે. જ્યારે આપણે એમ સાંભળીએ છીએ કે તેણે આશરે અગિયાર નાટકો લખ્યાં છે. ત્યારે તેના મહાન્ અને અવિરત પ્રયત્ન માટે, તથા તેની અદ્ભુત કવિત્વશક્તિ માટે આપણને ભારે વિસ્મય પેદા થાય છે."

કવિનાં નાટકો વિષે રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ કહે છે કે

" પ્રેમાનંદનાં આ કાવ્યનાટકો લોકમાં ઓખાહરણ, રણયજ્ઞ, સુદામા ચરિત્ર આદિ આખ્યાન જેવાં જાણીતાં નથી થયાં. તેને લીધે કેટલાક વિદ્વાનો તેમના તરફ, અનાસ્થાની દૃષ્ટિએ જુએ છે. વળી એક 'કાંકરીએ બે પક્ષી મારવાં' અને 'કાગડો કામઠીને ધારે એવો નથી' જેવી ઇંગ્રેજી કહેવતોને મળતી ઉક્તિઓએ અત્યાર સુધી અપ્રખ્યાત રહેલા ગ્રંથોમાં મળી આવે છે, તેને લીધે પણ તેમને પ્રેમાનંદની કૃતિ કહેતાં અચકાય છે. જો લોકમાં અમુક કાવ્ય જાણીતું ન થયું માટે તે ચોકસ કવિની કસબથી લખાયલું ન હોય એવી વ્યાપ્તિ બાંધી બેસીયે, તો ગુજરાતીમાં કાદંબરી રચવાનું માન ભાલણ ખોઇ બેસશે, ગોવિંદગમન અને સુરતસંગ્રામ રચ્યાનું યશોધન નરસિંહ મહેતાનું લુંટાઇ જશે, અને સામળની પણ કીર્તિ કેટલીક લૂંટાઇ જવાનો પ્રસંગ આવશે. બીજી તરફથી શિકારની કહેવતોના પ્રત્યે શંકાશીલ દૃષ્ટિથી જોવામાં આવે છે તે તો પ્રેમાનંદનાં બીજાં કાવ્યો ન વાંચ્યાનું પરિણામ છે. દ્રૌપદીહરણમાં શિકારનું સામાન્ય વર્ણન આપ્યું છે. તે કોરે રાખતાં અષ્ટાવક્ર આખ્યાનમાં જનકવિદેહની મૃગયાના વર્ણનનું પ્રકરણ જોઇ જોશે, તો સહેજ તેના જાણવામાં આવશે કે એ વિષે મૃગયારસિક મરાઠા, મુસલમાન અને રજપૂતના સમયમાં થયેલો પ્રેમાનંદ નંદરબાર રાજાના સમાગમમાં શિકારની સારી માહીતી ધરાવતો હતો. "

નાટકો વિષે રા. રા. ન. બો. દીવેટિયાના ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદના 'પ્રેમાનંદનાં નાટકો'ની એમની પ્રસ્તાવિક નોંધમાંથી એક ફકરો લેવો ઉચિત છે. તેઓ કહે છે કે " સૂર્ય ચળે, પૃથ્વી ચળે, મેરૂ ચળે, નભ ચળે, પણ અમારૂં વચન કદી ચળે નહિ,"—એ વાક્ય પ્રેમાનંદના નાટકમાં છે, તે

> चन्द्र चले, मेरु चले, चले जगत व्यवहार;
> पै दृढ श्री हरिचन्द्रको, चले न सत्य विचार.

એ બનારસના પ્રખ્યાત લેખક હરિશ્ચન્દ્રના વચનની જોડે અદ્‌ભુત રીતે મળતું આવે છે. હરિશ્ચન્દ્રની આધુનિકતા વિચારતાં આ ઉપરથી અનુમાન શું કરવું તે કહેવાની જરૂર નથી. પછી આ બંનેને માટે કોઇ આધારભૂત મૂળ વચન પ્રાચીન સાહિત્યમાં હોય તો જુદી વાત. પરંતુ હરિશ્ચન્દ્રનું પ્રસ્તુત વચન કઇ સાલનું છે તે જાણ્યા વિના નિશ્ચિત અનુમાન કશું થાય નહિ.

અને છેવટે પ્રેમાનંદે આ આખ્યાન રચવા માટે "પ્રાકૃત પ્રભાકર"નો આધાર લીધો છે. એ સૂત્રધારના મુખના વચન વિષે રા. ઇચ્છારામ કહે છે:—"હેમાચાર્યે પ્રાકૃત પ્રભાકરમાં એ પ્રબન્ધ આખ્યાન સબંધે શું લખ્યું છે તે જાણવામાં આવે નહિ ત્યાં સુધી આખ્યાન રચનાનું કવિને કેમ સુઝ પડયું તેનો ખુલાસો થતો નથી."

રા. ઇચ્છારામ તરફથી મને એક માહીતી મળી છે કે "એક કાંકરે અનેક પક્ષી પડે" એ અથવા એ અર્થનું કહેવત ઇ. સ. ૧૮૪૪ ના શુમારમાં સુરતના એક અંગ્રેજ મિશનરીના કોઇ પુસ્તકમાં (ભાષાન્તર રૂપે) જોવામાં આવેલું છે. આ વાત આ કહેવત ઉપરની મારી ટીકાને બહુ મદદ કરે એવી જણાય છે."

હવે નાટકોનું અવલોકન રા. કાંટાવાળાના શબ્દોથી કરીએ તો વધારે સારૂં. તેઓ કહે છે કે "આ નાટકનું અવલોકન આપણને શું બતાવે છે? તે આપણને કવિની અદ્‌ભુત કવિત્વશક્તિ, તેનું સંસ્કૃત સાહિત્ય, શાસ્ત્રનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન, તેની સંસારવ્યવહારની ઉંડી માહીતી, તેનું ગુજરાતી ભાષાનું બહોળું શબ્દજ્ઞાન, ગુજરાતી ભાષાનાં રૂઢ વાક્યો અને ખૂબીઓનું સરસ જ્ઞાન, યુવા, બાળક, વૃદ્ધ માતા, પુત્ર, પતિ, પત્ની વગેરેના સંબંધનું તથા સ્વભાવનું તેનું સૂક્ષ્મ અવલોકન અને માનસિક ભાવોની વાણીદ્વારા વર્ણનછટા, એ વગેરે બતાવી આપે છે."

છેવટે પ્રેમાનંદની પ્રસાદી ગ ત્ર પ્રેમાનંદના કાવ્યોની પ્રસાદી જ છે. જેમ પ્રસાદ દેવને નૈવેદ્ય ધરી ભાવિકજનોને વહેંચી દેવામાં આવે છે તેમ પ્રેમાનંદ દેવના નૈવેદ્યના થાળનો આ નદિ જેવો પ્રસાદ બાળકોને તથા રસિક ગુજરાતી ભાઇઓને ધરી કૃતકૃત્ય થાઉં છું, અને ઇચ્છું છું કે "જય જય ગરવી ગુજરાત."

પ્રેમાનંદની પ્રસાદી.

દશમસ્કંધ.

૧. દેવકીની વિનતિ.

(રાગ મેવાડો.)

વિનવે દેવકી હો, વીરાને વલવલી;
માનને માગે હો, મુખે દશ આંગળી.
હૃદયા ફાટે હો, નયણે જળ ભરે;
સકુમાર કુંવરી હો, કાલું કાલું ઓચરે.
માનુષી દેહ ધરી હો, વિપત શી આવડી;
કોણ મુકાવે હો, નહિ પિતા માવડી.
ભાઇ તેં ઉછેરી હો, નમાઇ હું રાંકડી;
કેમ સહું રાતી હો, વીરાજીની આંખડી.
મહીએર મહારૂં હો, તું મથુરાપતિ;
ઉગ્રસેન કાકા હો, આજ પાસે નથી.
કહાં ભોગવશો હો, પાપનો પોટલો;
શિર મારૂં દુઃખે હો, તાણો ના ચોટલો.
માળા મારી તૂટી હો, પડે કર મુદ્રડી;
દેખે અંગ લોકડા હો, ખસી મારી ચુંદડી.
વેણી વિખરાણી હો, કાકીએ સેસ ભરી;
ભલું થાઓ દેવનું હો, વાણી એવી ઓચરી.

જે પરણાવે હો, તે વધ કેમ કરે;
મીંઢળ નથી છૂટયાં હો, ના ગઇ સાસરે.
તંબોળ પરણ્યાનો હો, સુકયો નથી સાવલીએ;
મા મારો છઉં કોડ ભરી હો, લાગું તારે પાવલીએ.
જેહને ઉહેરીએ હો, તેને નવ મારીએ;
ઘણું વોળાવી હો, ઘેર પધારીએ.
ગગનવાણી હો, કો વેરણ મુજ તણી;
સાચું રખે માનો હો, જુઓ હું દુર્બલ ભણી.
એમ વલવલતી હો, રોતી ગજગામની;
દેવકી રોતાં હો, રોઇ પ્રજા ગામની.
રોયાં વૃદ્ધ જોબન હો, રૂવે બાળક બાહુવાં;
રોયા હય હસ્તી હો, રોયાં નગ્રઝાડુવાં.
રોયા ગગને દેવતા હો, રોયા વસુદેવપતિ;
પણ નિર્દય કંસને હો, દયા નથી આવતી.

(વલણ.)

દયા ન આવે કંસને, ક્રોધી મથુરાનાથ રે;
જેવે ધાઇ ઘાય મુકે, વસુદેવે ઝાલ્યો હાથ રે.

૨. કૃષ્ણજન્મ.

(રાગ રામગ્રી ગીતમાં.)

શ્રી શુકજી કહે સુણ ભૂપતિ, ઉદયા શ્રી અવિનાશ;
તૃતીય અધ્યાય વર્ણવું હું, જથા બુદ્ધિ પ્રકાશ.
વિદાય કરી સર્વ દેવને, વિચાર્યું વિશ્વનાથે;
શ્રાવણ માસ વદિ અષ્ટમીએ, પ્રગટયા અર્ધ રાતે.
યોગનિદ્રાને આજ્ઞા થઇ, હવી વ્યાપ્તમાન;
અયુત સેવક અવની ઢળ્યા, સુતા મૃત્યુ સમાન.
અચેતન કંસ થઇ પડયો, શિલાવત્ પરધાન;
નગરમાં કોઇ જાગે નહિ, સુતા ચંચળ શ્વાન.
નંદ ઉચ્છંગે ક્રીડા કરવા, જસોદા પયપાન;
ગોપવધૂને રમાડવા, થાવા ગોકુળ કહાન.
બક બકી સંધારવા, ગિરિ ગોવર્ધન ધરવા;
બ્રહ્મા ભોયંગને જીતવા, રાસક્રીડા કરવા.
આપ બંધાવા ઉખળે, કરવા કંસસંહાર;
પાર્થનો રથ હાંકવા, ઉતારવા ભૂભાર.
ભક્તવત્સલ ભોળો હરિ; સેવક જન સુખકારી;
જન્મ જન્મ લઇ અવતરે, લીલાએ વપુ ધારી.
નિષ્કર્મ ને કર્મ છે ભક્તનું, ભોગવે ધરી ગાત્ર;
ઉત્પત્તિ લય હરિને નથી, જન્મ તો કહેવા માત્ર.
દેવકી ગર્ભ કહેવા માત્ર છે, નથી નિજરૂપ આણ્યું;
અધોમુખ હરિ કેમ રહે, કોઇ એક વિરલે જાણ્યું.
દેવનાં દુંદુભિ ગડગડયાં, વરસ્યા પય વરસાદ;
વાજિંત્ર શબ્દ કોટિક થયાં, નાચ્યા ઉમયાનાથ.
નિગમ નારદ સરસ્વતી, નૃત્ય કરે ગુણ ગાય;

ઇંદ્રાદિક જય જય વદે, કુસુમવૃષ્ટિ થાય.
આકૃણીએ અવની ઉંચી થઇ, ફણા શેષની હળવી;
દુઃસ્વપ્ન આવે દુષ્ટને છે, સૈન્યા કંસની દળવી.
ધ્વજા છત્ર દંડ ભાગી પડયાં, અસુરને માન સુકન;
વરતે આનંદ હરિદાસને, દેખે ઉત્તમ સ્વપન.
શ્રાવણ વદની અષ્ટમી, રોહિણી ને બુધવાર;
મધ્ય રાતે પ્રગટ થયા, શ્રી કૃષ્ણ વિશ્વાધાર.
નીલ પીત અંબર ધર્યાં, વપુ છે ઘનસ્યામ;
શંખ ચક્ર સારંગ ગદા, ચતુર્ભુજ નામ.
થયું તેજ ઉદે ભુવન વિષે, તિમિર ખંડાયું;
સ્વપ્ન પામ્યાં દેવકી, આનંદપર્વ મંડાયું.
" પ્રસવ પુત્ર મહારો હવો, રમાડું છઉં તેડી;
પુત્રે કંસાસુર મારીયો, મારી ભાંજી બેડી.
સોળ સહસ્ત્ર વધૂ સામટી, મહારે પગે લાગી; "
સ્વપ્ન અંતે માત દેવકી, સધ ઉઠયાં જાગી.
તેજસ્વરૂપ દીઠા હરિ, માતા લજ્જા પામી;
ઉઠો એ ઘરમાં કોણ છે, જગાડયા જઇ સ્વામી.
વસુદેવ વાસુદેવ નિરખ્યા, શ્રીરંગ શોભાળા;
પગે લાગ્યા પ્રાણનાથને, રાજે વૈજયંતી માળા.
મકરાકૃત કુંડળ ઝળકતાં, મુગટ માણેક જડિયાં;
નખશિખ નિરખી નાથને, સાંસે વસુદેવ પડિયા.

૩. બાલકૃષ્ણની મથુરાંમાંથી વિદાય.

(રાગ મારૂની ચોપાઇ.)

શિક્ષા એમ દીધી ગોવિંદ, પછે પ્રભુ થયા બાળમુકુંદ;
કૌતુક કહેતાં પાર ન આવે, અંગુઠો પગનો મુખમાં ધાવે.
મીચ્યાં લોચન વૈકુંઠનાથ, વાળી મૂઠી ન છૂટે હાથ;
વાસુદેવજી વિસ્મય થાય, લીધું ઉદક અંજલિ મ્હાંય;
ફરી પુત્રનો મેળાપ થાય, વિપ્રને આપું અયુત એક ગાય.
એવો સંકલ્પ વસુદેવે કીધો, દેવકીએ પુત્ર ઉચ્છંગે લીધો.
તન વદન જોઇ મન ફુલી, જ્ઞાન શિખામણ ગઇ ભુલી;
ચુંબન આલિંગન માત કરતી, સ્તનઅગ્ર વદનમાં ધરતી.
મારો નાથ વિશ્વંભર કહાવે, ભુખ્યો થઇને પયોધર ધાવે;
પયપાન શીખવે છે માડી, મુખમાંથી રતન નાખે ક્હાડી.
દેવકી કહે સાંભળીએ સ્વામી, કોણ પુણ્યે હું બાળક પામી;
હસે નયણાં ઉઘાડીને જોતો, દીસે ડાહ્યો શે નથી રોતો.
વસુદેવ કહે છાનાં રહીએ, આપ પુત્રને ગોકુળ જઇએ;
એણે કહ્યું તેમ આચરીએ, અગિયાર વરસ તે મૌન જ ધરીએ.
દેવકી કહે ન આપું કુંવરને, કેમ અર્પણ થાયે એ પરને;
હું પ્રસવું ને પરઘેર હાથા, હું તે ફોકટ જસોદા માતા.

૪. દેવકીનો ઉદ્ગાર.

(રાગ નટ નારાયણ.)

ધન્ય જસોદા ધન્ય જસોદા, વણ પ્રસવે થઇ માતા;
કોનું સાંચ્યું કોણ ભોગવે, લખ્યો લેખ વિધાતા.
કીડી સાંચે ને તીતર ખાએ, તેમ થયું આજ મારે;
એક રાતની હું નહિ માતા, પરઘેર પુત્ર પધારે. ધન્ય.
નંદનંદિની નાથ લાવશે, તેથી શું સુખ થાશે;
દીઠી રે ભાઇ દેવની લીલા, જસોદા ઘેર ગીત ગવાશે. ધન્ય.
ધમક ઘુમરી ઠમક ઠેકડે, સુત ગોપી ઘેર રમશે;
હું અપરાધણ હરખે તણઇ, વિજોગ પુત્રનો દમશે. ધન્ય.
કાલાં કાલાં વચન વહાલાનાં, જસોદાજી સાંભળશે;
બારે માસ ચોમાસું મારે, વિજોગે નયણાં ગળશે. ધન્ય.
મારે બારણે બેઠા રખેવાળા, રાક્ષસ જેવા મદમાતા;
ગોપીને ઘેર ગુણીજન ગાશે, બારણે તોરણ હાથા. ધન્ય.
મળવા આવશે ભાઇ ભોજાઇ, જસોદાનો ધન સુખદહાડો;
મારે કંસભાઇ ધાઇને આવશે, કરમાં ખડ્ગ ઉઘાડો. ધન્ય.
સગી મા તે નંદની નારી, હું આસરે મ્હોંબોલી;
સાંભળ્યું કહીં પોપટી પ્રસવે, સુતને હુલાવે હોલી. ધન્ય.
પધારો આતા મહિયારી માતા, જીવજો ગૌચારી;
આ મનોહર મુખડે કહીયે કહેશો, મુજને માતા મારી. ધન્ય.

૫. દેવકી અને વસુદેવ.

(રાગ નટની દેશી ફેર.)

ગોકુળ પધારો હો, બાળક બાહુવાં.
વન રડવડજો હો, પગે નહિ ખાસડી;
આતા ઉછરજો હો, પી પી છાસડી. ગો.
મીઠાજીના મીઠડાં હો, કરી જાઉં મરી;
શ્યામ સલુણા હો, કહીયે મળશું ફરી. ગો.
કઠિણ દીસે હો, પુરૂષ તણાં હૈયાં;
પરઘેર જાઓ હો, મુકવાને છૈયાં. ગો.
વસુદેવ બોલ્યા હો, ઘરૂણી ઘેલી થઇ;
આપ અર્ભકને હો, વેળા વહી ગઇ. ગો.
હૃદયા ચાંપી હો. પુત્ર આગળ ધર્યો;
ધન્ય દેહ માનુષી હો, પ્રાણ ન નીસર્યો. ગો.
થમણી લીધી હો, દેવકી રાંકની;
જેમ કો કહાડી લે હો, કીકી આંખની. ગો.
નાથજી મહારા હો, ન આવશો નાંખીજી;
લોક બે રાખજો હો, સોંપતાં શાખીજી. ગો.
ગોપ વરાહા હો, પુત્ર આપશે નહિ;
વસુદેવ બોલ્યા હો, શીખ વિસરી ગઇ. ગો.
અકળ પુરૂષને હો, ઉંચલીયા ધરી;
વસુદેવ ચાલ્યા હો, રોતી રહી સુંદરી. ગો.

૬. ગોકુળગમન.

(રાગ સામેરી ચોપાઇ.)

કે વ્રજ વૈકુંઠ થયું રે, કરે ગમન ગોકુળનાથ. કે વ્રજ.
પુત્રને કરમાં ગ્રહી, વસુદેવ ગોકુળ ચાલીયા;
શ્વાન સેવક શિલા સરખા, ન બોલ્યા નવ હાલીયા. કે વ્રજ.
સાંકળ તાળાં ગયાં તૂટી, ભોગળ બે કટકા થઇ;
મંદ મંદ વરસે મેઘલો જેમ, દીનાનાથ ભીંજે નહિ. કે વ્રજ.
પાવસ ગાજે મંદ ઘોરે, વીજળી ચમકા કરે;
જાદવપતિ કાદવ વિષે, વિચારી પગલાં ભરે. કે વ્રજ.
રખે બિંદુ અડકે બાળને, હૃદયાસું રાખ્યા હરી;
વસુદેવજી જાણતા નથી જે, ધરાધરે ફેણા ધરી. કે વ્રજ.
વસુદેવ આગળ શેષ પાછળ, આવ્યા જમુના તીર;
ભાનુસુતા વહે ઘોર શબ્દે, ઉભય તટ અટક્યાં નીર. કે વ્રજ.
ભ્રમર વમળ તરંગ લહેરી, ફેણ બુદબુદ અતિ ઘણાં;
વસુદેવ વિચારે ઊભા રહી, ઉપાય કોણ ઊતર્યા તણા. કે વ્રજ.
શીઘ્ર જમુના ઊતર્યા, વૃષ્ટિ કુસુમની થાય રે;
ગોપ કો જાણે નહિ આવ્યા, ગોવિંદ ગોકુળ માંહ્ય રે. કે વ્રજ.
છે દ્વાર ઉઘાડાં નંદજીનાં, નિદ્રાવશ ગોપીગોવાળ રે;
જસોદા જાણતાં નથી મેં, પ્રસવ કીધું બાળ રે. કે વ્રજ.
વસુદેવ આવ્યા અંતઃપુરમાં, કઠિણ મન વજ્રવત્ કરી;
બાળકી લીધી જસોદાની, સેજે સુકયા શ્રી હરિ. કે વ્રજ.
દીપક શાખી રાખીયો તું, છે પાવકનો અંશ રે;
કુંવર સાટે લેઉં કન્યા, શત્રુ માથે કંસ રે. કે વ્રજ.
શ્રી વત્સ શોભા ભૃગુલાંછન, રાખીયું એંધાણ રે;
શત સહસ્રમાંથી શોધી કહાડું, પુત્ર જીવનપ્રાણ રે. કે વ્રજ.

ઘનસ્યામ ઘર સંભાળજો, ટાળજો મનના તાપ રે;
પરાધીન વરતું કારાગૃહમાં, અમો દોહેલે માબાપ રે. કે વ્રજ.
એવું કહી વસુદેવ વળીયા, ચાલી ન શકે ચર્ણ રે;
પુત્ર પરઘેર સોંપવો, તેપેં રૂડું મર્ણ રે. કે વ્રજ.
ખભે નાખી બાળકી, આવ્યા મથુરા માંહ્ય રે;
વાટ જુએ છે દેવકી, વિજોગે વ્યાકુળ થાય રે. કે વ્રજ.

---

૭. કંસ ને નંદકન્યા.

(રાગ વેરાડી–ચોપાઇ)

કંસ આવ્યો બંધન બારણે, ઉઘાડયાં દ્વાર હણવા કારણે,
લાવ વસુદેવ શત્રુ મુજ તણો, એને જોવા હું આતુર ઘણો;
વસુદેવ ચાલી સામા ગયા, આજ રાયજી કીધી જોઇએ દયા,
નથી પુત્ર કન્યા અવતરી, તમને શું કરશે દીકરી.
પુરૂષનો ભય તમને ભૂપાળ, પુત્રી થઇ નિવરત્યો જંજાળ,
કંસ કહે સાંભળ વસુદેવ, ગમન વચન માનું અવશ્યમેવ;
કાંઇ પુત્રી પુત્રનું કારણ નથી, આઠમો ગર્ભ શત્રુ સર્વથી,
ભગિનીનું કહ્યું નવ કીધું, કંસે બાળક ઉલાળી લીધું.
વલવલે દેવકી અતિ ઘણું, રાખ ઘર વસતું મુજ તણું,
તમે ઘણા દિવસ વિરાજી જીવો, રેહેવા દો કુળ દીકરી દીવો;
એ વડે ઘર વસતું થશે, એ પુન્યે તારાં હત્યા જશે,
સપ્ત પુત્રનો શોક હું વિસારૂં, મુને મા કેહ તે ભાઇ પુણ્ય તારૂં.
છે છેલ્લે આશ્રમે એ સંતાન, એ મારે શત પુત્ર સમાન.
તું વિના દયા કોણ આણેજી, મામો તુને કહેશે ભાણેજી.
તમને ભ્રાંતિ બાળકની પડે, કેમ ઘાત હશે આ કન્યા વડે.

મશક કેમ શોષશે સમુદ્ર, કેમ મનુષ્યજુદ્ધે હારે મહારુદ્ર.
શું આગિયાથી જંખાશે ભાણ, શાર્દૂલને કેમ હણશે શ્વાન,
મૃગનો ઠેલ્યો મેરૂ કેમ પડે, તમને મૃત્યુ કેમ હોય કન્યા વડે.
તમે સ્વર્ગ મૃત્યુ જીત્યું પાતાળ, વશ વરતે છે દશે દિગ્પાળ.
તે પ્રતાપ મહિમા તારો ગયો, જો મરણભય કન્યાથી થયો.
જેમ તુને વહાલાં તારાં છોકરાં, તેમ મુજને તો મારાં ખરાં.
એ મુક કન્યા પાયે લાગું, હું બહેન થઈને ભિક્ષા માગું.
વિનય વચન દેવકી કેહ, પણ કંસ કાળજનો નિર્દય.
જેમ ટોયો ફેરવે ભીંડીમાળ, તેમ કંસે ફેરવ્યું બાળ.
વસુદેવ ત્રાહે કરી કર ઘસે, મુખે રૂએ પણ મનમાં હસે.
કુશળ ક્ષેમ જોઈએ છોકરો, ગોપસુતા આઘેરી મરો.
રાય શિલા ઉપર જીકે જેટલે, કરમાંથી કન્યા છૂટી તેટલે.
ઝબક તેજની જ્વાળા થઈ, ભાણેજી અભ્રઘટામાં ગઈ.
ભયભીત કંસાસુર થયો, આશ્ચર્ય પામી ઉભો રહ્યો.
વછુટી દઢ નવ ગ્રહી, પંખ વિના કેમ ગગને ગઈ.
મેં મરવું સત્ય ઉગરવું નહિ, આકાશવાણી આજ સાચી થઈ.
એ કન્યા ટળી કેમ થઈ વીજળી, મેઘઘટામાં ઝબકે મળી.
વારૂ થયું જે ગઈ વેગળી, પાસે રહેત તો મરત બળી.
શોચના કંસ તણી જાણી, વિદ્યુતકન્યા બોલી વાણી.
"અહો મૂર્ખ માતુલ મથુરાપતિ, આવ્યું મરણ ઉગરવું નથી.
રખે નિર્ભય શાતા આણતો, હણ્યા સપ્ત પુત્ર રખે જાણતો.
તું વરસ બારમે નિશ્ચે મરે, કહીં પાસે ભાણેજ ઊછરે.
કાંઇ સાધન કર પામે હરિચરણ, સર્વથા નહિ મુકે મરણ."

૮. ગોકુળમાં જન્મોત્સવ.

(રાગ પંચમ રામગ્રી.)

ગર્ભ જોગી એમ ઉચરે, નરપતિ સાંભળો રે;
શ્રી ગોકુળને માંહી, ઉદે થયો શામળો રે.
નથી જાણતી નંદની નાર, પુત્ર પ્રસવ થયો રે;
જે મથુરાનો મહારાજ, કન્યા લઇ ગયો રે.
ફરી ભીડાયાં કપાટ, કો જાગે નહિ રે;
શ્રી ગોકુળ માંહી, કુસુમવૃષ્ટિ થઇ રે.
પાછલી પહોર એક રાત્ર, નક્ષત્ર રોહિણી રે;
પુત્ર જસોદાની સેજ, ત્રિભોવન ધણી રે.
મંદમંદ વરસે મેહ, નારદ નૃત્ય કરે રે;
સરસ્વતી ચારે વેદ, સ્તવન ઉચરે રે.
વાજે બહુ વાજિંત્ર, અંતરિક્ષ દેવતણાં રે;
પંકજ વેલી પુષ્પ, વરસે અતિ ઘણાં રે.
ભાગ્ય તણો ભંડાર, પનોતી જસોમતી રે;
ઝબકી ઉઠી માત, દીઠા જગતપતિ રે.
જઇ જગાડ્યા નંદ, ઉઠો પિયુડા રે;
પુત્ર તણું તન તેજ, ઝાંખા દીવડા રે.
ઉધલકી ઉઠ્યા નંદ, દીઠા નરહરિ રે;
દંપતી દે આલિંગન, ચુંબન ફરી ફરી રે.
કો દેવ સ્વરૂપી પુત્ર, મળ મૂત્ર નથી રે,
પરમેશ્વરને પયપાન, કરાવે જસોમતી રે.
ઘર ઘર પ્રત્યે વાત, પહોંચી વધામણી રે;
અખ્યાણાં લાવે નાર, ગોપી સોહામણી રે.
માગણ ચારણ ભાટ, બંદીજન જશ ભાંખે રે;

પય દધિનો કર્દમ, નંદને આંગણે રે.
માલણ લાવે પુષ્પ, પાન તંબોલણી રે;
કુંકુમ હાથા બાર, દેતી ગોવાલણી રે;
અશોક આંબાપત્ર, તોરણ દ્રોહતણાં રે;
સોવ્રણ મઢયાં શ્રીફળ, મધ્ય સોહામણાં રે.
ગોપવધૂ કરે શણગાર, લાખેણી લોબરી રે;
પુત્ર જોવાને નંદ ઘેર, ચાલી મોહ ભરી રે;
ભૂષણ અંબર ભેટ, ભાવે લાવતી રે;
મુક્તાફળ કનક પુષ્પ, હરિને વધાવતી રે.
સ્નાન કરી નંદરાય, વૃદ્ધશ્રાદ્ધ કરે રે;
સંતોષ્યા જાચક જન, નિર્મુખ નવ ફરે રે.
સવત્સી સુરભિ દાન, કનક આપ્યાં રે;
રંક થયા ધનાઢ્ય, દારિદ્ર કાપ્યાં રે.
માણેક મુક્તા રત્ન, પટકુળ પામરી રે;
જેણે જાચ્યા નંદ, ભિક્ષુક નહિ ફરી રે.
દૂધે વરસ્યા મેહ, પૂર પ્રવાહ વહ્યા રે;
રોગ શોક ઉચ્ચાટ, ગોકુળના ગયા રે.
અંધને આવ્યાં નેત્ર, બધિર સાંભળે રે;
અપંગને આવ્યા પગ, પ્રભુને જોવા પળે રે.
પૂજ્યાં વિપ્રનાં વૃંદ, ચંદન કેસરે રે;
ગોકુળથી વાર્યું મરણ, શ્રી પરમેશ્વરે રે.
ધર્મરાયે વાર્યા જમ, ગોકુળ જાઓ રખે રે;
જો ખીજશે ગોકુળનાથ, નહિ રહીએ સુખે રે;
થાએ મોરલીનાદ વાજીંત્ર વાજતાં રે;
ઠાંઇ ગોવાળાનાં ગાન, ગાંધર્વ નાચતા રે.
શકે જમુનાજી થઇ ગંગ, પય પ્રવાહ મળ્યો રે;
શ્રી ગોકુળલીલા ભેદ, ન જાય કારણ કળ્યો રે.

(વલણ)

અકળ લીલા ગોકુળ તણી, બ્રહ્માદિક ભૂલા ભમે રે;
ભટ પ્રેમાનંદ કહે કથા, ન જડે પાર પ્રભુનો કેમે રે.

---

૯. હાલરૂં.

(ઝૂલણાં.)

ઝોળીએ ઝૂલો કહાન ગોવાળા, વ્રજની બાળ ગાય-હાલો હાલરૂં.
તમે ઠમકે ચાલો નંદજીને બારણે, વારણે જાય માતા જસોમતી. હાલો.
માબાપે દીઠાં મોહન મુખડાં, કે દુખડાં ગયાં સુખ પામીયાં. હાલો.
ગયાં કર્મ અંધારાં પ્રગટ્યો દીવો, ઘણું જીવો જીવન હમારડા રે. હાલો.
ઉત્તરવય બંધાણાં પારણાં ઘરમાં, કાંઇ બારણાં ઉઘાડાં નંદરાયનાં રે. હાલો.
છ દહાડાને છોકરે પૂતના રે શોષી, તારા દોષી દુરિજન જાજો મરી. હાલો.
મોટા થઇને ચારો વન ગાવડી રે, જસોદાજી જાશે ભામણે રે. હાલો.
આણે મુખે વજાડો વાંસળી રે વહાલા, કાંઇ વેહેલા ગૌ ચારી ઘેર આવજો રે.
અમો ગોપી તમારી દાસી રે દેવા, કંઇ લેવા ઇચ્છું રજ ચરણની રે. હાલો.
અંતરીક્ષ રહી સર્વ દેવતા બોલે, નહિ તોલે કો ગોપી સમું રે. હાલો.
સંસાર હીંડોળો બાંધ્યો રે બ્રહ્મ, કંઇ કર્મે હીંચે કોટી જીવડા રે. હાલો.
શંકર બ્રહ્મા જોગી રે ઝૂલ્યા, ભૂલ્યા ભમે મોટા મુનિ રે. હાલો.
આવાગમન હીંડોળે રે હીંચે, ન પીછે પ્રાણી માયા મળ્યા રે. હાલો.
જગત્ ઝુલાવ્યું સોંપી કર્મને, તે બ્રહ્મને ઝુલાવે વ્રજસુંદરી રે. હાલો.
કુસુમવૃષ્ટિ કરે છે દેવતા રે પ્રીતે, આમ રીતે હીંચોળી હરિ ઉતારીયા રે. હાલો.
એ સુણશે પ્રીતે વા ઝૂલણાં રે ગાશે, તે મુકાશે આઠ સંસારથી રે. હાલો.
કહે પ્રેમાનંદ વિપ્ર હું કાંઇ ન જાણું, વિખાણું ગુણ ગોવિંદના રે. હાલો.

---

૧૦. બાળચરિત્ર.

(રાગ મારૂની દેશી ફેર.)

શુકજી કહે સુણ રાય, ચરિત્ર શ્રી કૃષ્ણતણાં;
જે હોય હરિના દાસ, તેહને પ્રિય ઘણાં.
રામ કૃષ્ણ કહી નામ, જનુની બોલાવે;
ઘુંટણીએ ઘનસ્યામ, માતા કને આવે.
બોલવું શીખ્યો બાળ, માંહે દયાળ રમે;
ઢળી પડે બેઠા થાય, તે જનુનીને ગમે.
પાલવ ગ્રહી પરબ્રહ્મ, માતા કને અન્ન માગે,
પેટ દેખાડીને રોય, નીચા થઇ પાયે લાગે.
શાં સુકીત કીધાં સંસાર, નંદ જશોદાજીએ;
ચૌદ લોકનો નાથ, વખાણી છાસ પીએ.
પ્રગટ કરે અજ્ઞાન, હાથમાં દીપ ગ્રહે;
ઓ કરડવા આવ્યો હાઉ, રોતો ટપ રહે.
નિદ્રા કરે દીનાનાથ, પયોધર ધાવતાં;
અધવચ નાસી જાય, પ્રભુ નવરાવતાં.
એક નેત્રે ભર્યું કાજળ, એક અમથું જ રહે;
પેટમાંહી કરે પદપ્રહાર, જસોદા માત સહે.
રમે પિતા ઉચ્છંગ, તાણે મૂછ દહાડી,
નંદ મુખનો તંબોળ, અધવચ લે કહાડી;
રીસાવે રણછોડ, ઓરડામાં ચાલે;
વલોવતી રહે માત, જઇ રવૈ ઝાલે.
ગોળીમાં ઘાલી હાથ, માખણ તરત કાઢે;
મુકાવે જો માત, તો આંસુ પાડે.
ચોરી કરે ઘર મ્હાંય, નવ બોલે સાચું;
રાંધતાં લાગે વાર, કહાવે અન્ન કાચું.

અવળું ચાલે અવિનાશ, નથી સાંભળ્યું દીઠું;
છાસમાં માગે ખાંડ, દૂધમાં માગે મીઠું.
વચ્છ તણાં પુચ્છ સહાય, તણાતા હરિ ચાલે;
લપસી પડે બેઠો થાય, કાદવમાં કૃષ્ણ મ્હાલે.
છાંટે ગૈના છાણ, ગોરસડાં ઢોળે;
આડીઅવળી થાય માત, દૂધે અંઘોળે.
ભડકાવે દુજણી ગાય, જેષ્ટિકા ગ્રહી દોડે;
એકને દોહે છે માત, બીજીનાં વચ્છ છોડે.
ઘર આંગણે ઘુંટણીએ, હીડે મોડે મોડે;
બીજે ફળીયે જાય, તહાં દડબડ દોડે.
મર્કટ સો પંચાસ, બાળક અયુત મળે;
તેમાં સામળીયો સરદાર, રમવાને પળે.
ગોપી જળ ભરવા જાય, બારણાં ઉઘાડે;
સંતાડ્યું હોય દહીં, સઘ શોધી કહાડે.
ટોળે મળી દશવીસ, વાંકી વાળે કોઠી;
વચ્ચે મુકે મહીનું માટ, મળી મારે મોઠી.
દ્વાર ઉઘાડાં મુકી જાય, ન આણે ચિંતા કશી;
ધણીયાણી મળે મારગ માંહ, તાળી દે હસી હસી.
કેટલીક સ્ત્રી સાવધાન, પરઘેર ગોરસ ધરે;
તેને ઉંબર બેસી બાળ, સર્વ લબ્ધી જ કરે.
સીકે ચડાવ્યાં માટ, લાકડીએ છિદ્ર કરે;
વહે ગોરસની ધાર, તળે રહી મુખ ધરે.

(વલણ.)

મુખ ધરે ગોરસ પીએ તે, અમર અંતરિક્ષ જોય રે;
પ્રેમાનંદ પ્રભુ રામની લીલા, હવી નથી નવ હોય રે.

૧૧. ગોપીઓની રાવ.

(રાગ ગોડીની દેશી.)

ગોપી આવી જશોદા પાસે, કરવા હરિની રાવજી,
વચન બોલે વઢવા સરખાં, હૃદે હરિ સાથે ભાવ. ગોકુળ કેમ રહીએ;
ભાંગ્યો ગોરસનો વેપાર, કહોજી ક્યાં જઇએ. ધ્રુવ પદ.
ઉત્તર વયે પ્રભુએ પુત્ર આપ્યો, એક જ એક લાડવાયોજી;
આખું ગોકુળ ચાક ચઢાવ્યું, પોતાને ઘેર ડાહ્યો. ગો. ભાં.
વય નાની ને પ્રાક્રમ મોટાં, અમો કહેતાં દીસું જૂઠીજી;
અતિશય થયું માટે કહેવા આવી, ખાધું સર્વે લૂટી. ગો. ભાં.
અપરાધ સાંભળી સામળીયાનો, અંબા થઇ ઓશીયાળીજી;
ગોરસ જતન કરો રૂડી પેરે, સાવધાન રહો ગોવાળી. ગો. ભાં.
શાને ક્રોધ કરો છો ગોપી, લો જાન થયું તમારૂંજી;
તમો કહેતાં હો જો વ્રિજનારી, તો બે સોટી મારૂં. ગો. ભાં.
ભાગ્યવાન છો તમો વ્રિજનારી, ઘણાં એક ગોરસ મળશેજી;
આંખ ચઢાવી હાંકલશો મા, છૈયો મારો છળશે. ગો. ભાં.
ગોપી કહે તારા પુત્રને હાથે, ઉઘડે તાળું સટકજી,
અંધારા ઘરમાં કેશવ જાયે, થાય અજવાળું ફટક. ગો. ભાં.
ન પહોંચે તો ઊખળ માંડે, કોઠી સઘળી શોધેજી;
શીકે ચઢાવ્યાં દહોણાં ભાંજે, લાકડીને ગોદે. ગો. ભાં.
ઊંબરે બેશી કરે લઘુશંકા, બાળકને ઠોકર મારેજી;
ઘરમાં ઘાલી સાંકળ દીજે, રમતો દીસે બહારે. ગો. ભાં.
વચ્છની પેરે ગૌને ધાવે, વળગે મહિને માટેજી;
સહાવા જાઉં તો આંખ મારીમાં, કોગળો દૂધનો છાંટે. ગો. ભાં.
એક કહે હું જળ ભરીને, ઉતાવળી હીંડીજી;
મેં કહ્યું ગોરસ કેમ ઉતાર્યું, એ કહે કહાડું છડું કીડી. ગો. ભાં.

એક કહે મેં જમના તટ દીઠો, ધૂળે લપસણું કરતો જી;
નથી થાકતો નાનો બાળક, દીસે ઘેર ઘેર ફરતો.　　　ગો. બાં.
જસોમતી કહે હું કેમ કરી માનું, ઘડી અળગો નથી થાતો જી;
તો હું બાંધું ચોર કરીને, દેખાડો ગોરસ ખાતો.　　　ગો. બાં.
એક દિવસ ગોપીના ઘરમાં, પેઠા નંદકુમાર જી;
તાકી રહી સર્વે સુંદરી રે, તતક્ષણ દીધાં બાર.　　　ગો. બાં.
ગોપી સર્વે કહે માંહોમાંહે, સહવાયો છે ચોર જી;
મળ્યું જોવા ગામ જ આખું, મંડાયો શહેરાશહેર.　　　ગો. બાં.
ઘણા દિવસે હાથે ચડયો છે, જસોદાજીને કહીયે જી;
એક કહે ચાલો મથુરામાં, કંસ કને લઇ જઇયે.　　　ગો. બાં.

૧૨. શ્રી કૃષ્ણના કાલાવાલા.

(રાગ પરજીયો.)

વલવલે વૈકુંઠનાથ ગોપી, મુને મારશે મારી માત ગોપી.　　　ધ્રુવ.
ઘરમાંથી ઘનસ્યામજી રે, વિનય કરે બહુ પેર;
આજ જાવા દો વ્રજસુંદરી રે, ફરી નહિ આવું આ ઘેર ગોપી. વલ.
ટેવ પડી ચોરી તણી રે, મહિ પરઘરતું ભાવે;
કહો તો વચન આપું બાપનું, ચોરી નહિ કરૂં હવે ગોપી.　　　વલ.
નયન ભરે વિનતી કરે રે, જોડી બન્ને હસ્ત;
કંસ દંડશે નંદને રે, લુંટી લેશે સર્વે વસ્ત ગોપી.　　　વલ.
તાળી વજાડે છોકરાં રે, બારણે ઊભી જોય;
અધર ડસી બોલે ગોપિકા રે, તેમ તેમ માધવ રોય ગોપી.　　　વલ.
વસ્ત્ર વડે મુખ કર લુહે રે, થરથર ધ્રુજે ગાત્ર;
સમાં કરી ઊખળ ચડી રે, શીકે ચડાવે પાત્ર ગોપી.　　　વલ.

ગોપી આવી જસોદા કને રે, બાઇ જુઓ પુત્રની પેર;
ચોર ઝાલ્યો અમો ગોરસ સાથે, ચાલો દેખાડું ઘેર ગોપી. વલ.
રોસે ભર્યાં જસોમતી રે, સોટી લીધી હાથ;
ગોકુળ આખું જોવા મળ્યું રે, રૂએ ત્રિભુવનનાથ ગોપી. વલ.
બહાર કાઢો બાર ઉઘાડી, કેમ કરે પારકું જાન;
મંદિર જોયું બાર ઉઘાડી, હરિ થયા અંતર્ધાન ગોપી. વલ.
કહાં છે મારો બાળ ગોપી, ફોગટ ચ્હડાવો આળ ગોપી. કહાં.
ઝાંખી થઇ સર્વ સુંદરી રે, નાસી ગયો કેઇ વાટ;
શીકે પાત્ર હાલાં ચ્હડાવ્યાં, વાળી ગયો દહીંનો દાટ ગોપી. કહાં.
મનાવતાં ભારે પડયાં રે, જસોદા ક્રોધાયમાન;
ઘેર થકી એક દાસી આવી, બાઇ સૂતા જાગ્યા કહાન ગોપી. કહાં.

(વલણ.)

ઘેર પધાર્યાં જસોમતી, ધવરાવ્યા સુંદરશ્યામ રે,
જુઠી પડી સર્વે સુંદરી, સાચો પ્રેમાનંદ પ્રભુરામ રે.

---

૧૩. ઊખળબંધન.

(રાગ મારૂ.)

કોણે ફોડી હો, આ ગોળી કોણે ફોડી હો;
સાદ સાંભળી નાઠા નરહરિ, અંબા દોડી હો. આ ગોળી.
ઉડયું વદન ને હાથ ધસતી, પુકે હીંડી હો;
બાઇ ગોરસનું મને દુઃખ નથી, ભાંગી રીઢી ગોળી હો. આ.
પરસાળ છાબે છબછબે જેમ, તળાવની લહેરી હો;
આખા ગોરસનું ઉજડ વાળ્યું, દીકરો કે વેરી હો. આ.

માખણ ખવડાવ્યું માંકડાને, ઉછંકળ થૈયો હો;
પાત્ર ફુટું ને નેતરૂં તુટું, ભાગ્યો રંવૈયો હો. આ.
.આખો દિવસ આજ બાંધી મુકું, જોઉં કોણ મુકાવે હો;
પ્રેમાનંદ પ્રભુ સીતાપતિ, કેમ હાથ આવે હો. આ.

(રાગ પંચમ રામગ્રી.)

સોટી લીધી હાથમાં, ધાયાં જસોમતી રે;
ઘુંટણીએ ઘનશ્યામ, નાસે જદુપતિ રે.
જોવા મળી વ્રજનાર, અંતરિક્ષ સૂરવધૂ રે;
આગળ પુત્ર ને પૂઠે માત, ખુંધું ગામ બધું રે.
બીજાં બાળક નાસી જાય, મર્કટ વૃક્ષે ચડયાં રે;
થાક્યાં જશોદા માત, ધાતાં ઢળી પડયાં રે.
પુનરપિ બેઠાં થાય, અંબા શ્વાસે ભરી રે;
છેડા ખસી ખસી જાય, વેણી વિખરી રે.
નાનાં બાળક માંય, શક્તિ ક્યાંથી આવડી રે;
તાળી દઇ હસે ગોવાળ, દાઝે માવડી રે.
જુએ ઇંદ્રાદિક દેવ, કૌતુક કૃષ્ણ તણાં રે;
છે આંસુ ભર્યાં લોચન, દીસે સોહામણાં રે.
છે ક્રોધ ભર્યું કપાળ, રીસે તરડીયું રે;
શોભે મોહનજીનું મુખ, માખણ ખરડીયું રે.
છે ખીટળીયાળા કેશ, માંડે રેણુ ભરી રે;
નાસે ત્રિભુવનનાથ, જુએ ફરી ફરી રે.
છે ગોરસ ખરડયો દેહ, તક્રનાં બિંદુ ઝરે રે;
એવા દુઃખમાં દીનાનાથ, માખણ ભક્ષ કરે રે.
ખોડંગતો વિશ્વનાથ, ચૌટે ચાલતો રે;
સોને મઢયો સિંહનો નખ, હૈડે હાલતો રે.

કમળપેં કોમળ પાય, કઠિણ ભોમ્ય ધરે રે;
ભાંગે કાંટા વાગે પાષાણ, શોણિત અંગે ઝરે રે.
છે અંતરજામી નાથ, માને કીધી મયા રે;
ઘણું થાકી જાણી માત, પ્રભુ પડી ગયા રે.
હું નહિ કરૂં અન્યાય, એક વાર ચૂકયો રે;
કહો તેવા ખાઉં સમ, આ વારકી મુકો રે.
જઇને ઝાલ્યો હાથ, દાસી કને દોરડું માગે રે;
પરમેશ્વર માગે માન, માતને પાય લાગે રે.
મંદિરમાં આવ્યાં માત, પાંખોટે ગ્રહી રે;
બાંધવા માંડયા હાથ, દોર પોંચે નહિ રે.
કેમ કરી બાંધ્યો જાય, સુંદર શ્યામજી રે;
ભટ પ્રેમાનંદનો નાથ, અકળ રામજી રે.

(રાગ મારૂ રામકળી મિશ્રિત.)

બાંધ્યો કેમ જાએ રે, બાપજી બાંધ્યો કેમ જાએ;
બળવંત બાંધ્યો કેમ જાએ, જેને ત્રણ ભુવન મુખમાંહે. બાં૦
જેણે ત્રિગુણે ત્રિભુવન બાંધીયું, ઇંદ્ર અજ ત્રિપુરારિ;
સહસ્ત્રશીર્ષા બટુક થઇ બેઠો, બાંધે નંદજીની નારી રે. બાં૦
જે ન્યાય પુછે આખા જગતનો, એહને કો નહિ પુછનાર રે;
ચોર કરીને પુછવા છે, જસોદાજીને અધિકાર રે. બાં૦
સકળ જીવને કર્મનું બંધન, માયા ફંદ આસ્યા પાશ રે;
જગત બાંધ્યું એક દોરીયે, કેમ દામણે બંધાય અવિનાશ રે. બાં૦
આખી ગૌશાળાનાં દોરડાં લાવી, અંબા બાંધે કુમાર રે;
સાંધી સાંધી થાકી જસોમતી, રહે ટુંકડું આંગળ ચાર રે. બાં૦
પામી ખેદ પ્રસ્વેદ છુટયો, થાકી જાણી માત રે;
પ્રેમાનંદ પ્રભુ સીતાપતી, બાંધ્યા ઉખલ સાથ રે. બાં૦

(છંદ ભુજંગીની ચાલ.)

વાસી સ્વર્ગ સુરવર્ગ આશ્ચર્ય પામે, આ શું કર્મ પરિબ્રહ્મને નંદ ધામે;
અખંડ અવિનાશ વપુ વેશધારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
પ્રભુ અચ્યુતાનંદ અવ્યક્ત કહિયે, નવ ભારતી વેદથી ભેદ લહિયે;
નિરાકાર સાકાર આનંદકારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
ગુણાતીત ગોવિંદ ગરુડગામી, વ્યાપ્તમાન સર્વત્ર અંતરજામી;
પરાત્પર પ્રાણેશ સ્વ ઇચ્છાચારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
સહસ્ત્રશીર્ષા બ્રહ્મ શ્રી શેષશાઇ, સર્વ સામર્થ્ય મહાશૂર સુખદાઇ;
અસુરાંતક અઘનાશ અવિગત મુરારિ, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
ચતુર્ભુજ ચિદ્રૂપ અક્ષય વાણી, ગદાશંખ સારંગધર ચક્રપાણી;
મુકતાનંદ મહારાજ સંસાર તારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
સર્વે દ્રમુખ ચંદ્રસ્વેતત્વ પામ્યું, સંપુટ હાથ નિજ માતને શીષ નામ્યું;
ભક્તાધીન થઇ દીન ધરે નેત્ર વારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
દક્ષિણ પાણિ નવનીત દૃઢ મુષ્ટિ વાળી, તતસમે કરે ભક્ષ રૂએ વનમાળી;
કરે વ્રજવધૂ માતને મનુહારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.
સુકીત જસોમતીનું કોણ જાણે, નાવે પાર શતવર્ષ નિગમ વિખાણે;
કહે પ્રેમાનંદ કોણ બુદ્ધિ મારી, બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી.

(રાગ મારૂ.)

•

ખુટયાં દામણાં ગૌધેનતણાં, જસોદાજી તવ થાક્યાં ઘણાં;
શ્રમિત વપુ પરસેવો વળે, શ્રી કૃષ્ણને માત બાંધે ઊખળે.
જાણી જનુની પામી સંતાપ, એક દોરડે બંધાવું આપ;
મહિયારી સર્વ જોવા મળે, પ્રભુ બાંધ્યા તાણી ઊખળે.
આવડું જાન કેમ તુજને કરાં, અલ્યા આ જો ગોળીનાં ઠીકરાં;
ગોરસ દેખી કાળજ બળે, પ્રભુ બાંધ્યા તાણી ઊખળે.

જે ઊખળે બેસી ખાધું નવનીત, તેડયાં મર્કટ કીધું વિપરીત;
તે દાજ મારી કેમ જ ટળે, પ્રભુ બાંધ્યા તાણી ઊખળે.
ગોપાંગના સહુ માગે માન, અમ કને લ્યો જે થયું હોય જાન;
એટલું મહી તો સૌને મળે, શું બાંધ્યો બાળક ઊખળે.
નથી ગોરસ પુત્રપેં ઘણે, કો એક પુણ્યે મા દીકરો જણે;
અમૃત ઘડો બાળકથી ઢળે, શું બાળક બાંધ્યો ઊખળે.
ન વળી સાન જો મસ્તક ફળ્યું, શું એટલે જાને ખાવા ટળ્યું;
ગોપવધૂ ચડે ઉછળે, શું બાંધ્યો બાળક ઊખળે.
ખુંચે દોરડાં પડીયા પાશ, મોટી મીરાંત ઢોળાઇ છાસ;
બાઇ છોડો અમારૂં મન કકળે, શું બાંધ્યો બાળક ઊખળે.
અમો ભલાં જે ન કરૂં રીસ, અન્યાય કોટી કરે જગદીશ;
માની સગાઇ પડી વેગળે, શું બાંધ્યો બાળક ઊખળે.
એનાં પગલાંનો મહિમાય, ઘેર સાંપડી નવ લખ ગાય;
ધોળું મુખને નયણાં ગળે, શું બાંધ્યો બાળક ઊખળે.
છોડો પુત્ર અમને પાડ, એક જ એકનાં પહોંતાં લાડ;
ઘણાં હેતથી બાળક છળે, શું બાંધ્યો બાળક ઊખળે.
ઘરઘરતું દૂધ અમારૂં લો, ન થઇએ નિર્દય મુકી દો;
સાંભળી જસોદાજી કળકળે, તમને શું બાંધ્યાં ઊખળે.
તમો રાવ દહાડી લાવતી, નથી લાજતી આજ મુકાવતી;
મ્હોડે રૂડાં ભુડાં પૂઠળે, તમને શું બાંધ્યાં ઊખળે.
આગળ બાળકની શી વલે, તમો સોડય ભલાઇ લેતાં બલે;
એ ડહાપણુ શીખ્યો તમ મળે, તમને શું બાંધ્યાં ઊખળે.
લઘુવયમાં ઉછંખળ થાય, પ્રકૃતિ ચોરીની નવ જાય;
ઘણો ક્રૂર કંસાસુર રાય, તે કેમ મુકે જાણી અન્યાય.
રંક જાતિ આહિરાંતણી, વિભૂતિ દશ ગાય દૂજણી;
અભિમાન કીજે શ્યાં ભણી, હું પેં સગાઇ તમારી ઘણી.

એવો ઉત્તર અબળાને કહી, જસોમતી મંદિરમાં ગઇ;
ગોપાંગના સર્વ ઝાંખી થઇ, પણ છબીલાજી છોડયા નહિ.
વ્રજવનિતા સર્વ પાછી ફરી, ત્રાડે ત્રાડે વાણી ઓચરી;
પૂરણ ક્રોધ અંતરમાં ધરી, રીસાવી ચાલ્યા નરહરિ.
રૂદન કરે હીડે સામળો, તણાય પૂઠેથો ઊખળો;
વ્રજસાથ જોવા સહુ મળ્યો, જમુંના ઝંપાવા બાળક પળ્યો.
ઘસરડો ઊખળનો થાય, રસોડાં ખડુ તણાયાં જાય:
નવનીત ગ્રહ્યું કર માંય, ચાલે રૂવે ને માખણ ખાય.
નિરખે ઇંદ્રાદિક અંતરિક્ષ, નંદે યજ્ઞ કીધા કંઇ લક્ષ;
ઊખળ બાંધ્યો પંકજ ચક્ષ, બ્રહ્મ કરે માખણનું ભક્ષ.
ગોપવધૂ જોવા સંચરે, પ્રણિપત બાળકની કરે;
ફળીમાં જઇ આગળાં ઓચરે, ત્રૈલોક્યનાથ ન્હાસી નીસરે.

---

૧૪. વૃંદાવનવાસ.

(રાગ સારંગની ચોપાઇ.)

નંદ ઉપનંદ રાય વૃખભાન, કીધો વિચાર બેસી એક સ્થાન;
પૂતના શકટ ને તૃણાવર્ત, બાળકને વિઘ્ન ગયાં અનંત.
આ અરિષ્ટ કહ્યું નવ જાય, પડયાં વૃક્ષ દીઠે ભય થાય;
વૃક્ષજુગ્મ અંતર સાંકડું, ચૂકે ચડયો મગ રહ્યો કાંગડું.
ચક્કીથી કણ નિસરે અભંગ, તેમ બાળકનું વાંચ્યું અંગ;
એ નંદપુત્ર સર્વનો આધાર, એહને આશરે વ્રજ પરિવાર.
કદાપિ વિઘ્ન શ્રી કૃષ્ણને થાય, વિના માર્યા ગોપ મરી સહુ જાય;
પ્રાણીમાત્રનો કૃષ્ણ છે પ્રાણ, એહને કલ્યાણે સહુને કલ્યાણ.
કંસની ક્રૂર દીસે છે દષ્ટ, અહીં વસતાં કાંઇ પામીએ કષ્ટ;
કીજે વાસ વનમાં મોકળો, હવે ગોપ માત્ર અહીંથી ઉચળો.

ગોવર્ધન વૃંદાવન નિકટ, જઇ વસીએ જમનાને તટ;
જ્યાં ગૌ ત્યાં ગૌકુળગામ, ભાઇ આ સ્થાનકનું શું છે કામ.
ઘણાં તૃણ વૃંદાવન મ્હાંય, વાધે દૂધ ચરશે ત્યાં ગાય;
ગોપની વિભૂતિ છે ગૌધન, સુરભિ સુખી સુખી વ્રજજન.
શાને અહીંથી ઉચળતા, કહાં છાજ કાષ્ટ નથી મળતાં;
કહાં પડે છે મુકવા અવાસ, જહાં જઇએ ત્યાં છાપરે વાસ.
નંદરાયની આજ્ઞા હોય, સાવધાન થયું સર્વ કોય;
ઉધમ સહુ ચાલ્યાનો કરે, કુશળ કહાન વાણી ઉચરે.
વૃષભ વચ્છ મહીષિ બહુ ગાય; ભાં શબ્દ માર્ગમાં થાય;
હીસારવ કરે ગૌ પાછી ફરે, પોતાના વચ્છને આવી મળે.
સ્કંધે કાવડ ગોરસ ભરી, ઘૃતના ગાડવા મસ્તક ધરી;
કોણે લીધાં માટ મહીએ ભર્યાં, ગોપી રવૈ સીકાં નેતરાં.
ગુપ્ત દોર મચક પારણાં, કાઢ્યાં ચણિયારાં લીધાં બારણાં;
સાંકળ ભોગળ કુંચી નાળાં, ઘર શોધી લે સર્વ ગોવાળા.
લીધી વસ્તુ જે જે કાર્જની, ઊખળ મુશળ સમ્માર્જની;
કાઢ્યા ગૌના ખીલા ખાંચી ખાંચી, લીધા સુપ ટોપ ચકકી માંચી.
શકટ ધન્ય ધાન્યનાં ભર્યાં, જુઓ ઘરમાં કાંઇ વીસર્યાં;
ધાતુપાત્ર વસ્ત્ર ગાંસડી, લેઇ ગોપિકા શકટે ચહડી.
થાઓ ચાલતાં વહુ સાસુજી ભણે, ઘરમાં જઇ દાટી થાપણ ખણે;
ઠાલું ગોકુળ ઉધ્વંસ થયું, માંજર શ્વાન સહુ સાથે ગયું.
શ્રી કૃષ્ણ કહે કેમ રહેશે રાંકડાં, સહુ સાન કરી તેડયાં માંકડાં;
રમકડાં લીધાં જસોમતી, નવે ઘેર એવાં મળવાનાં નથી.
શકટ ધીસલાં જોડયા બહુ રથ, તાણે બાર સાંઢ સમર્થ;
ઉત્તમ રથ બેઠા નંદરાય, શ્રીકૃષ્ણ બેસાડયા ખોળા માંય.
જસોદા આવે વ્રજસુંદરી, કો વાહન કો પાળી પરવરી;
એટલે આવી ટીચ ગોવર્ધન તણી, ભોમ્ય વૃંદાવનની સોહામણી.

ચંદ્રમાનું ઘર સાંધી ઉતર્યા, વિવિધ વાડા સુરભીના કર્યા;
મધ્યે ઘર કીધું નંદજીતણું, ફરતું ગામ વસ્યું અતિઘણું.
બહૂલ વાસ શ્રી ગોકુળગામ, ઘણી ગાય માટે ગોકુળ નામ;
ઉજ્વળ મૃત્તિકા ગોમય ગાર, મંદિર લીપે વ્રજની નાર.
રંગ મંડપ ગૌશાળા ભણી, વ્રજમાં શોભા વૈકુંઠ તણી;
ચરે ધેનુ બહુ મીઠી ચાર, પીએ નિર્મળ જમુનાનું નીર.
ન રહે ભૂખી તરશી ઘડી, ઘણું ગાય દૂઝાણે ચડી;
નંદ મનને આણંદ પમાડે, રમા રમણને ખોળે રમાડે.
કરે બાળચેષ્ટા ગોપાળ, તેડે નંદ આવે તત્કાળ;
જસોમતીને ઉચ્છંગે ચડે, કરે હાસ્ય ક્ષણમાં રડે.
કોટિ યત્ન નવરાવતાં કરે, અર્ધ અંઘોળ્યો નાસી નીસરે;
જો કૃષ્ણ ગુંથાવે ચોટલી, તો ઘણું માખણ આપું રોટલી.
એક નેત્રમાં કાજળ ભરે, નહિ અંજાવું રોતો નીસરે;
દૂધ લેઇ મર્કટને પાય, જસોદાને વારે નંદરાય.
રખે તું કૃષ્ણને હાકટે, હું રંકને પુત્ર પડયો છે પેટે;
એ ચોરે નાખે કરે ઉન્માદ, એ આપણને મોટો છે સ્વાદ.
તુંથી ભય મારૂં મન ધરે, વળી રખે ઊખળે બંધન કરે;
શુકજી કહે હું શું શું ભણું, જે ભાગ્ય નંદ જસોદા તણું.
સાક્ષાત્ વિશ્વંભર જગત જાણે, તે ભૂખ્યો છરૂં કહી પાલવ તાણે;
ખટદર્શનમાં જોગેશ્વર જુએ, તે બ્રહ્મ માખણ માટે રૂએ.
બ્રહ્માને સ્વપ્ને નવ આવે, તે ગોવિંદને ગોપી નચાવે;
ચાર વરસના હરજી થયા, એક દહાડો જમુના તીરે ગયા.

૧૫. વનવર્ણન.

(રાગ કેદારો.)

શુકજી કહે સુણ રાય રે, શ્રીકૃષ્ણ તણો મહિમાય રે;
કંઇ ગાય ચારવાની મનસા થઇ રે, પૌગંડ અવસ્થા ગઇ રે.
કિશોર અવસ્થા થઇ રે, કરૂણામયની લીલા કેમ જાય કહી રે.

(ઢાળ.)

કહી ન જાય અદ્‌ભુત લીલા, થાકયાં મન બુદ્ધિ વાણી;
નેતિ નેતિ નિગમ પોકારે, શું કરે પામર પ્રાણી.
જથા બુદ્ધિ તથા કહું કથા, વૃથા ધરૂં વક્તા નામ;
કવિ વ્યાસ વક્ત શુક સ્વામી, પરિક્ષિતને પરમ ધામ.
માયા મગ્ન મનુષ્ય અપરાધી, વિપ્ર પ્રેમાનંદ નામ;
શું પ્રાકૃતબંધ બાંધે ભાગવતનું કરતા હરતા શ્રી રામ.
પરિક્ષિતને કહે ગર્ભ જોગી, શૌનિકને સૂતપુરાણી;
છે પાવન અધ્યાય પંચદશમો, ચારે ગા ચક્રપાણી.
વાછરૂ લઘુ ગોપને સોંપ્યાં, ગોવિંદ ચરાવે ગાય;
આપ સમાણાં બાળક સંગે, નિત્ય પ્રત્યે વૃંદાવન જાય.
નિત્ય નિત્ય રંગ તરંગ ઘણેરા, રમત રમે રણછોડ;
પ્રબળ ભાગ્ય ગોપનાં દેખી, દેવને થાએ કોડ.
દ્રુમ વેલી ફૂલી વૃંદાવન, ફળી અષ્ટાદશ ભાર;
નાનાવિધ કુસુમ બહુ રંગી, ષટપદ કરે ગુંજાર.
રૂચિત શબ્દ વિહંગમ બોલે, ડોલે લતા વાયુ વેળ;
પંડિત પંખી હરિજસ ભણતા, પોપટ બેઠા કેળ.
શ્રીફળી ફોફળી સરધુ સીમળ, સાદડીયા સીસમ સાગ;
અગર તગર મળિયાગર બીલી, ચંદને ચડીયા નાગ.

આંબા આંબલી કોઠી કાચકી, કદમ વૃક્ષ શોભાળ;
પીપળા પીપળી આસોપાલવ, વટલટે હીંચે ગોવાળ.
મોગરા માલતી વેળ વાળો, કુશ વર ભાગુના ભોથા;
ચારોળી ચંપક ચંપેલી માંહે, મધુકર ખાયે ગોથાં;
જાઇ જૂઇ, કેતકી દાડેમી, નારંગી લવંગી દ્રાક્ષ;
ખજુરી ખારેક ફણસી ફાળસી, પડે પીળી આંબા શાખ.
લીંબુડી કેરણી કંથારી, કમરખી જાંબુ બોર;
તાલ તમાલ સાલને સમડી, રાયણ રાતાં અંકોર.
ખંડોકળી પરવેલ વળી, પંકજ પોયણ અનંત;
નવાં અંકુર પાડલ ને કેસુ, વાસ વસે વસંત.
વૃંદાવનમાં તુલસીનાં વૃંદે, વિલસે વ્રજના બાળ;
ગુંજા માંજરે ને વૈજયંતી, હીંચે પાગ પ્રમાણે માળ.
કપોત કોકિલા સુડા સારસ, ચક્રવાક ને મોર;
મરાળ મધુકર ને ટિંટોડી બોલે, ચાતક ચારા ચકોર.
શશક જંબુક વરૂ વણિઅેર, વ્યાઘ્ર કેસરી વ્યાળ;
મુખમાં તરણાં લીડે હરણાં, ફટક દેતાં ફાળ.
ભાવન પાવન છે જમુના તટ, બંસીબટ બિરાજે;
રાગ રસાળા ગાય ગોવાળા, વાજે વેણ મોરલી ગાજે.
અંગે ઊગટ મોર મુગટ, કાને કુંડળ લટકે;
ધાબળીની પલવટ વાળી, ધાતાં પાલવ ફટકે.
ગાય ચરે ગોવાળા નાચે, મધ્યે રામકૃષ્ણ બે ઊભા;
ભાઇ શું વિખાણે વેદ બિચારા, વૃંદાવનની શોભા.
શુક વાણી ચોરી કીધી, આસરો મારે શાનો;
ભટ પ્રેમાનંદ કહે હરિદાસો, થોડું ઘણું કરી માનો.
શ્રીકૃષ્ણ કહે અગ્રજને તમારો, મોટો મહિમા રામ;
આ વૃક્ષ તમને નીચાં થઇ થઇ, કરે છે દંડપ્રણામ.

પક્ષી સ્તુતિ કરે છે તમારી, હો જાદવ રાજકુમાર;
અમને કો નમતું નથી, અમો જાતિ તણાં પિંડાર.
વડા વીરને શોભા આપે, હસતાં હાંકે ગાય;
તાલ વનમાં ગયા ગોવાળા, સાંભળ પરિક્ષિત રાય.

---

૧૬. નાગદમન પ્રસંગ ને ગેંડીદડાની રમત.

(રાગ સામેરી.)

કીધું કૌતુક ગોપીનાથે રે, ગયા વનમાં ગોવાળા સાથે રે;
તે દહાડે ઘેર રહ્યા છે રામ રે, કરવું છે સર્પ સંબંધી કામ રે.
પૂઠે ગોપ આગળ ગાય રે, વાદે મહુવર વેણુ વાય રે;
ગોપ પ્રત્યે પ્રભુ કહેવા લાગ્યા રે, આપણ આજ વનમાં જઇએ આઘા રે.
એમ કહી દૂર ગયા ભગવાન રે, થયા વનમાં જંત્ર મધ્યાન્હ રે;
થયાં તૃષિત ગોવાળા ગાય રે, વિષજળ ભણી સુરભિ ધાય રે.
ગોપ ગૌને જાતી વાળે રે, જાવા દો કહ્યું શ્રી ગોપાળે રે;
પીવા દો સુખે ગૌને પાણી રે, તવ ગોવાળા વદે છે વાણી રે.
કહે છે ગોવિંદને ગોવાળા રે, એ જળમાં છે વિખની જવાળા રે;
તમો નથી જાણતા વનમાળી રે, ઇહાં વાસ વસે સર્પ કાળી રે.
કાલિંદીનો દ્રહ વિખે ભર્યો રે, પીતાં પાણી કો ન ઉગર્યો રે;
પડે છે પક્ષી ગગને જાતાં રે, મન કેમ માને ગૌ પાતાં રે.
સુણી ગોપસખાની વાણી રે, ભરાયા ક્રોધે સારંગપાણિ રે;
કાળીને કહાડવાની દ્રષ્ટ કીધી રે, પીયો જળ સહુને આજ્ઞા દીધી રે.
સર્વે કહ્યું કૃષ્ણનું કીધું રે, પ્રાણી માત્રે તે જળ પીધું રે;
ગાય ગોપને ચડીયું ઝેર રે, સહુ ધર્ણે ઢળ્યું આવી લહેર રે.
જે કાળીની ફુંકે ફાટે પહાડ રે, કોશ લગે ન મળે એકુ ઝાડ રે;
કાળું જળ નીલી સેવાળ રે, કાળીનાગ મુકે વિખજ્વાળ રે;

મનસા સર્પ કહાડવાની કીધી રે, ગોવિંદે ગેંડી કરમાં લીધી રે.
કટિ પીતાંબર પત્રવટ વાળી રે, ગેંડી દડો રમે વનમાળી રે;
કહે સહુ ગોપને ગોકુળરાય રે, રખે ભાઇ દડો જમુનામાં જાય રે.
જેહની વતી દડો એહમાં જાશે રે, નાખનારો લેવા ધાશે રે;
એવો પરઠ કીધો મહારાજે રે, કાળીનાગને નાથવા કાજે રે.
મારે હાક સખાને તેડી રે, પડે પ્રહાર દડા પર ગેંડી રે;
ધાય ગોવાળા મદમાતા રે, ભર્યા શ્વાસ ગુલાંટ ખાતા રે.
હાથનાં કડાં ઉંચાં ચ્હડાવે રે, મારે દોટ પાધરી ફાવે રે;
એક હારે એક લેઇ જાય રે, વાળવા બીજુ પૂંઠે ધાય રે.
લાગ સામળીયાનો આવ્યો રે, દડો ગેંડી માંહે ભરાવ્યો રે;
મારી દોડ આંકડે ચડ્યો રે, દડો જળમધ્યે જઇ પડ્યો રે.
હરયા ગોપ દેઇ દેઇ તાળી રે, થયા ઓશિયાળા વનમાળી રે;
જન પોતાનું પ્રતિપાળે રે, ચડ્યા નાથ કદમની ડાળે રે.
ભાઇ હું જમુનામાં ઝંપાવું રે, દડો સર્વથા શોધી લાવું રે.

---

૧૭. જસોદાનો વિલાપ.

(રાગ વેરાડી.)

મારૂં માણકડું રીસાવ્યું રે સામળીયા,
તારા મનમાં એ શું આવ્યું રે સામળીયા.

હું અપરાધણ માતાને મુકી, શા માટે ઝંપાવ્યું રે સામળીયા. મારૂં.
કાલિંદીનું કાળું પાણી, માંહે વસે કાળો કાળી;
હવે આશા તે શી મળવાની, કેમ આવે વનમાળી રે સામળીયા. મારૂં.
સંતાનરૂપી મોટું ધન તે, કરમે લીધું લૂંટી;
મેં નવ જાણ્યું જતન કરીને, રતન પડ્યું કેમ છૂટી રે સામળીયા. મારૂં.

પુત્ર પામી હું છેલ્લે આશ્રમે, ઉછેર્યો પ્રતિપાળી;
નીપનો રસ ઢળી ગયો હું, વિજોગ આગે બાળી રે **સામળીયા.** માૠં.
નાકે મોતી પાએ ઘૂઘરી, મોર મુગટ શિર ધારી;
ફરી રૂપ હું ક્યાંથી દેખું, હરિ આવે ગૌ ચારી રે **સામળીયા.** માૠં.
કાને કુંડળ મુખમાં મોરલી, સાંજે ગોકુળ આવો;
ભૂખ્યો છઉં કહી પેટ દેખાડો, મા કહી મને બોલાવો રે **સામળીયા.** માૠં.
પીત પીછોડી કાછ કછે, મુજ કને નેતૠં માગે;
હું ઘરડી માને થાકી જાણી, કોણ વલોવવા લાગે રે **સામળીયા.** માૠં.
તું પ્રાણેશ્વર તું ગોપેશ્વર, ગોપી દેહ કેમ ધરશે;
બાળ સખાની કોણ વલે આ, ગાયો હીસી હીસી મરશે રે **સામળીયા.** માૠં.
ઉંડા જળમાં વાસો કીધો, પાણીમાં કેમ ગમશે;
મોર પોપટ પૂતળી તારે, એ રમકડે કોણ રમશે રે **સામળીયા.** માૠં.
ક્યાં તું ગયો ને હું જીવું છું, ઓછા સગપણ માટે;
સાચું વહાલ તો ત્યાં જણાએ, સાંભળતાં હૈડું ફાટે રે **સામળીયા.** માૠં.
કાષ્ટપેં પાષાણ કઠિન છે, તેપેં કઠિન છે લોઢું;
વજ્ર તુલ્ય છે કાળજ માૠં, લોકને શું દેખાડું મ્હોડું રે **સામળીયા.** માૠં
તેં મેક્ષાંતર દડાનું કીધું, મનમાં દુઃખ દાઠ આવ્યું;
ઉખળનું બંધન આજ સાંભર્યું, તે માટે ઝંપાવ્યું રે **સામળીયા.** માૠં.
નંદ જસોદા ગાય ગોવાળા, વ્યાકુળ વ્રજની નારી;
ચાર ઘડી પૂઠે સર્વે પડજે, હળધર રાખે વારી રે **સામળીયા.** માૠં.

૧૮ નાગયુદ્ધ.

(રાગ સામેરી.)

શુકજી કહે સુણ ભૂપતિ, જાણી વ્રજવાસીનું દુઃખ;
ગોપ ગોપીને ધીરજ આપવા, હરિએ લીધી મોરલી મુખ.
નિજ ભક્તને આનંદ પમાડવા, જગાડવા સર્પ કાળી;
ઘોર નાદે મહુવર વાય, પિંગર પીડા ટાળી.
ચૌદલોક તે શબ્દ પહોંતો, ધાઇ વ્રજની નારી;
આઇ વધામણી વધામણી, કુશળ છે દેવ મોરારિ.
પાતાળમાંહે વેણુ વાજે, છે કહાનને કલ્યાણ;
નંદ જસોદા થયાં એઠાં, ઠામ આવ્યા પ્રાણ.
ગીત ગાય વ્રજસુંદરી, સુણી નાદ સુરભિ હીસે;
જગમાં [illegible] વાગિયા, કાંઇ કરતાં કૃષ્ણજી દીસે.
વાંસળીએ વ્રજલોકને, અમૃત પાયું વનમાળી;
તે ઘોર શબ્દને સાંભળી, ભડકી ઉઠયો નાગ કાળી.
ક્રૂર રૂપે કૃષ્ણ જોયા, શત ફણા ફુંફુવાવી;
ગોવિંદજી બ્હીતા નથી, વિશેષ વેણુ ઘુઘુવાવી.
ગેંડી લીધી એક હાથમાં, ઝુઝકાર્યો કદ્રુકુમાર;
પાછા ખસી આવ્યા ધસી કીધો ફણા ઉપર પ્રહાર.
જેષ્ટિકા વાગી ઘણી, ખંડણ પામ્યો મણિ;
ધસ્યો કાળી કાળ સરખો, છે રીસ અંતર ઘણી.
ચંદ્રને જેમ રાહુ લેપે, સૂરજને જેમ મેહ;
તેમ કાળી નાગની ફણા મધ્યે, સામળીયાનો દેહ.
જેમ મહાજળમાં રત્ન પડયું, બાવળમાં ચંદન છોડ.
લક્ષ્મીનાથ લીધા લટપટી, કરી ફણાનો ફૂતકાર;
વિષજ્વાળથી જળ ઉકળ્યું, વરસે હળાહળ અંગાર.

જીભ કહાડે ચંચ ફાડે, દેખાડે વિખદંત;
અધર કરડે આંખ તરડે, મરડે અંગ અનંત.
હાંકે છંછેડી નિકટ તેડી, કરે ગેંડી પ્રહાર;
પછે રીસ કીધી દોટ દીધી, લીધી બાથ નંદકુમાર.
વનમાળી નાગ કાળી, લે સંભાળી ઘાય;
પાતાળ ગાજે ઢીક વાજે, વિરાજે વૈકુંઠરાય.
અડવડે હેઠા પડે ને, ગડગડે જેમ મેહ;
પાછી પાની નવ કરે, સમાન જોદ્ધા બેય.
ચાર ઘટિકા જુદ્ધ હવું, પછે કોપ્યા જદુરાય;
પદપ્રહાર કીધો પૃષ્ઠમાં, પડ્યો નાગ મૂર્છના ખાઇ.
ગેંડી વડે શત નાક ફાડયાં, પ્રાક્રમ કીધું પ્રૌઢ;
નાગ નાથ્યો દોરડે, ઉપર પ્રભુ થયા આરૂઢ.
સર્પણી સહુ વલવલે, મુકો અમારો સ્વામિન;
અમો ભિક્ષુકી દાતાર તું, પ્રભુ આપ હેવાતન.
કહ્યું ન માને કૃષ્ણજી, પૂડે સ્તવે નાગણનાર;
જેજેકાર ગોપી કરે, પ્રભુ નિસર્યા જળથી બ્હાર.
નિજ કંઠના હાર ત્રોડી, મુક્તાફળે વધાવે;
વેગળા રહી સહુ કો સ્તવે, પણ પાસે કો નવ આવે.
મુકો અમારા નાથને, નાગણી સહુ કો જાચે;
કાળીનાગની ફણા ઉપર કૃષ્ણ થેઇ થેઇ નાચે.

૧૯. ગોવર્ધનપૂજન.

(રાગ નટ.)

સમસ્ત વર્ગ ગોપનો ચાલ્યો, પૂજવા ગોવર્ધન;
રંગ્યા શૃંગ અંગ ચીતર્યાં, શૃંગાર્યાં ગૌધન.
કનક ઝાંઝરી પાગ ધરી રે, ઠમક વાછરૂ ચાલે;
ગોપ સમસ્ત ચાલ્યા ઉજાણી, લાકડીએ શીકાં લે. સમ.

શકટ રથ ધીસલાં જોડયાં, વૃષભ પોઠી કીધા;
ઉન્મત્ત ગોપીએ અંન ભરી રે, મસ્તક ટોપલા લીધા.
બાળક લીધાં છે કટિલંકે, પટોળી પાએ રોળંતી;
વ્રજવધૂ હીંડે મદમાતી, મોરલી નાદે ડોલંતી. સમ.

વેણુનાદ કરે ગોવાળા, વળી ગીત બાળા ગાય;
આભ્રણ આભૂષણ નાનાવિધ, શોભા વર્ણી ન જાય.
ગોવર્ધન નિકટ સહુ આવ્યું, તવ કરે જેજેકાર;
પ્રાણીમાત્ર પૂજે પર્વતને, જેમ કહે નંદકુમાર. સમ.

સ્વયંપાક કીધા સહુ ગોપે, પવિત્ર અન્ન રસોઇ;
બ્રાહ્મણ પાસે હોમ કરાવ્યા, પછે પૂજા વેળા હોઇ.
પર્વતની પ્રદક્ષિણા કીધી, નાહી ઊભા નંદરાય;
ગૃહસ્થ ઋષિને તેડી તેડી, આપી સવત્સી ગાય. સમ.

અબોટીયાં પરિધાન કરીને, પર્વત પાસે આવે;
શાક પાક સ્વાદીક અન્ન ઉત્તમ, નૈવેદ ગિરિને લાવે.
ધૂપ દીપ આરતી અજવાળી, મુકી નૈવેદની થાળી;
બીજું રૂપ ધરીને બેઠા, પર્વતમાં વનમાળી. સમ.
ગોવર્ધન પૂજે ગોવાળા, ઉલટ આણી મન;
શ્રીકૃષ્ણ કહે કરોની પરીક્ષા, ગિરિ લે છે અન્ન.

પર્વત દેવ સાધુને મુકી, કો પૂજે ઇંદ્ર અહંકારી;
ગિરિમાં પોતે ગોપમાં પોતે, કરે કૌતક દેવ મોરારિ. સમ.

૨૦. ઇંદ્રનો કોપ.

(રાગ કેદારો.)

ઇંદ્રસભામાં નારદ આવ્યા, મઘવાએ માન દીધું;
આપી આસન માનુભાવને, પ્રેમે પૂજન કીધું.
કેમ કૃપા કીધી કરૂણામય, નારદ વળતું ભાખે;
સાવધાન રાજા તેનું કહીયે, જે દષ્ટ સઘળે રાખે.
મેં ઘણાં ઇંદ્રનાં રાજ જોયાં, બહુ કાળ થયા છે મુજને;
ઉન્મત્ત પ્રજાએ તું ઉવેખ્યો, શુદ્ધ નથી તે તુજને.
અંતર્ધાન થયા એવું કહી, નારદે કૌતક કીધું;
ઇંદ્રે જોયું મન વિચારી, કોણે મારૂં પૂજન લીધું.
ભૂગોળના અનુચર આવ્યા, તે બોલ્યા કરી પ્રણામ;
સ્વામી ગોકુળવાસીયે પર્વત પૂજ્યો, ગોવર્ધન છે નામ.
મહોત્સવ તમારો લોપ્યો, નંદપુત્રતણે પ્રતિબોધ;
વાત સાંભળી સેવક મુખની, ચડ્યો ઇંદ્રને ક્રોધ.
સકળ લોકમાં રંક ગોવાળાં, જે જીવે પશુ ચારી;
આહીરાં ઉનમાર્ગે ચાલે, કોણ રાખે મર્યાદા મારી.
નંદને ઘેર એક પુત્ર થયો તે, કહાવે છે અવતારી;
નવો માર્ગ તે બાળકે કીધો, વરશોત લોપી મારી.
મદ ઘણો છે મહીયારાંને, ધેનુ અગણિત દૂઝે;
રૂડી પેરે શિક્ષા દઉં ફરી, પર્વતને નવ પૂજે.

દ્વાદશ મેઘને આજ્ઞા આપી, જળ ગોકુળ ઉપર રેડો;
ગૌ ગોપ તાણો જમુનામાં, મૂળથી ગામ ઉખેડો.
વાયુ સર્વ સંધાથે જાઓ, ઉડાડો પર્વત શૃંગ;
જો મારા કરનો ભંગ જ કીધો, તો કરો ગોકુળનો ભંગ.
કાં નહિ સ્વામી કહી થયા તત્પર, પવન ને પરજન;
અંધકાર થયો ગોકુળમાં, ઘન ગાજે ગગન.
તિમિર આગળ કાંઇ ન સૂઝે, રવિજ્યોત અભ્રે બાંધી;
કોરણ ઉડે થાય કડાકા, પ્રબળ વાયુની આંધી.
ભયજુક્ત નરનારી નાસે, ભવન આપણાં ભૂલે;
ગિરિશૃંગ શિલા બહુ વરસે, ઉડે વૃક્ષ સમૂળે.
અકાળ મેઘ કોપીને આવ્યો, કો નવ પ્રીછે કારણ;
છાજલ છાપરાં ઉડી ગયાં, રહ્યાં બોમ ધારણ.
ચમક ઝમક વીજળી ચમકે, ચમકે નાનાં બાળ;
નંદમંદિર સર્વ કો આવ્યું, રાખે દીનદયાળ.
વાછરૂ ત્રાસે સુરભિ નાસે, ઓખાંગતા નાસે સાંઢ;
કડકડાટ શબ્દ થાય આકાશે, શું ભાંગશે બ્રહ્માંડ.

(વલણ)

શું બ્રહ્માંડ શકે ભાંજશે, હરિએ જાણ્યો ઇંદ્રનો ક્રોધ રે,
મઘવાનો મદ ઉતારવા, સોંડયા જાદવ જોધ રે.

૨૧. ગોવર્ધનધારણ.

(રાગ મલ્હાર.)

ગગન ઘટા ઘનઘોર તણી, ઘુમે પવને ઘેર્યું ગામ રે;
ગોપી ગોપ ગૌ દુઃખ પામીયાં, દેખી કોપ્યા ઘણુ ઘનશ્યામ રે.
અવળાં સવળાં દોડે આભલાં, વરસે મેહુલો મુસળધારે રે;
જાણે જીહ્વા શું વાસુકીની, ધાય વિદ્યુતતણા ચમકારે રે.
વ્રજવધૂ થરથર ધ્રૂજતી, ગોપ વાત કહે માંહોમાંહ રે;
કૃષ્ણ બાળકનું કહ્યું કર્યું, કુશળ ક્યાંથી થાય રે.
ત્રિભુવન સ્વામી શત્રુ થયો, તે નંદપુત્ર પસાય રે;
પર્વત આપણે પૂજ્યો તે, શું કરે ગોપીની સહાય રે.
જ્યાં જઇએ ત્યાં રાજ્ય ઇંદ્રનું, સ્વર્ગ મૃત્યુ પાતાળે આણ રે;
કહીં ઉગર્યાનું સ્થળ છે નહિ, વ્રજલોક ગયો નિર્વાણ રે.
કો કહે દાવાનળથી રાખ્યાં, સમાવી વિષની જ્વાળ રે;
સહુ કૃષ્ણને શરણે આવ્યું, રાખો રાખો દીનદયાળ રે.
નંદ જસોદા ચિન્તા કરે, રખે વિઘ્ન કૃષ્ણને થાય રે;
બાઇ સાત વર્ષનો બાળકો કેમ, કરે તમારી સહાય રે.
તમો વૃદ્ધ કહ્યું કાં માનીયું, જે પૂજ્યો ગોવર્ધન રે;
જો સુરપતિએ મેહ મોકલ્યા તો, શું કરે મારો તન રે.
માતા આંખ મીચે ભગવાનની, રખે વિજળીએ બીએ બાળ રે;
બારે મેઘ સાથે તૂટી પડ્યા, જેમ પ્રલય કરે પશુપાળ રે.
મઘવા મદ ઉતારવા, ઉગારવા વ્રજનો સાથ રે;
પર્વતનો જશ વધારવા, હરિએ લાંબો કીધો હાથ રે.
જેમ વર્ષાકાળના તૃણને, ઉપાડે નાનું બાળ રે;
જેમ ઉન્મત્ત ગજ લે સુંઢમાં, સકોમળ કમળનાળ રે.

તેમ પર્વત લીધો ઊંચલી, લીલાએ લક્ષ્મીનાથ રે;
શ્રમ કાંઇ પોહોંતો નથી, જેમ કો મુદ્રિકા ધરે હાથ રે.
ગિરિ ગોકુળ ઉપર આણીયો, ધર્યો કનિષ્ટ આંગળી અગ્ર રે;
પર્વત તળે આવી રહ્યું, સહુ ગોકુળ ગામ સમગ્ર રે.

---

૨૨. અક્રૂરના મનોરથ.

(રાગ પંચમ શામગ્રી.)

અક્રૂર બેઠા રથ, મનોરથ બહુ કરે રે;
અંતરમાં અભિલાષ, નાનાવિધ ધરે રે.
હું જોઇશ ગોકુળગામ, સર્વ સોહામણું રે;
સ્વર્ગ લોક કોણ માત્ર, શોભે વ્રજ ઘણું રે.
જમુનાજીનો ઘાટ, વાટ વન તણી રે;
જળ ભરતી જોઇશ નાર, ગોપી સોહામણી રે.
ઘાબળીઆળી ધન, ચૂડો કહોણી લગે રે;
તે દામોદરની દાસ, હું જઇ પડું પગે રે.
વૃંદાવનનાં ઝાડ, ફાલ્યાં ફૂલ્યાં ફળ્યાં રે;
તેનું પામીશ હું દર્શન, ભારે વાંકાં વળ્યાં રે.
તુળસી ક્યારા કોટિ, માંજર ડોલતી રે;
સાંભળીશ શબ્દ રસાળ, મધુઅર બોલતી રે.
દેખીશ ધાતી ધેન, ધોળી દૂધે ભરી રે;
માકડી, હરણી, ગોરી, કાળી, કાબરી રે.
ખાંડી, મીડી, ગીણી, ડોલી કુંડળા રે;
આજ દેખીશ હું દર્શન, ગાયની મંડળી રે.
નાનાં મોટાં વચ્છ, સાંઢ સોહામણા રે;
લટકામાં ગોવાળ, સખા કૃષ્ણતણા રે.

મને શુકન સારા થાય, માન દેશે હરિ રે;
મળી સામી નાર, વારિ ઘટે ભરી રે.
ઉતર્યો દક્ષિણુ પાસ, કાળો મૃગલો રે;
ચાસ, સારસ, શુક, શબ્દ કરે ભલો રે.
ચકોર, મોર ને હંસ, બોલે કોકિલા રે;
ફરકે જમણી આંખ, શુકન થાયે ભલા રે.
શુકનનું એ ફળ, સામળીયો મળે રે;
હું ને હરજી થઇએ એક, કંસાસુર બળે રે.
ગત જન્મનું પુણ્ય, પ્રબળ મારૂં હશે રે;
પ્રભુનું પામીશ દર્શન, લોચન ધન્ય થશે રે.
આવો અક્રુરરાય, કહેશે કૃષ્ણુ મુખે રે;
હું તે વેળાનું રૂપ, રાખીશ હૃદય વિખે રે.
હરિ દહોતા હોશે ગાય, દોહોણી કરે ધરી રે;
દેખીશ રેડતા દૂધ, પાત્ર ભરી ભરી રે.
બ્રહ્મા સરખા નંદ, સાવિત્રી જસોમતી રે;
રખે કરે મારી લાજ, હું છઉં જાદવપતિ રે.
ઘોડાની ઘૂઘરમાળ, ઘંટા ઘમકશે રે;
કાકાજી કહીને કૃષ્ણુ, મુને બોલાવશે રે.
હું લાગીશ પ્રભુને પાય, હરિ ઉઠાડશે હાથે રે;
ગળામાં ઘાલી બાંય, ચાંપશે હૃદયા સાથે રે.
લક્ષ્મીને રમ્યાનું સ્થાન, વહાલાજીનું છે હૃદે રે;
ગોપીનો વિશ્રામ, ચર્ચ્યું મૃગમદે રે.
કૌસ્તુભમણિ વનમાળ, તુળસીમંજર ગુંજા રે;
તે અડશે મારે અંગ, ભેટશે ભરી ભુજા રે.
વામ દક્ષિણુ વીર, વળગી બેલડી રે;
દેખાડશે દીનદયાળ, ગોકુળની શેરડી રે.

તેડી જાશે મંદિરમાંય, પ્રીતે આનંદ કરી રે;
બેસાડશે દિવ્યાસન, પૂછશે વાત હરિ રે.
એવો અંતરનો અભિલાષ, મનોરથ બહુ થયા રે;
થાતે સાયંકાળ, અક્રૂર ગોકુળ ગયા રે.

---

૨૩. શ્રી કૃષ્ણનો મથુરાપ્રવેશ.

(રાગ વસંત.)

હાં રે મથુરા નગરીનું ચૌટું, જુવે જગદાધાર;
વેણુ રસાળા ગાય ગોવાળા, મધ્યે નંદકુમાર. મથુરા.
અયુત સખા સંઘાતે ચાલે, કો બાળ યૌવન કિશોર;
પૂર પોળે પેઠા પિંડારા, વાજે મોરલી ઘનઘોર. મથુરા.
બાળક સહુ લટકતાં ચાલે, ઓઢી લોબરી લટકે;
કાળી કાંબળ ધાબળ ધોળી, ચુંદડી રંગ ચટકે. મથુરા.
કેસર રસ બોળ્યાં મોળિયાં, ખોસ્યા અશોક આંબાપાન;
ગુંજા પ્રવાળાં તુળસી ટોડર, હૃદે હીંચે પરમનિધાન. મથુરા.
કાછ કછ્યા છે પંચવર્ણા, કણદોરે ઘૂઘરમાળ;
લટકાવે લાકડી કંદુક ગેડી, ચાલે ચમકતા ગોવાળ. મથુરા.
ઉડગણમાં જેમ ઈંદુ વિરાજે, તેવી મંડળી શોભી;
મથુરાની પોળે પેસતાં, મળ્યો મામાનો ધોબી. મથુરા.
પરિયટ હાંકે પોઠિયો, આવ્યો પટકુળ પખાળી;
ગોપને સાન કીધી સામળીયે, લાવો વૃષભને વાળી. મથુરા.
ઉન્મત્ત ગોપ ગયા કહેતાંમાં, ખાળ્યો ધોબી પાડે ચીસ;
નમ્ર વાણીએ રજક પ્રત્યે, બોલ્યા શ્રી જગદીશ. મથુરા.
પરિયટને યાચે પરમેશ્વર, પૂરો ઇચ્છા અમારી;
એ વસ્ત્ર ચાર ઘડી અમો પહેરું, પાછાં આપીશું ઉતારી. મથુરા.

સુખી લોક છે નગ્રનિવાસી, અમો રંક કહે રણછોડ;
સાંતરાં થઇ ચાલું ચોટામાં, તું પૂર મારા કોડ. મથુરા.
અધમ બુદ્ધિ ઉન્મત્ત અજ્ઞાની, ઓળખ્યા નહિ અવિનાશ;
માધવ માગે ધોબી ના કહે, અમર હસે આકાશ. મથુરા.
"તમો પિંડારા પશુઆં ચારો, શું સમજો રાજધાની;
જેમ રવિ રથે બેસવા ઇચ્છે, આગીયો અજ્ઞાની. મથુરા.
શ્રવણે સાંભળ્યો કંસ રાજા, તેહેનાં પટકૂળ;
આજ ગોવાળાનો કાળ આવ્યો, હું થાઇશ અનુકૂળ." મથુરા.
કૃષ્ણનો કર તરછોડી નાખ્યો, કોપ્યા શ્રી જગદીશ;
વામ ભુજે લપડાક મારી, પડયું પરિયટનું શીષ. મથુરા.
ઢળ્યો ધોબી ધર્ણુ વિષે રે, કીધી કૃપા શ્રી ભગવાન;
રજક ચતુર્ભુજ થઇ ચાલ્યો, બેસી દિવ્ય વિમાન. મથુરા.
ભાવે કુભાવે પ્રીતે દ્વેશે, ભક્તિ દર્શન થાય;
પ્રેમાનંદ પ્રભુ સીતાપતિ, સેવ્યો નિષ્ફળ ના જાય. મથુરા.
રામકૃષ્ણે પટકૂળ પહેર્યાં, વહેંચી આપ્યાં સર્વ ગોવાળ;
સોઇ સુલક્ષણને મંદિર, ગયા દીનદયાળ. મથુરા.
સુઇકારને કહે લક્ષ્મીવર, આવ હરિજન ઓરો;
મોટી કભાય ટરો બેસતી, ધટે ત્યાં દો દોરો. મથુરા.
થયો સજ ગજ કાતર લેઇ, અંગુઠી સોય લીધી;
ઉભાં ઉભાં રામકૃષ્ણની બે, બેસતી કભાય કીધી. મથુરા.
પ્રદક્ષિણા કરી પાગ પડીયો, સોઇ રોઇ માન માગે;
આ પદાંબુજ પામ્યાનું ફળ, ભવભ્રમણ ભાગે. મથુરા.
સાયુજ્ય મુક્તિ તેને આપી, જન્મના ભયથી ટળ્યો;
આગળ જાતાં વનમાળીને, માળી એક મળીયો. મથુરા.
કુસુમહાર માગ્યા મહારાજે, લેઇ જાતો કંસને ઘેર;
માળીયે વિચાર્યું નહિ આપું તો, થાશે ધોબીની પેર. મથુરા.

વનમાળીને માળી હાથે, આરોપે વનમાળ;
તે માની લે લાખની પૂજા, પ્રીતે મદનગોપાળ. મથુરા.
ચાંપાં, ચોસર ને વૈજયંતી, પૂજ્યાં ગોપ પુરૂષપુરાણ;
માળી કહે પુષ્પ પ્રભુને પહોંચ્યાં, કંસને પાષાણ. મથુરા.
સાન્નિધ્ય મુક્તિ આપી માળીને, સુદામો લાગ્યો પાય;
દયાળ ગોવાળા સાથે આવ્યા, ચોક ચોટા મહાંય. મથુરા.
મથુરા થઇ વૈકુંઠ સરખી, વૈકુંઠનાથને આવે;
અટારીએ ચડી નિરખે બાળી, વનમાળીને વધાવે. મથુરા.
કનક કુસુમ મુક્તાફળ છુટાં, માણેક ચૂની હીરા;
વધાવી આશીષ દે અબળા, કુશળ રહો બેઉ વીરા. મથુરા.
મૃગમદ ચંદન મળીયાગર, પૂજે નારી હૃદયા વ્હાલ;
સુગંધ સોંઘાં કુંકુમ કેસર, ઉડાડે અબીલ ગુલાલ. મથુરા.
કદલીસ્તંભ આંબાના ટોડર તોરણ, પૂરે સાથીયા દ્વાર;
વીસારી ભય કંસાસુરનો, હરિગુણ ગાય સહુ નાર. મથુરા.
વાજીંત્ર વાજે શ્રીફળ ભાંજે, વૈષ્ણવ વહેંચે પ્રસાદ;
ધામ કામ મુકી સહુ ધાયે, સાંભળી વેણુના નાદ. મથુરા.
જેને શક્તિ નહિ ચાલ્યાની, છે દર્શનનો અનુરાગ;
કૃષ્ણકૃપાએ અપંગ ચાલ્યા, પાંગળાને આવ્યા પાગ. મથુરા.
શ્રવણે બધિર થયા સાંભળતા, મૂક થયા વાચાળ;
જન્મઅંધને હરિકૃપાએ, લોચન લોલ વિશાળ. મથુરા.
બાળકને બળ થયું હીંડ્યાનું, આવ્યાં વૃદ્ધને જોબન;
રોગી પુરૂષ નિરોગી થયા, નિર્ધનને આવ્યું ધન. મથુરા.
રોગ દોષ શોક ભય ચિંતા, ધર્મ આળસ અજ્ઞાન;
અન્યાય સર્વ મથુરાથી નાઠા, જવ આવ્યા શ્રી ભગવાન. મથુરા.
વિવેક ધર્મ ને કરૂણા ભક્તિ, પ્રીત ને આચાર;
તપ, જપ, સત્ય, ક્ષમા, ઉદ્યમ, સાથે લાવ્યા નંદકુમાર. મથુરા.

૨૪. ધનુષ્યભંગ.

(ઢાળ.)

વાટ લીધી કંસઘરની, મધ્યચોક વિષે ગયા;
એક ધનુષ પૂજાએ કંસનું, દેહેરા આગળ જઇ રહ્યા.
ત્રણ તાડ પ્રમાણે ઉંચો મેડો, તે ઉપર ધનુષ ધર્યું;
પૂજા કરાવે પ્રજા પાસે, કઠિણ પોણ કંસે કર્યું.
શિવ, બ્રહ્મા દિગ્પાળ દશ, વિષ્ણુ વેદ ને સરસ્વતી;
દેવતાનો લોપ કીધો, કંસ કહે દૈવત નથી.
હું પરમેશ્વર પ્રજાપતિ, સહુ પૂજો મારૂં ચાપ;
મનવાંચ્છિત ફળ પામશો, મમ ધનુષધ્યાનપ્રતાપ.
પરવશ પ્રજા તે ચાપ પૂજે, પરમેશ્વરને પરહરી;
ઉપહાર સમર્પે શરાસનને, ધ્યાન રઘુપતિનું ધરી.
પ્રગટ સ્તુતિ કરે કંસની, અભિલાષ બીજો મન ધરે;
છાનું માગે પૂજા કરી, કંસરાય વહેલો મરે.
અખંડ દીપક ઘૃતતણા, પ્રહરપ્રહરે થાય આરતી;
નૃત્ય તાંડવ ઘંટા બોલે, દેખી કોપ્યા કમળાપતિ.
આમ પૂજાએ ચાપ અસુરતણું, ઉચ્છેદ ધર્મતણો થયો;
હવે મારૂં દુષ્ટને, એક નિશાનો અંતર રહ્યો.
અધર્મ ઉથાપી ધર્મ થાપું, કીધો શબ્દ ધન શું ગડગડ્યા;
દીનાનાથે દોટ મુકી, ધનુષને મેડે ચડયા.
કંસના મુકયા સહસ્ર સેવક, હરિને સન્મૂખ;
અપવિત્ર ગોપ અળગા રહો, અભડાવશો શુદ્ધ ધનૂખ.
તે અસુરને અળગા કરીને, પેઠા અશરણશર્ણ;
ધનુષ લીધું ઉચલી, કીધું તાણી કટકા ત્રણ.
પાતાળ સ્વર્ગે શબ્દ પહોંચ્યો, ભડક્યો કંસ વિસ્મય વાત;

આનંદ પામી યાદવી, થયા આસુરી ગર્ભપાત.
પછાડયા સેવક પાંચસો, અને પાંચસો નાસી ગયા;
સમાચાર મામાને હવો જે, પ્રગટ ભાણેજ થયા.
અધર્મ ટાળ્યો ધનુષ ભાંજી, નિરખે દેવ ગગને રહ્યા;
પ્રભુ પંચ કારજ કરી, ફરી વાડીમાં ગયા.
રંક રૂપે ઉભા રહ્યા, જાણે બોલતાં આવડે નહિ;
નંદજી આનંદ પામ્યા, હૃદયા ચાંપ્યા કર ગ્રહી.

૨૫. કુંજરવધ.

(રાગ સામેરી.)

અંબોડો વાળી કાછ કછીયો, ગેંડી લીધી હાથ;
નિજ સ્કંધ આસ્ફોટણ કરી, ગાજ્યા ગોકુળનાથ.
ગોવાળા વજાડે વાંસળી, જે સામગીયાના સાથી;
શ્રીહરિ સન્મુખ થયા, કુંતારે હાંકયો હાથી.
શુંડાદંડ ઉંચો કરીને, મુખે પાડે રીડ;
જેમ ઘુમે ચોમાસે વાદળું, ભરી સાગર નીર.
કે અંધારો પર્વત ઉત્પત્યો, ગડગડયો લંકાકોટ;
કે ઘોર મંડળ રાહુનું, વા મુકી ઐરાવત દોટ.
બહુ રેણુ ઉપર ઉલટે, આવર્યું અંધકાર;
પરમેશ્વરના દેહ ઉપર, નાખ્યો શુંડાપ્રહાર.
લક્ષ્મીકાંત લટી ગયા, ચૂકવ્યો ગજ ઘાય;
કુંજર ઘુમે ઘુમણી, વામ દક્ષિણ હરિ જાય.
વનમાળીને શુંડ વાળી, છટકી નીસરે બહાર;
ઉંચલી લે દંત ઉપરે, ખસી જાય મોરાર.

પૂઠળે જઈ પૂછ મરડે, મારે ગેડી ભડાક;
ખભો થાબડે આગળ જઈ, હસ્તી ચડાવ્યો ચાક.
મદ ઝરે મોતી ખરે, કરે કુંજર શ્રમ;
ભડકાવ્યો માતંગ ભૂધરે, ભૂલવણીના ભ્રમ.
ચૌટાનાં ઘરોનું ચોડ વાળ્યું, દૈત્યનો વાળ્યો દાટ;
હસ્તીને લેઇ હાર નાસે, છે અસુરઘરની વાટ.
કલ્યાણ જાદવલોકને, વળે દાનવનો ઘાણ;
મંદિર મુકી દૈત્ય નાસે, પડે બહુ ઘુંઆણ.
લઘુલાઘવી માધવ કરે, ફરે ચકાકાર;
કુંતારે ગજ પેરિયો, કરી અંકુશપ્રહાર.
ગજે લીધા પ્રભુ પગ વચ્ચે, છટકી ગયા નાથ;
કુંજર પૂઠે કૃષ્ણ આવ્યા, ગ્રહ્યું પૂછડું એ હાથ.
પ્રબળ બળ કીધું હરિ, અંતરિક્ષ જુએ સુર સાથ;
પુચ્છ ગ્રહીને પાછો તાણ્યો, હરયા વિશ્વનાથ.
હવું નથી ને હોતું નથી, બળ કીધું શ્રી ભગવંત;
પચીસ ધનુષ પર્યંત તાણ્યો, આણવા ગજનો અંત.
કુસુમવૃષ્ટિ સુરનર કરે, ધન્ય ધન્ય નંદકુમાર;
કુંતાર લજ્જા પામિયો, કીધો અંકુશપ્રહાર.
ઝુંઝકારી ગજ ફેરવ્યો, તે ધસ્યો પાડી ચીસ;
જેષ્ટિકા નાખી કર થકી, નાઠા શ્રી જગદીશ.
ચરિત્ર સચ્ચિદાનંદતણા, શુકદેવ કહે શું કહીએ;
પશુથી પરમેશ્વર નાસે, વિચારી વિસ્મય થઇએ.
ત્રાહે ત્રાહે પ્રજા કહે, હજો કૃષ્ણને કલ્યાણ;
કૌતુક કીધું નાસતાં, પડયા ઢળી પુરૂષપુરાણ.
હાહાકાર હવો તદા, આપદા પામ્યા ગોપ;
પડતાંમાં માતંગ પેરિયો, કુંતારને થઈ ચોંપ.

લટપટી ગોવિંદ લીધા, ખીજ્યો ગાજે ગજેંદ્ર;
ભગવંત ઉપર દંત દીધા, રાહુ ગ્રાસે જેમ ચંદ્ર.
સૂક્ષ્મ શરીર કીધું હરિ, ઉઠી નાઠા મોરાર;
પાતાળ માંહે દંત પેઠા, થયા પૃથ્વી પાર.
કૂપ થયા બે દંત સ્થાનક, શુંડે વાવ ખણાઇ;
શ્રમિત થયો દંત કહાડતાં, તવ કૃષ્ણ આવ્યા ધાઇ.
પદપ્રહાર કીધો કુંભસ્થળમાં, ગજે પાડી ચીસ;
કુંતારને એક ઠોઠ મારી, ગયું ઉડી શીષ.
દોટ મુકી કોટ ઝાલી, ગજ બથાવ્યો શ્રીરંગ;
માધવે મહા બળ કરી, મરડી પાડયો માતંગ.
વજ્રનો છેદ્યો પડે પર્વત, તેમ પડયો બળવંત;
ધૂંટણ દેઇ મસ્તકે કહાડયા, સમૂળા બેહુ દંત.
કુવલયાપીડ મરણ પામ્યો, ઉદ્ધાર આપ્યો ભગવાન;
ચતુર્ભુજ થઇ સ્વર્ગ ચાલ્યો, બેસી દિવ્ય વિમાન.

૨૬. કંસવધ.

(ચોપાઇ.)

રામકૃષ્ણ બે દેખી જોધ, કંસાસુરને ચડીયો ક્રોધ;
વિકારી સેન્યા સહુ વીર, ન પામે જાવા નંદ આહીર.
જઇ લૂટી લાવો ગોકુળ ગામ, પિતા ઉગ્રસેનનો ફેડો ઠામ;
વસુદેવ દેવકીને જઇ હણો, રખે નાસે શત્રુ કૃષ્ણ આપણો.
એવી આજ્ઞા કંસની થઇ, ધાયા દાનવ આયુધ ગ્રહી;
નાસે લોક પડે ગુંબાણ, ઘેર્યા દાનવે પુરૂષપુરાણ.
તુટયા દૈત્ય કરે મારામાર, ચળકે સાંગ ફરસી તરવાર;

ગદા ભોગળ ભાર અતૂલ, ખપુવા ખંજર હાથ ત્રિશૂળ.
હકાર્યા હસ્તી દાનવ ધીર, પૂરણ ક્રોધ કીધો જગદીશ;
આરક્ત લોચન પાડી રીડ, કાળરૂપ કીધું યદુવીર.
ગજ ઉપર ધાયે પંચાનન, તેમ રીસે ધાયા નારાયણ;
મામાજી થાજે સાવધાન, હું ભાણેજો છઉં શ્રી ભગવાન.
એવું કહીને મુકી દોટ, જઇ કંસાસુરની ઝાલી કોટ;
જેમ ગરૂડ ઝડપી લે સર્પને, તેમ કૃષ્ણે લીધો નર્પને.
ગયું ઓસાન કંસાસુરતણું, પર્વતપેં હરિ ભારે ઘણું;
મેડેથી મરડી નાખ્યો ધર્ણ, હૃદે પર બેઠા અશરણ શર્ણ.
જેમ મૃગલા ઉપર બેસે વાઘ, તેમ કાળજ ઉપર દીધા પાગ;
નાસી ગઇ સેન્યા ન રહ્યું કોય, રાણી સાહેલી કૂટે રોય.
અરે દૈવ શું થાશે હવે, કો છે રાયજીને મુકાવે;
અરે કર્મ સંભવતું નથી, નંદને છૈયે માર્યો છત્રપતિ.
ઉડયા ભ્રાત કંસાસુરતણા, એકેકી લપડાકે રામે હણ્યા;
મુવા બાંધવ રાણી રોય, કંસાસુર તે ટગમગ જોય.
તેડાવ્યો હું અક્રૂર કને, મામાજી ઓળખો છો મને;
ખટ ભ્રાત મારા મા જણ્યા, તે શલ્યા સાથે ઝીકી હણ્યા.
તે વૈર હું વાળીશ આજ, કાં સુખે સુતા છો મહારાજ;
જે વચન કહી ગઇ વીજળી, તે મામાજી આજ વારતા મળી.
એવું કહી બહુ દીધો ભાર, ન શકે હાલી કંસ લગાર;
તવ કંસાસુરને આવ્યું જ્ઞાન, એ ભાણેજ મારો સ્વયં ભગવાન.
કીધાં કર્મ ભોગવવાં સહી, નયણે આંસુ જળ ચાલ્યું વહી;
અંતરિક્ષ દેવ કહે જયકાર, મહાબળ કીધું નંદકુમાર.
મરડયો કંઠ આમળી શીષ, મરતાં મામે પાડી ચીસ;
અમરનર આનંદ્યા ઘણા, ગયા પ્રાણ કંસાસુરતણા.
જય જયકાર ત્રૈલોકે થયો, કંસાસુર વિમાને બેસી ગયો;

વસુદેવ કને આવ્યા ગોપાળ, સાંકળ બેડી ત્રોડી તતકાળ.
પ્રદક્ષિણા માતપિતાની કરી, પાયે લાગ્યા હળધર ને હરિ;
માતાને ભેટયા જુગમકુમાર, દેવકીને પ્રગટી પયની ધાર.
કેમ ઝાલ્યું રહે જનનીનું હેત, હરખે દંપતી થયાં અચેત;
દિંગ્મૂઢ થઇ દીકરા જુવે, હરિ માતપિતાનાં આંસુ લુવે.
જયજય કૃષ્ણ દેવતા કરે, જાદવ સહુ જોવા પરવરે;
અસુર લોકને પડીયો ત્રાસ, દશે દિશા કરે નાસાનાસ.
મુકયાં કલત્ર મુકયાં ભંડાર, રહ્યાં અસુરનાં ઉઘાડાં દ્વાર;
સૂરજ થકી નાસે અંધકાર, તેમ અધર્મી નાઠા નિરધાર.
પાવકથી જેમ નાસે શીત, દાનવ સહુ નાઠા તે રીત;
અધર્મ ઉદ્વેગ ભય ઉચ્ચાટ, અપરાધે લીધી બીજી વાટ.
જાદવકન્યા હરખે આવતી, ત્રોડી હાર મુક્તા વધાવતી;
શુકજી કહે સંભળીએ રાય, કૃષ્ણ માતપિતાને લાગ્યા પાય.

(વલણ.)

પાય લાગ્યા પરમાત્મા, મુકાવ્યા ઉગ્રસેન રાય રે;
ભટ પ્રેમાનંદ કહે કથા થયો છવ્વીસમો અધ્યાય રે.

૨૭. ઉગ્રસેનનો અભિષેક.

(રાગ ધનાશ્રી.)

શુકજી કહે કથા રે, સાંભળ પરિક્ષિત ભૂપ;
ભુલ્યાં માતપિતા રે, પુત્ર જાણ્યા બ્રહ્મસ્વરૂપ.
પ્રબળ બળ કૃષ્ણનું રે, માર્યો મામો મલ્લ મેગળ;
થયું દષ્ટિ આગળે રે, એ નોહે બાળકનું બળ.

એ કૃષ્ણરૂપ વિષ્ણુ તણું રે, અમો કેમ થઇએ માબાપ;
પુત્રભાવને પરહરો રે, દંપતિનાં જાગ્યાં આપ.
શ્રીકૃષ્ણે માયા વિસ્તરી રે, ફરી આવ્યું અજ્ઞાન;
માતપિતાએ જાણ્યું રે, એ બે અમારા સંતાન.
પુત્ર પરઘેર ઉછર્યા રે, થયા પરાધીન પિંડાર;
દિવસ નાખ્યા દોહલે રે, ગૌ ચારી વર્ષ અગિયાર.
અમો દરિદ્રી દુઃખે દળ્યાં રે, નહિ અન્ન ભુવન ભંડાર;
આજ અમો પાસે એટલું નથી રે, કીજીયે પુત્રને પ્રોહોણાચાર.
મનોરથ માબાપના રે, જાણી કહે જદુવીર;
અમો સેવા તસ્કર તમ તણા રે, માબાપ જાણ્યા આહીર.
કારાગૃહે પરવશ રહ્યા રે, દુઃખ વેઠ્યું અગમ અપાર;
સવેળાં ના છોડાવ્યાં રે, છે અમારૂં બળ ધિક્કાર.
સંસારમાં સગું કો નથી રે, પુત્રને માતપિતા સમાન;
અંબા જેવી અંબિકા રે, પિતા તે શ્રી ભગવાન.
પુત્રને તીર્થયાત્રા રે, વસે માતપિતાને પાય;
માતપિતાને પરહરી રે, જે તીરથ નહાવા જાય.
ડોસા દુઃખ પામે ઘણું રે, પુત્ર કરે સુકૃત સ્નાન;
તે દાન પુણ્ય આળે ગયું રે, તે થયું ભસ્મ હોમ સમાન.
શત વરસ સેવે માતને રે, જો કનકે તોળે કાય;
તો નિશા એક શીતકાળની રે, પુત્ર ઓસંકળ નવ થાય.
જનકજનુની દુહુવિયાં રે, તે દીકરો દૈત્ય સમાન;
તે કૃતઘ્ની કાળે ગ્રસ્યો રે, સદા વિમુખ શ્રી ભગવાન.
તે દરિદ્ર દુઃખે ભર્યો રે, જે ભરે પરઘેર પેટ;
જેણે માતપિતા સેવ્યાં નહિ રે, તે કરે નીચની વેઠ.
તિરસ્કાર કરે તાતને રે, તે પામે પશુનો અવતાર;
કીટ પડે તેહેના દેહને રે, કરે વાયસ ચંચુપ્રહાર.

વૃદ્ધ માતાને પરહરે રે, સ્ત્રીને વશ વર્તે અજ્ઞાન;
લોભી ધન મેળવી મરે રે, તે અવતરે થઇ શ્વાન.
જે તજે બેન ભાણુજાં રે, પોખે પોતાની કાય;
તે ગ્રામ શૂકર થઇ અવતરે રે, મળમૂત્ર પરનાં ખાય.
નીચ મિત્રને માને ઘણું રે, ઘણું પોખે સાસરવેડ;
ક્રૂર વચન કહે અતીતને રે, તેની રોગ ન મુકે કેડ.
વિષ્ણુ રૂપ ગુરૂ શિષ્યને રે, કનિષ્ઠ ને જ્યેષ્ટ ભ્રાત;
પૂજનિક સ્વામી દાસને રે, સ્ત્રીને વિષ્ણુ નિજનાથ.
ગૌ બ્રાહ્મણ વૈષ્ણવ જાતિ રે, પૂજનિકની કીજે સેવ;
જેને જે જોગ માનવા રે, તેને તે વિષ્ણુ દેવ.
સેવાથી જન જે ગયો રે, તે બૂડો ભવજળ મ્હાંય;
અમો માતપિતાને સેવ્યાં નહિ રે, કહી રોયા જાદવરાય.
અમો વૃંદાવન રમતા ફર્યા રે, તમારે પગે સાંકળ;
તે અપરાધ ક્ષમા કરો રે, છરૂં પુત્ર કડવાં ફળ.
આગળ સુખ ઘણું પામશો રે, ફરી મંડાશે ઘરસૂત્ર;
સંસાર વત્રોક સુખ દીજીએ રે, તો રામકૃષ્ણ તમારા પુત્ર.
કાચાં ફળ તે પાકશે રે, અમો મોટા થાશું તન,
રાજસભામાં પરવરો રે, બેસો પિતા રાજ આસન.
રાજસભામાં આવીઆ રે, માતપિતા કેશવરામ;
માતા મહને વિનવે રે, કર જોડી સુંદરસ્યામ.
યંયાતી રાયનો શાપ છે રે, હોય જ્યેષ્ટ કુમાર;
તે જ્યેષ્ટ પુત્રને છે નહિ રે, રાજછત્રનો અધિકાર.
વસુદેવ વડા સુરસેનને રે, વસુદેવનો વડો રામ;
હું કનિષ્ટને ઘટે નહિ રે, છત્રપતિનું નામ.
માતામહ તમને ઘટે રે, છત્ર જોગ છો વૃદ્ધ સાધ;
કંસ આદે પુત્ર મારિયા રે, તે ક્ષમા કરો અપરાધ.

૨૮. નંદવિદાય.

(પદ.)

જસોદા કેમ જીવે, મારૂં સગપણ જાણી ફોક;
પિતાને પ્રકાશી કહેતાં, નંદજી જાયે જમલોક. જસો.
પાસામાં લઘુશંકા કીધી, બાળક વય જ્યારે હુતી;
મુને કોડે પાસામાં લીધો, મા ભીનામાં સૂતી. જસો.
એક ઘડી નથી અળગો કીધો, દીઠા વિના થાય ઘેલી;
હું વિના નંદજીને દેખી, મરશે કહેતાં પેહેલી. જસો.
જાગૃત સ્વપ્ન માંહે ધ્યાન જ મારૂં, પુત્ર સુખમાં બૂડી;
હું વિના વલવલી મરશે, જેમ ટળવળે ટીટૂડી. જસો.
મથુરા નગરીમાં આણી, વૈકુંઠ જો વાસું;
પ્રેમાનંદ પ્રભુરામ કહે, ક્યાંથી જસોદાનું પાસું. જસો.

(રાગ મારૂ.)

કેમ ઉત્તર આપું પિતાને, કેમ ઉત્તર આપું;
વચનવજ્રના પ્રહાર કરી, કેમ કાળજડું કાપું. કેમ.
ખોળે બેસાડી ગ્રાસ ભરાવ્યા, શા શા ગુણ ગાઉં;
કેમ કહું પિતા નહિ મારો, કૃતઘ્રી હું થાઉં, કેમ.
કાંઇ એક વિઘ્ન જો થાતું મુજને, કોટિક કરતા દાન;
તે નંદને કેમ ઉત્તર આપું, નહિ તારૂં સંતાન. કેમ.
જસોદાસુત નંદનો નંદન, કહી બોલાવે સઘળા લોક;
બીજાં સગપણ ફરી ફરી થાયે, માબાપ ન થાયે ફોક. કેમ.
તું નહિ પિતા હું નહિ બાળક, કહેતાં થાય મુખ શ્યામ;
એવું કહીને આંસુ ઢાળ્યાં, પ્રેમાનંદ પ્રભુરામ. કેમ.

(રાગ સામેરી)

દેવકી–જુઠી પ્રીત સગપણ સાચું રે,
મહિયારાંની માયા મુકો, જીવનજી હું જાચું રે. જુઠી.
સંગત કીધી આપત્કાળમાં, હવે માયા મુકો રે;
પરઘેર પેટ ભરી ગૌ ચારી, લખતાં વિધાતા ચૂકો રે. જુઠી.
અર્ભકને ભાવે કોયલ મુકે, પુત્ર કાગ ખોળા માંહે રે;
વાયસનો સ્વભાવ ન લાગે, જઇ બેસે કોયલ ટોળા માંહે રે. જુઠી.
સમૂદ્રનું જળ સમૂદ્રમાં આવે, યદ્યપિ મેઘ લઇ જાયે રે;
હંસ બગલાંમાં જો બેસે, કુળને લાંછન થાયે રે. જુઠી.
દેવકી કહે નંદજીને વાળો, જે આશા મુકી જાયે રે;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વર, સગપણ ફોક ન થાયે રે. જુઠી.

(રાગ કેદારો.)

કૃષ્ણ—શું પ્રીત જાણે મા મારી રે;
જસોદાની પ્રીત ઉપર, સો સગપણ નાખું વારી રે. શું પ્રીત.
સ્નેહ વિના સગપણ દેવાસુર, કિંવા સહોદર ભાઇ રે
અકેકનાં રૂધિરને તરસે, તો ધિક પડો સગાઇ રે. શું પ્રીત.
મુઆં વચ્છના ચર્મને ચાટે, ગાય પ્રીતે દૂઝે રે;
મોટાં વચ્છને શૃંગે મારે, સગપણ કાંઇ ન સૂઝે રે. શું પ્રીત
પ્રીત માટે પતિ સાથે, સ્ત્રી બળે મઢીમાં પેસી રે;
કેળકંદ દીકરો મરી જાયે, સગી મા રહે બેસી રે. શું પ્રીત.
ગોકુળનું સુખ નથી વૈકુંઠે, તો ક્યાંથી મથુરા માંહે રે;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વર, જસોદાના ગુણ ગાયે રે. શું પ્રીત.

(રાગ સામેરી.)

વસુદેવ-આપો નંદજીને વિદાય, આપો નંદજીને વિદાય;
વસુદેવ કહે શ્રી કૃષ્ણને, સહુ ગોપ ખોટી થાય. આપો.
વિનય કરી વળાવજો, માગી માન નમજો પાય;
ઉત્તર દેજો એવી રીતે, જેમ ડોસો નવ દુખાય. આપો.
ગોકુળ શું છે વેગળું, કો સમે કરજો કૃપાય;
કહેશો તો નંદ જસોમતીને, વાસશું મથુરા મહાંય. આપો.
આંહાં રહે પ્રીત ટળી નથી રે, સાચાં માતપિતાય;
પુત્રનું સુખ અમો પામશું, તે નંદપુણ્ય પશાય. આપો.
વાંક નથી વિઠ્ઠલ તમારો, ઉત્તર કેમ દેવાય;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વર, ગયા વાડી મહાંય. આપો.

(રાગ ગોડી.)

વિદાય કરવા ગોપને રે, આવ્યા વાડી માંહે ગોવિંદ;
કાંઇ રીસ કરી શ્રી કૃષ્ણને રે, શ્વાસે ભર્યા કહે નંદ. વિદાય.
હું રંકે સહેવાતું નથી રે, પુત્ર તેં માંડ્યો ઉન્માદ;
આપણ પશુપાળી જીવીયે રે, શો બળીયાસું સંવાદ. વિદાય.
સાંભળ્યું કંસાસુર તેં હણ્યો રે, છે જરાસંધસું કામ;
હવાં ગોકુળમાં રહેવાનું નથી રે, શોધો વસવાનો ઠામ. વિદાય.
તું મન માને તેમ આચરે રે, ન માને મારી શીખ;
તેં દૈતમાત્ર શત્રુ કર્યા રે, હું રંક મગાવ્યો ભીખ. વિદાય.
એ મલ્લરૂપને પરહરો રે, ધરો ગોવાળાનો વેખ;
તમારો વાંક કશો નથી રે, છે મારા કરમની રેખ. વિદાય.
ગજદંત નાખી દીઓ દીકરા રે, ધરો જેષ્ટિકા વેણુ;
રામકૃષ્ણના દેહની રે, નંદજી ખંખેરે રેણુ. વિદાય.

પ્રીત દેખી પિતાતણી રે, ચાલી હરિને આંસુધાર;
નંદે જાણ્યું પીડા થઇ રે, કાંઇ વઢતાં લાગ્યો પ્રહાર.　　વિદાય.
હૃદેસું લીધા શ્રી હરિ રે, લોચનનું લોહ્યું નીર;
મુષ્ટિપ્રહાર થયા મલ્લના રે, ઘણું વાગ્યું શ્યામશરીર.　　વિદાય.
ઉપાય ઓખધ કીજીયે રે, ચાલો પુત્ર આપણે ઘેર;
પય પીજો બાખડી ગાયનું રે, રૂડો થાશે દેહ.　　વિદાય.
રામ રહેશે કે ત્યાં આવશે રે, મુકાવા વસુદેવ તાત;
સુખે રહો અહીં રામજી રે, મોકલું છઉં રોહિણી માત.　　વિદાય.
માતપિતાને પ્રતિપાળજો રે, છે દુખીયા વસુદેવ;
રોહિણીના સરખી રામજી રે, દેવકીની કરજો સેવ.　　વિદાય.
તપાસ લેજો શ્રી કૃષ્ણનો રે, હળધર માગું છઉં માન;
સબળ સંપ બે મિત્રનો રે, લોકે જાણ્યા બાંધ્ય સમાન.　　વિદાય.
બોલ સુણી નંદરાયના રે, જોયું નીચું રાજકુંવર;
કઠિણ મન કરી બોલિયા રે, વિપ્ર પ્રભુ પરમેશ્વર.　　વિદાય.

(રાગ વેરાડી.)

કૃષ્ણ—અમો ઓસીંકળ કેમ થઇએ રે, ગોકુળસ્વામી;
એવું કહીને આંસુ ભર્યાં, અંતરજામી.　　અમો.
અમો તમારે મંદિર આવ્યા, લેહેણું કાંઇ લેવા;
નંદ અમો તમને માનું છઉં, પિતાજી જેવા.　　અમો.
સગા પુત્રને હેત ન રાખે, તેવું હેત કીધું;
કૃતઘ્ની આજ થયો જે, તમને દુઃખ દીધું.　　અમો.
ખોળે ચડી મેં મૂછ તાણી, પાડું બહુ મારી;
પર પુત્રનું ખુંદ્યું ખમિયાં, ધન્ય નર ને નારી.　　અમો.
સાકર દૂધ વાટકીયે પાયું, ખોળે બેસાડી;
નહિ આવે જસોદાને તોલે, દેવકી માડી.　　અમો.

પુત્રની પેરે ત્રેવડજો, રખે ઉતારો માયા;
અમો છઉં વસુદેવના નંદન, દેવકીના જાયા. અમો.
નાસરડે ગોકુળમાં આવ્યા, મામાજીને માટે;
ઉછેરનારને ઉત્તર દેતાં, કાળજ નવ ફાટે. અમો.
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરે, વિદાય આપી;
મૂર્છા ખાઇ નંદ પડયા, શું દ્રુમ નાખ્યો કાપી. અમો.

---

૨૯. સાંદીપન ઋષિ ને વિદ્યાર્થી-અવસ્થા.

(રાગ સારંગ.)

સપ્તપુરીમાં તીર્થ મુખી, અવંતિનગરીમાં એક રૂખી.
વિદ્યાનિધિ સાંદીપનિ નામ, તેને ઘેર આવ્યા કેશવરામ;
ત્યાં દીઠો એક મનોહર મઠ, જ્યાં વિદ્યાર્થીની બેઠી ઠઠ.
કો ભણે બ્રહ્મવિદ્યા નિર્મળ, ધર્મશાસ્ત્ર ભણે કો પાતંજળ;
કો મિમાંસાશાસ્ત્ર ન્યાય વ્યાકરણ, કો વેદાંતે વિખાણે અશરણશર્ણ.
કો જોગવિદ્યા ભણે નોળીકર્મ, કો ખટચક્રના શીખે મર્મ;
કો અસ્ત્ર શસ્ત્ર મલ્લ વિદ્યા ભણે, છે ભીડ ઘણેરી ગુરૂને આંગણે.
જ્યોતિષ વૈદક પરીક્ષા મણિતણી, જળસ્તંભ વિદ્યા અતિઘણી;
મંત્ર જંત્ર વશીકરણ અપાર, શુક કહે શું વર્ણવું વિસ્તાર.
કો ભણે આંક માયિક કળા ભણે, સકળ વિદ્યા ગુરૂજીમાં મળે;
છે અધ્યયન શબ્દનો મોટો ઘોષ, પરતો સંભળાયે બે કોશ.
રામકૃષ્ણ આવ્યા નિશાળ મહાંય, જેમ તારામાં રવિ ચંદ્રમાય;
વિસ્મય વિદ્યાર્થી જોઇ રહ્યા, સાંદીપન ઋષિ બેઠા થયા.
પ્રભુની સામા ગયા ઋષિરાય, શ્રી કૃષ્ણ નમ્યા ગુરૂજીને પાય;
આસન આપી પૂજા કરી, ગુરૂજીએ વાણી ઓચરી.

મને કૃતાર્થ કીધો આજ, કહો ક્યાંથી આવ્યા મહારાજ;
કોણ નામ ગામ કુળ ન્યાત, શું કારજ છે મુજ સંઘાથ.
એક છે ગામડું જમુના તીર, જ્યાં રંક લોક વસે આહીર;
તેની પાસે અમારો વાસ, છઉં ક્ષત્રી બોલ્યા અવિનાશ.
ઋષિ તમારૂં જાણી નામ, આવ્યા છીએ કાંઇ ભણવા કામ.
આપો વિદ્યા કરૂણા કરી, ઘણું દુર્બળ છઉં બોલ્યા હરિ.
વિનય વાત હૃદયમાં વસી, સાંદીપન ઋષિ બોલ્યા હસી;
છો આત્મા તમો મારા બેહ, ભણો બાપ ગમે જે જેહ.
વિદ્યાર્થી સહુ વિસ્મય થાય, નગરલોક દર્શને જાય;
કહ્યું સ્ત્રીને કરજો રૂડી સેવ, ગ્રામાંતર ગયા ગુરૂદેવ.
ગામ ગયા જાણી ભરથાર, ગોરાણીએ મન કીધો વિચાર;
સરપણ નથી કટકો ઘર માંય, તો શીઘ્ર રસોઇ શી પેરે થાય.
બેઠા જમે છે કેશવરામ, તો તેને સોંપું કામ;
આવી નિશાળે જ્યાં બેઠા હરિ, બોલ્યાં ગોરાણી મુખ હસતું કરી.
કાંઇ કામ કહેતી લાજું છું હું, રસોઇ વિના તમે જમશો શું;
આજ આવી અટક્યું છે કામ, ઘરમાં નથી ઇંધણનું નામ.
તમો ભુખા મને કળ કેમ પડે, હું પાકસ્થિતિ કરૂં શા વડે.
અમો કાળ નિર્વાહ દોહેલે કીજીએ, ધન વિના સરપણ શે લીજીએ.
અમો અજાચકનો પાળું ધર્મ, ઘણું દોહેલે ચાલે ગૃહસ્થાશ્રમ;
સરપણ કારણ માગું માન, સાંભળી બોલ્યા શ્રી ભગવાન.
કર જોડી કહે કમળાપતિ, ગુરૂપત્નિને કીધી વિનતિ;
સરપણ અમો લાવું સર્વથી. પણ કુહાડા અમ પાસે નથી.
ગોરાણી તવ બોલ્યાં હસી, પ્રભુ કુહાડાની ચિંતા કશી;
ઘણું ઉંચે માળ ગયાં ગોરાણી, કુહાડા ત્રણ આપ્યા આણી.
આપી દોરડી બાંધવા કામ, ઉઠ્યા કૃષ્ણ સુદામો રામ;
ભારે સ્કંધે કુહાડા ધર્યા, સરપણને સામળીયો સાંચર્યા.
સુદામો હળધર ને હરિરાય, કુહાડા લીધા કર માંય;

બાંધ્યા પલવટ રાજે રણછોડ, કહાડે મારી ફોડયું ખોડ.
અમર ગગને કૌતુક જોય, પ્રભુનો પાર ન પામે કોય;
નેતિ નેતિ કહે ચારે વેદ, પંડિત કોય નવ પામે ભેદ.
શું જાણે પુરાણ શાસ્ત્ર બાપડાં, તે લક્ષ્મીવર ચીરે લાકડાં;
પછી તાણી બાંધ્યા ભારા ત્રણ, એક કૌતુક કીધું અશરણશર્ણ.
થયું વાદળ વિજળી અંધકાર, મેઘ આણ્યો મુસળધાર;
આંધી પવનતણી સુસવાટ, ધ્રુજી દેહ ચઢી બહુ ટાઢ.
ત્યાં ત્રણે બેઠા ટોળે મળી, બીહે સુદામો ઝબકે વિજળી;
રાય એ કથા રહી એટલે, ગુરૂજી ઘેર આવ્યા તેટલે.
થયા વિસ્મય બાળક દીઠા નહિ, ગુરૂપત્નિ તવ ઝાંખી થઇ;
હવે સ્વામિ મુજને શાપે ખરા, શું કરૂં કર્મ ન આવ્યા છોકરા.
અબળા આકુળવ્યાકુળ થાય, રખે ક્રોધ કરે ઋષિરાય;
માતુભાવ ઘણું દુખિયા થયા, કહીં ન દીસતા બાળક ક્યાં ગયા.
જે વિશ્વપિતા પ્રભુ પ્રાણપતિ, તે શ્યામ સુરત ક્યાં દેખાતી નથી;
તન ધ્રુજે મુખ સુકું થાય, બોલી અબળા લાગી પાય.
જો ક્ષમા કરો તો કહું વારતા, રખે શાપ દઇ મુજને મારતા;
સુદામા કેશવ ને શ્રીરામ, મેં મોકલ્યા સરપણ લેવા કામ.
વચન વનિતાનાં સાંભળી, સાંદીપનને મૂર્છા વળી;
અરે મૂર્ખ દુષ્ટ સાપણી, તેં કોણ કર્મ કીધું પાપણી.
છે જેષ્ટ માસનો તાવડ શ્રેષ્ઠ, સુકુમાર મોકલ્યા લેવા કાષ્ટ;
તેવામાં આવ્યો વરસાદ, મહા લોભણીએ કીધું ઉત્પાત.
ત્રાહે ત્રાહે કરે શોકે ભર્યા, શોધવા સાંદીપન નીસર્યા;
નદી નાળે આવ્યાં જળપૂર, રામકૃષ્ણને સાદ કરે છે ગુર.
સામો સાદ કીધો ગોપાળ, ગુરૂજીએ દીઠા ત્રણે બાળ;
પછી વિશેષ સામળીયાજી કાંપ્યા, સાંદીપને હૃદયાસું ચાંપ્યા.
વિઠ્ઠલજી તને વેલા પડી, વેરી વરસાદે દીધી ઝડી;

પાપીણીયે દુ:ખ દીધું ઘણું, એ કારજ નોહે તમતણું.
ગુરૂપ્રત્યે કહે કમળાપતિ, અપરાધ ગોરાણીનો નથી;
અમો ઉન્મત્ત અભિલાષે ભર્યા, સરપણ લેવા ત્રણે નીસર્યા.
ગુરૂપ્રત્યે બોલ્યા પરબ્રહ્મ, અમો આચરૂં વિધાર્થીનો ધર્મ;
એવું કહી ચાલ્યા જગદીશ, સરપણ ભારા ત્રણેને શીષ.
વચને ગુરૂ સંતુષ્ટ કીધા, ભારા કાષ્ટ તણા મસ્તક લીધા;
ગુરૂ કહે નથી સરપણનું કાજ, હું ઓળખું છઉં તમને મહારાજ.
ત્રાહે ત્રાહે સાંદીપન ભણે, ધિક્કાર મને અંતરમાં ગણે;
પહોંચ્યા મંદિર નાખ્યાં સરપણ, જઇ ગોરાણીને લાગ્યા ચરણ.
કોરાં વસ્ત્ર આપ્યાં ઋષિજન, તપાડયા પ્રગટી હુતાશન;
જમાડયા પંચામૃત હેત ધરી, અખુટ કાષ્ટ જે લાવ્યા હરિ.
તે નગ્રલોક સહુ કો લઇ જાય, એકે કાષ્ટ ઓછું નવ થાય;
એ કથા સરપણતણું વૃત્તાંત, રખે શ્રોતાને મન પડતી ભ્રાંત.
વળી એક કૌતુક કીધું વિશ્વાધાર, ગોરાણી ગૌ દોહે છે એક વાર;
સુરભિસ્તન બેઠાં કર ધરી, પણ દોહોણી કોઠીમાં વીસરી.
ગુરૂપત્નિએ વિચાર્યું મનમાંય, હું ઉઠું તો સુરભિ મીણાય;
સમસ્યા શ્રી કૃષ્ણને કરી, ઘરમાંથી દોહોણી લાવો હરિ.
તવ લીલા કીધી લક્ષ્મીનાથ, વધાર્યો આંગણે બેઠા હાથ;
તતક્ષણ દોહોણી આપી આણી, તે જોઇ વિસ્મય થઇ ગોરાણી.
અમને વિદાય પ્રભુ કીજીએ, કાંઇ ગુરૂદક્ષણા માગી લીજીયે;
અમો આપું એવું મિથ્યા બકું, એવું માગજો કે હું આપી શકું.
હાસ્ય કરી બોલ્યા ઋષિરાજ, છો દુર્બળ હું જાણું મહારાજ;
તું વિશ્વંભર તું વિશ્વાધાર, તું આદિ મધ્ય તું અપરંપાર.
ધર્યો દેહ ધર્મકારણે, ભલે આવ્યો મારે બારણે;
ન પામે પાર નારદ સરખા જતિ, તુંને ઓળખે ઉમયાપતિ.
ન પામે બ્રહ્મા ધરતે ધ્યાન, કરે દુર્વાસા ધ્રુમ્રપાન;

કો કાશી જઇ કરેવત લીયે, પણ તું કોને દર્શન નવ દીયે.
હું અપરાધી પામર પ્રાણી, મને મોટો કીધો પુરૂષપુરાણી;
સકળ પદાર્થ પામ્યો હું, દર્શનથી અદકું માગું શું.
હું માગું સમર્થ શ્રી હરિ, જનની જઠર ન દેખું ફરી;
દીન વાણી મન લજ્જા આણી, ગુરૂદક્ષણા માગે ગોરાણી.
કાષ્ટ અણાવ્યાં મેં ત્રીકમા, તે અપરાધ કરો હરિ ક્ષમા;
ભરથારને મુક્તિ આપી જો હરિ, માંહે મળતી હું ભવસાગર તરી.
એક વાતું હું માંગું ગોપાળ, ક્ષીપ્રા માંહે એક બૂડયો બાળ;
પાંચ વરસનો પરમનિધાન, મને તે આણી આપો ભગવાન.
જઇ સંયમનીની પોળે રહ્યા, ભયભીત જમકિંકર થયા;
સેવક કહે સાંભળ ભૂપાળ, પુરપોળે આવ્યો માનવબાળ.
સામળો સુંદર રૂપ રસાળ, તેને શબ્દે ભય પામે છે કાળ;
મોટું આશ્ચર્ય અહીં આવ્યાની ગતિ, એવું સાંભળી બોલ્યા જગપતિ.
જાઓ તેડી લાવો મુજ પાસ, ન ઓળખ્યા ધર્મે અવિનાશ;
સેવક પ્રભુને ગ્રહેવા પળ્યા, દેવલોક સહુ જોવા મળ્યા.
સભામાં પધરાવ્યા હરિ, સ્તવન કરીને પૂજા કરી;
કાંઇ સ્વામી છે હું સરખું કામ, વળતું બોલ્યા સુંદરસ્યામ.
સાંદીપન ઋષિનો એક બાળ, તેને લઇ આવ્યો છે કાળ;
રાય તે બાળકને લાવો ફરી, યમે આણી આપ્યો શીઘ્ર કરી.
કીધી ધર્મરાજે વિનતિ, એણે મશે પધાર્યા ગોકુળપતિ;
કાંઇ હું સરખું કાજ ભગવાન, મને જાણજો દાસ સમાન.
શ્રી કૃષ્ણ કહે આજ્ઞા મુજતણી, ન જાશો મારા ભક્ત જ ભણી;
બાળકને લેઇ ચાલ્યા અવિનાશ, રામકૃષ્ણ પધાર્યા ગુરૂની પાસ.
આપી બાળક લાગ્યા પાય, ગુરૂજી પાસે માગી વિદાય;
નગરલોક દુઃખી થયા ઘણું, પામી હતી અવંતિ વૈકુંઠપણું.

હૃદયમાં રૂપ ગુરૂ ધરી રહ્યા, સુદામો ઘણું વળાવા ગયા;
નગરલોક પાછા વળ્યા, ફર્યા આંસુ ભરતા નિશાળીયા.
સુદામાને કહે અવિનાશ, મિત્ર અમારો લેવો તપાસ;
જેમ તેમ ફરી મળજો એક વાર, એમ કહી ચાલ્યા જગદાધાર.

---

૩૦. જસોદાનો ઉદ્ધવ પ્રત્યે ઉભરો.

(રાગ ગોડી.)

ભલે પધાર્યા ઉદ્ધવજી તમો, આજ કૃતાર્થ કીધાં અમો;
માનુભાવની ભેટ અમારે થઇ, આળસુને આંગણે ગંગા વહી.
જેમ આગિયાને ઘેર આવે આદિત, જેમ ગોવિંદ આવે પાપીને ચિત્ત;
અમો રંકને ઘેર આવ્યા ભક્ત મણી, તમે સંભાળ લીધી દુર્બળતણી.
અમો આકાશથી પૃથ્વી પર પડ્યાં, પુત્ર વિજોગ પારધી કર ચડ્યાં;
ઉદ્ધવને કરાવ્યાં પયપાન, આરોગ્યા ભક્ત શીઘ્ર ધૃત પકવાન.
તંબોળ બરાસ કીધા મુખવાસ, દિવ્ય શય્યા પર બેસાડ્યા હરિદાસ;
ઢોળે વાયુ નંદજી ઝાલી વીજણો, તે સમ દેઇ વારે ભક્ત હરિતણો.
જાણે સર્વસ્વ કોણે લૂટી લીધી, જસોદાજીએ એમ વિનતિ કીધી;
કહો વીરા ઉદ્ધવ ચતુરસુજાણ, છે વસુદેવ દેવકીને કલ્યાણ.
રાખે છે માતાપિતા શું પ્રેમ, છે રામકૃષ્ણ બેઉ કુશળક્ષેમ;
કહીયે સંભારે છે ગોકુળગામ, મને સંભારે છે સુંદરશ્યામ.
કહીયે સંભારે છે નંદજી તાત, તમ સાથે કીધી કાંઇ એક વાત;
જો ભાગ્યવાન માતા દેવકી કીધ, તો હું રાંકડીને સંભારે શીદ.
છે પુષ્ટ વપુ કે થયા દૂબળા, પ્રાણનાથ થયા મુજથી વેગળા;
ફરી ફરી ઉદ્ધવને પૂછે માય, આંહાં આવશે કે કહાવી નાથ.

ઉદ્ધવ સાંભળ્યું છે કહીં ત્રિભુવન માંય, પ્રસુતાને તજી પુત્ર પારકો થાય;
ઉદ્ધવ પ્રશ્ન કરજો વિચારી આપ, મેં શાં શાં પૂર્વે કીધાં પાપ.
મેં મળતાં ભાંજ્યાં હશે વેવીશાળ, મેં ચડાવ્યાં હશે સાધવીને આળ;
બાળવૃક્ષતણી શું ભાંજી ડાળ, મેં શું ફોડી હશે સરોવરપાળ.
મેં પમાડ્યું હશે વિશ્વાસ દેઇ મૃત્ય, મેં લોપી હશે બ્રાહ્મણની વૃત્ત;
પરદુઃખ દેઇ મેં કીધો ગર્વ, શકે મેં ઉઠાડી હશે પાણીની પર્વ.
રંક પડોશીને મેં કીધાં સાલ, કે મેં અભડાવી બ્રાહ્મણની થાલ;
મેં શું વેચ્યાં કન્યા, પૃથ્વી, ગાય, મેં સાધુને માર્યા બોલના ઘાય.
મેં શું તીર્થે ધોયાં મળમૂત્ર, ઉદ્ધવ કોણ પાપે ગયો મારો પુત્ર;
બાઇ તમે કહો તે હું પ્રાયશ્ચિત કરૂં, પાળે પાગે અડસેઠ તીર્થ ફરૂં.

કરૂં અપવાસ તીવ્ર તપ બહુ પેર, જો સામળીયો ફરી આવે ઘેર;
આ ઘરમાં રમતો મારો બાળ, મને ખાવા ધાયે ઓરડા પરસાળ.
ઉઘાડું ફરી દેવાયું બારણું, પુત્રને સુવાતું સુનું પારણું;
જન્મસમેના હાયા અમથા રહ્યા, ગોવિંદજી ગોકુળ છાંડી ગયા.
જેણે ભાંજી ગોળી પાષાણુ નાંખી, તે ટટકા હું રહી છઉં રાખી;
નંદજીને હાથે દૂધ પીતો લાડકો, ઉદ્ધવ તે આ રૂપાનો વાડકો.
મોર પોપટ પુતળી ગેડી, ઓ પેલી વજાડવાની વાંસળી પડી;
પાઘડી ટોપી ને આંગલાં ઘણાં, આ જુઓ કામળી પિછોડી હરિતણાં.
સૂતો સહવારે ઉઠતો મોડો, મારા પુત્ર વિના સુનો નેસડો;
ઉદ્ધવજી કેમ ધીરજ ધરૂં, એ દુઃખે હું ફાટી નવ મરૂં.

કંઇ દેવકીને પૂછશે ધર્મરાય, એણીએ દેખાડતો કીધો અન્યાય;
અમો વિધાતાને એક વિનતિ કરીએ, હું ને દેવકી સાથે મરીએ.
ધર્મરાજ આગળ હું જઘડું જઇ, ઉભી રાખું હું દેવકીને પાલવ ગ્રહી;
જમ રાઢ ચૂકાવશે ખરી, મારો પુત્ર અપાવશે પાછો ફરી.
અવતાર લઇ ગોકુળમાં આવીશ, એના એ પુત્રને હું લડાવીશ;
એમ જસોદાજી રૂવે ટળવળે, ઉદ્ધવને નયણે આંસુ ઢળે.

ઉદ્ધવજીને કહે નંદરાય, શ્રીકૃષ્ણે કીધું તે કોણે નવ થાય;
મેં ઉછેર્યો પુત્ર હું માંહે જમાડ્યો, ભર્યા ગામમાંથી હું હાંકી કહાડ્યો.
મને કહ્યું આપણું સગપણ ફોક, શ્રીકૃષ્ણે હસાવ્યાં દુરિજન લોક;
એવું દંપતિનું દુઃખ જોઇ સાંભળી, ઉદ્ધવની થઇ ઉભી રોમાવળી.
વૈષ્ણવ મનમાં ઘણું આવટે, શ્રીકૃષ્ણને આવડું કરવું નવ ઘટે;
ઘણું ગોપલોક મનના નિર્મળા; ન આવે વસુદેવ દેવકી સોળમી કળા.

---

૩૧. ભ્રમરગીતા.

(રાગ વેરાડી.)

સંદેશો સાંભળી વ્રજનારી, વદન કળા થઇ ઝાંખી;
ફુલબાણ વાગ્યાં કાળજમાં, મહિયારી મારી નાંખી.
મૌન કરી ઉદ્ધવજી વીરા, ઉત્તમ સંદેશો આણ્યો;
મરતાંને શું મારો ભાઇ, સ્નેહ તમારો જાણ્યો.
અમે પ્રીત પ્રીછી પુરુષોત્તમ, ઘણું જાણી અમારી દાઝ;
જોગી થાઓ અમને કહાવ્યું, પોતે કરે છે રાજ.
કુળ મરજાદા મુકી મળિયાં, તે લોક દે છે મેણાં;
લજ્જા સુખ અમે ખોઇને બેઠાં, વળી રોઇને ખોયાં નયણાં.
સર્વસ્વ જાયે તે સન્યાસી, હરિધન બેઠાં વળાવી;
અક્રૂરે અમો જોગણ કીધા, ગયો પાપી ભસ્મ ચોળાવી.
દુઃખે મૌન લીધું અમે ઉદ્ધવ, ઉત્તર કોને નવ આપું;
વાટ જોઉં અમો પાણી ભરતી, જમુના તીરે તાપું.
ઘેહ લાગી છે લટકાળાની, ગયે પ્રીત અદકેરી વાધી;
તેલ ભર્યા વિના મરતકમાંહે, જટા આફણીયે બાંધી.

અમો કંથા કૃષ્ણકથાની પહેરૂં, શૃંગારતણો પંથ ઝાલું;
કામમગ્ન અબધુત થઇને, નિઃશંક ગોકુળમાં ચાલું.
જે સંદેશો શ્રી કૃષ્ણે કહાવ્યો, તે તમો ધરી લેતા જાઓ;
ગોપવધૂ કહે ઉદ્ધવજીને, તમો સન્યાસી થાઓ.
જંગોટા, કછોટા, ગોદડી, કંથા, પહેરો સોહામણો વાઘો;
તુંબીપાત્રને કરમાં ઝાલી, ઘેર ઘેર ભિક્ષા માગો.
સ્મશાનભસ્મ શરીરે ચોળો, મુગટ પીતાંબર મુકો;
ગૃહસ્થ કુબજાને બારણે બેસી, ઉદ્ધવજી શીંગી ફૂંકો.
ઉપદેશ દેજો કૃષ્ણકુબજાને, સાધે જોગારૂઢ;
સદ્ય વૈરાગ તેને ઉપજશે, અમો શું જાણું આહીર મૂઢ.
અમૃતનો ઘટ મુખ લગી ભરિયો, ઉપર ભરિયે તે વહી જાય;
શ્રી કૃષ્ણ ભર્યાં છે કંઠ પ્રમાણે, તો કેમ જોગ સમાય.
કૃષ્ણ હૃદયમાં કૃષ્ણજી બાહેર, જાંહાં જોઇએ તાંહાં જદુરાય;
એવો પ્રેમ દેખી વ્રજવનિતાનો, ઉદ્ધવજી લાગ્યા પાય.
ગોષ્ટી સાંભળવા ગોપી ઉદ્ધવની, સાંભળ પરિક્ષત ભૂપ;
મથુરાથી શ્રીકૃષ્ણ પધાર્યા, ધરી ભમરાનું રૂપ.
મધુકર બોલે મધુરી વાણી, તે ગોપીના ગુણ ગાય;
ઉદ્ધવજી કાંઇએ નવ પ્રીછે, ગોપીએ ઓળખ્યા હરિરાય.
વ્રજબાળાની કંઠે માળા, સુગંધ મનોહર થાય;
મકરંદ મસે ઉર પર બેસે, લઇ સ્વાદને ઉડી જાય.
જઇ છૂટી વેણી માંહે ભરાયે, કરતો નૌતમ નાદ;
ઉરાડતાં મુખ ઉપર આવે, લઇ નાસે અધરનો સ્વાદ.
કામનીયે શ્રી કૃષ્ણ ઓળખ્યા, પ્રેમાનંદ પ્રભુ રામ;
ભમરાના ગુણ ગોપીએ ગાયા, માટે ભ્રમરગીતા ધર્યું નામ.

૩૨. દ્વારિકાનગરીવાસ.

(રાગ સારંગ.)

વિચાર્યું મનમાં શ્રીગોપાળ, નીત નવા થાય જંજાળ;
મોટા શત્રુ સાથે પડીયાં વેર, તો કહીં પલાયન કીજે પેર.
એવું વિચાર્યું શ્રી ભગવાન, તવ ધર્યું વિશ્વકર્માનું ધ્યાન;
તેડયાં જોગમાયા નિધિરાય, આવી ત્રણે નમીયાં હરિને પાય.
સમુદ્રને કહે સુંદરશ્યામ, આપ જળમાં બેટ વસવાનો ઠામ;
કહ્યું વિશ્વકર્માને નીપાવો નગ્ર, શક્તિને કહે લેઇ જાઓ સમગ્ર.
પશ્ચિમનિધિએ બેટ આપ્યો વિશાળ, વિશ્વકર્માએ નગ્ર કીધું તતકાળ;
બે ઘડિકામાં નીપાવ્યું ગામ, તે માટે ધર્યું દ્વારિકા નામ.
છે સપ્તધામના દુર્ગ વિશાળ, છે કનક કોસીસા ઝાકઝમાળ;
ઘરમાં શોભા બહુ બારી બૂરજ, જડિત કળશ ઝળકે જેમ સૂરજ.
એમ ચિત્રરેખા ઘણી પુતળી પોળ, ચોક ચૈટાં શોભે છજાંની ઓળ;
છે શેરી ફળીયાં શોભિત હાટ, સ્ફાટિક શલ્યાએ બાંધ્યા રસ્તા વાટ.
જડિત કનક કઠેરા હારેહાર, પરસાળ પટમાં ઓરડા ગજાર;
કનક ચોસલે બાંધ્યા ચોક, બહુ જાળી અટાળી બારી ગોખ.
બીરાજે છજાં ઝરૂખા ઝાકઝમાળ, ભોંયરાં અગાસી મેડી માળ;
કળશ ઘટ આગળ ઇંદુ આભા ઘટી, શોભે ધજા પતાકા બહુ રાવટી.
ઘેરઘેર નવપલ્લવ વાડી કુંજ, ઉડે મણિ માણેક તેજના પુંજ;
ચંદનના સ્તંભ એવાં કમાડ, હયશાળા ગૌશાળા ગજવાડ.
રસોઇભોવન દેવસ્થળ ઘણાં, શયનસદન બહુ સોહામણાં;
બહુ રંગ ભીંતે ચિત્ર લખીયાં, આસ્તરણ આસન આદી તકીયા.
રાજદ્વારસભા શણગારી, નવભાતી મણી મીનાકારી;
વિશ્વકર્માએ નગ્ર તત્પર કીધું, પછી જોગમાયાને કારજ દીધું.
શુકજી કહે સુણ પરિક્ષિત ભૂપ, દેવ્યાએ લીધાં કોટિ સ્વરૂપ;

મથુરાની પ્રજા સૂતી છે જેમ, ઉંચલી લીધી તે જેમની તેમ.
ઘોરનિદ્રામાં કો જાણે નહિ, દ્વારિકામાં સહુ સૂવાડ્યું જઇ;
છત્ર આસન રથ માનવ પશુ, મથુરામાં નવ મુકયું કશું.
ભાંડપાત્ર સેજ્યા પટકૂળ, ઉત્તમ વૃક્ષ લીધાં સમૂળ;
હશે સાંત્યાં ધન મથુરા માંય, તેમનાં તેમ જઇ ડાટયાં ત્યાંય.
સકળ જીવ દ્વારામતિ ગયા, મથુરામાં બે બાંધવ રહ્યા;
એ અદ્‌ભુત લીલા વૈકુંઠરાય, શુકજી કહે કેમ વર્ણવી જાય.

---

૩૩. રૂક્મિણીનો પત્ર ને સંદેશો.

(રાગ મારૂની ચોપાઇ.)

શુકજી કહે સુણ છત્રધારી, કહું પત્રની વિગત વિસ્તારી;
લીધો કાગળ રાજકુમારી, લક્ષ્મીયે લેખણ કરમાં ધારી.
કીધો નારદને પ્રથમ પ્રણામ, લખ્યું શૈલ્યસુતાસુત નામ;
સિદ્ધ પામે વેહેવા શુભ કામ, મુક્તપુરી શ્રીદ્વારિકા ગામ.
શ્રેષ્ઠ સપ્તપુરીને માંય, વિશ્વકર્માકૃત કહેવાય;
અહર્નિશ ચક્ર કરે રક્ષાય, જેને સ્મરણે કિલ્મિષ જાય.
હે નર ઉત્તમ દેવોત્તમ દયાળ, અસુરાંતક સુરદ્વિજપ્રતિપાળ;
કાળજવનકેશીકંસકાળ, જયજય જાદવ દેવકીબાળ.
માયાતીત ગુણાતીત સ્વામી, નરકનિવારણ નિર્મળનામી;
જગજીવન અંતરજામી, જયજય ગોવિંદ ગરૂડગામી.
પરમારથ કરતા તતખેવ, ભક્તજનજિતઅહમેવ;
ઇચ્છું પ્રભુપદપંકજ સેવ, વસુદેવસુત વાસુદેવ.
સર્વેશ્વર શ્રી અવિનાશ, જગતચેતનતેજપ્રકાશ;
ભીષ્મકસુતા વિદર્ભનિવાસી, લખીતંગ રૂખમણી ચરણદાસી.

જો કીજે સપ્તસમુદ્રની સાહી, બેસે સરસ્વતી લખવા ડાહી;
તું છે અપરંપાર જદુરાઇ, તો કોણુ માત્ર મારી ચતુરાઈ.
જો પૃથ્વી આકાશનું પત્ર થાય, અરાઢભાર લેખણુ સંખ્યાય;
કોટિ કલ્પ લખે શિવરાય, પણુ તમારા ગુણુ લખ્યા નવ જાય.
તું છે અખિલ બ્રહ્માંડનો ધણી, જાણો દાસી મને પોતા તણી;
છે વિનતિ થોડા માંહે ઘણી, ન જોશો મારાં કુકર્મ ભણી.
ઋષિ નારદે વર્ણવ્યા શ્રી ગોપાળ, પિતાને વાત ગમી તતકાળ;
દુષ્ટ ભાઇએ ભાંજ્યું વેવીસાળ, અણુચાલતે આવે શિશુપાળ.
હું જીવું છઉં તમારી આશે, નારદ શારદને વિશ્વાસે;
સિંહનો ભાગ જંબુક લેઇ જશે, તો ઉપહાસ પ્રભુ તમને થશે.
કરવા અંબિકાનું પૂજન, સંધ્યા સમે જઇશ રાજન;
ત્યાં તમો આવજો મધુસુદન, આપણુ મળશું જગજીવન.
જો વિલંબ કરશો સારંગપાણિ, સમે નહિ આવો કરૂણા આણી;
બાંધીશ કંઠપાશ હું તાણી, તમ ઉપર કહાડીશ પ્રાણી.
પ્રભુ વિના દુઃખમાંથી કોણુ કહાડે, સગો બાપ ગયો ઘણું હાડે;
વહેલા આવજો પરમદહાડે, દેવ શિશુપાળને ફેરો પાડે.

(વલણ.)

ફેરો પડે શિશુપાળને, આવજો ત્રિભોવન ધણી રે;
સંભાળ લેજો મારી જેમ, પ્રથમ લીધી સીતાતણી રે.

(રાગ મારૂની આંચળી.)

વૈદર્ભા વાધે ઘેરી, વૈદર્ભા વાધે ઘેરી ગાય;
દાવાનળથી બળતી રાખી ગૈ, તેમ કરજો મારી સહાય. વૈ.
રૂખમઇયો રૂપે પારધી, તેણે નાખી મોટી જાળ;
કુટુંબકુળમાં હું એકલી છઉં, કહાડો દીનદયાળ. વૈ.

આવે છે મને ગ્રસન કરવા, શિશુપાળરૂપી વ્યાઘ્ર વિકરાળ;
એવું જાણી વા'રે ચડજો, ભક્તવત્સલ શ્રી ગોપાળ. વિ.
કુંદનપુર રૂપીયું વન દારૂણ, થયો ભીલ રૂખમઇયો ભ્રાત;
શિશુપાળરૂપી અગ્નિ લગાડયો, જરાસંધ પવનસું સાથ. વિ.
હું બળી મરૂં છું પોપટી, તારા ગુણ ગાતાં જગતાત;
અનંગ હોલવી બળતી રાખો, વિઠ્ઠલજી થાઓ વરસાત. વિ.
વિદર્ભો દેશ કો લક્ષણ સાગર, રૂખમઇયો રૂપી તાણ;
માગધપતિ સરખા મચ્છ દેખી, કાંપે છે મારા પ્રાણ. વિ.
શિશુપાળ રૂપી ગ્રાહ ગ્રસે છે, આવે જાન રૂપીયું ઉધાન;
બુડું છઉં હું અબળા માણસ, વ્હાલાજી થાઓ વહાણ. વિ.
ગોકુળ રાખ્યું ગિરિ ધરીને, દાવાનળ પીધો વન;
ચંદન માટે ચોરી કીધી, રૂપે રંભા સમાન. વિ.
સુધાપેં મોહ્યું ગોપીકાને, આપ્યું અધરામૃતનું પાન;
એવું જાણી હું આશ્યા રાખું, રખે ભુલો શ્રી ભગવાન. વિ.
વિરહરોગ કાંઇ વૈદ ન જાણે, જે ગુપ્ત હૃદયનું દુઃખ;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વર, વાંછું ચરણકમળનું સુખ.

(વલણ.)

જેમ જાનકી વરી મિથિલામાંહે, ત્રોડી ત્ર્યંબક ધનુષ રે;
તેમ મને વરજો વિઠ્ઠલજી, ત્રોડી શિશુપાળનું મુખ રે. વિ.

૩૪. ઋષિ અને ઋષિપત્નિ.

(રાગ વેરાડી.)

શુકજી કહે સાંભળ નરપતિ, છે સુદામાની નિર્મળ મતિ;
માયાસુખ નવ ઇચ્છે રતી, સદા મન છે જેનું જતિ.
મુનિનો મર્મ કોઇ નવ લહે, સઉ મેલો ઘેલો દરિદ્રી કહે;
માગ્યા વિના કોઇ કેમ આપે, ઘણે દુઃખે કરી દેહ કાંપે.
ભિક્ષાનું કામ કામની કરે, કોનાં વસ્ત્ર ધુએ ને પાણી ભરે;
જેમ તેમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોષે સ્ત્રીજન.
ઘણા દિવસ દુઃખ ઘરનું સહ્યું, પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બે ઉપવાસ, ત્યારે સ્ત્રી આવી સુદામા પાસ.
હું વિનવું જોડી બે હાથ, અબળા કહે સાંભળીએ નાથ;
બાળક ભૂખ્યાં કરે રૂદન, નગરમાં નથી મળતું અન્ન.
ન મળે કંદ મૂળ કે ફળ, બે દિવસ થયાં લેઇ રહે જળ;
સુખ સજ્યા ભૂષણ પટકૂળ, પ્રભુ ક્યારે થશે સાનુકૂળ.
ભૂખ્યાં બાળક જુએ માનું મુખ, સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
હું કહેતાં લાગીશ અળખામણી, સ્વામી જુઓ આપણા ઘર ભણી.
ધાતુપાત્ર નહિ કર રહાવા, સાજું વસ્ત્ર નહિ સમ ખાવા;
જેમ જળ વિણ વાડી ઝાડવાં, તેમ અન્ન વિણ બાળક બાફવાં.
વાઘે ટાઢ બાળકડાં રૂએ, ભસ્મમાંહિ પેસીને સૂએ;
હું તે ધીરજ કેઇ પેરે ધરૂં, છોકરાંનું દુઃખ દેખીને મરૂં.
નીચાં ઘર ભીંતડિયો પડી, શ્વાન માંજર આવે છે ચડી;
અતિથિ ફરી નિર્મુખ જાય, ગવાનિક નવ પામે ગાય.
કરો છો મંત્ર ભણીને સેવ, નૈવેદ વિના પૂજો છો દેવ;
પૂજ્ય પર્વણિ કો નવ જમે, જેવો ઉગે તેવો આથમે.
આ બાળક પરણાવવાં પડશે, સત કુળની કન્યા ક્યાંથી જડશી;

શ્રાદ્ધ સંવત્સરી સઉ કો કરે, આપણા પિત્રી નિર્મુખ ફરે.
અન્ન વિના પુત્ર મારે વાંગલાં, તો ક્યાંથી ટોપલી આંગલાં;
અબોટિયું પોતિયું નવ મળે, સ્નાન કરે છે શીતળ જળે.
નખ વાધ્યા ને વાધી જટા, માંહિ ઉડે રક્ષાની ઘટા;
દર્ભતણી તૂટી સાદડી, નાથજી તે પર રહો છો પડી.
બીજે ત્રીજે પામો છો આહાર, તે મુજને દહે છે અંગાર;
હું તો દરિદ્ર સમુદ્રમાં બૂડી, હેવાતનમાં એક જ ચૂડી.
સૌભાગ્યના નથી શણગાર, નહિ કાજળ નહિ કીડિયા હાર;
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું સૂકું.
હું પૂછું છું લાગી પાય, આવું દુઃખ ક્યાં સુધી સ્હેવાય;
તમે દહાડી કહો છો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર.
જે રહે કલ્પવૃક્ષને તળે, તેહને શી વસ્તુ નવ મળે;
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કેમ તરશે મરે.
પ્રગટ કરી સેવે હુતાશ, તેને શીત ક્યમ આવે પાસ;
અમૃત પાન કીધું જે નરે, જમકિંકરનો ભય ક્યમ ધરે.
જેને સરસ્વતી જીભે વશી, તેને અધ્યાત્મ ચિંતા કશી;
સદ્‌ગુરૂના જેણે સેવ્યા ચરણ, તેને શાનું માયાવરણ.
જે જન સેવે હરિને સદા, તેને જન્મમરણ શી આપદા;
જેનું મન હરિચરણે વસ્યું, તે પ્રાણીને પાતક કશું.
જેને સ્નેહ સામળિયા સાથ, તેનું ઘર નવ હોય અનાથ;
છેલ્લી વિનતિ દાસી તણી, પ્રભુ પધારો ભૂધર ભણી;
તે છે ચૌદલોકનો મહારાજ, બ્રાહ્મણને ભીખતાં શી લાજ.

(વલણ.)

લાજ ન કીજે નાથ માહરા, માધવ મનવાંચ્છિત આપશે રે;
દીન જાણી દયા આણી, દરિદ્રના દુઃખ કાપશે રે.

૩૫. સુદામાનું દ્વારિકાગમન.

(ઢાળ.)

દ્વારામતી મમ પતિ જાય છે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કંઇ આપો ઉછીતું માય.
પાડોશણુને દયા આવી, આ દુર્બળ આવી લેવા;
સુપડું ભરીને કાંગ આપ્યા, આ બાઇ તમારે દેવા.
ઉખળે ઘાલી ઓખણ્યા, તેને કીધા શ્વેત;
તગતગતા કરી કરમાં આપ્યા, ઋષિજી પામ્યા હેત.
માર્ગમાં છોવાય નહિ, છે ત્રિકમના તાંદૂળ;
લેઇ જાવા છે દ્વારામતી, નથી બાંધવા પટકૂળ.
ઉપરાઉપરી બંધન બાંધ્યાં, ચીથરાં દશ વીસ;
રત્નની પેરે જતન કીધું, જ્યમ ચડે છોડતાં રીસ.
ઋષિ સુદામાને કહે બાળકડાં, કરીને રોતાં મૂખ;
પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ.
દીન વાણી સાંભળીને, મુનિએ મુકયો નિશ્વાસ;
સુદામો કહે પુત્રને, પરિબ્રહ્મ પૂરશે આશ.
ઋષિ સુદામો સંચર્યા, વળાવી વળ્યો પરિવાર;
ત્યાગી વેરાગી વિપ્રને છે, ભક્તના શણગાર.
ભાલ તિલક ને માળા કંઠે, રસનાએ ભણતો જાય;
મુખ કુખનું જાણું વાધ્યું, કદ્રુપ દીસે કાય.
પવને જટામાંથી ભસ્મ ઊડે, ધૂમ્ર ગોટાગોટ;
ઉપાનરેણુએ અભ્ર છાયો, જોજન કોટાકોટ.
ધસમસે ને ધાય મુનિવર, મુખે શ્વાસ ન માય;
જે માર્ગમાં સામું મળે તે, દેખી વિસ્મય થાય.
તૈલાભ્યંગ સ્વપ્ને ન ઇચ્છે, છે લૂખું ઋષિનું ગાત્ર;

એક હાથમાં જેષ્ટિકા, એક હાથે ગ્રહ્યું તુંબિપાત્ર.
કોપિન જીરણ વસ્ત્રનું, વનફૂળ છે પરિધાન;
પણ ભાગ્ય ભાનુ ઉદે થયો, હરિ કરશે આપ સમાન.

(વલણ.)

આપ સમાન કરશે કૃષ્ણજી, શુકજી કહે સુણો નરપતિ;
થોડે શ્રમે ઋષિ સુદામો, પહોંચ્યા પૂરી દ્વારામતી.

---

૩૬. સુદામાપુરી કે દ્વારિકાપુરી.

(રાગ રામગ્રી.)

શુકજી ભાખે હરિગુણ ગ્રામજી, દીઠું સુંદર કંચન ધામ જી;
મેડી અટારી અદ્દભુત કામજી, ઋષિ વિચારે ભૂલ્યો ઠામ જી.

(ઢાળ.)

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, ધામ કોઇ ધનવંતનાં;
એ ભુવનમાં વસતા હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં.
એવું વિચારી વિપ્ર વળ્યો, બધું નગર અવલોકન કરી;
ઋષિ ઇચ્છા આણી સર્વ જોતા, તે ભુવન પાછળ ફેરા ફરી.
પછી સુદામો પડયા સાંસામાં, વિચાર કરે વેગળા જઇ;
આ ભુવન કોણે કર્યાં હશે, પર્ણકુટી મારી કયાં ગઇ.
એ વિશ્વકર્મા રચી રચના, મનુષ્ય પામર શું કરે;
કુટુંબ મારૂં કયાં ગયું, ઋષિ વામ દક્ષિણ ફેરા ફરે.
કોઇ કીર્તિ બોલે હસ્તી ડોલે, હયશાળામાં હય હણહણે;
દાસી કનક કલશ ભરી પાણી લાવે, ઉભા અયુત સેવક આંગણે.

દુંદુભી વાજે ઢોલ ગાજે, મંડપ તાંડવ થાય છે;
મૃદંગ ધમકે ઘુઘરી ધમકે, ગીત ગુણિજન ગાય છે.
જોઇ સુદામે નિશ્વાસ મુકયો, કોઈ છત્રપતિનાં ઘર થયાં;
આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ બાળક મારાં કયાં ગયાં.
હોમશાળા રુદ્રાક્ષમાળા, મારી પત્રકુશની સાદડી;
ગોપીચંદન સન્માર્જની ગઇ, વિપત્ય આવડી કયમ પડી.
દૈવની ગતિ ગહન દીસે, પડયો પ્રાણ કર્મ આધીન;
કુટુંબ વિટંબની વેદના, હુંને દૈવે દંડયો દીન.
તુટી સરખી ઝુંપડી ને, લુંટી સરખી નાર;
સડયાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.

સંકલ્પ વિકલ્પ કોટિ કરતાં, ઋષિ આવાગમન હિંડોળે ચડયા;
આરોગે બેશા પંથ જોતાં, નિજ કંથ સ્ત્રીની દૃષ્ટે પડયા.
સાહેલી એક સહસ્ત્ર લેઇને, સતિ જતી પતિને તેડવા;
જગ ઝાગી ભરીને નારી જાય, જાણે હસ્તિની કળશ રેડવા.
હંસગમનીને હર્ષ પૂર્ણ્યા, અભિલાષ મનમાં ઇચ્છિયા;
ઝાંઝર ઝમકે ઘુઘરી ધમકે, વાજે અણુવટ વીંછિયા.
સુદામે જાણી આવી રાણી, ઇંદ્રાણી કે રૂકિમણી;
સાવિત્રી કે સરસ્વતી, કે શક્તિ શિવ શંકર તણી.
સાહેલી સહુ વીંટી વળી, પદ્મિની લાગી પાય;
પૂજા કરીને પાલવ ગ્રહ્યો, તવ ઋષિજી નાઠા જાય.
થરથર ધ્રુજે ને કાંઇ ન સૂજે, છુટી જટા ઉઘાડે શીશ;
હસ્ત ગ્રહવા જાય સુંદરી, તવ ઋષિજી પાડે ચીસ.
આંગણામાં કોઇ નર નથી, આ દીસે સ્ત્રીનું રાજ્ય;
તમને પાપણિયો પરમેશ્વર પૂછશે, હુંને કાં આણ્યો છો વાજ્ય.
ઋષિપત્નિ કહે સ્વામી મારા, તમે રખે દેતા શાપ;
દારિદ્ર ગયાં નવાં ઘર થયાં, શ્રી કૃષ્ણ ચરણ પ્રતાપ.

એવું કહી કર ગ્રહીને ચાલી, તું સાંભળ પરિક્ષિત ભૂપ;
સુદામો પેઠા પોળમાં, થયું કૃષ્ણ સરખું રૂપ.

---

૩૭. માંધાતા અને ઋષિનો આશ્રમ.

(રાગ ધનાશ્રી.)

સૂતો રાય ને આંખડી મળીજી, તૃષ્ણા ત્રણ પ્રકારની ટળીજી;
મુનિ માત્ર સૂતા આસન વાળીજી, ખોટું દીધું સર્વે ખાળીજી.

(ઢાળ.)

ખોટું સર્વે ખાળિયું ને, થયા નિદ્રામગ્ન;
રાય ઉઠ્યો જાગિયો, જેનું પુત્રમાં મન મગ્ન.
અરે હું શે વાંઝિયો, કર્યો હે જગતાત;
મુખ મારૂં કો નિરખે નહિ, ઉંચ નીચ થયો સાક્ષાત્.
આશ્વાસન સહુ કો કરે, નવ દુઃખ ટાળે કોઇ;
ભૃગૂદ્વહ પણ એમ ભાખે, રૂડી જુક્તિ જોઇ.
મેં વિશ્વાસ મન કરવો નહિ, જાવું હરિ જ્યાં હોય;
નિશ્ચય કર્યો નવ ફેરવું, મને કોને કોય.
મૂળ ન જોવું મુનિ તણું, કે કરવો નહિ અહીં તંત;
સારાને દુઃખ કરવું નહિ, એમ ચતુર વિચારે ચંત.
જો કર્મમાં સંતાન નહિ તો, ક્યાંથી લાવી અરપે ?
મુનિ બિચારા શું કરે, તુચ્છ તૃષ્ણા કયમ તરપે ?
બેય આંખોની શરમ મોટી, માટે કહે મુખે હાય;
મારે પણ ત્યમ હા જ કહેવી, જાવું જ્યહાં જવાય.

એમ વિવિધ કલ્પના રાય કરતો, ગઈ નિદ્રા ઉડી;
અમિત અતિશે દિન તણો, તેણે લાગી તૃષા કૂડી.
શોષ પડિયો સર્વ અંગે, જીવ ઇચ્છતો જળપાન;
ખુંખારો કરતાં કિંકર કહેતા, ખમા ખમા રાજાન.
તેને તૃષા અતિ પીડતી, જડતું નહિ જળ કાંઇ;
ઉઠી ખોળે ચોગમે, વળી સૂએ સૂતો જ્યાંઇ.
એમ સૂએ ને ઉઠે રાજા, ઝંખે જળ જળ મુખ;
ઘણે કાળે યજ્ઞ કરીને, મુનિ સૂતા સુખ.
ઘણા ઘણા ઉજાગરાથી, મુનિ ગાઢ નિદ્રામાંય;
ધીરે ધીરે રાય બોલે, તે સુણે નવ કો ત્યાંય.
રાય મનમાં ભય અતિશે, મોટેથી નવ બોલાય;
કરમગતિ ઉલટી થઇ, પછે શું કહેવાય ?
જ્યારે રાજા પોઢતો, ત્યારે ખુંખારો નવ થાય;
તે જળ જળ કરી ઝંખતો, તેને કોણ પાણી પાય.
પાણી ખોળ્યું જડે નહિ, પીડે તૃષા તન;
અધિક અધિક તે લાગતી, જેમ તૃણે હુતાશન.
શાંત થઇ વળી સૂઇ જાયે, કરી દૃઢ મન ભૂપ;
વળી બેઠો થાય પાછો, સોસાઇ ગયું સ્વરૂપ.
કંઠે તે બાઝી કાચળી, ને મુખે તે પડિયો શોષ;
કર્મડા ગતિ કૂડ આ તો, શા પૂર્વજન્મના દોષ.
અંધાઇ વાણી રાયની, સ્વર થયો ઝીણો સાર;
કીર બાલવત્ રાજા ઉચરે, તેને કોણ દે હોકાર.
પછે વિચાર્યું મનમાં, હવે ખોળવું મેં જળ;
બહાર ફરી ફરી શોધ કરતાં, મટે મારી કળ.
અંગ સહુ નિર્બળ થયાં, તોય ઉઠયો જેમ તેમ રાય;
પાણી પાણી ઝંખતો તે, અરૂપરૂ કંઇ જાય.

એવે યજ્ઞાગાર સમિપ આવ્યો, પેઠો માંહી ભૂપ;
પડયાં પાત્ર તપાસતો, જેનું થઇ ગયું દીન રૂપ.
પાત્ર ઉંધાં કંઇ પડયાં, જોઇ નિરાશ થાતો રાય;
એમ યજ્ઞશાળા જોઇ આખી, પછે ત્યાં શું થાય.
કરમે લખ્યું ટળતું નથી, જે લખ્યા વિધિએ આંક;
મોટાઇ કરી મૂરખા મરે, ઘટે વધે નવ ટાંક.
ફંફોસતાં સહુ યજ્ઞશાળા, જળ ન મળિયું જ્યારે;
યજ્ઞવેદી પાંસ રાજા, ગયો ચાલી ત્યારે.
યુવનાશ્વે ત્યાં યજ્ઞવેદી, મધ્ય દીઠો કળશ;
ઢાંકી જાળવી મુકિયો, ભરી યજ્ઞ દ્રવ્ય સરવસ.
ઉઘાડીને જોયું રાજા, દીઠું નિર્મળ જળ;
તૃષાતુર તેણે ન સૂઝયું, મહામુનિ કેરૂં બળ.
અપવિત્ર અંગે સ્પર્શ કીધો, કળશ ઉંચલી લીધો;
પ્રાશન કરવા પૂર્ણ પ્રેમે, વિચાર રાયે કીધો.
ઉપપાત્ર લીધું નહિ, પીધું કળશે પાણી;
નિર્મળ શીતળ ને અતિ સુખકર, પીતો રાય વખાણી.
પાણી વડે આ પિંડ છે, અમૂલ્યતા જળની જાણી.
વારંવારે પ્રાશન કરતો, મન મોદ મોટો માણી.
તૃષા હતી તે કરતાં, અધિક પીધું પાણી;
જડશે નહિ જળ ફરી આવું, જુક્તિ એવી જાણી.
શીતળ જળથી શરીર શીતળ, થયું રાયનું ત્યાંય;
અષ્ટમા સિદ્ધિ નવ નિધિ મળીયું, પ્રફુલ્લિત પદ્મ શી થઇ કાય.
હોડકાર આવ્યો તૃષા ટળતાં, શાંત મન થયું શુદ્ધ;
કળસ લીધે ઠામ મુકયો, બાવરી તજી બુદ્ધ.
જ્યાંનું ત્યહાં સહુ ગોઠવ્યું, પછે ગયો મઠ માંય;
જઇ શયન કીધું શાંતિ થાતાં, થયો નિદ્રાવશ ત્યાંય.

શ્રમિત અતિશે રાય સૂતો, આવી નિદ્રા ઘોર;
ખટ ઘડી રાત રહેતાં જાગિયા, મુનિ કરે શોરબકોર.

(વલણ.)

શોરબકોર ત્યાં મુનિવર કરતા, સ્નાન સંધ્યા માટ રે;
જન વિપ્રને મન અતિ થાતો, જળપાનનો ઉચ્ચાટ રે.

---

૩૮. માંધાતા અને રણવાસ.

(રાગ રામગ્રી.)

રાણીઓએ વાત સાંભળી, ગર્ભ ધરી આવ્યા નાથ;
કોઇ કોઇનું માને નહિ, હસે કોઇ ધરી ધરી હાથ. રાણી.
કોઇક કહે રાયને કહું, હું તો મોઢા મોઢ;
તમે આવી વાત કરતા રખે, જૂઠી જુક્તિની જોડ. રાણી.
કોઇક રાણી કહે કારસું, ખોટી છે એ વાત;
કાગનું પીંછ થયું હશે, જૂઠી કિંકરીની જાત. રાણી.
આપણે કાને નથી સાંભળ્યું, નથી મળ્યા ભરતાર,
કાને સુણ્યું કાચું સર્વથા, ન કરો ખોટા વિચાર. રાણી.
નાથને ખોટું લાગશે, રીસાશે સુણી વાત;
ગયું સૌભાગ્ય જો આવિયું, ત્યારે ખોટી શી ખ્યાત. રાણી.
વાત ગમી નહિ આ મને, જૂઠો જોડવો જોગ;
ખોટું અતિશે લાગશે, ભૂંડા ભવના શા ભોગ. રાણી.
એક કહે એમાં શું થયું, ખરૂં કહેતાં શું દુ:ખ;
દાસી મારી ડાહી ઘણી, અસત્ય વદે ન મુખ. રાણી.
પટરાણી ત્યારે બોલિયાં, આ શો કરવો ક્લેશ;
ખરેખરૂં નથી જાણતાં, જાણ્યું કંઇ લવ લેશ. રાણી.

તેમાં માંહોમાંહે લઢી મરો, તે તો સારી ન રીત;
કરવું ધરે તે પછે કરો, પૂર્ણ થયે પ્રતીત. રાણી.
એવે રાજાજી આવિયા, રંગમહેલની માંય;
છડીદાર નેકી પોકારતા, આવ્યા રાણીઓ જ્યાંય. રાણી.
ઉઠી આદરમાન આપિયું, પહોંચી મનડાની આશ;
સુખાસને રાય બેસતા, બેઠી રાણીઓ પાસ. રાણી.
ધીરે ધીરે કરે વાતડી, જેમ આવે વિશ્વાસ;
... ... રાણી.
વા'લી રાણી વેગે વદે, કહો મોટા મહારાજ;
ક્યાંહાં ગયા'તા અમને તજી, દિસે આવી શે દાઝ. રાણી.
સારૂં થયું આવ્યા નાથજી, કંઇ સુણી આનંદ વાત;
તે તે ખરી કે ખોટી પ્રભુ, વારૂ વાત વિખ્યાત. રાણી.
અવનવું અમે સાંભળ્યું, માનવામાં ન આવે;
જૂઠું તદપિ ભાવે ઘણું, વદતાં વેણ લજાવે. રાણી.
રાજા કહે સત્ય વાત છે, તમે સાંભળી જેહ;
ગર્ભધારણ અમે કર્યો, નારી માનો નિઃસંદેહ. રાણી.
આચાર્ય એવું બોલિયા, ભૃગુકુળે ખોટી ન ગાથ;
બીજી રાણી કહે હસો તમે, દાબી બીજીનો હાથ. રાણી.
રાજા કહે સત્ય વાત છે, ખોટું નહિ તલભાર;
એવે ભોજન વેળા થઇ, ઉઠ્યાં ભામિની ભરતાર. રાણી.
પુરમાં તે વાત પસરી ગઇ, બોલે લોકો વ્યંગ;
વિપ્રજન કહે વરણવું, નવલા નગરના રંગ. રાણી.

(વલણ.)

નવલા રંગ હું વર્ણવું, યથામતિ અનુસાર રે;
વાયુ વેગે વાત ચાલી, ઘેરે ઘેર ને બહાર રે.

૩૯. માંધાતા અને ગર્ભના ચાળા.

(રાગ મેઘમલ્હાર.)

પટરાણી રાયે તેડાવી, તે આવી કે બોલ્યો રાય રાણી!
કારણું કષ્ટ અતિશે મુજને, મહાવ્યથા અંગે થાય રાણી.
આ જો આ જો મારા ઉદરમાં, ઉંચું નીચું શું થાય રાણી;
ગોળા સરખું કંઇ ચઢી આવે, જોત જોતાં તે જાય રાણી.
વાત શી વસમી તુજને ભાખું, મને કંઇ કંઇ થાય રાણી;
જાણે વિશ્વને જીતું વેગે, કંપી ઉઠે મારી કાય રાણી.
હું તુજને પેરે પૂછું છું, ગર્ભવંતાંને કેવું થાય રાણી;
મહા મહા યત્ને મન હું મારૂં, તોય રૂઝે ન લાગ્યો ઘાય રાણી.
ચિંતા અનેક પ્રકારની મારા, ચિત્ત વિષે તો થાય રાણી;
વર્ણવીને વધારે શું ભાખું, હૃદય ચીર્યું ન ચીરાય રાણી.
ગર્ભ ધારંતાં સર્વ સ્ત્રી જનને, મહા મહા સુખ થાય રાણી;
માનિની મન કેરા મનોરથ, પ્રેમી પતિથી પૂરાય રાણી.
મારા મન તણી જે ઇચ્છા, તું કે' સફળ શે થાય રાણી;
શું કરવું ને શું નવ કરવું, તેના ગુણ મેં કેમ ગવાય રાણી.
વાત કરવા ઠેકાણું ન મારે, વાત વસમી કોને થાય રાણી;
મન.મારૂં ભરાઇ આવ્યું અતિ, તુંને કે'તાં દિલ ડરાય રાણી.
કહ્યા વિના જ્યારે નવ ચાલ્યું, વળી કહ્યે કષ્ટ ઓછું થાય રાણી;
એમ જાણી તુજને બોલાવી,ભાખું ગુપ્ત જોઇએ સુખ થાય રાણી.
મારા મનમાં એમ આવે છે, ખઇએ તેટલી માટી ખવાય રાણી;
તુજને વિનવી હું પૂછું છું, એ ખાધે અનર્થ કંઇ થાય રાણી.
શું વા'લી રાણી વા'લ હું દાખું, મારા મનમાં કંઇ કંઇ થાય રાણી;
ઠીકરાં મુજને ખાવાનાં ભાવે, જે ચાવ્યા નવ ચવાય રાણી.

મારૂં દુ:ખ તો હું એક જાણું, જે થવાનું તે થાય રાણી;
કોયલા કાળા મેશ સરિખા, તે ખાવામાં મન ભરાય રાણી.
એક પાસે હું સૂઇ રહું તો, સૂતાં સુખ ન થાય રાણી;
બેઠું બેસાય ન સૂતું સૂવાય ન, રજ ફર્યું ન ફરાય રાણી.
મહા કષ્ટ કામનીઓ સહેતી, જેને સંતાન ઘણાં થાય રાણી;
નરસુખ અર્થે નારી દુ:ખ વેઠે, હરહર ત્રિપુર રાય રાણી.
મહા મહા કષ્ટ કાયે હું વેઠું, વિચાર વસમા થાય રાણી;
આ કષ્ટનું ફળ કયમ કરી પામીશ, પુત્ર ક્યાંથી પ્રસવાય રાણી.
હું યુવનાશ્વ મેં વિશ્વને જીત્યું, તેને આવું શે થાય રાણી;
મેં જીત્યા તે મુજને જીત્યા, વેરી વગોવી મુજને વા'ય રાણી.
મારૂં શૂરત્વ શાંત થયું સહુ, દુ:ખ મટે ન રાજ્ય થાય રાણી;
પુત્રની માતા મને સહુ કહેશે, હીર હૈયાનું હરાય રાણી.
તું વિચારી તારા મનથી જોને, આવું કષ્ટ વિશ્વે કોને થાય રાણી;
હવે મારાથી તો કોઇ દિવસ, વસમા વેરી ન વરાય રાણી.
અરે વૈરીની વાત શી ભાખું, જે વરી વનિતાથી દુ:ખ થાય રાણી;
પાંચ પચીસ મળીને આવે, હાંશી કરી પેરે પળાય રાણી.
કોઇ પૂછે પ્રિય પતિ કેમ છે, કહો તમને કંઇ દુ:ખ થાય રાણી;
કોઇ પટકૂળ મુખ આડું ધરીને, બીજીની અંગુલી સા'ય રાણી.
ગુપ્તપણે હાસ્ય કરી બોલે, તે જાણુ મુને સહુ થાય રાણી;
તુજને પૂછું કહે મારાથી, શું તેમને કંઇ કરાય રાણી.
કોઇ કહેતી ધન્ય ભાગ્ય તમારૂં, સર્વ પ્રકારે સુખ થાય રાણી;
સર્વના મનની વારતા પૂરી-પેરે હું'થા પમાય રાણી.
શું કરવું તે સૂઝે ન મુજને, વાંકા દિને શું થાય રાણી;
વિવિધ વિચાર્યું એળે જાતું, મોત આવ્યા વિના શે મરાય રાણી.
વિશ્વ સઘળાનું રમકડું આ, રાજા થયો તે થાય રાણી;
વારતા શી વસમી મારે કરવી, ચોવિધિ ચિત્ત ચૂરાય રાણી.

અનેક પ્રકારે મન હું મારૂં, તોયે તે શાંત ન થાય રાણી,
હવે તું કહે તે કરવું મારે, પટરાણી પૂરી પંકાય રાણી.
જે તારાં દુઃખ મેં ટાળ્યાં હોય, તો કરય તારાથી સુખ થાય રાણી;
જીવ ઝાલ્યો મારો રહેતો નથી, ઝાઝેરી પેર ઝુરાય રાણી.
જે કહેવાતું હતું તે કહ્યું મેં, તું કહે જેણે મને સુખ થાય રાણી;
દીનહીન હું દામણો થઇ કહું, લાવ્ય મનમાં મારી દયાય રાણી.

(વલણ.)

દયા લાવ્ય દિલ મધ્ય મારી, દુઃખ દહે અપરંપાર રે;
વિશ્વપતિ ચઢય વા'રે મારી, ભરદુઃખસાગરથી તાર રે.

---

૪૦. પ્રસવકાળ.

(રાગ મેવાડો.)

ગુણવંત તમે ગભરાવ શે, થશે સારૂં સર્વ હો રાણાજી;
દુઃખના ડુંગર તો ટળી જશે, પામીશું પુત્ર રૂપિયું પર્વ હો રાણાજી.
દસમા દિવસ વેગે વહી જશે, વેરી વશ થાશે સર્વત્ર હો રાણાજી;
ગુંકુળ બાણતું જે નીપાવ્યું, જળ મહા મહા કરીને સર્વત્ર હો રાણાજી.
નિષ્ફળ તે કોઇ દિન નહિ થશે, પ્રસવશે પુત્ર સુરૂપ હો રાણાજી;
કયા કર્મની કોઇને, જાણ્ય થાય ન જો મોટો ભૂપ હો રાણાજી.
પે'લાં વેરી થઇ નીવડે, વળી વાર્યાં ન તેડ વરાય હો રાણાજી;
એ સર્વ અમે તમે જાણીએ, ખાળવા જતાં જોડ ન ખળાય હો રાણાજી.
હો તેનું કેમ કીજીએ, મુને ઉચ્ચાટ વિધ વિધ થાય હો રાણાજી;
શુભ શુકન કેરી સૂચના, મારા પિયુજી થતી કહેવાય હો રાણાજી.

માટી ખાવાનું મન થાય છે, તેનું ભવિષ્ય આવું ભણાય હો રાણાજી;
આખી પૃથ્વીને જીતે જોરથી, એવો પુત્ર તેણે પ્રસવાય હો રાણાજી.
દીકરાંની વાત તમે કરી, તેની ગાથા આવી ગણાય હો રાણાજી;
ત્રાંબા જેવો તન રંગમાં, સહુ વિશ્વને જીતી જાય હો રાણાજી.
એવો સુત સુલક્ષણો, મહા બળિયો પ્રકટાય હો રાણાજી;
હવે કાળપ વાળા કોયલા, તેનું મન થયે શું થાય હો રાણાજી.
તે હું જાણું તેવું કહું, ગુણવંતી ગોરીમાં જે ગણાય હો રાણાજી;
સર્વ અરિમુખને કાળાં કરી, મોટો મહિપતિ મહિમાં થાય હો રાણાજી.
એવો સુત ઉદે થશે, ચિંતા તમારી ચૂરાય હો રાણાજી;
સ્વપ્નાં સારાં આવે સ્વામીજી, તેનું શુભ ગણ્યું ન ગણાય હો રાણાજી.
દુઃખ પછે સુખ સર્વને, મન માન્યું મળે ભણાય હો રાણાજી;
તેવું આપણને સહુ થશે, સારું માઠું એ દિન કહેવાય હો રાણાજી.

વલણ.

સારૂં માઠું કહેવાય એ દિન, અંતે સુખ થાય સર્વથા રે;
આવી પડયું માથે વેઠવું, કેવી કર્મની કોને કથાય રે.

૪૧ અનિરૂદ્ધની ચોરી.

(રાગ મારૂ.)

ઓખા કહે છે સૂણ સાહેલી, લાવ નાથને વ્હેલી વ્હેલી;
બાઇ તું છે સુખની દાતા, લાવ સ્વામીને થાય સુખશાતા.
ઓખા તને તો પડયો એ હેવા, સખી આણવાના ઉપાય કેવા;
તને પરણ્યા તણું મન થાય, નથી લાવ્યાનો એકે ઉપાય.
દૂર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારી વતી;
ત્યાં તો જઇ ન શકે રાય શક્ર, રક્ષાકારણ ફરે છે ચક્ર.
જીવતાં તો ફરી ન અવાય, નિશ્ચે મસ્તક છેદન થાય;
જાવું જોજન સહસ્ત્ર અગિયાર, તારો કેમ આવે ભરથાર.
નયણે નીરની ધારા વહે છે, કર જોડીને કન્યા કહે છે;
બાઇ તારી ગતિ છે મોટી, તને તો ન કરે કોઇ ખોટી.
સહિયરને સહિયર હોય વ્હાલી, બાઇ તેં મને હાથે ઝાલી;
આપણે એ બાળસંઘાતી, તું તો પ્રાણદાતા છે વિધાત્રી.
માબાપ વેરી થયાં મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તારાં;
ચિત્રલેહા કો તું દીનદયાળ, એમ કહીને પગે લાગી બાળ.
ચિત્રલેહાયે ધારણા દીધી, પછી કાયા પક્ષિણીની કીધી;
બોલી ચિત્રલેહા સત્ય વાણી, ક્ષણ એકમાં આપું આણી.
તેશું પરણાવું રૂડી રીત, તો તું જાણજે મારી પ્રીત;
ઓખા કહે રહેજે રૂડે આચરણે, રખે આનંદને તું પરણે.
સખી સુંદર વરને જાણી, થાતી તું પટરાણી;
એનો અતિશે છે હાથ રૂપાળો, રખે મેળવે તું હાથેવાળો.
બાઇ જાદવ વર છે રૂડો, રખે પેહેરીને બેસતી ચુડો;
બાઇ જઇને આવજે તર્તે, રખે તે સાથે મંગળ વર્તે.

સખી આવજે વેહેલી વેહેલી, વહાણું વાતાં પહેલી પહેલી;
આઇ તારો છે વિશ્વાસ, રખે કરતી મને નિરાશ.
કોઇ ન જાણે એવું કરજે, વેગે સ્વામીને લઇને ફરજે;
જો જાણશે પિતા બાણ, તો તો આપણા લેશે પ્રાણ.
તું તો કરજે સ્વામીનું જતન, મુજ રાંકને હાથ રતન;
પછે પંથે વળાવી વિધાત્રી, પક્ષિણી મન વેગે જાતી.
દ્વારિકા પહોંચી કામિની, છેલી દોઢ પહોર જામિની;
જાવા કીધું નગરમાં મન, એવે આવ્યું સુદર્શન.
જેવું મસ્તક છેદે પળમાં, કન્યા પેઠી ગોમતીના જળમાં;
એવે નારદ ઋષિ ત્યાં આવી, ચક્રભયથકી કન્યા મુકાવી.
કહે નારદ સુદર્શન, એને લઇ જવા દેજે તન;
એ તો કામ છે કૃષ્ણને ગમતું, માટે રખે તું એને દમતું.
પછે ઉદકની અંજલિ લીધી, મંત્રે વિધાત્રી નિર્ભય કીધી;
તામસી વિદ્યા ઋષિએ આપી, પછે પીઠ પ્રેમદાની થાપી.
હવે અલ્પ રહી છે રાત્રિ, જા લે અનિરૂદ્ધને તું વિધાત્રી;
ગયું ચક્ર તે પશ્ચિમપાસે, ઋષિ નારદ વળ્યા આકાશે.
ચાલી ચિત્રલેહા જોતી ગામ, સામ સામાં શોભિતાં છે ધામ;
સપ્ત ભોમના ભવન તે ભાસે, જોતાં ભૂખ તરસ તે નાસે.
બહુ કળશ ધ્વજા બિરાજે, જોતાં અમરાપુરી તો લાજે;
શોભે છજાં ઝરૂખા ને માળ, મણિમય થંભ ઝાકઝમાળ.
વાંકી બારી ને બહુ જાળી, નીલા કાચ મૂક્યા છે ઢાળી;
લીપી ભીંતે સોનાની ગાર, ચળકે કામ તે મીનાકાર.
ભલાં ચૌટાં શેરી ને પોળ, સામસામી હાટની ઓળ;
ચોફેર તે વાટિકા કુંજ, કરે ભ્રમર તે ગુંજાગુંજ.
દીસે દ્વારિકાં વૈકુંઠ સરખી, ચિત્રલેહાયે નગરી નરખી.
દુર્ગ કોસીસાં રૂડાં બિરાજે, ચારે પાસે રત્નાગર ગાજે;

ત્યાં ગોમતીનો સંગમ, ઉદ્ધરે સ્થાવર ને જંગમ.
શકે અવાસ અડશે વ્યોમ, જાણે વૈકુંઠ આણ્યું ભોમ;
ઘેરઘેર હરિગુણ ગાય, ચિત્રલેહા તે જોતી જાય.
વસુદેવનાં ઘર નીહાળી, ગઇ જ્યાં વસે શ્રી વનમાળી;
સોળ સહસ્ત્ર નારીવિહારી, દીઠા ઘેરઘેર દેવ મુરારી.
હરિના સાઠ લાખ છે તન, જોયાં તેહ તણાં ભુવન;
જોયું કામ ધામ ઝાતકાર, દીઠો મેડિયે કામકુમાર.
અનિરૂદ્ધ સુતો છે હિંડોળે, ત્યાં દાસીયો વાયૂ ઢોળે,
શોભે દીપક ચારે પાસ, બે ચરણ તળાંસે દાસ.
ત્યાં બાવના ચંદન બ્હેકે, બહુ હિંડોળે ફુમતાં લ્હેકે;
કામકુંવર તે કામ જ જેવો, ચિત્રલેહાને ચોરી લેવો.
લેવા કુંવરનું કારણ, સમર્યું નિદ્રાનું ધારણ;
રાતે જે કોઇ જાગતું હતું, તે તો જે જેમ ને તેમ સૂતું.
ધારણ ભારણ ભારી કાયા, વ્યાપ્તમાન થઇ જોગમાયા;
અનિરૂદ્ધ તણી કિંકરી, તે તો સૂતી નિદ્રાયે ભરી.
ચિત્રલેહા ઘરમાં ગઇ, પણ કુંવર જાગ્યો નહિ;
ત્યાં વિચાર અંતરમાં કીધો, કડાં કાઢી હિંડોળો લીધો.
બે બે દાંડી કરમાં ઝાલી, ખેચરીગતે ચતૂરા ચાલી;
કરે યત્ન અંતરમાં વહાલ, એવી ઉડી જે આવે ન આળ.
ગોવિંદે ગોઠવણી કીધી, જાણી જોઇને જાવા દીધી;
ઘેર ઓખા જુવે છે વાટ, નાવ્યા નાથ ને થાય ઉચાટ.
એવે સાંભળી પાંખજ વાગી, ત્યારે ઓખાની આરત ભાગી;
લાવી ચિત્રલેહા કહેવા લાગી, આપ વધામણી સુખ માગી.

૪૨. અનિરૂદ્ધ અને બાણનું સૈન્ય.

(રાગ મારૂની દેશી.)

ઓખા કહે કંથ એમ ન કીજે, બળીયાશું વઢતાં બીહીજે;
એ ઘણા તમો એક જાતે, સેના મોકલી મારા તાતે.
દૈત્યને વાહન ને તમે પાળા, નાથજી તમે હાલામાલા;
એને ટોપ કવચ ને બખતર, તમારે અંગે સોહે પીતાંબર.
દૈત્યને સાંગ બાણ બહુ ભાલા, એ કઠણ તમે સુંવાળા;
એ તો મદોન્મત્ત બહુ બળિયા, તમે સકોમળ પાતળિયા.
સ્વામી પછે અસુરને ભેદો, પેહેલાં મસ્તક મારૂં છેદો;
તમને દેખી દેખીને રે મોહું, તમે જુદ્ધ કરો તે કેમ જોઉં.
ઇચ્છા અંતરની ગઇ ફીટી, દૈત્યે માળીયું લીધું રે વીંટી;
પ્રભુ પ્રાણ કંપે છે મારા, મુવા દૈત્ય કરે છે હોકારા.
ઘણું ક્રોધી વીરોધી છે બાણ, હાકે ઇંદ્રનું જાએ ઓસાન;
જગ્ત ભય પામે બાણની હાકે, બાણે પૃથ્વી ચડાવી ચાકે.
જેને નાદે મેરૂ હાલે, ચક્રવર્તી સાથે નહિ ચાલે;
ક્ષત્રી સાથ રહે સર્વ બીહીતો, નાથજી તમે કઇ પેરે જીતો ?
મંત્રી દાંત રહ્યો છે કરડી, શું જાઓ છો મૂછ રે મરડી;
માટે પેહેલાં તે મુજને મારો, પછે નાથજી રણમાં પધારો.
શશી સૂર્યવંશી નૃપ જેહ, તેની થરથર ધ્રુજે દેહ;
પ્રધાન ક્રોધી પાવકની જ્વાળ, તેથી વિશેષ બાણ ભૂપાળ.
એમ કહી ભરતી લોચન, દેખી વારે છે સ્વામિન;
કંથ કહે ન કરૂં સંગ્રામ, તો નાસી જવાનો કુણ ઠામ.
અંતે જીવતાં છૂટશું નહિ, કાં ન મરીએ સામા થઇ;
નથી ઉગરવાનો ઉપાય, માટે ભય પામે શું થાય ?
નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાએ એક પળમાં;

મધુઅર બોલે ને મણિધર ડોલે, ન ડોલે તો સર્પને તોલે.
ઘન ગાજે કેસરિ દે ફાળ, ન ઉછળે તો જાણવો શિયાળ;
ક્ષત્રી નાસે દેખીને દળ, ન્હાએ પુરૂષ જાણવો બ્યંડળ.
હાંકયો વાઘ ન માંડે કાન, શાર્દુલ નહિ જાણવો શ્વાન;
ઘરમાં બોબારો રહે પેશી, યુધ્ધે ચરણ વહોણો રહે બેશી.
એમ કહીને ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી;
અસુર સેનાપર કોપિયો, છજે થકી ઠેકીને પડીયો.
જેમ ગ્રાહ પેસે બહુ જળમાં, તેમ અનિરૂદ્ધ પેઠો દળમાં;
જેમ ઇંદ્ર પેસે વાદળમાં, તેમ અનિરૂદ્ધ ધાયો બળમાં.
દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો, ગાજ્યો અનિરૂદ્ધ ઘન અખાડો;
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળ પ્રહારે ધરણીએ ઢાળ્યા.
કૌભાંડે સેનાને પ્રેરી, જાદવ જોધ્ધો લીધો ઘેરી;
ગજ જુથમાં લઘુ કેસરી, બહુ વીંટી વળ્યા છે વેરી.
ચંદનને બાવળિએ ઝીંટી, અસુરે અનિરૂદ્ધ લીધો વીંટી;
દાનવ કહે માનવ શૂંપ, અમે સિંહમાં મૃગબાળ તૂંય.
મુગટ મંત્રીને ચરણે ધરો, તો તો મૃત્યુ થકી ઊગરો;
મંત્રીવાયક એવાં સાંભળી, ધાયો અનિરૂદ્ધ બહુ ઊકળી.
નાંખે દૈત્ય ભારી મદ્‌ગલ, તેમ અનિરૂદ્ધ ભૂજ ભોગળ;
વીશ સહસ્ત્ર અસુર ત્યાં ત્રુટયા, એકી વારે બહુ શર છુટયાં.
આયુધધારા રહી છે વરસી, પડે પરીત્ર પટી ને ફરસી;
દાનવ ધાયા છે ટોળે ટોળાં, વરસે ભિંડીમાલ ને ગોળા.
થાય દુંદુભીના ગડગડાટ, થાય ખડ્‌ગતણા ખડખડાટ;
હાકયા હસ્તી દે હલકાર, થાય ખડ્‌ગતણા ચળકાર.
મંત્ર અગ્નિના ધુધવાટ, બોલે બાણ તણા સુસવાટ;
રથ ચક્ર ગાજે ગડગડાટ, હોય હય તણા હણહણાટ.
છૂટે બાણો સણસણાટ, થાય ગગને ધજા ફડફડાટ;

દેખી દોહલો નાથનો ઘાટ, થાય ઓખાને ઉચ્ચાટ.
દાનવ વાળ્યો દાટ, અનિરૂદ્ધ મુકાવે વાટ;
કોઇને ઝીકયા ઝાલીને કેશે, કોઇને ઉરાડયા પગની ઠેશે.
કોઇને હણ્યા ભોગળને ભડાકે, કોના મુખ ભાંગ્યાં લપડાકે;
કોઇ અધસરતા કોઇ પૂરા, એમ સેના કરી ચકચૂરા.
તે રણ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્લાસે;
મેં તો આવડું નહોતું જાણ્યું, ચિત્રલેખાએ રત્ન જ આણ્યું.
શોણિતસ્પર્શ થયો છે ડીલે, નાથજી રણ રૂધિર ઝીલે;
ભડ ગાજ્યો ને પડયું ભંગાણ, નાઠો કૌભાંડ લઇને પ્રાણ.
હવું બાણાસુરને જાણ, એક પુરુષે વાળ્યો ઘાણ;
અસુરેશને ચડયો કોપ, સજ્યાં કવચ આયુધ ને ટોપ.
સર્વે સૈન્ય તે તત્પર કીધું, ચડયો રાય દદામું દીધું;
પ્રલય અગ્નિ જેવો જાજ્વલ્ય, બાણરૂપ થયું મદ તૂલ્ય.
ચડયો રાય ક્રોધે ગડગડયો, જાણ્યું ઓખાએ રણ તાત ચડયો;
સૈન્યના લોક આગળ ચાલ્યા, કરમાં બહુ ભાલા ઝાલ્યા.
વાગી હાક ને ચડયો બાણ, તે તો થયું ઓખાને જાણ.

(વલણ.)

જાણ થયું જે તાત ચડયો, કુણ જીતશે સહસ્ર હાથ રે;
આંસૂડાં ભરતી ને શોક ધરતી, ઓખા સાદ કરતી નાથ રે.

૪૩. કેદી અનિરૂદ્ધ ને ઓખાની પ્રાર્થના.

(રાગ બેહાગ.)

દયા ન આવી ઓખા રડે રે, છે દૈત્યપતિ દુરમત; મારી સજની.
બાકરી બાંધી ત્રિજવર સાથે, વેર વધાર્યું સત્ય; મારી સજની.
પાતળિયા પંકજ પિયુજીને, નાગપાશના બંધ; મારી સજની.
બાંધી લીધો બળ કરીને, કોમળરૂપ મદન; મારી સજની.
ધાજો રે ધરણીધર શ્રીવર, આપદા પામે નાથ; મારી સજની.
પુત્ર તમારા ઉપર પ્રહાર જ, કરે છે દૈત્યનો સાથ; મારી સજની.
ભારે દગ કૈબાંડે મેલ્યું, વકાર્યો બળીવીર; મારી સજની.
તોએ રણથા નવ ઓસર્યો, સાગરનું જેમ નીર; મારી સજની.
ભેદ કરીને બાંધા લીધા, શા નાગપાશના બંધ; મારી સજની.
શ્વાસ ન માએ બહુ અકળાએ, અંગ આકર્ષ્યા સંધ. મારી સજની.
તાપ સમાય નહિ સ્વામીને, હું કરૂં દેહની પાત; મારી સજની.
વાર લાગે લક્ષ્મીવર તમને, તો થાશે મહા ઉત્પાત; મારી સજની.
કમળમુખ શ્રમથી સુકાયું, કન્યા કરે આક્રંદ; મારી સજની.
અનિરૂદ્ધ સમરે સામળીયાને, કમળાવર ગોવિંદ; મારી સજની.
ત્રાહે ત્રાહે રે ત્રીકમજી, સુતની કરજો સહાય; મારી સજની.
વિપત વેળા વહારે ચઢીને, કરો ભગતની રક્ષાય; મારી સજની.
ગજ ગ્રાહથી મુક્ત પમાડયો, કીધી હરિશ્ચંદ્ર રક્ષાય; મારી સજની.
દાનવકુળ નિકંદન કીધાં, કીધી પ્રલ્હાદની સહાય; મારી સજની.
આજ આંખેથી આંસુડાં ચાલે, જાશે મારા પ્રાણ; મારી સજની.
સુખ શરીર શાતા નહિ અંગે, લાગો દવ નિર્વાણ; મારી સજની.
મનસા વાચા એ વર વર્યો, અવર તે મિથ્યા જાણ; મારી સજની.
રૂપ અને ગુણવંતો સ્વામી, સત્ય કહું છું પ્રાણ; મારી સજની.

તાત કઠોર દયા નહિ હૃદયે, કોમળ મારો કંથ; મારી સજની.
પ્રહાર કરીને બાંધી રે લીધો, શ્રી હરિ વેગળે પંથ; મારી સજની.
કોણ સહોદર આવે અવસર, શોધ કરવાને જાય; મારી સજની.
તાત ભ્રાતને જાણ નહિ તો, કુણ ઉઠીને ધાય; મારી સજની.
પિતા પીઉજીને વેરી રે દેખે, પરભવે બહુ પેર; મારી સજની.
નાગતણા ફૂંકાર હળાહળ, ફેરવી નાખે લહેર; મારી સજની.
ટળવળે અંગ અગ્નિ રે ઉઠયો, કંઠે પડયો શોષ; મારી સજની.
પૂર્વતણાં કર્મ આવી નડયાં, કોને દીજે દોષ; મારી સજની.
તાત કહે તો કાયા રે પાડું, વિષ ખાઉં આ વાર; મારી સજની.
સ્નેહ ન જાણે કોઇ રે મનનો, કાં પીડે ભરથાર; મારી સજની.
તાત તણે મન કાંઇ નહિ, મુને સબળો લાગે સ્નેહ; મારી સજની.
છોરૂ પોતાનાં જાણી કીજે, દયાળ ન દીજે છેહ; મારી સજની.
બાણાસુર મહા પુરૂષ ગ્નાતા, જેથી ચૂક ન થાય; મારી સજની.
બાળક ઉપર પ્રહાર શો કરવો, જદપી હોય અન્યાય; મારી સજની.
વહાલા થઇને વેર જ વાળો, શું નથી આવતી લાજ; મારી સજની.
નીચ પદાર્થ નથી કુળ નીચું, કૃષ્ણકુંવર મહારાજ; મારી સજની.
નીચું નાક ન હોય એથી, નિરર્થક શો સંગ્રામ; મારી સજની.
મોટા સાથે વિરોધ ન કરીએ, નહિ હળધર શ્યામ; મારી સજની.
સકળ પૃથ્વી ચાકે ચડાવી, અસુરનો ફેડયો ઠામ; મારી સજની.
વેર વધારી વિઠ્ઠલ સાથે, કયાં કરશે વિશ્રામ; મારી સજની.
સ્વામી મારાને શીર સમરથ, તેને ચઢશે કોપ; મારી સજની.
ભદ્ર ઇચ્છે જો તાત પોતાનું, વિપતનું બીજ મા રોપ; મારી સજની.
જુદ્ધ સમે આકાશે રહીને, જુવે છે નારદ દેવ; મારી સજની.
ભય મા આણીશ અમો જશું દ્વારામતી, જુદ્ધ કરશું તતખેવ; મારી સજની.
નિર્ભય રાખી વીણાધર ગયા, પરવરીયા આકાશ; મારી સજની.
મહોંચ્યા ઋષિ ઉતર્યા હેઠા, ભેટયા શ્રી અવિનાશ; મારી સજની.

(વલણ.)

ભેટયા શ્રી અવિનાશને, કુશળ વારતા પૂછે વળી;
કહે નારદ અનિરૂદ્ધને રાખ્યો, કારાગૃહમાં દૈત્યે મળી.

૪૪. પુત્રીને માતૃબોધ.

(રાગ ધન્યાશ્રી.)

પુત્રી પધારો રે, સૌભાગ્ય સાસરે, ભાગ્ય તમારૂં રે, તુલના કુણ કરે;
અમે અપરાધી બહુ, અવગુણ ભર્યાં, પુત્રી તમને રે. અતિ દુખિયાં કર્યાં.

(રાગ બીભાસની.)

દુઃખ પાંમી દીકરી તે, મરણ લગી કેમ વીસરે;
માતા પિતા વેરી થયાં તારાં, મનની ખટપટ કેમ નીસરે.
બાઇ બાપે તુંને બંધનમાં રાખી, દુઃખ વેઠયું બહુ દીકરી;
મોટું ઘર પામી તે તો, તું તારે ભાગ્યે કરી.
ઉગ્ર પુણ્યે ઓખાબાઇ તમો, પામ્યાં અનિરૂદ્ધ નાથને;
તે સુખ આગળ દુઃખ વિસાર્યું, જોખમ બાણના હાથને.
શિક્ષા દઉં તને દીકરી, મારી તારી લાજ વધારજે;
જો પ્રીતે પીયુ આજ્ઞા આપે, તો પિયરભણી પધારજે.
ઉગ્રસેન હળધર પ્રદ્યુમન, વાસુદેવ ત્રિભુવન ધણી;
શ્વસુર પક્ષમાં સર્વ કુટુંબની, સેવા ભક્તિ કરજે ઘણી.
રુક્મિણી જાંબુવતી ને ભદ્રા, સત્યભામા સત્યા સુંદરી;
લક્ષ્મણા કાલિંદી વૃંદા, અષ્ટ પટરાણી ખરી.
રતી રંભાવતી દેવકી, માયાવતી સતી રેવતી;

રખે દીકરી આળસ કરતી, તું ચરણ તેના સેવતી.
રૂડી ભુંડી વાત સાંભળી હોય, કોઇ આગળ નવ ચેહેરીયે;
ઉઘાડા કેશ ન મુકીએ, ઘણું ઝીણું વસ્ત્ર ન પહેરીએ.

કામ ઘરનાં બતાવ્યાં કરિયે, ન કરીયે કાંઇ અરુંપરું;
પૂછ્યા પૂકે સૂક્ષ્મ સાદ, બોલીએ જઇને ખરૂં.
પાત્ર પગે નવ ઠેલિયે, ક્ષમા રાખીએ બહુ ઉદરે;
આઘું ઓઢી ચાલીએ, રાખીએ દૃષ્ટિ ભૂમિપરે.

સંતાપ સાસરે ન કીજીએ, પિયરને ન વખાણિયે;
લક્ષ દુઃખ હોય સાસરે, પણ સ્વામીને ન જણાવિયે.
દાસી માણસનો સંગ ન કીજે, નીચને મળે માઠું સહી;
સાસુ રીસ કરે ઘણી, પણ સામો બોલ કરીએ નહિ.

સાસુ નણંદ ને જેઠાણીની, સેવા ભક્તિ કરજો ઘણી;
પર ઘેર નિત્ય જઇએ નહિ, ગયે હલકાઇ થાએ આપણી.
મોટે સ્વરે હસીએ નહિ, કોઇ સાથે તાળી નવ દીજીએ;
ઉભાં રહી ઉઘાડે માથે, પુત્રી પાણી ન પીજીએ.

ભરથાર પહેલું જમીએ નહિ, બાઇ ઉચ્છિષ્ટ જમીએ નાથનું;
તુંકારીએ નહિ સેવક આદે, મન રાખીએ સર્વ સાથનું.
માત પિતા ને ભ્રાત ભગિની, પિયર સુખ ન સંભારીએ;
આવો બેસો જી જી કહીને, કુળની લાજ વધારીએ.

સહુને ગમતું બોલીએ, બાઇ અહંકાર કરીએ નહિ;
હસતું વદન નિત્ય રાખીએ; સુખ દુઃખ સમાન ગણીએ સહી.
દિવસે ન સુઇએ દીકરી, બહેન, વચન પિયુનું પાળીએ;
સાસુજી જ્યારે સાદ કરે, ત્યારે જી જી કરી ઉત્તર આલીએ.
શ્વસુર જેઠની લાજ કીજે, ન બોલીએ ઉંચે સ્વરે;
એમ ઘણી શીક્ષા દઇ માતા, પુત્રીને વિદાય કરે.

(વલણ.)

વિદાય કરે પુત્રીને, ધન વસ્ત્ર દઇ અપાર રે;
માતપિતા વળાવવા આવ્યાં, સાથે કુટુંબ પરિવાર રે.

૪૫. કામપીડિત નળ.

(રાગ વસંત.)

અનંગ અનળ તે નળને પ્રગટ્યો, વન ગયો વહ્નિ સમાવા;
હયે બેઠો ચિંતામાં પેઠો, લાગ્યો આકુળ વ્યાકુળ થાવા. અનંગ.
નીલાં વસ્ત્ર ને નીલો વાઘો, મૃગયાનો શણગાર;
અઘોર વનમાં રાયે દીઠું, માન સરોવર સાર. અનંગ.
સુભટ સાથે કોઇ મળે નહિ, એકલો ન પડે ગમ્ય;
હય થકો હેઠો ઉતરીને, વન જોવા લાગ્યો રમ્ય. અનંગ.
વૃક્ષ વારુ ચારોળીનાં, ચંદન ચંપા અનંક;
નાના વિધનાં પુષ્પને ભારે, વળી રહ્યાં છે વંક. અનંગ.
મોગરો મરડાઇ રહ્યો ને, મગી અરણી ને મરેડી;
આંબલી આવળ ને અગથિયા, ખેખરાં ને અરેડી. અનંગ.
કદલિ થંભ શોભે અતિ સુંદર, સાકર સરખી શેલડી;
લવિંગલતા ને લિંબુ લલિત વળી, વિરાજે વૃક્ષ વેલડી. અનંગ.
નાળીએરી નારંગી નૌતમ, નીચાં નમ્યાં બહુ નેત્ર;
ફોફળી ફાલસી સુંદર દીસે, ખજુર, ખારેકનાં ક્ષેત્ર. અનંગ.
પીપળા પીપળી વડ ને ગુલર, દાડમડી ને પલાશ;
અશ્વથી ઉતરી નળ રાજાએ, વન નિરખ્યું ચોપાસ. અનંગ
જળ ફળ સબળ દેખી નળ હરખ્યો, ઉત્તમ આંબા સાખ;
બાબચી બીજોરી ને ચીનીકબાલા, ઝુલે ઝુમખા દ્રાખ. અનંગ.

સુંદર કુમુદની સરોવર માંહે, વાયુ પ્રહારે નમંતી;
દેખી અનળ તે ભમણો વ્યાપો, સાંભરી દમયંતી. અનંગ.
શીતળ વાયુ વહ્નિ સરખો, લાગે રાયને તન;
નમ્ર વૃક્ષ છે કદળીનાં, તેને દેતો આલિંગન. અનંગ.
રંભન ચુંબન કરે કેળને, થડથી મરડી પાડે;
મુખથી શબ્દ કરે જેમ કોઇ, મોટો મેગળ ત્રાડે. અનંગ.
એવે સમે બહુ હંસ ત્યાં દીઠા, સુવર્ણનાં છે અંગ;
તે દેખી દમયંતી વીસરી, ટળી ગયો અનંગ. અનંગ.
નહોતું દીઠું તે મેં દીઠું; આવ્યો દીસ અનુક્રમી;
આવી કનકની જાત પંખીની, બ્રહ્માએ કયારે નિરમી. અનંગ.
એકે હાથ પડે એમાંથી, પાળું પાસે રાખું;
રમાડું જમાડું એને, દુઃખદહાડા ખોઇ નાંખું. અનંગ.
શસ્ત્રપ્રહાર કરૂં જો એને, તો એ થાય નિધન;
ગ્રહણ કરવું જોઇએ જીવતું, ભૂપ વિમાસે મન. અનંગ.
એવે સકળ પંખીનો રાજા, દીઠો પૃથ્વી માંય;
વૃક્ષ તણે થડ નિદ્રા કરીને, ઉભો છે એક પાય. અનંગ.
તેને દેખી નળ મનમાં હરખ્યો, ભેદ કરી પરવરિયો;
અંબર ઓઢી અંગ સંકોડી, શ્વાસ રૂંધન કરીયો. અનંગ.
દ્રુમ થડ પુઠે નળ ભડ આવ્યો, બેશી આઘો ચાલ્યો;
લાંબો કર કરી લઘુલાઘવીમાં, પંખીનો પગ ઝાલ્યો. અનંગ.

વલણ.

ઝાલ્યો પંખી જાગી ઉઠયો, નળને કીધા ચંચના પ્રહાર રે;
પછે પોતાની વાણીએ કરી, કરવા લાગ્યો પોકાર રે.

૪૬. હંસનું દમયંતિવર્ણન.

(રાગ ધનાશ્રી.)

ભૂપ મેં દીઠી ગર્વ ઘેલડી, સખી બે મધ્ય ઉભી અલબેલડી;
કદળી સ્થંભ જુગલ સાહેલડી, વચ્ચે વૈદર્ભી કનકની વેલડી.

(ઢાળ.)

વેલ જાણે હેમની, અવેવ ફૂલે ફૂલી;
ચકિત ચિત્ત થયું માહરૂં, ને ગયો દૂતત્વ ભૂલી.
સામસામા રહ્યા શોભે, વ્યોમ ભોમ બે સોમ;
ઇંદુમાં બિંદુ બિરાજે, જાણે ઉડગણ ભોમ.
ઉભે અમિનિધિ કીરણ પ્રગટયાં, કળા થઇ પ્રકાશ;
જ્યોતે જ્યોતથી સ્થંભ પ્રગટયો, શું એથી થંભ્યો આકાશ.
કામનીનો પરિમળ બેહેકે, કળા શોભે લક્ષ;
શકે ધરાધર વાસ લેવા, ચડયો ચંદન વૃક્ષ.
કુરંગ મીનની ચપળતા, શું ખંજન જાળે પડીયાં;
નેત્ર અણિઅગ્રે શ્રવણ વિંધ્યા, સોય થઇ નીમડીયાં.
શકે નેત્ર ખેત્ર છે મોહનું, ડોડાળાં અંબૂજ;
ભ્રુવ શરાસન દૃષ્ટિ શર, હાવ ભાવ બે ભૂજ.
ગળ સ્થળ નારંગ કળશા, આદિત્ય ઇંદુ અકોટી;
અધર પ્રવાળી દંત કનકરેખા, જિહ્વા જાણે કસોટી.
કીર આનનપર શ્રીખંડ શોભે, કોયલ બોલે અણછતી;
વનલતા પર પંખી બેઠો, નવ રહેવાયું મારી વતી.
અધરરસ પર શ્વેત બિંદુ, મેં જાણ્યું કરૂં ગ્રાસ;
ઉદર સર આભરણ અંબુજ, જઇને પુરૂં વાસ.

નાભી નીકટ મેખલા, રહે ગમન સાથ અમારો;
રોમાવળી દ્રુમ કુચ ટોડા, ઉર મંડપ શું ઉવારો.
અંગ રંગ તરંગ યૌવન, જોતાં તૃપ્ત ન થઇએ;
ક્ષુધા તૃષા પીડે નહિ, રૂપ સુધામાં રહીએ.
કુચભૂષણ કદળી પત્ર ઉપર, શબ્દ તેનો ઉઠે;
ત્યાં બોલે પંચાનન પ્રહારથી, શું લાગો મેગળ પૂઠે.
કેળશાખાએ જલજ જુગમ ચઢયાં, ગજ એથી પામે ખેદ,
યુગ્મ અંબુજ તાંહાં મળીયાં, મળ્યા મધુકર વેદ.
સ્કંધ પદના તે કદળી સરખા, ખટ તોયજ તોય પાખે;
શુદ્ધ બુદ્ધ નવ રહી મારી, હું બોલી ઉઠયો અભિલાખે.
વદી વાણી વ્યોમચરની, પડયો મૂર્ચ્છા ખાઇ;
હાટક રૂપ દેખી સખી સાથે, મુજને ગ્રહવા ધાઇ.
મોહવારૂણી પી પડયો, કન્યાએ ગ્રહ્યો આવી;
ભુજ અંબુજ મેં પણ ભેધાં, તોએ મન નવ લાવી.
નાત ગામ ને નામ પૂછયું, સ્વામી તારો કૂણ;
રટણ રસનાયે કરે બાંધી, એવો વરણ નિપૂણ.
સ્વામી નળ ને વર્ણન નળનું, દૂત નળનો છું ય;
ગિરિ તરૂવર કે ધાતુ ફળ કે, કુસુમ નળ તે શું ય.
પ્રાણનળ કે ઉદરનળ, કે જળનળ ગ્રેહનો;
રહે તુજ મળ્યો કાંતિ કમળો, એ વરણ તેની દેહનો.
પરઅગ્ર વૃશ્ચિક આંકડો, ભેધું નિજ ભુજતળ;
શકે તારા નાથની એવી, કાયા છે કોમળ.
શબ્દ સુણી શ્યામા તણો, હું સહી રહ્યો તે કાળ;
તમ પ્રતાપે તારૂણીને, મેં નાંખી મોહ જાળ.
અમૃતઘટ થાયે જો કુણો, અમર પાન જ્યારે કરે;
વૈદર્ભીની વાણી સુધા જાણી, શેષ કુંભ પુરો ભરે.

વિનતાવદન વિધિયે કીધું, સાર શશીનું લીધું;
નક્ષત્રનાથને લાંછન ભાસે, કલંક લાગટ કીધું.
ગ્રહેશ ને શર્વરીપતિ તે, ગોપ્ય ઉભા ફરે;
વૈદર્ભીના વક્ત્ર આગળ, અમર તે આરતી કરે.
કચસમૂહની રાવ કરવા, વિધિ કને કળાધર ગયો;
કર અધર ચંદ્ર કાઢયો દેશે, તે અદ્યાપિ અંતરિક્ષ રહ્યો.
સંસાર સર્વનું સાર લીધું, દિવ્ય દેહડી થવા;
ઘડી દમયંતી ને ભુજ ખંખેર્યો, તેના તો તારા હવા.
જગ્ન જાગ ને ધર્મ ધ્યાન તીરથ, કીધાં હશે સમસ્ત;
તેને પુણ્યે પુણ્યશ્લોકજી, ગ્રહશો દમયંતીનો હસ્ત.
ભાગ્ય ભૂપ એ તમ તણું, જે વરશે વૈદર્ભી વળી;
વેવિશાળ માન્યું ને દૂત ફળ્યું, નવ શકે તેનું મન ચળી.
કાલ આમંત્રણ આવશે, તમે કરો તત્પર જાત;
એ વાત નિશ્ચે જાણજો, તેના સાક્ષી શ્રી ભગવાન.
આનંદ નળ પામ્યો ઘણો, પણ સ્વપ્ના સરખું ભાસે;
વિશ્વાસ મન નથી આવતો, જે વિવાહ કેમ પેર થાશે.

(વલણ.)

થાશે સંબંધ ભિમકસુતાનો, એ આશ્ચર્ય મોટું સર્વથા;
કહે પ્રેમાનંદ કહું હવે, દમયંતીની કથા.

૪૭. દમયંતિનો વિલાપ.

(રાગ રામગ્રી.)

ભૂલી ભમે છે ભામિની, નૈષધનાથની નાર રે;
હો નળ હો નળ બોલતી, ભીમકરાજ કુમાર રે. ભૂલી.
ધોવાયું કાજળ આંસુએ કરી, વેદનાએ વ્યાકુળ રે;
અર્ધ ઉઘાડી દેહડી, નાથે ફાડયું છે પટકૂળ રે. ભૂલી.
એવે દીઠો એક ચીતરો, ધાઇ દમયંતી ઉલટરે;
પૂછે ભાળ નળ ભૂપાળની, છે તારા જેવી કટરે. ભૂલી.
શાર્દૂલ દીઠો વાટમાં, વૈદર્ભી પૂછે ધરી વહાલ રે;
નૈષધનરેશ વાટે મળ્યા, છે તારા જેવી ચાલ રે. ભૂલી.
સાવજ થાયે ગાભરા, ભય પામી નાશી જાય રે;
રખે વનદેવી અમને ઝાલતી, પશુ અરિ કંપાય રે. ભૂલી.
પૂછે ઉંચાં દ્રુમને, તારી ગગને ગઇ ડાળ રે;
તરૂવર જો મારી વતી, કહીં દીસે ભૂપાળ રે. ભૂલી.
પર ઉપકારી સદા તમો, વળી શીતળ તારી છાંય રે;
નૈષધનાથ કહ્યું દીઠડા, જોઉં છૌં વન માંય રે. ભૂલી.
તરૂ ઉત્તર આપે નહિ, તેમ તેમ રાણી રોય રે;
પુણ્યશ્લોકે જ્યારે પરહર્યા, શત્રુ થયાં સર્વ કોય રે. ભૂલી.
અજગર પડ્યો છે વાટમાં, વીકાશી મુખ ભાગ રે;
દમયંતીએ જાણ્યું નહિ, તેનાં મુખમાં મુક્યો પાગ રે. ભૂલી.
ચરણ ગળ્યો જાનું લગે, વિષ ચઢી ગયું શરીર રે;
પડી બોમ સાદ નળને કરે, મુખે પાડે રીર રે. ભૂલી.
અજગર આનંદ પામીઓ, ભલું જડયું ભક્ષ રે;
વૈદર્ભી ઘણું વલવલે, ક્યાં ચડી ગયાં ચક્ષ રે, ભૂલી.

કંઠે બંધાઇ કાચકી, મુખે પડીઓ શોષ રે;
મરણ સમે મુકે નહિ, હૃદે રસના પુણ્યશ્લોક રે. ભૂલી.
રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઇ રે:
પગ દીઠો અજગર મૂખમાં, તેણે શ્યામાને સાહી રે. ભૂલી.
પારધીએ અજગર મારીઓ, કોહોવાડાને ધાય રે;
જતન કરીને મૂકાવીઓ, નળપત્નીનો પાય રે. ભૂલી.
વૈદર્ભીને વિષ ચઢ્યું નહિ, છે વાસવનું વરદાન રે;
કરતળ વાસ સુધા તણો, દેહી રહી પરમ નિધાન રે. ભૂલી.

(વલણ.)

દેહી રહી પરમ નિધાન, હળાહળ ગયું ઉતરી રે;
કહે ભટ પ્રેમાનંદ પછે, શું દુઃખ પામી સુંદરી રે.

૪૮. હંસ ને દમયંતી.

(રાગ મારૂ.)

ચતુર ભીમકની કુમારી, તેણે અકળિત વાત વિચારી;
નથી હંસ દેતો મુને સહાવા, પણ નવ દેઉં એહને જાવા.
પંખી ધીરે કમળને કાજે, હાથ આપ્યા મને મહારાજે;
જોગવાઇ જગદીશે મેલી, મહારી કમળ જેવી હથેલી.
શરીર સઘળું કહીંએ સંતાડું, પાણપંકજ એહને દેખાડું;
પોતાનાં વસ્ત્ર દાસીને પેહેરાવી, બેડી ચેહેબચ્ચામાં આવી.
મસ્તક મુકયું પલાશનું પાન, વિકાસી હથેલી કમળ સમાન;
મધ્ય મુકયું જાંબુનું ફળ, જાણે ભ્રમર લે છે પીમળ.

પોતે નાસિકાએ ગણગણતી, ભામા ભમરાની પેરે ભણતી;
હંસે હરિવદની જાણી, ન હોય પંકજ પ્રેમદાનો પાણિ.
એસું જઇ થઇ અજ્ઞાન, પરણાવવો છે નળ રાજાન;
આનંદ આણી અંબુજ ભણી ચાલ્યો, બેસતાં અબળાએ ઝાલ્યો.
દમયંતી કહે શે નાઠો, હલ્યા ગાઢ્યો થઇને ગાઢો;
મને દોડાવી કીધી દુઃખી, સુતા પેઠેલા હું ન ઓળખી.
તારા અવગુણ નહિ સંભારૂં, મને બાપના સમ જો મારૂં;
હંસ કહે શું જાઓ છો ફૂલી, નથી એઠો હું ભ્રમે ભૂલી.
તુંમાં પ્રાક્રમ છે અતિઘણું, ચંચપ્રકારે તારા હસ્ત હણું;
દમયંતી કહે હંસ ભાઇ, તારે મારે થઇ મિત્રાઇ.
અન્યોન્યે તે બોલજ દીધો, હાથેથી મુકીને ખોળે લીધો;
તમો વિખાણ કીધું સબળ, તે બીઆ કોણ છે નળ ?
તેહેનાં કોણ માત ને તાત, મુને વિખાણી કહો વાત;
હંસ બોલ્યો મુખે તવ હસી, અબળા દીસે ઘેલી કશી.
તેના ગુણ બ્રહ્મસભામાં ગવાય, નળ તે વિષ્ણુ આગળ વખણાય;
એ બીઆ મોટા ચતુરસુજાણ, જે હું નળની કરૂં રે વિખાણ.
નળ દીઠો નહિ તે નર રોઝ, સાંભળ્યો નહિ તે વખડોજ;
જોયો નહિ તેનાં લોચન કેવાં, મોરીછ ચાંદલીઆ જેવાં.
એટલામાં મન વિહ્વળ કીધું, ચિત્ત મહિલાનું આકર્ષી લીધું;
બેહુ કરજોડીને નમયંતી, હંસ પ્રતે કહે દમયંતી.
હું પૂછું છઉં બીહીતી બીહીતી, નળની કથા કહો અથઇતિ;
છે બાળક વૃદ્ધ જોબનધામ, શે અર્થે નળ ધરાવ્યું નામ.
તમે આવડો ઉભે વરણ્યો, છે કુંવારો કે પરણ્યો;
એવાં વચનને સાંભળી, ત્યારે હંસ બોલ્યો કળકળી.
નળ છે કુંવારો નથી કન્યા, છે બ્રહ્માનો મોટો અન્યા;
અમો કોટાનકોટ નારી નિરખી, ન મળે નળને પરણવા સરખી.

એકવાર બ્રહ્માએ શું કર્યું, સકળ તેજ એક પાત્રમાં ભર્યું;
તે તેજનો ઘડ્યો નળરાય, કાંઇએક રજ વાધી પાત્ર માંય.
તેની એક થપોલી હવી, આકાશે ઉપન્યો રવિ;
વાહાણે સાંજે નળ બાહેર નીસરે, તેજવંત વનમાં ફરે.
સૂરજ ઝાંખી કાડે કોર, વહાણું સાંજ તેણે ટાહાડો પોહોર;
અદષ્ટ જ્યારે થાય રાજાન, નિશ્ચંત ભાનુ તપે મધ્યાહ્ન.

(વલણ.)

મધ્યાહ્નને નળ જાય મંદિરમાં, માટે સૂરજ તપે ઘણું;
હંસ કહે હો હરિવદની, શું વિખાણ કરૂં તે નળ તણું.

---

૪૯. દમયંતીની પરીક્ષા.

(રાગ મારૂ.)

મન મોહ પામ્યો મહિપતિ, ધન્ય દેવ જે વરશે સતી;
ભોગી ભૂપને ભામનિ ભોગ્ય, ધંદે દેવને અમો અયોગ્ય.
નારિ પ્રત્યે નળ એમ કહે છે, જો તું જોગીરૂપને લહે છે;
અમો ન જાઉં વિષયાની વાટે, અહિંયા આવ્યો હું સાધવી માટે.
હું તો દૂત છું દેવતાતણો, પાળું છું આચાર આપણો;
તારૂં પૂર્વ જન્મનું પુન્ય, ભાગ્યમાંહી કાંઇ નથી ન્યૂન.
જે દેવદૂત ઘેર આવ્યો, મોહદર્શન વાર્તા લાવ્યો;
અળગું કરોને અંતરપટ, કરૂં વાત આણીને ઉલટ.
અમો રૂપ કોટાનકોટ ધરૂં, તજી સ્વાર્થ પરમાર્થ કરૂં;
સાંભળીને બોલ રસાળા, પટ તજીને નીસરી બાળા.
પ્રસ્વેદ મુક્તા રહ્યાં ટપકી, બહાર નીસરિ વીજળી ઝબકી;
હિંડતાં હાલે જયમ દ્રુમવેલી, નળ નિકટ ગઇ ગર્વઘેલી.

તારૂણીનો પ્રતાપ ન માયો, ઝબકારે નળ ઝંખવાયો;
દીઠી મદપુરણ માતંગી, નળ તકિયે બેઠો ઉઠંગી.
ઘુઘરિ ઝાંઝરની ઝણુઝણુતી, પગને અંગુઠે પૃથ્વી ખણુતી;
કર દીધો છે ગળસ્થળે, એવી નારી દીઠી નળે.
પ્રેમે પ્રેમે થયાં બે ભેળાં, મોહ્યો મહિપતિ દેખી મહિલા;
સત્યવાદિયે સત્ય જ રાખ્યું, મનથી પરણવું કાઢી નાંખ્યું.
રખે ઇંદ્રિ નારીને નરખે, નળ મન પાછું આકર્ષે;
બેઠો આસને આસન વાળી, માંડી વાત તે સત્ય સંભાળી.
પરમાર્થે દેવની વતી, ગોષ્ઠિ માંડી છે નૈષધપતિ;
અહો લલિતા અંબુજલોચની, સુખવર્ધની દુઃખમોચની.
બેસો આસને લજ્જા છાંડી, પૂછું વાત કહો મુખ માંડી;
કન્યા કહે કહો જે કહેવું, મને ઘટે છે ઉભા રહેવું.
પર પુરૂષ બેઠાં કેમ બેસું, જાણે નળ તો કહેશે એ શું;
વારૂ થયું જે તમે મળીયા, શું નૈષધનાથે મોકલીયા.
વળી કોહોને કહાવ્યું જેહ, સાંભળવા ઇચ્છું છું તેહ;
વળતા બોલ્યા વીરસેનસુત, નહિ હું નળનો દેવનો દૂત.
નળ નળ મુખ શું ભાખે, તજી સુધા વિષ કાં ચાખે;
તજી સ્વજન શત્રુને કેમ મળીએ, મુકી ચંદન કાં વળગે બાવળીએ.
તજી રત્ન કોડી કો આણે, તજી મદગળ મહીષ પલાણે;
તજી ધેનુ અજા કો બાંધે, તજી સાળ કુસકા કોણ રાંધે.
માટે હું છઉં તારો નેગીયો, દેવ તેજપુંજ નળ આગીયો;
ઘેલી નળ માનવ શા લેખે, અમરને તું કાં ઉવેખે.
વાસવ વહ્નિ ને વરૂણરાય, જમ આદિ વર્યાની ઇચ્છાય;
મોકલ્યો છઉં મળીને ચારે, તો હું આવ્યો છઉં માનવી દ્વારે.
તું ત્રિભોવનપતિને ભજ, નળ અલ્પ જીવને તજ;
માગ અમરાવતીનો વાસ, અમર ઇચ્છુ ને નળ ધાસ.

સુર પરણે તુંને નહિ મર્ત, નળ વરે દુઃખનું નહિ નિવર્ત;
સુરસંગે ભોગવવા ભોગ, નળ અલ્પ આયુષ ભર્યો રોગ.
મનુષ્યને વ્યાધિ શત ને આઠ, મરિમરિ અવતારનો ઠાઠ;
મનુષ્યને વિજોગ પીડે, આયુષ ઉતાવળું હીંડે.
મનુષ્યને ઘડીયે શત ઘાત, પીડે જ્વર શીત સન્નિપાત;
માનવ ભર્યાં હોય મળમૂત્ર, ઘેલી તે સાથે ઘરસૂત્ર ?
ગંગાજળ તજી કૂપનું આણાવે, તજી કીર કો કાગ ભણાવે;
દેવ સુખસમૂહના દાતા, નવ ઓસરે અમૃત પાતા.
ઇંદ્ર મંદિર હીંડોળે હીંચ, તુંથી દેવાંગના વૃંદ નીચ;
પી સુધા ભોગની વારૂણી, થા ત્રૈલોકપતિની તારૂણી.
થઇશ અમર સુધાને પીતી, પરણ ઇંદ્રને જગ જીતી;
છાસઠ સહસ્ર રંભા આદે, થઇ તૃપ્ત વાસવ સંગસ્વાદે.
ઇંદ્રાણીને છે તારી બીક, રખે દમયંતી થાતી અધિક;
પરણી ઇંદ્ર સાચવ આ તક, જેની કલ્પવૃક્ષ પારિજાતક.
રથ ઐરાવતનું સુખ લે રે, વરવા વાસવને હા કહે રે;
કરી શણગાર સર્વાંગે, ઘટે રહેવું ઇંદ્રઅર્ધાંગે.
વર વહ્નિને હો બાળી, નહિ સમો આવે વળી વળી;
સર્વ દેવતાનું એ વદન, અગ્નિરૂપ તે કોટી મદન.
વળી વરવા ઇચ્છે છે જમ, તેને ના કહેવાશે કયમ ?
છે વરૂણને ઇચ્છા ઘણી, રઢ લાગી છે તમતણી.
મુકો બાળઅવસ્થાની ટેવ, ફરી માગું ન મોકલે દેવ;.
હંસ મિથ્યા કરી ગયો લવ, રૂપહીણ છે નળ માનવ.

(વલણ.)

નળ માનવ કદરૂપ કાયા, નળ નિભ્રંછ્યો નજે રે;
પોતે પોતાનું આપ નિભ્રંછ્યું, તે દેવતાનો દૂત સાંભળે રે.

૫૦. દમયંતીને માથે આળ.

(રાગ પરજીયો.)

ઇંદુમતી કહે બાઇ સાંભળ, લોકને કાં સંભળાવો;
કહે વૈદર્ભી પણ ચોરીયે, શા માટે અકળાવો.
હાથ માંહેથી હાર લઇને, ના કહે કેમ ચાલે;
તસ્કર કરીને તો બાંધે જો, વસ્તુ હાથે ઝાલે.
મિથ્યા હું કહેતી નથી, કોણ માળા લે તુજ પાખે;
એવી ચોરટી હું હોઉં તો, રાજ માતા કેમ રાખે.
માતા મારીએ માન દીધું, સતી સરખી જાણી;
અસાધ્વી મને કેમ ઓળખી, શું લેતાં ગ્રહ્યો છે પાણિ.
અમે પરીક્ષા તારી કરી જો, ભરતારે પરહરી;
બાઇ હું મેહેણાં જોગ થઇ, તમારા ઘરની પેટભરી.
ચોરી કરવી આંખ ભરવી, એ તે ક્યાંનો ન્યાય;
એવે રાજમાતા પધાર્યાં, રોઇ બંને કન્યાય.
આપ આપણું દુઃખ કહે માતાને, નયણે ઢાળી આંસુ;
એક કહે મારો હાર લીધો, એક કહે ચોરી ફાંસુ.
ચતુરશિરોમણી રાજમાતા, અંતરમાં વિમાસે;
માળા ગઇ તે મોટું અચરજ, સતીને કેમ કહેવાશે.
તું તો દેવી જેવી દીસે છે, નારાયણની દાસ;
આપો હાર કલેશ નિવર્તે, જો કીધું હોય હાસ.
સરખે સરખાંમાં હોય કૌતક, આપો હાર મોતી તણો;
રાજકુંવર રીસાળ ઘણું છે, જાણું થશે કલેશ ઘણો.
માળા હોય આપણા ઘરની, તો ફરી શોધ નવ કીજે;
છે શ્વશુર પક્ષની સર્વે જાણે, તેને શો ઉત્તર દીજે.
હૃદય ફાટતે કહે દમયંતી, અપવાદ દીધો એવો;

હાં હાં બાઇજી હાર તમારો, લીધો છે મેં દેવો.
ન ઘટે રાજમાતાજી તમને, દુઃખ દેવું ઘેર રાખી;
અમો ન હોઉં ચોરી કરનારાં, છઉં જશનાં અભિલાખી.
ઇંદુમતી કહે આપે છુટશો, શો શોહોર કરવો કાલો;
માળા મારી કરમાં મુકો, જો જશ હોયે વ્હાલો.
સેવક સખીયો એમ કહે છે, એણીએ માળા લીધી;
મારો બાંધો તાણો પછાડો, અબળા આકળી કીધી.

(વલણ.)

કીધી એ નિશ્ચે ચોરટી, રાજમાતાએ જણાવી રીશ રે;
દમયંતી દુઃખ પામી ઘણું, પછે સમર્યા **શ્રી** જુગદીશ રે.

---

૫૧. દમયંતીની પ્રાર્થના.

(રાગ મારૂ.)

હો હરિ સત્યતણા સંઘાતી, હરિ હું કહીયે નથી સમાતી;
હરિ મારે કોણ જન્મનાં કરતુ પ્રભુ ચોરી થકી શું નરતું.
હરિ હું શા માટે દુઃખ પામું, પ્રભુ જુઓ હું રાંકડી સ્હામું;
હરિ તમે ગ્રાહથી ગજ મુકાવ્યો, તો હું ઉપર શો રોષ આવ્યો.
હરિ હું નથી દુઃખની ધીર, તમે છો વિપત સમેના વીર;
હરિ તમે મન અપરાધ ન લાવો, હરિ તમે અનાથબંધુ કહાવો.
હરિ હું હરખે હણાઇ, હરિ હું ચોરટીમાં ગણાઇ;
હરિ હું કેહેની ને કોણતણી, હરિ જુઓ હું રાંકડી ભણી.
હરિ હું તારી સેવા ચૂકી, તો નળે વનમાં મૂકી;
હરિ મેં વિપ્ર ન પૂજ્યા હાથે, તેથી શું તરછોડી નાથે.

હરિ મેં શિવ ન પૂજ્યા જળે, તો શું રેતી મૂકી નળે;
હરિ દોહેલે ઉદર ભરવું, હરિ મુજને ઘટે છે મરવું.
હરિ હું ભરતારે છાંડી, હવે દુઃખ કહું કેને માંડી;
હરિ મેં કોણ પાતક કીધાં, હરિ મેં સાધુને મેણાં દીધાં.
હરિ મેં રાખ્યું હોય સત્ય, જો વહાલા હોયે નળપત્ય;
મારા કોટિક છે અવગુણ. પણ તમે તો છો રે નિપૂણ.
અપરાધ સર્વ વિસારી, ચઢો વિઠ્ઠલા વ્હારે મારી;
જો નહિ આવો જગદીશ, તો પ્રાણ મારો હું તજીશ.
એવું કહીને આંખે ભર્યું જળ, અમો અબળા તણું શું બળ;
એવું મનમાં ધર્યું ધ્યાન, સતીની વ્હારે ચઢ્યા ભગવાન.
અંતરજામીએ બુધ દીધી, સતીએ આંખ રાતડી કીધી;
કહે માશીને કરી ક્રોધ, ફરી કરો હારની શોધ.
સાક્ષી સૂરજ વિષ્ણુ ને વાય, જો મેં કીધો હોય અન્યાય;
બાઇ હાર તમારો જડજો, લેનારો ફાટી પડજો.
એવું કહેતામાં કળિજુગ નાઠો, ત્યારે તડાક તોડલો ફાટ્યો;
માંહે થકો પડ્યો નીસરી હાર, સતીને ત્રુઠ્યા વિશ્વાધાર.
અંતરિક્ષથી અકસ્માત, વરસ્યો હાર તણો વરસાદ;
એકએકપેં અદકાં મોતી, રાજમાતા ટગટગ જોતી.
પછે દમયંતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે;
બાઇ તું છે મોટી સાધ, મારો ક્ષમા કરો અપરાધ.
ઇંદુમતી થઇ ઓશીયાળી, મુખડું ન દેખાડે વાળી.

૫૨. સુદેવની ટેહેલ.

(રાગ આશાવરી.)

સુદેવને તેડી સ્તુતિ કીધી, આંસુ નયણે ઢાળી રે;
નૈષધનાથને કોણ મેળવે, હો ગુરૂજી તમ ટાળી રે.
જન્મનાં તમે છો હેતસ્વી, કારજ મનથી કરવું રે;
ન ઘટે કલ્યાની વાટ જોવી, શોધવા નીસરવું રે.
ધીરજ આપી નૈષધનારને, વેશ નાનાવિધ ધરતો રે;
દમયંતીએ શીખવ્યો હીડે, ટેહેલ સઘળે કરતો રે.
રથે બેઠો ફરે મુનિવર, સેવક સેવા કરે રે;
જ્યાં ગામ આવે ત્યાં કળા પાડી, વેશ ટેહેલીયાનો ધરે રે.
દોઢ માસ ગયો અટણ કરતાં, આવ્યો અયોધ્યા માંય રે;
સભામાંહે ટેહેલ નાંખી, જ્યાં બેઠો ઋતુપર્ણ રાય રે.
અલભ્ય વસ્તુની પ્રાપ્તિ થઇ, પરિત્યાજ તેનો કીધો રે;
ધર્મધોરિંધર ધિક્ક તુજને, ફરી તપાસ ન લીધો રે.
રંકે રત્નનું જતન ન થાયે, જાત નીચડી નેટ રે;
વિલપે છે વસ્તુ વોહોરતીઆ વિના, કાં ભરે પત્થેર પેટ રે.
કુળ લજાવ્યું કરમી માણસે, કીર્તિ કીધી ઝાંખી રે;
જ્ઞાની પુરૂષ વિચારી જોજો, ટેહેલ સુદેવે નાખી રે.
સભા સહુ વિસ્મે થઇ કાંઇ, ટેહેલ છે [illegible]ળી રે;
ગેહેલીયો ટેહેલીયો કરીને કહાડ્યો, કોઇ ઉત્તર નાપે વાળી રે.
સુદેવ ગયો હયશાળામધ્યે, ટેહેલ નાખી તેણે ઠાર રે;
મહિલાનાં કહાવ્યાં વચન સુણીને, બાહુક નિસર્યો બહાર રે.
કૂબજ કાયા કામળ હોડી, કરમાંહે પરોણા રે;
પ્રગટ ખારે ખંખારીને બોલ્યો, તીઓ ને તરેરા રે.

કારમો સરખો કપોળ ચડાવે, ટુંકડા કર નચાવે રે;
નાસિકાએ સડકા તાણે ને, નયણાં મચમચાવે રે.
ભારે વચન કહ્યાં તે બ્રાહ્મણ, નીસર્યો મેણાં દેવા રે;
વસ્તુને વિપત તો વોહોરતીઓ, કરતો હશે પરઘેર સેવા રે.
વોહોર્યું તે કાંઇ રત્ન જાણીને, કાચ થઇ નીવડયું રે;
તત્વરહિત માટે તજ્યું છે, નથી છુટી પડયું રે.
તેહ મિત્રને તજીયે જેહનું, મળવું મન વિના ઠાલું રે;
તે સ્ત્રીને પરહરીયે જેહનું, પિયુ કરતાં પેટ વહાલું રે.
વાંક નહિ હોયે વોહોરતીઆનો, રહ્યા હશે નિજ ધર્મે રે;
વસ્તુ વિપત પામતી હશે તે, પોતે પોતાને કર્મે રે.
ગૂઢ વચન કહી ઘોડારમાં, બાહુક જઇને બેઠો રે;
સુદેવ તો સાંસામાં પડયો, પ્રાણ વિચારમાં પેઠો રે.
એ બોલી તો નૈષધનાથની, હારદ અનાહુત રે;
નળ ભૂપ એને કેમ કહિ માનું, રૂપે બીજો ભૂત રે.
જઠરભરણ કો રીસનું જાગું, ફરી ન જાય બોલાવ્યો રે;
પડોશીને પૂછી કઢાવ્યું, ત્રણ વરસ થયાં આવ્યો રે.
રાજાએ પ્રીત કરીને રાખ્યો, અશ્વવિદ્યા કાંઇ જાણે રે;
પવિત્ર નૈવેદ્યને પાળે, વિજોગનું દુ:ખ આણે રે.
એવું સાંભળી સુદેવ ચાલ્યો, આવ્યો વિદર્ભ દેશ રે;
વૈદર્ભી તવ આનંદ પામી, વિપ્ર પૂજ્યો વિશેષ રે.

૫૩. દમયંતીની તાલાવેલી.

(રાગ ગોડી.)

દમયંતી કહે દાસીને, સુણ સાખવી;
છે વિપ્રનો વાયદો આજ, મહિલા માધવી.
ઠેઠ ઋતુપર્ણ આવશે, સુણ સાખવી;
જો હોશે નળ મહારાજ, મહિલા માધવી.
અવંત્ર પહોંચી છે વનાણી સુણ સાખવી;
થયા ત્રણ સંવત્સર, મહિલા માધવી.
એવડા અવિનય શા વસ્યા, સુણ સાખવી;
પ્રભુ ફરી ન તપાગ્યું ઘર, મહિલા માધવી.
ન સંભાર્યાં બાળક બાહુઆં, સુણ સાખવી;
કઠણ પુરૂષનાં મન, મહિલા માધવી.
હું મોઘ જીવો જોઇ નહિ, સુણ સાખવી;
વેઠયું હશે કેમ વન, મહિલા માધવી.
ઓ વાયસ બોલે બારણે, સુણ સાખવી;
મન ઉપજે હરખ તરંગ, મહિલા માધવી.
આજ ફરકે ડાબી આંખડી, સુણ સાખવી;
વળી ફરકે ડાબું અંગ, મહિલા માધવી.
શું મનનો માન્યો આવશે, સુણ સાખવી;
થાશે શુકન કેરાં ફળ, મહિલા માધવી.
શ્રવણે વધામણી સાંભળું, સુણ સાખવી;
કો કહે પધાર્યા નળ, મહિલા માધવી.
વધ થાશે વેરી વિજોગનો, સુણ સાખવી;
ગયો જડશે સંજોગ, મહિલા માધવી.
વીરસેન સુત આવશે, સુણ સાખવી;

ત્યારે ટળશે સઘળો રોગ, મહિલા માધવી.
કો કહેશે આવી વધામણી, સુણ સાધવી;
નથી આપવા સરખી વસ્ત, મહિલા માધવી.
અર્પીશ હાર હૃદયાતણો, સુણ સાધવી;
પ્રણમીશ જોડીને હસ્ત, મહિલા માધવી.
બારીએ બેસી નીહાળીયે, સુણ સાધવી;
એવે ઉડતી દીઠી રજ, મહિલા માધવી.
આ રથ આવે છે ગરજતો, સુણ સાધવી;
વળી ફરકે ગગને ધ્વજ, મહિલા માધવી.
ઓ પડઘી પડે અશ્વચરણની, સુણ સાધવી;
એ હાંકણીમાં છે વિચાર, મહિલા માધવી.
ઓ પરાણા ઉંચા ઉછળે, સુણ સાધવી;
હોય નળમુખનો ટચકાર, મહિલા માધવી.
રથ આવ્યો ગામને ગોંદરે, સુણ સાધવી;
હા હા હોય અયોધ્યાભૂપ, મહિલા માધવી.
દીસે સુદેવ મેલે લૂગડે, સુણ સાધવી;
ઘણુ હાંકણહાર કરૂપ, મહિલા માધવી.

(વલણ.)

કરૂપ ખેડણ રથતણો, ક્યમ કહીએ એ નળરાય રે;
અવસ્થા જોઇ ગામની, ઋતુપર્ણ દુઃખીયો થાય રે.

૫૪ નળની પરીક્ષા.

(રાગ સામગ્રી.)

બાહુકે દીઠાં બાળકાં, ઉલટયું અંતઃકર્ણ;
રૂપાળાં મારાં બાળકાંને, દેખીને આવે મર્ણ. બાહુક.
કળજુગે કલ્યાંત જ કીધું, બાળક વરત્યાં મોસાળ;
કોણ કૃત્ય મેં આચર્યાં, તજી અબળા અંતરિયાળ, બાહુક.
સંજોગસાગર ઉલટયો, નયણાં શ્રાવણ સમાન;
આલિંગન દેવા કારણે, સુતને કીધી સાન. બાહુક.
મળવાને તેડયાં મીઠડાં, કર લાંબા કીધા ધીશ;
બ્હ્યાં બીહીનાં બાળક તે, પાડે ચીસે ચીસ. બાહુક.
દાસીએ ચાંપ્યાં હૃદય સાથે, કીધો બાહુકને તિરસ્કાર;
રહેવા દે તારૂં રમાડવું બાઇ, રૂએ છે રાજકુમાર. બાહુક.
બાહુક કહે બાળકને મને, સાંઇ દેવાનો સ્નેહ;
નારે બાપડા ભેટતાં થાયે, કાળી કુંવરની દેહ. બાહુક.
છે છત્રપતિનાં છોકરાં, તને મળવાનું કેમ મન;
શે દુઃખે થાય છે ગળગળો, રોતાં ફુટશે લોચન. બાહુક.
બાહુક વળતો બોલીયો મારે, એવાં બાળકની જોડ;
આ દેખીને તે સાંભર્યાં, થયું રમાડવાનું કોડ. બાહુક.
દાસીયે કહ્યું દમયંતીને, બોલ્યા બાહુકની વાત;
બાઇ આશ્ચર્ય દીઠું અતિગણું, કાળો કરે આંસુપાત. બાહુક.
દમયંતીયે પુછ્યું ભીમકને, નળની પડે છે ભ્રાંત;
આજ્ઞા હોય તો બાહુકને, પૂછું તેડી એકાંત. બાહુક.
ભીમક કહે સતિ સુતા, તુને શું દેઉં શિક્ષા;
સુખે બોલાવો બાહુકીયાને, કરો નળની પરીક્ષા. બાહુક.

વૈદર્ભી આવ્યાં અંતઃપુરમાં, જ્યાં પોતાની મેડી;
આજ્ઞા આપી દાસીને, લાવો બાહુકને તેડી. બાહુક.
શીઘ્ર આવી સાહેલડી, અંતરમાંહી ઉલ્લાસ;
ઉઠો બાહુકજી ઉતાવળા, દમયંતીની પાસ. બાહુક.
રાયજી વળતો બોલિયો, હું છું દીન કંગાલ;
વરવા સાથે વૈદર્ભીને, વાત કર્યાનું શું વહાલ. બાહુક.
સોમવદની સુંદરી, સારંગનયનિ સુજાણ;
વાત કરતાં બ્રહ્મચર્ય ભાગે, વાગે મોહનાં બાણ. બાહુક.
પરઘર માંહે અમો નવ પેસું, સ્ત્રીનાં ચંચળ મન;
સાધુ પુરૂષને સધ પાડે, આવીને દે આલિંગન. બાહુક.
દાસીને તવ હાસ્ય આવ્યું, દૈવના કોતક જોય;
વિશ્વમોહિનિ દમયંતી તે, આ બિયાને કયમ નહિ મોહ. બાહુક.
બોર ન ખાય કો કર તણાં, વિપરિત વપુનું વાન;
એવાં ઉપર વળી કર્મ લડયાં, વળી રૂપનું અભિમાન. બાહુક.
બળાત્કારે તેડયો બાહુક, દાસી થઇ બાંહેધર;
નીચી નાડે નળ ચાલ્યો, જ્યાં ગૃહીણીનું ઘર. બાહુક.
જાતાં કહે છે કિંકરીને, બ્રહ્મચર્યને છે ઘાત;
વૈદર્ભી વિકારે ભરી, મને વશ કરવાની વાત. બાહુક.
માધવી કહે બોલ્ય વિચારી, કોણ ભાગે છે ધર્મ;
વૈદર્ભી તને ક્યમ નહિ વરે, કરે અગ્નિકર્મ. બાહુક.
નથી આશરો ગયા તણો, કહી બીડાવ્યાં કપાટ;
દાસીએ દેખાડી આંખડી, ત્યારે ચાલ્યો પાધરી વાટ. બાહુક.
બાહુકને બારણે બેસાર્યો, ઢાળી રૂપાનો બાજઠ;
દમયંતી ઉમરા ઉપર બેઠી, આડું ધરી અંતરપટ. બાહુક.
બાહુક ખુંખારે આળસ મોડે, માંડયાં વિષયીનાં ચિહ્‌ન;
ચિત્ત મળ્યું ત્યાં ચક્ર કશોરે, જો નથી ભિન્ના ભિન્ન બાહુક.

૫૫. મદાલસા ને ઋતુધ્વજ.

(રાગ પરજીયાની દેશી.)

પિતાજીકેરાં વચન સુણીને, પુત્ર પડિયો ભોમ;
કુંવર પાસે અશ્વ હતો, તે ઉડી ચાલ્યો વ્યોમ.
અચેતન થયો ઋતુધ્વજ, શરીરે વાપ્યું શીત;
કાષ્ટવત્ કાયા થઇ રે, બ્રહ્માણ્ડ ચડિયું ચિત્ત.
ચિત્તભ્રમ થયો કુંવર, ભીતર જ્વાલા લાગી;
હા હા નારી કરતો ઉઠયો, મૂર્ચ્છા હતી તે ભાગી.
મુગટ વહોણું મસ્તકે, રેણુથી ભરાતા કેશ;
કામની કામની કરતો ધાયે, ઘરમાં કરતો પ્રવેશ.
મેડી અટારી ને ગોખ જોયાં, સૂની દીઠી સેજ;
શું હાસ્ય કરી સંતાયાં નારી, બોલો માગું હેજ.
એમ ન કીજે હો એમ ન કીજે, મદાલસા મુજ સમ;
જેમ ચલાવો તેમ ચાલું, જે પડે મુજને ગમ.
કંથને કાં કકળાવો કામની, તમો મુને ઘણું વહાલાં;
એમ કહીને રોવા લાગ્યો, વળી જુવે ખુણાખંચાળા.
દાસી કહે સ્વામી શું ખોળો, એપર રૂઠયા શ્રી ભગવાન;
આપણું ઘર ઉદવસ્ત કરી, રાણીએ વસાવ્યું સ્મશાન.
તે તો હાથ કદિ ન આવે, જો ઉપાય કીજે લાખ;
કનકવરણી કાયા જેની, બાળીને કીધી રાખ.
એવો બોલ તે દાસી કેરો, સ્વામીથી કેમ સંખાય;
તેમનો તેમ ઉઘાડે મસ્તક, સ્મશાન ભણી તે જાય.
આવીને ઉભો રહ્યો જ્યાં, રામાની રાખોડી;
પ્રદક્ષિણા તે પૂઠે કરતો, પોતાના બેઉ કર જોડી.

શું ભામિનીજી ભસ્મ થયાં છો, સમ વિસરજો દંડ;
મારા સમ જો બોલો નહિ તો, દેહ કરીશ શત ખંડ.
દહાડી સાદ કરૂં હું તમને, તમો શે મુને નથી કરતાં;
હો કોકીલાનાદી વિચારજો, હું મુવો છઉં તું મરતાં.
એમ શું કરો છો છોકરવાદી, પાણી પાઓ પ્રેમદા;
ઉઠો વહેલાં ઉઠો વહેલાં, પતિની જાણી આપદા.
મન વ્યાકુળ તે કાંઇ ન જાણે, બોલે ઘેલાં ઘેલાં;
તારૂં મૃત્યુ કેમ થયું રે, હું થયો ન તુથી પહેલાં.
બન્યો હાથથી ઉસરડીને, રાખોડીનો ઢગલો કીધો;
પામરીમાં ગાંસડો બાંધી, મસ્તક ઉપર લીધો.
પછે દેશમાં તે ફરવા લાગો, અમથો બારેવાટ;
રખે વળી કો એને મારે, રાજા મન ઉચ્ચાટ.
માત પિતા એ પુંઠે દોડયાં, કહે કુંવર પાછો આવ;
દારૂણ વનમાં પરવર્યો જોતાં, પર્વત ગુફા ને વાવ.
વિકટ વાટે ચાલતાં, પૂડે ધાયાં રાજા રાણી;
ઋતુધ્વજ પાછો નવ દીઠો, જેનો પ્રેમદામાં છે પ્રાણી.
તટ આવ્યું ત્યાં ગંગા કેરૂં, બેઠો રાજકુમાર;
ભજન મુખે ભામિનીનું, નયણે તે જલની ધાર.

(વલણ.)

ઝરે નયણે અશ્રુ ઘણાં, ધ્યાન નારીનું તે ધરે રે;
પછે માત પિતા ત્યાં આવી મળ્યાં, ને કાલાવાલા બહુ પેર કરે રે.

૫૬. ઋતુધ્વજનો અચળ પ્રેમ.

(રાગ મારૂ સોરઠીની ચોપાઇ.)

ઋતુધ્વજ તે બોલ્યો વાણી, આંખડીએ ભરીને પાણી;
ઘેર આવું શું સુખ જાણી, હાય મોઇ મદાલસા રાણી.
કહેશો શી સગાઇ વખાણી, આવું અબળાને આપજો આણી;
જો દૃઢ હોય પુરૂષપુરાણી, તો યે ન મળે મદાલસા રાણી.
તેનું મુખ જુવે જે પ્રાણી, કેમ વિખાણું મમ ધણિયાણી;
માયા કેમ જાયે ભૂલાણી, પીલાય છે દુઃખની ઘાણી.
માટે આશા મેલો મારી, મારી શી સગાઈ સંભારી;
ત્યાંથી ઉઠીશ વાત નિરધારી, જ્યારે બોલે મદાલસા નારી.
મેં તો પૂજ્યા નથી મોરારી, તે વાત તો મંન વિચારી;
જો સેવ્યા હોય ઉમયાધારી, કેમ મરે ગાંધર્વકુમારી.
માત પિતા ન રાખો વારી, અમો જોગી તમો સંસારી;
જો આવે ઉઠાડવા ત્રિપુરારી, તો યે હું નવ જાઉં હારી.
તમો મન માને તે કરજો, મેં તો ગૃહસ્થાશ્રમને વરજ્યો;
અભાગિયો હું તમો પેટ સરજ્યો, એવું જાણીને પાછા ફરજો.
નિશ્ચે હું થયો જોગદ્દ, કાં ખપ કરો છો ફોકદ્દ;
જે વાટે હું લુંટાયો, તે વાટનો શોધ કયમ પાયો.
સર્વે થયું મારે નિકંદન, હું તો છઉં ભ[illegible]ંદ;
મેં તો સગાઇ તમારી તોડી, તે માટે ચોળી મેં રાખોડી.
ત્યારે બોલ્યાં છે માવડી, મુને કયાં સેકે છે આવડી;
વહુઆરૂ સર્વની મરે, પણ તારી પેડે કોઇ ના કરે.
મારૂં કહ્યું કુંવરજી કરો, મારા સમ તમે પાછા ફરો;
ભાવ સગાઇ તો કાંઇ રાખો, એમ તરછોડી શેં નાખો.

કહ્યું નવ માન્યું લવલેશ, કુંવરને મન વાધ્યો ક્લેશ;
એવો વિચાર માતતાતે કર્યો, તવ કુંવર ત્યાંથી નાસી ગયો.
વૃદ્ધ પડવાં પૃથ્વીએ ટળવળી. અયોધ્યા ચાલ્યાં કળકળી;
વહુ દીકરાનું દુઃખ જ છાંડિયું, શત્રુજીતે રાજ્યાસન માંડિયું.
એ કથા તો એટલેથી રહી, ઋતુધ્વજની શી ગત થઇ;
માબાપની માયા તે છાંડી, બેઠો ગંગાતટે તપ માંડી.
નારીની ભસ્મ હેઠે પાથરી, મુખે મદાલસા સુંદરી;
માથે જટા તડકે બળતો. નાથ નારી સારૂ ટળવળતો.
મુખ વિકાસી કરે બહુ નાદ, કરતો મદાલસાને સાદ;
રોઇ રોઇ કર્યાં રાતાં ચક્ષ, થયો દુર્બલ નવ પામે ભક્ષ.
મુખે ડાઢું વાધિયું, તરૂણિ કાજે તંન સંતપિયું;
મનમાં મદાલસા તણો છે સાંસો કાયા થઇશ્યામ જપતપ ત્યાં વાસો.

(વલણ.)

મદાલસાનું સ્મરણ હતું, એ કથા એટલેથી રહી રે;
વાર લાગી વીરને પછે, નાગને ચિંતા થઇ સહી રે.

૫૭. મદાલસાનો મેળાપ.

(રાગ રામગ્રી દેશી.)

કર જોડી કુંવર વદે, સુને વિદાય જ કીજે;
અમો જોગીને ભોગ ઘટે નહિ, તે માટે આજ્ઞા દીજે.
અરજક વળતુ બોલીઆ, મનગમતી વસ્તુ માગો;
લજ્જા મનથી પરહરી, ધ્યાન માંયથી જાગો.

ઋતુધ્વજ વળતું બોલીઓ, તમો સાંભળોની રાય;
મારે જે કાંઇ માંગવું, તે ઇંદ્રથી ન અપાય.
રાજસુખ સહુ પરહર્યું, ને થયો વિયોગે વૈરાગી;
જોગીને શું માગવું રે, મેં લક્ષ્મી પરિત્યાગી.

નાગ કહે એમ ના કીજે, મુજ ઘેરથી પાછા જાઓ;
ઘટિત હોય તે માગીએ, રાય જે થકી સુખી થાઓ.
ત્યારે મન માન્યું ભૂપતિનું, માગું છું હવે પ્રાણી;
ખચીત વાત એ આપશો, મદાલસા મુજ રાણી.

બોલ બોલી ગળે પાછો, ખરે નયણે અશ્રુધાર;
સુવર્ણની સાંકળ જેવી, નાખવી પૂરવાર.
તે માગ કહેતાં રહે નહિ, બોલ્યો તે તો વળતો;
કોણે જોયું કોણે સાંભળ્યું, પછે બોલ્યો તે ગળગળતો.
અણઘટતું માગું છઉં, જો કહો છો સહુ કોઇ;
જીવતી કરી આપો મુને રે, મદાલસા જે મોઇ.
નાગ કહે શું માગિયું, એક મદાલસા નાર;
નવ નવી કન્યા કોમળી, આણી આપું હજાર.
ઓ પેલી ઓરડી વિષે, જઇ ભણો નૌતમ નેક;
પ્રેમ હશે તો બોલશે, મદાલસા વાયેક.
સુણી રાય આવ્યો ડગમગતો, ઓરડા લગી ચાલી;
હાંક મારી હો પ્રેમદા, બેઠો કમાડ તે ઝાલી.
અન્યોઅન્ય નૌતમ વિલાસે, વાણી થકી અતિ લાડો;
અન્યોઅન્ય પ્રીત બહાર પડતાં, ફાટયાં બેઉ કમાડો.
ઓરડી ઉઘડી ગઇ ને, ભરાયાં લોચન્ન;
સામસામાં વધ્યાં બન્યો, થયાં મન્ન પ્રસન્ન.
વળગ્યો તે વછૂટે નહિ, સ્નેહની અદ્ભુત કહાણી;
નાગ સર્વે હરખિયા, પ્રીતિ સ્નેહ પરસ્પર જાણી.

(વલણ.)

વાદે વધ્યા તે વાદ સહુ, ને મળ્યાં નર ને નાર રે;
સુખ પામ્યા સંસારનું, હવે જાય અયોધ્યા કુમાર રે.

---

૫૮. નરસિંહ મહેતાની મોસાળાની તૈયારી.

(રાગ ધનાશ્રી.)

ખોખલે પંડયે પત્ર જ આપ્યું, મેહેતાજીને હાથજી;
વધામણી કાગળમાં વાંચી, સમર્યા વૈકુંઠનાથજી.
મામેરૂં પુત્રીને કરવું, ઘરમાં નથી ખોટો દામજી;
ત્રીકમજી તેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામજી.
ભોજન કરાવી દક્ષણા આપી, મેહેતો લાગ્યા પાયજી;
મોસાળું લેઇ અમો આવીશું, પંડયો કીધો વિદાયજી.
નરસિંહ મેહેતે ઘેર તેડાવ્યા, સગા તે વૈષ્ણવ સંતજી;
મોસાળું લેઇ આપણે જાવું, છે કુંવરબાઇનું સીમંતજી.
જૂની વેલ્ય ને ધુંસરી વાંકી, સાંગી સોટા ભાંગીજી;
કોના તળાવા ને કોની પિંજણીઓ, બળદ આણ્યા બે માગીજી.
મેહેતાજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રી જગદીશજી;
ત્રણ સખીઓ સંઘાથે ચાલી, વેરાગી દશ વીશજી.
સંપુટ ત્રાંબાની દાબડીઓ, તેમાં બાળમુકુંદજી;
કંઠે હાર કરીને રાખ્યા, દામોદર નંદનંદજી.
વેલ્યની પૂંઠે કોથળો બાંધ્યો, માંહી ભર્યાં વાજીંત્રજી;
ગાંઠડી એક ગોપીચંદનની, તુળસી કાષ્ઠ પવિત્રજી.
મોસાળાની સામગ્રીમાં, તિલક ને તુળસીમાળજી;
નરસૈયાને નિર્ભય છે જે, ભોગવશે ગોપાળજી.

બળહીણા બળદો શું હીંડે, ઠેલે વૈષ્ણવ સાથજી;
સોર પાડે ને ઢાળ ચઢાવે, જે જે વૈકુંઠનાથજી.
એક બળદ ગળિયો થઇ બેસે, આખલો તાણી જાયજી;
પડયાને પુંછ ગ્રહી ઉઠાડે, કૌતક કોટી થાયજી.
સાલે સાલ જૂજવાં દીસે, રથ તણા બહુ વક્રજી;
સાંગીનો બહુ શબ્દ જ ઉઠે, ચૂચવે છે બહુ ચક્રજી.
ચડે બેસે ને વળી ઉતરે, લે રામકૃષ્ણનું નામજી;
મધ્યાહ્ને મેહેતાજી આવ્યા, જોવા મળ્યું ઉના ગામજી.
શું જાણે વૈષ્ણવનો મહિમા, વિષયી પુરના લોકજી;
કોડ પોહોંતાં કુંવરવહુનાં, મામેરૂં છે રોકજી.

(વલણ.)

રોક મોમેરૂં મહેતો લાવ્યા, જુઓ વૈષ્ણવની વસાત રે;
એકેકી માળા આપશે તો, પહેરશે નાગરી નાત રે.

૫૯. મહેતાજી અને કુંવરબાઇ.

(રાગ મારૂ.)

સુણી શ્રીરંગ મેહેતો આવ્યા ધાઇ, ભાવે ભેટયા બંને વેવાઇ;
મળ્યો જમાઇ જમાઇનો ભ્રાત, મળ્યો સહુ નાગરનો સાથ.
કપટે ભેટી પાછા ખસે, જોઇ જોઇ સામગ્રીને હસે;
ઉતરવા ઘર આપ્યું એક, ઝાઝા ચાંચડ મચ્છર વિશેક.
ખાડા ટેકરા વસમો ઠામ, ઉપર નળિયાંનું નહિ નામ,
કોહ્યું છાજ ને જૂની વળી, ભીંતો દોદશ બેવડી વળી.
ઝાઝા માંકણ ઝાઝા જુઆ, ત્યાં મેહેતાના ઉતારા હુઆ;

વેવાઇ ગયા ઊતારો કરી, બોલે હસણી નાત્ય નાગરી.
કુંવર વહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઇએ પાપ;
મેહેતાને જોવા હરખે ભરી, ઘેર ઘેરથી ચાલી સુંદરી.
મન વિના મેહેતાને નમે, સારૂં થયું જે આવ્યા તમે;
માંહોમાંહે કહે સુંદરી, મેહેતો દીઠે દીઠા હરિ.
જુઓ સાથ કેવો ફૂટડો, એને પરમેશ્વર તૂઠડો;
કુંવર વહુનું ભાગ્યું દુઃખ, એવું કહીને મરડે મુખ.
જુઓ બળદ મેહેતાજી તણા, બગાઇઓ શબ્દ કરે છે ઘણા;
વજાડશે મંડપમાં ચંગ, નાગરી નાત્યમાં રહેશે રંગ.
આ ગાંઠડી વળગાડી લટકે, તાળનાં જોડાં બાંધ્યાં પટકે;
તુળસી કાષ્ઠતણો એ ભારો, હવે મામેરાનો શો ઉધારો.
છાબમાં તુળસીદળ મુકશે, ઉભો રહીને શંખ ફૂંકશે;
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પૂરૂં થાશે.
એમ નાગરી કૌતક કરે, ટોળ કરીને પાછી ફરે;
કુંવરબાઇએ જાણી વાત, મોસાળું લઇ આવ્યા તાત.
ઉતાવળી મળવાને ધસી, બોલી નણુદી મર્મે હસી;
દૂર થકી દીઠી દીકરી, મેહેતાએ સમર્યા શ્રીહરિ.
અન્યોઅન્યે નયણાં ભરી, ભેટયાં બેઉએ આદર કરી;
મેહેતે મસ્તક મુકી હાથ, પાસે બેસાડી પૂછી વાત.
કુંવરબાઇ કહો કુશળ ક્ષેમ, સાસરીયાં કાંઇ આણે છે પ્રેમ;
રૂડો દિવસ આવ્યો દીકરી, તો મોસાળું કરશે હરિ.
કુંવરબાઈ બોલી વિનતિ, મોસાળું કાંઈ લાવ્યા નથી;
નાગરી નાત્યે રહેશે કેમ લાજ, વિના દ્રવ્ય આવ્યા શે કાજ.
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર;
નિર્ધનને કોઇ નવ ગણે, નવ રાખે ઉભો આંગણે.
ચતુરપણું નિર્ધનનું જેહ, ઘેલામાંહી ગણાય તેહ;

લોક બોલાવે દુર્બળ કહી, એથી મારૂં કાંઇ બીજું નહિ.
પિતાજી કાંઇ ઉદ્યમ ન કરો, ધનનો નવ રાખો સંઘરો;
આ અવસર સચવાશે કેમ, પિતાજી તમે વિચારો એમ.
નથી લાવ્યા કંકુની પડી, નથી લાવ્યા મોડ નાડાછડી;
નથી માટલી ચોળી ને ઘાટ, એમ શું આવ્યા બારેવાટ.
કેમ કરી લજ્જા રહેશે તાત, હું શે ન મુઇ મરતે માત;
માતા વિના સુનો સંસાર, માતા વિના તે શો અવતાર.
જે બાળકની માતા ગઇ મરી, બાપની સગાઇ સાથે ઉતરી;
જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત.
સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિણ જેવું તલપે મચ્છ;
ટોળા વછોઇ જેવી મૃગલી, મા વિના દીકરી એકલી.
લવણ વિના જેવું ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન;
કીકી વિના જેવું લોચન, મા વિના તેવું બાપનું મન.
ઘડો ફૂટે [illegible] ઠીકરી, મા વિના એવી દીકરી;
ગોળ વિના મોળો કંસાર, માતા વિના સુનો સંસાર.
શિદ કરવા આવ્યા ઉપહાસ, સાથે વેરાગી પાંચપચાસ;
શંખ તાળ ને માળા ચંગ, એ મોસાળું કરવાના ઢંગ.
ન હોય તો પિતા જાઓ પાછા ફરી, એવું કહીને રોઇ દીકરી;
મેહેતે મસ્તક મુકયો હાથ, કરશે મોસાળું વૈકુંઠનાથ.

૬૦. કૃષ્ણભગવાન દામોદર દોશી.

(રાગ પ્રભાતીઉં.)

ઉધડકી ઉઠિયો, વેગે વૈકુંઠપતિ, ગરૂડ કયાં ગરૂડ કયાં વદત વાણી;
ચાલ્ય ચતુરાં, ચતુર્ભુજ ભણે ભામિની, નષ્ટ નાગરે મારી ગત જાણી. ઉ.
નરસૈંયો નાગરો, ભક્ત તે માહરો, છાબ ભરો તેહની શીઘ્ર થાઓ;
જન ઘણા હઠ કરે, ગયા વિના નવ સરે, રિદ્ધિ સિદ્ધિ લેઇ સખી જાઓ. ઉ.
હાથ હેમ સાંકળાં, નંગ બહુ નિર્મળાં, શુભ શણગાર જઇ અંગ સારો
રીત ને ભાત્ય, રોકડ રખે વિસરો, દીન થઇ કરગરે દાસ મારો. ઉ.
ચીર ચરણાં ઘણાં, હોય ચતુરે વણ્યાં, અધિક એક એકથી અમૂલ્ય જાણો;
સ્વપ્ને કો નર પડે, નામ કો નવ જડે, અંગ આળસ તજી તેહ આણો. ઉ.
ઈંદ્ર બ્રહ્મા જેનો, પાર પામે નહિ, માગે મુખ બોલતાં વદત વાણી;
નાથ લક્ષ્મીતણો, એણી પેર આવિયો, અગણિત ગાંઠડી સંગ આણી. ઉ.

(રાગ મારૂ.)

ભક્ત નરસિંહનું દુઃખ જાણી રે, ઉઠી ધાયા પુરૂષપુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મી થયાં શેઠાણી રે.
નંદ સુનંદ ગરૂડ સાથે રે, વસ્ત્ર ગાંઠડીઓ તેને માથે રે;
રથે બેઠા શ્રી ગોપાળ રે, ધમકે ધોરી ને ઘુઘરમાળ રે.
લોકે ઓળખ્યા નહિ જગદીશ રે, સાથે વાણોતર દશ વીશ રે;
સર્વે જોઇ જોઇ વિસ્મય થાય રે, પ્રભુ આવ્યા મંડપ માંય રે.
છડીદારે વાડ મુકાવી રે, નાગરી નાત જોવાને આવી રે;
આ વેહેવારિયો કોઇ આવ્યો રે, સાથે ગાંઠડીઓ ઘણી લાવ્યો રે.
કોઇ જાણે ન ત્રિભુવન ભૂપ રે, વહાલે લીધું વણિકનું રૂપ રે;
રથ ઉપરથી ઉતર્યા રે, હરિ સભામાંહી સાંચર્યા રે.

ખટદર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમયાવર આરાધે રે;
ન જડે ધ્યાને દાને બહુ જાગે રે, તે હરિ અણવાણે પાગે રે.
જે ચૌદલોકનો મહારાજ રે, મેહેતા માટે થયા બજાજ રે;
વાઘો શોભે કેશર છાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે.
કાને કુંડળ હીરે જડિયાં રે, નેત્ર પ્રલંબ શ્રવણે અડિયાં રે;
એક લેખણ કાને ખોશી રે, નામ ધર્યું દામોદર દોશી રે.
ઝીણા જામા ને પટકા ભારે રે, હરિ હળવે હળવે પધારે રે;
ખાંધે પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ગ્રહ્યા છે હાથે રે.
વિંટી વેઢ દશે આંગળીએ રે, સાદાં મોજાં પહેર્યાં સામળિએ રે;
ઘણા વાણોતર છે સાથે રે, કોણે ઝોળા ગ્રહ્યા છે હાથે રે.
ઘણા સેવક સેવામાં સજ રે, ઉદ્ધવના હાથમાં ગજ રે;
પ્રભુ પુઠે કમળા રાણી રે, સભા મોહી જોઇ શેઠાણી રે.
ઉતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઉગ્યા શશિયર ભાણ રે;
ભલું ભાલ ભમર રૂડી રાજે રે, રત્નજડિત રાખડી છાજે રે.
વિશાળ લોચન ચંચળ ચાલે રે, કે શું ખંજન પડ્યાં ગાલે રે;
છે અધરબિંબ પરવાળી રે, મસ્તક ઉપર વેણ વિશાળી રે.
બાજુબંધ ગળુબંધ માળ રે, નાક વેસર ઝાકઝમાળ રે;
કટિ ધમકે ક્ષુદ્ર ઘંટાળી રે, પહેરણ ચંપકવર્ણી સાડી રે.
ઝમકે ઝાંઝર ઉજ્વળ પાગે રે, વિંછુવા અણવટ બહુ વાગે રે;
જડાવ ચૂડો કાંકણ ખળકાવે રે, માયા મેહેતી રૂપે આવે રે.
મોહી સભા લક્ષ્મીને નિરખી રે, દેવી દીસે વાણિયણ સરખી રે;
લલિતા વિશાખા બે ખવાસી રે, છે ભક્તિ મુક્તિ ચારે દાસી રે.
આવ્યા સજોડે દેવાધિદેવ રે, મેહેતે હરિ ઓળખ્યા તતખેવ રે;
ભલે આવ્યા શેઠ સામળિયા રે, મેહેતો માધવજીશું મળિયા રે.
મળતાં બોલ્યા સુંદરશ્યામ રે, મારૂં પ્રગટ ન લેશો નામ રે;
રખે વાત અમારી ચરચો રે, તમારે જે જોઇએ તે ખરચો રે.

કુંવરબાઇના પૂરો કોડ રે, એમ કહી બેઠા રણછોડ રે;
પછે સભા સહુ સાંભળતાં રે, હરિ વચન બોલ્યા છે વળતા રે.
જાઓ શેઠાણી દુઃખ કાપો રે, કુંવરબાઇને હદિયાશું ચાંપો રે;
એવું કહેતામાં કમળા હીંડયાં રે, કુંવરબાઇને હદિયાશું ભીડયાં રે.
મારી મીઠી ન ભરીએ આંસુ રે, તેડો કયાં છે તમારી સાસુ રે;
મળી નાગરીઓ સેં બેચાર રે, જોઇ રૂપ મેલ્યો અહંકાર રે.
વેવાણ કમળાને એમ પૂછે રે, મેહેતા સાથે સગપણ શું છે રે;
કોકિલાસ્વરે અમૃતવાણી રે, ત્યારે હસીને બોલ્યાં શેઠાણી રે.
વેવાણ તમોએ શું નવ જાણિયા રે, તમો બ્રાહ્મણ ને અમો વાણિયા રે;
વેપાર દોશીનો ઘેર કોઠી રે, અમારે ઓથ નરસૈંયાની મોટી રે.
અમો ધન મેહેતાજીનું લીજે રે, વેપાર કાપડનો કીજે રે;
અમો આવ્યાં મોસાળું કરવા રે, ઠાલી છાબ સોનૈએ ભરવા રે.
મેહેતે જે જે વસ્ત્ર મંગાવ્યાં રે, અમો લખ્યા પ્રમાણે લાવ્યાં રે;
એવું કહીને બેઠાં શેઠાણી રે, સહુ નાગરી શ્વાસે ભરાણી રે.
તેડયા શ્રીરંગ મેહેતો વેવાઇ રે, ભાવે ભેટયા શ્રી જદુરાઇ રે;
ત્યારે વિસ્મય થયા સહુ નાગર રે, છાબ ભરી તે કરૂણાસાગર રે.
મેહેતાને કહે વનમાળી રે, કરો પહેરામણી સંભાળી રે.

(વલણ.)

સંભાળી કરો પહેરામણી, એવું કહે સુંદરશ્યામ રે;
વળી ઘટે તે માગજો, અમો વાણોતર સરખું કામ રે.

૬૧. કૃષ્ણનું કપટ.

(રાગ ગોડી મલ્હાર.)

પેટીમાંથી કહે કુંવર, શું બોલો છો વ્યંગ; ગુરૂજી.
તમને હસવું થાય છે, મને અગ્નિ લાગ્યો અંગ. ગુરૂજી.
બીજે ઠામે કૌતુક કીજે, જ્યાં હોય હસ્યાનો ઠાર; ગુરૂજી.
વિલંબ થાશે એક પલકનો, મારો જીવ જાશે નિર્ધાર. ગુરૂજી.
વૃદ્ધપણું શું હવડાં આવ્યું, મુખે નથી બોલતા શુક્રાચાર્ય; ગુરૂજી.
વ્હાલા થઇને વેર વાટો છો, રખે કરતા કૃષ્ણનું કાર્ય. ગુરૂજી.
તમને સમ છે બ્રહ્મા ભૃગુના, જો ન ઉઘાડો દ્વાર; ગુરૂજી.
તમારા સમ જો અંત આવશે, હવે હું મુવો નિર્ધાર. ગુરૂજી.
બહીરપણું શું હવણાં આવ્યું, જે નથી સાંભળતા વાણ; ગુરૂજી.
જો ન કાઢો મુજને આ સંકટથી, તમને માતપિતાની આણ. ગુરૂજી.
શીત વ્યાપું શરીરે મ્હારે, કંઠે પડિયો શોષ; ગુરૂજી.
મનના મનોરથ મનમાં રહ્યા, હવે જાવું પડયું જમલોક. ગુરૂજી.
અંબુજ માંહે બંધાય મધુકર, પેસે જાણી વિશ્વાસ; ગુરૂજી.
તેમ પેટીમાં હું પેઠો છું, આણી તમ પર આશ. ગુરૂજી.
ઘરમાં આણી ઘાત ન કીજે, જ્યારે ખોળે મુક્યું શીશ; ગુરૂજી.
જે પોતાના તેને દુઃખ દેતાં, વળી દુભાશે જગદીશ. ગુરૂજી.
ભૃગુપિતામહ હું પુત્ર તમારો, હવે નિશ્ચય જાશે પ્રાણ; ગુરૂજી.
મારી માતા ટળવળીને મરશે, ભેદશે દુઃખનાં બાણ. ગુરૂજી.

(વલણ.)

ભેદશે બાણ ને પ્રાણ તજશે, માતા તે નિશ્ચય મરે રે;
અકળાયો અહિલોચન પછે, અવિનાશી વાણી ઓચરે રે.

૬૨. કૃષ્ણ અને અહિલોચન.

(રાગ સામેરી મારૂ.)

હરીજનની દીનત્વ વાણી સુણી, વળતા બોલ્યા ત્રિભોવન ધણી;
મુકો બહાર નીસર્યાનો કોડ, હું તે જદુપતિ શ્રીરણછોડ.
તારી માએ રાખ્યો હતો વારી, તો ય શેં ન લહી માયા મારી;
મેં તો રૂપ ઋષિનું લીધું, તુને મારવાનું કારણ કીધું.
પેહેલાં જાણ્યો મેં તું બળીયો, માટે મારગમાં આવી મળીયો;
જો હોય પૂર્વ જન્મનું પાપ, તો મુકીએ સાંણસે સહાયો સાપ.
હવે તો તમે તે મને શું કરશો, અકળાઇ આફ્ણીએ મરશો;
હું તો વેરી છઉં રે તારો, મેં અર્થ સાર્યો રે મારો.

(ઢાળ.)

મારો અર્થ સાર્યો સર્વથા, આશા તે મુકો જીવની;
એ વેરણ તારી તું જાણે, પેટી લાવ્યો શિવની.
હું બ્રહ્મા ને વળી ભોળો, એ ત્રણ તું જાણ એક;
એમ વરદાનવાળા વિદાર્યા, મેં તું સરખા અનેક.
એવાં વાયક સાંભળી વિશ્વંભરનાં, હૈડે લાગ્યો હુતાશન;
ક્રોધ કરી કુંવર બોલ્યો, કૃષ્ણ પ્રત્યે વચન.
ધિક્કાર જાદવ કુળને, જ્યાં તું સરખા ઉત્પન્ન;
પણ કુળનો વાંક કશો નથી, ભુંડું ભરવાડાનું અન્ન.
હાથ લાકડી ખાંધ કામળી, વૃંદાવન ચારી ગાય;
ગતિ ક્યાંથી ગોવાળીયાને, હદે નહિ દયા ય.
પશુપાલ જ પાપીએ, કપટ કરી વહાયો મને;
અભ્યંતર જો હણ્યો અલ્યા, નરકવાસ હજો તને.

ગોવર્દ્ધનને કર ધર્યો, ઉતાર્યો ભૂતલ ભાર;
કેશી કંસ પછાડયો તે, તુજ બળને છે ધિક્કાર.
રૂક્મિણીનું હરણ કીધું, દીધો દુષ્ટ જનને માર;
જરાસંધને જીત્યો તે, તુજ બળને છે ધિક્કાર.
નરકાસુરને મારીને પરણ્યો, પ્રેમદા સોળ હજાર;
પારિજાતિક પુષ્પને લાવ્યો, તે તુજ પ્રાક્રમને ધિક્કાર.
પ્રહ્‌લાદની તે પીડા ટાળી, ધરી નૃસિંહ અવતાર;
નખે નીપાત્યો હિરણ્યકશિપુ, તે તુજ પ્રાક્રમને ધિક્કાર.
વપુ કીધું મીનનું ને, વેદ વાળ્યા ચાર;
શંખાસુરને સમાવ્યા, તુજ પ્રાક્રમને ધિક્કાર.
વરાહરૂપ વિઠ્ઠલ થયો, ને ધર્યો ભૂતલ ભાર;
નક્ષત્રિ ભૃગુરૂપે કરી, તે બળને પડો ધિક્કાર.
પાહાણ તાર્યા પાણી વિષે, ને સેના ઉતારી પાર;
રાવણ રોળ્યા રણ વિષે, તે તુજ પ્રાક્રમને ધિક્કાર.
બળજો મારા હાથ તું, જો હોય દેવકી કુમાર;
સંગ્રામ કરે નહિ મુજ સાથે, તો તુજને છે ધિક્કાર.
કાઢ જાદવ જીવતો, યુદ્ધ કીજીએ એક વાર;
મલવિદ્યા એમ છે નહિ, તે તારાં બળને ધિક્કાર.

(વલણ.)

ધિક્કાર જાદવના પતિ, કપટ કરી મુને માર્યો રે;
ગુરૂ થઇ આવી મળ્યો, ને પ્રાણ પોતાનો ઉગાર્યો રે.

૬૩. ભાભીઓની પહેરામણી.

(રાગ દેશાખ.)

માતાને ઘેર ગયા મુરારી રે, ત્યારે ટોળે મળી સર્વ નારી રે;
સોળસહસ્ત્રે વાત વિચારી રે, શું લાવ્યા છે ગિરિધારી રે.
આવ્યાં સુભદ્રાને આવાસ રે, જ્યાં પધાર્યા અવિનાશ રે;
ત્યારે નણંદ થયાં પ્રસન્ન રે, આપ્યાં સોળસહસ્ત્ર આસન રે.
પછે સુભદ્રા હરખે પૂછે રે, ભાભી સર્વ આવ્યાં તે શું છે રે;
સુણી સુભદ્રાની વાણી રે, ત્યારે બોલ્યાં રૂકિમણી રાણી રે.
આવવાનું સ્થાનક અમારૂં રે, તે તો બાઇ ભુવન તમારૂં રે;
અમો ભાભી સોળ હજાર રે, તેને તમારો આધાર રે.
જ્યારે તમો જાશો સાસરડે રે, ત્યારે શું અપાશે વસુદેવ ઘરડે રે;
સાસરવાસો સર્વ ભોજાઇ રે, કરવા ઇચ્છે છે બાઇ રે.
બાઇ અમ સરખું કામ કાંઇ દીજે રે, મન ગમે તે માગી લેજે રે;
જ્યારે એમ કહ્યું વડી વામા રે, ત્યારે બોલીયાં સત્યભામા રે.
આપણે એ ભિયાં ઉપરૂં કો નહિ રે, એ તો દૂધને એ તો દહીં રે;
હવે આપ્યાનો શો ઉધારો રે, આ લ્યોની હાર અમારો રે.
આપણ ક્યાં ખરચીશું ગર્થ રે, સાસુ નણંદ તે મોટું તીર્થ રે;
આપ્યો હાર સત્યભામા સતી રે, ત્યારે ઉઠયાં જાંબુવતી રે.
આ પેહેરો સુભદ્રા ચીર રે, તાજું એકલું છે હીર રે;
રૂકિમણીએ કીધું મન બહોળું રે, આપ્યું પેરવાનું પટોળું રે.
એક કહે લ્યો સુભદ્રા બેહેન રે, માળા આપી મોટી મોહન રે;
કોણે આપી કંકણ ચૂડી રે, નણંદ કહે સર્વ ભાભીઓ રૂડી રે.
ઘોળા સાળુ છાંટયા કેસર રે, મોટા મોતી નાકે વેસર રે;
કો જોડ આપે અણવટની રે, કો છોડે કટિ મેખળા કટની રે.

કલ્લાં કાંબી ને ઝાંઝરીયાં રે, નણુદીને અર્પણ કરીયાં રે;
એમ આભ્રણ આપ્યાં સર્વે રે, ત્યારે સુભદ્રા બોલ્યાં ગર્વે રે.
આજ ભાભીઓ પ્રાહુણા રહીએ રે, વળી કામ અમ સરખું કહીએ રે;
સુણી સુભદ્રાની વાણી રે, ત્યારે બોલ્યાં રૂકિમણી રાણી રે.
જેવાં કરશો તેવાં થઇએ રે, વા'લી વાત તે તમને કહીએ રે;
કહું છું સુભદ્રા બાઇ રે, આજ આવ્યા હુતા તમારા ભાઇ રે.
પેટી હુતી તે બિયાં કને રે, આવીને આપી છે તમને રે;
એ પિંજર માંહે શું છે રે, ભાભી સાથ સર્વ કો પૂછે રે.
આપણે બોલવું ચાલવું છાનું રે, તે જોઇ જાશું અમો છાનું રે;
માટે ઉઘાડો પિંજર તાળું રે, અમો વેગળાં રહીને ભાળું રે.
નણંદે ઉભ કરડી દંત રે, ભાભી ક્રોધી તમારો કંથ રે;
જાણો છો શ્રીકમની ટેવ રે, અગ્નિનો ભડકો શ્રી કૃષ્ણ દેવ રે.
તે તાળાની જે કુંચી રે, તે તો મોહને મુકી છે ઉંચી રે;
શું જાણીએ ધો કે સાપ રે, તમો દેજો હરીને જબાબ રે.
ત્યારે સત્યભામા એમ પૂછે રે, બાઇ આવડું બીહો તે શું છે રે;
જો તમ ઉપર કોપશે શ્યામ રે, ત્યારે લેજો અમારૂં નામ રે.
જો હરિ દેખાડે મુને બળ રે, તો હું ઉતારીશ ઝાકળ રે;
જ્યારે અમો લેશું હાથે રે, ત્યારે નહિ બોલાયે જદુનાથે રે.
ત્યારે બોલ્યાં જાંબુવતી રે, એક મેં વિચારી છે મતિ રે;
આપણ અધરી પ્રતિજ્ઞા કીજે રે, કો આગળ વાત ન કહીએ રે.

(વલણ.)

ન કીજે વાત વિઠ્ઠલની ચોરી, જાંબુવતી એમ ઓચરે રે;
સંજય કહે સુણો ધૃતરાષ્ટ્ર, શ્યામા સમ કેઇ પેરે કરે રે ?

૬૪. પહોંચેલી ભાભીઓ.

(રાગ મારૂ.)

જાંબુવંતી કહે બહાર જઇને, જે કરે પિંજરની વાત;
તેને માથે ભાર એટલો, નહિ પિતાની જાત.
પછે સુભદ્રાના હાથમાં, સર્વે આપ્યું સત્ય વચન;
વસ્ત્રાભૂષણ રહ્યાં જોઇ, માન્યું માનનીનું મન.
ચાલી સુભદ્રા પિંજર પાસે, કુંચી કરમાં સાહ્ય;
એકલીએ તાળું ઉઘાડ્યું, વેગળી સર્વ ભોજાઇ.
દ્વાર બન્ને જુજવાં કીધાં, અળગું મુક્યું તિહીકાર;
માંહે મૃતક મોટું દીઠું, ત્યારે હશી રાજકુમાર.
અહિલોચનનો પ્રાણ રહ્યો'તો, વળગી તે તીના પટ માંય;
હસતાં હરખે હંસ પહોંત્યો, હરિભગિનીના ઘટમાંય.
અબળાને ગર્ભ છે અર્જુન કેરો, થયા છે પંચ માસ;
તે પિંડ માંહે પાપી પ્રાણે, સદ્ય પૂર્યો વાસ.
તે જીવ વિચારે અહિલોચનનો, જે આવ્યો હરિને પેર;
ન થાઉં પ્રસવ મરે સુભદ્રા, વાળું પિતાનું વેર.
ત્યારે કૃષ્ણની કામિનીએ કૌતુક દીઠું, મરકલડે મુખ તાણ્યું;
કુમાઇ જુઓ આપણા કંથની, મડદું મથાળથી આણ્યું.
તાળી દઇ સત્યભામા બોલ્યાં, સર્વ સ્ત્રીમાં ડાહ્યાં;
ભાઇએ હેત કર્યું ભગિનીને, અવનિલોક અભડાવ્યાં.
પીતાંબરને પાલવે ઢાંકી, પ્રભુએ પિંજર આણ્યું;
મારે મંદિર ન આવ્યા, મેં ત્યારથી કૌતુક જાણ્યું.
મુખ મરડીને તાણે સરડકા, કરવા લાગી ઠંઠોળી;
સુભદ્રાને વીંટી વળી ત્યાં, સોળ સહસ્રની ટોળી.

રૂકિમણી કહે મારે મંદિર, ટચકાની છીંટ છે આછી;
તે તમને હું આપીશ બાઇ, એ પટોળી લાવો પાછી.
જાંબુવતી કહે બત્રીસલક્ષણો, બાઇ તમારો વીર;
તે જાણે તો મને હાર મારે, માટે આપો મારૂં ચીર.
સાંસ્તાં રહી સત્યભામા બોલ્યાં, હાથ દેઇ પોતાને ગાલે;
આજ તો હાર લાવોની પાછો, જોઇએ તો આવજો કાલે.
એક કહે નહિ રાખે આપણું, શું એ ભિયાં છે ભિખારી;
હસ્તિનાપુરમાં કેમ જાશે, અંગુડી લેઇ મારી.
એક કહે એ ભિયાંને આપતાં, આપણું હૈડું હીસે;
પાછું લઇએ તે એટલા માટે, પિયરમાં વરણાગી દીસે.
માન દેઇ અપમાન માંડયું, જ્યારે વસ્તુ પેટીની જાણી;
મૂળગું વસ્ત્ર જે સુભદ્રાનું, તે ભાભીએ લીધું તાણી.
બડબડતાં બોલ્યાં સુભદ્રા, જે ધણીએ માની મોતી;
હવે એક સાલ્લા સોતી જવા દો, ભાભીની ભાવજ પો'તી.

(વલણ.)

પો'તી ભાવજ ભાભીઓ, નણદે ત્રસો તોડિયો રે;
લટપટ કરીને વસ્ત્ર હરી ગઇ, આપ આપણે મંદિર દોડિયો રે.

---

૬૫. અભિમન્યુ ને ઉત્તરા.

(રાગ કેદારાની ચાલ.)

એમ બોલિયાં ઉત્તરા નારી, સ્વામી સાંભળોની વાત અમારી:
મારાં પ્રગટયાં કર્મનાં કૃત્ય, જે હું રાંકડી ને તમો આભુત્ય.
અવતાર નિર્ગમ્યો એળે, સમાગમ સરજ્યો આ કાળે;
પાતળીઆ પિયુજી મારા, તમો જોગ નથી હું દારા.

આપણે કેટલેક દહાડે મળિયાં, દુઃખ આભ્યન્તરનાં ટળિયાં;
હવે પ્રીતડી લાગી થાવા, તો હું તમને કેમ દેઉં જાવા.
નારીને તે નાથ જીવન, સુખ પાળે ને આપે અન્ન;
ભરથાર એ તે સુખ મોટું, ભરથાર વિના તે સર્વ ખોટું.
ભાઇ બાપ મામા ને જે માડી, ઘણું કરે તો પહેરાવે સાડી;
સાસુ સસરો તે સહુ ધણી માટે, બાકી નહિ કો સાસરિયાંની વાટે.
થાનાર હોશે તે દઇશું થાવા, પણ નહિ દેઉં તમને હું જાવા;
શું જુદ્ધ કરીને થાકયા, રાજ્ય કરશે પરબારા કાકા.
તો તમને શું છે વઢવું, આંધી બાકરી કૌરવ પર ચઢવું;
જ્યારે એમ કહ્યું શિર નામી, ત્યારે બોલ્યો અભિમન્યુ સ્વામી.
મિથ્યા કરવી મન અભિલાષા, નહિ ટળે હો કર્મની રેષા;
જો કદી પેસે કુંજરના દંત, તોએ જુદ્ધ ન મુકે બળવંત.
શરીર થાય તે ચૂરેચૂર, તોએ રણ નવ મુકે શૂર;
મહિલા એક વાર છે મરવું, તો રણથી પાછું શું ઓસરવું;
માટે પ્રેમદા પાલવ મુકો, તમો ચતુર થઇ કાં ચૂકો.

(વલણ.)

ચૂકો મા તમે ચતુર થઇને, એમ કહી ચાલ્યો નાથ રે;
ત્યાં મચ્છસુતા એમ ઉચ્ચરે, ઝાલી અભિમન્યુનો હાથ રે.

(રાગ ધનાશ્રી.)

પિયુ શું થાશે રે, મારા પીયુજી શું થાશે રે;
આજની રજની કેઇ પેરે જાશે રે, મારા પીયુજી શું થાશે રે. ટેક.
કોણ સારૂ વઢવાને નકરો, ચક્રાવો ગઢ જીતવો કપરો;
તે મોટા ને તમો બાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.

. મોઢે ઉભા છે દ્રોણ, તમે જીતવાનું કીધું પોણ;
। પાળશે પ્રતિપાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
. કૌરવ પાપી કર્ણ, જેને દેખતાં પામીએ મર્ણ;
સ્વામી છો સંકોમળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
ય સરખા જોદ્ધા છે નવ, મહા ભયંકર ભૂરિશ્રિવ;
ી કૃતાંત કાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
સાથે દુર્યોધન, મનનો મેલો દુશ્શાસન;
મોટા જેવા વ્યાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
થામા જોદ્ધા મહાબળ, સિંહ સરખો સામો શલ્ય;
ી તમ પર શરની જાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
કેરો વરસશે વરસાદ, અંતરિક્ષ અંધારૂં ને ઉલ્કાપાત;
અસ્ત્રની ઉડશે જવાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
. ધારા રહેશે વરશી, ભોગળ ગદા ને ભાલા ફરશી;
ા શી કરશો ચાળ, માટે પેટડીઆમાં ફાળ. પિયુ.
કેરી અલ્પ સગાઇ, અર્જુન હોય તો આવે ધાઇ;
મામો શ્રી ગોપાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.
લડી મારી જમણી હાલે, દુઃખ હૃદેમાં ઊંડું સાલે;
દેખીશ સંધ્યાકાળ, માટે પડે પેટડીઆમાં ફાળ. પિયુ.

(વલણ.)

સંધ્યાકાળ હું કેવી દેખીશ, ઘડી જુગ સરખી થશે રે;
નેમેષ નહિ મળે આંખડીએ, હું જોઇ રહીશ એણી દીશે રે.

(રાગ સામેરી.)

ઉત્તરાનાં રે વાયક સાંભળી, અભિમન્યુ બોલ્યો ત્યારે વળી;
ાં પ્રિયા આંખલડી રાતી કરો, મારા સમ જો આંસુડાં ભરો.

તમો ચતુરા છો ક્ષત્રાણી, પ્રેમદા ચઢાવો મુને પાણી;
રણ થકી રે જે ઓસરવું, તે જીવ્યાપેં ભલું હોય મરવું.
તમે આજ્ઞા કરો એવું જાણી, ત્યારે બોલ્યાં ઉત્તરા રાણી;
મન છે તો કંથજી પધારો, સામા શત્રુને બળ કરી મારો.
માતાજીને રે ભાગ્યે ફરજો, સામા શત્રુ હોય તે રે મરજો;
તમે જુદ્ધ કરવાને જાજો, જેવા અહિં છો તેવા થાજો.
મારા કંથજી કુલ દીપાવો, જશ ઉપરાજીને લાવો;
એવું કહીને પાયે લાગી, પિયુ ચાલ્યો તે આજ્ઞા માગી.
પતિવ્રતા પુંઠલ જોતી, ખરે આંસુડાં જાણે મોતી;
વહાલાજીનો વરાંસો ન ખમાય, ફરી જુએ તો વાર રે થાય.
એમ ટળવળ ટળવળ કરતી, પછી શિબિર ભણી તે ફરતી;
નેત્રે નીર મુક્યું છે રે રેડી, પછી સુભદ્રાએ લીધી તેડી.
ભેટયાં સુભદ્રા ને પાંચાલી, વહુજી નમ્યાં છે કેડને વાળી;
હવે અભિમન્યુ રણે ચાલ્યો, રથ પ્રહારે મહિધર હાલ્યો.
ત્યાર પહેલી સેના આથડે, સામસામાં કટક બે લડે;
દુન્દુભીશબ્દ બહુ ગડગડે, જેમ મેઘ અષાડો ધડહડે.

(વલણ.)

ધડહડે સેના મેઘની પેરે, રેણુ જઇ પહોંતી ગગન રે;
એવે કૌરવને કંપાવતો, આવતો દીઠો અભિમન્યુ રે.

૬૬. તીર્થવાસી ને નાણાવટી.

(રાગ મારૂ.)

જેને વેદ પુરાણે વખાણ્યો રે, મારો વહાલોજી થયો છે વાણીઓ રે;
એના આગમની ગત છે ઉલટી રે, મારો નાથ થયો નાણાવટી રે.
વહાલો ગોમતીજીના ઘાટમાં રે, મળ્યો તીરથવાસીને વાટમાં રે;
વેશ પૂરો આણ્યો મારે વહાલે રે, નાથ ચઉટાની ચાલે ચાલે રે.
છે અવળા આંટાની પાઘડી રે, વાહાલાજીને કેમ બાંધતાં આવડી રે;
દીસે વાણીઓ બીને વાન રે, એક લેખણ ખોસી છે કાન રે.
હસતાં ખાડા પડે બહુ ગાલ રે, મોટું કપાલ જાણીએ વેતાલ રે;
અધર એક જાણો પરવાળી રે, મોટી આંખ દીસે અણીઆળી રે.
બે કાને કુંડળ ઝળકે રે, નાસિકા દીવાની સળકે રે;
દીસે દાંત રૂડા હસતા રે, હીરા તેજ કરે છે કશાતા રે.
ત્રિકમજી વણિકની તોલે રે, નાથ ઉતાવળું બોબડું બોલે રે;
સોનાની સાંકળી ને કંઠે દોરો રે, કેડે પાટીઆનો કંદોરો રે.
ઝળકે ધનરેખ હથેલીમાં રે, આંગળીએ વીંટી ને વેઢીઆં રે;
સાદી એક તાપ્ર પહેરી છે હરજી રે, એને શીવનારો કોણ દરજી રે.
છે ટુંકડા બંધન બેવડા રે, ગુણ કયાંથી શીખ્યા પ્રભુ એવડા રે;
કરે આડે હાથે લટકો રે, સાદી દોરીનો કેડે પટકો રે.
પટકે લટકે ફુમતડાં જ્યોત રે, કેડે ખોસી પીતળની દોત રે;
કિયાં કિયાં તે કૌતુક ભાળીએ રે, ઢાલી ગાંઠ વાળી બે ચાર ફાળીએ રે.
એક ઓઢી પછેડી ખાંધ રે, નાથ દુંદાલા ને મોટી ફાંદ રે;
વસ્ત્ર પહેર્યાં તે પાંચે સાજાં રે, પાયે પહેર્યાં તે સાદાં મોજાં રે.
કાંઇ વાધો બીરાજે કેશર રે, બન્યા મોટા પારેખ પરમેશ્વર રે;
મારો નાથજી નીચે ખામણે રે, ભટ પ્રેમાનંદ જાયે તેને ભામણે રે.
સાથે વાણોતર છે સાત રે, ઉદ્ધવ ને અક્રૂર ભ્રાત રે;

તુમાન કપિલ અર્જુન રે, ભક્ત સુદામો દીસે દીન રે.
રખ થઇ ઉપમાન રે, આગળ જ્યેષ્ટિકાધર હનુમાન રે;
લાકડી સુદામાએ ગ્રહી રે, છે વિદુરના હાથમાં વહી રે.
દ્ધવને ખાંધે કોથળી રે, તે તો પારસી ઓશે ટોટળી રે;
મ આવ્યા શ્યામળા અવિનાશી રે, તે જોઇ રહ્યા તીરથવાસી રે.
તો કોઇ પારખ દીસે નવો રે, આપણો અર્થ સરસે હવો રે;
ેક ભારે માણુસ ભાસે રે, ભલા વાણોતર છે પાસે રે.
ઉ સહુને શીશ નમાવતા રે, દીસે પૈસાદાર કોઇ પામતા રે;
તો કારણરૂપ કંઇ મળિયું રે, એને દર્શને દુઃખડું ટળિયું રે.
ડીવાળા એમ વદે વાણીઓ રે, મળ્યું શ્યામળે અંગે એંધાણીઓ રે;
ાધા આવીને પાછા શાણી રે, તેના મનની વારતા જાણી રે.
ાલ્યા પોતે તે સારંગપાણિ રે, કાંઇક ઓછી લજ્જા આણી રે;
ીરથવાસી બોલ્યા શિર નામી રે. જુનેગઢથી આવ્યા છીએ સ્વામી રે.
મે જુનેગઢથી આવ્યા રે, નરસૈયાની હુંડી લાવ્યા રે;
યારે સાંભળ્યું નરસિંહનું નામ રે, ત્યારે ધાયા શ્રી ભગવાન રે.
ત્રે ભર્યાં આંસુ અંબુજ રે, હુંડી લીધી તે ચતુર્ભુજ રે;
યારે અક્ષર ઓળખ્યા નાથે રે, હુંડી ચાંપી તે હૈડા સાથ રે.
ંડી વાંચી તે વહેલી વહેલી રે, શ્રી હરીએ તે હુંડી ઉકેલી રે;
ુભ નગર દ્વારામતી રે, જ્યાં વસે તે જાદવપતી રે.
ર કરજો દીનદયાળ રે, છો ગૌબ્રાહ્મણપ્રતિપાળ રે;
ર્વે ઉપમાજોગ શ્યામ રે, નાથ નાણાવટીમાં નામ રે.
રમારથ કરો તતખેવ રે, શેઠ શ્યામળશાહ વાસુદેવ રે;
જુનાગઢમાં વાસ રે, તે તો પ્રભુજી તમારો દાસ રે.
ખી હુંડી નરસૈયો સેવક નામ રે, હુંડી શીકારજો તમે શ્યામ રે;
ેક ઘડીનો કરશો ઉધારો રે, તો જાશે કાર અમારો રે.
મોટા શેઠનું ધામ રે, રાખો વાણોતરનો વિશ્રામ રે;

લખી હુંડીમાં એંધાણી રે, નાથ આપીને પીજે પાણી રે.
ધનના તીરથવાસી ધણી રે, વિનતિ થોડામાં છે ઘણી રે;
એવડું લખવું પડતું શ્યાને રે, મસ્તક ધુણાવ્યું શ્રી ભગવાને રે.
અમે નરસૈયાના કહેવાઇએ રે, જ્યાં નરસૈયો વેચે ત્યાં વેચાઇએ રે;
આવું લખવું નહોતું લેશે રે, રૂપિયા આપત હું સંદેશે રે;
કહે જાત્રાળુને અવિનાશ રે, રૂપિયા આવ્યા મુજ પાસ રે.
તમે શોધતા ફરો તે શુંય રે, ભાઇ શ્યામળદાસ તે હુંય રે;
નરસૈયો વાણોતર મુજ જાણો રે, આ નગરમાં રહું છું હું છાનો રે.
કરૂં વૈષ્ણવ જનની સેવા રે, મુને ઓળખે છે નરસૈયા જેવા રે.
મેં તો બીજી વિધિ છાંડી રે, મેહેતાની તે કોથળી માંડી રે;
પરિવાર જીવે શ્યામળશાહનો રે, તે તો આશરો નરસૈયાનો રે.
છોડી કોથળી કરૂણા કરી રે, કાઢ્યા રૂપિયા તે મુઠી ભરી રે;
જોવા મળ્યા ગઢના લોક રે, ગણી આપ્યા રૂપિયાના થોક રે
સો ઉપર આપ્યા મહારાજ રે, તે તો ખરચખુટણને કાજ રે;
નરસૈયાને વિનતિ કરજો મારી રે, કાગળ લખતાં કહે દેવ મોરારિ રે.

(વલણ.)

હરિએ કાગળ લખ્યો, અંતરમાં છે આનંદ રે;
જુવો વિવેક કરે વહાલો, કહે વિપ્ર પ્રેમાનંદ રે.

૬૭. સુધન્વાને પિતાની પ્રતિજ્ઞા.

(રાગ હિંડોળ.)

સ્વામી ઋષિજી રીસાવી જાય રે, કાંઇ રાજા પૂઠળ ધાય રે;
સ્વામી શા માટે કરો ક્રોધ રે, મેં મારવો સુધન્વા યોધ રે.

(ઢાળ.)

મારવો સુધન્વા સર્વથા, નહિ વિલંબ કરૂં પળ માત્ર;
તે પાપી પુત્રને શું કરૂં, જેથી રીસાયે સદ્પાત્ર.
વિપ્ર વળતું બોલિયા, અમને જવા દે રાજન;
સત્ય થયું અળખામણું, તેને વહાલો થયો છે તન.
રાય અમો સાથી સત્યના, ઉન્માર્ગ સામું શાંત;
અમે અમારા સત્યનું, એક સાંભળ કહું વૃત્તાંત.
આ લિખિત બંધુ માહરો, તેણે કીધો એક અન્યાય;
મુને આપ્યા વિના એકલે, બદ્રીફળ મુક્યું મુખ માંય.
ભક્ષ કીધા પૂઠે સાંભર્યું, તે લાગ્યો મારે પાય;
ભ્રાત મુજને દંડ દીજે, મેં થયો છે અન્યાય.
મિતાક્ષરા શાસ્ત્ર સર્વ જોયું, બીજાં શાસ્ત્ર સમસ્ત;
પુસ્તક પ્રમાણે ન્યાય કીધો, છેદ્યો ભાઇનો હસ્ત.
છેદતામાં સત્ય દીપ્યું, ત્રૂઠયા વૈકુંઠનાથ;
હરિપ્રતાપે સદ્ય સાજો, થયો ભાઇ કેરો હાથ.
સત્ય જ્યાં છે ત્યાં વિષ્ણુ છે, રાય રાખીએ વિશ્વાસ;
આજ તારૂં સત્ય નાઠું, અમને જવા દે વનવાસ.
ત્યારે હંસધ્વજ વિનતિ કરે, હરિ ! પધારો ઋષિદેવ;
મેં સુધન્વાનો હોમ કરવો, તેલમાં તતખેવ.

પછે ઋષીશ્વરને તેડી આવ્યા, સેન મધ્યે રાય;
આજ્ઞા આપી દાસને, નાખો પુત્ર પેણા માંય.
સેવક આવ્યો કુંવર પાસે, નેત્ર જળની ધાર;
સ્વામી આજ્ઞા રાયની, અમને સોંપ્યો છે અધિકાર.
ત્યારે સુધન્વા કહે સેવક પ્રત્યે, ભાઇ તમારો શો વાંક;
પિતા પુરોહિત શું કરે, જો લખ્યા વિધિએ આંક.
રાજસૂય જેણે યજ્ઞ કીધા, ધર્મ યુધિષ્ઠિર ભૂપ;
વેળા નીગમવા કારણે, ધર્યું કંક ઋષિનું રૂપ.
ખાંડવ વન જેણે દહન કીધું, કૃષ્ણ સરખા સાથ;
તે અર્જુન વ્યંડળ થયા, કાંઇ ચૂડી પહેરી હાથ.
નકુલ ઘોડા ફેરવે, સહદેવ ચારે ગાય;
વેળા નીગમવા કારણે, કાંઇ ભીમ રસોઇ નીપાય.
પાંચાળી દાસી થઇ, જેનું સર્વ સતીમાં નામ;
ભટ પ્રેમાનંદ એમ કહે, પેલી વિધાત્રીનું કામ.

(વલણ.)

જે અંક લખ્યા લલાટપટલે, તે ન્યૂનાધિક નવ કો કરે રે;
સ્નાન કરી પીતાંબર પહેર્યું, વળી ધ્યાન હરિનું ધરે રે.

૬૮. કુંભકર્ણની ગાઢ નિદ્રા.

(રાગ કાલેરો.)

જાગો ભાઇ ભીડ પડી છે, કરે વિનતિ રાવણ રાય;
નર વાનરે લંકા ઘેરી, તુને નિદ્રા કેમ સોહાય. જા.
શત સેવક તેડાવ્યા રાયે, કહ્યું જગાડો કુંભકર્ણ;
લક્ષ જોધા વળગી ઢંઢોળે, જાણે શું પામ્યો મર્ણ. જા.
જળ છાંટે નવ જાગે યોધો, તાપણાં કીધાં ચોફેર;
હૃદય ઉપર શિલાપડ મુક્યાં, કાનમાં ફૂંકે મદન ભેર. જા.
કપાળ ઉપર દુંદુભી વાજે, શરણાઇ નફેરી ઢોલ;
કો મેઘસ્વરે સાદ કરે, પણ રાણો ન આપે બોલ. જા.
સુંઢ મરી નાસિકામાં ફૂંકયાં, અજ ચલાવ્યા નાસામાંય;
પાછો શ્વાસ મુકે નિદ્રામાંહે, અજા મીંઢ ઉડયા જાય. જા.
હૃદયા ઉપર અશ્વ દોડાવ્યા, વઢાવ્યા મહિષ માતંગ;
કુંભકર્ણ સૂનો નવ જાગે, સાણસે ત્રોડાવ્યું અંગ. જા.
નાના ઔષધ અંજન કીધાં, પછાડયો ઉચળી બે વાર;
પણ અઘોરીની ઉંઘ ન ઊડે, કીધો મુંટણીઆનો પ્રહાર. જા.
વળી નાસિકા માંહે સર્પ ચલાવ્યા, વાયુ બંધાવ્યો લંકાસય;
કપોળ માંહે સર્પ અકળાયા, તે શ્રવણ માર્ગે નીકળી જાય. જા.
વાજ આવ્યો રાવણ રાજા, ન લાગ્યા એકે ઉપાય;
કુંભકર્ણની રાણી આવી, રાયને લાગી પાય. જા.
કષ્ટ દીધે મારો કંથ ન જાગે, એને વડાલા શંકર ભગવાન;
જાગશે સ્વામી મુહૂર્ત માત્રમાં, યુક્તે કરાવો સંગીત ગાન. જા.
ભક્ષ ભોજન કરાવી રાખો, નહિ તો કરશે સહુનો સંહાર;
રાવણે મદ્યપાન કરાવ્યાં, અન્ન તણો કીધો અંબાર. જા.

અપ્સરા પાસે નૃત્ય કરાવે, ગાનતાન વાજે વાજીંત્ર;
કુંભકર્ણ ડોલ્યો જેમ મણિધર, સાંભળતાં ગોવિંદચરિત્ર. જા.
ઉઠીને સર્વે અન્ન આરોગ્યાં, પૂછ્યો પછી સમાચાર;
મને કાચી નિદ્રાએ કેમ જગાડયો, આ વાનરના હોકાર. જા.
રાવણે વાત કહી વિસ્તારી, જે રીતે દુભાવ્યા શ્રી રામ;
અગ્રજના કામ માટે ઉઠાડયો, તું વિના કોણ કરે સંગ્રામ. જા.

(વલણ.)

સંગ્રામ કરો શ્રી રામ સંગાથે, દપિ પમાડો મર્ણ રે;
એ વચન સાંભળી વીરનાં, પછી શું બોલ્યો કુંભકર્ણ રે.

---

૬૯. રાવણને ઠપકો.

(રાગ પરજીઓ)

કર ઘસી કુંભકર્ણ બોલ્યો, ધુણી પોતાનું શીશ;
ધર ઘાલ્યું ભાઇ ઘેલડા, તેં દુભવ્યા શ્રી જગદીશ વીરા.
બળીઆ સાથે બાથ વીરા, કાં દુભ્યા શ્રી રઘુનાથ વીરા.
ત્ર્યંબક લેતાં તારા રે, ચંપાણા વીશ હાથ;
કાઢી મુકયો તુને રાઘવજીએ, થયો કૃતઘ્ની લંકાનાથ વીરા. બ.
સાયર જળ જેણે બાંધિયું રે, સલ્યા તારી પુણ્ય સમાન;
મેઘાડંબર સ્હેજે છેદિયું, તો ય તુને ન આવી સાન વીરા. બ.
લક્ષ તરૂણી ઘેર તારે, જેનાં દર્શન ઇચ્છે દેવ;
તો સીતાને શું લાગિયો રે, થયો વૃદ્ધ ને ન ગઇ કુટેવ વીરા. બ.
જગત જીતી તેં જેર કીધું પણ, ન જીત્યા ક્રોધ ને કામ;
શ્યામ કેશ ઉજવળ થયા રે, તો ય મન રહ્યું તારૂં શ્યામ વીરા. બ.

ચંદ્ર વિના જેવી જામની રે, દીપ વિના જેમ ધામ;
ત્યમ વિભીષણ બાંધવ વિના, દીસે ઉજ્જડ લંકા ગામ વીરા. બ.
પરનારી જેવી પાવક જ્વાળા, સાપણ વિખની વેલ;
જીવ લેશે તારો કુટુંબ સાથે, જઇ રામચરણે શીશ મેલ વીરા. બ.
હું મર્ણ થકી બીતો નથી, પણ તું વેળાસર ચેત;
નહિ માને શીખ માહરી, જાશો જમપુર સ્વજન સમેત વીરા. બ.
જો વાડીમાં બેસાડી જાનકી તો, લઇ આવ્યો કોણ કામ;
તુંથી સીતા જીતાતી નથી તો, કેમ જીતાશે રામ વીરા. બ.
રાવણ કહે કુંભકર્ણને રે, સાંભળ દુઃખની વાત;
જ્યારે દેખું સતી જાનકી, જાણે હોય આપણી માત વીરા. બ.
જો ત્યાગ કરું ચિત્ત સીતાથી, તો તે બળશે શબને અંગ;
હવે કેમ નમું રિપુ રામને, મુખે લાગે કાળો રંગ વીરા. બ.

(વલણ.)

લાગે કાળપ મુખ વિષે, જો નમું રિપુને પાય રે;
કુંભકર્ણ કહે ધન્ય તું, તારું મન જોયું મેં ભાઇ રે.

ગદ્ય.

૧. નાન્દી.

સૂત્રધાર—મારિષ! આ સુહૃદજન, વિદ્વજ્જન, મહાજનાદિ બિરાજેલા છે. એ સર્વની આગળ કૃષ્ણસૂનુ પ્રેમાનંદ ભટ ગ્રથિત દોષદર્શિકા સત્યભામાખ્યાન ગુર્જરગિરામાં ભજવવાનો મેં નિર્ણય કર્યો છે. જા તું વાદિત્રાદિ સાહિત્ય તૈયાર કર.

પારિપાર્શ્વક—ભાવ! શું ઝાડબીડ બળી જઈ હીંગોરે હીમ ઠર્યાં? ઠીક, વારુ સાંભળો; કાલિદાસ, ભવભૂતિ, બાણ, સોમિલ્લ, જયદેવાદિ કવીશ્વરોનાં નાટક છતાં, અને તે પણ દેવગિરામાં, તો પછી ગુણાદિથી હીન ગુર્જરગિરામાં, અને તે પણ નવીન નામધારી પ્રેમાનંદ ગ્રથિત વસ્તુનો પ્રયોગ કરવો એ કેવી હસારત!!

સૂત્રધાર—મારિષ! નવીનારંભ હોવાથી રસિક પ્રેક્ષકજન દોષદર્શી થશે નહિ.

પારિપાર્શ્વક—હાં! એ તો ઠીક; પણ તમે તો નાટક શબ્દને પણ નાત બહાર મુકયો છે! આખ્યાન અને તે ભજવવું!! શિવ શિવ! આપણે તો નથી સાંભળ્યું, નથી જોયું, કે નથી જાણ્યું! ગમે તેમ થાઓ, પરંતુ કહો કે તમે ઉત્તમ પાત્રની જે દેવગિરા, તેનો ગોટો વાળી તેને ઠામે ગુર્જરગિરા વાપરશો, પણ સામાન્યમાત્રની બાલભાષા વિષે શું બોલો છો?

---

૨. મણિ ચોર્યાનું આળ.

કૃષ્ણદેવ—શ્રીદામા ! સ્યમંતક મણિએ તો મને બાલ્યાવસ્થા પ્રાપ્ત કરાવી અને કાંચનપુરીને વેલીવાળું વ્રજ બનાવ્યું ! દૈવગતિ બળવત્તર છે ! ! સખા ! કરેલો શ્રમ પણ સિદ્ધિપ્રદ થયો નહિ !

શ્રીદામો—વ્રજને તમે વિસારો પણ વ્રજ તમને કેમ વિસારે ? વ્રજવનિતાના નિસાસા ન નડે એવો નર વિધિ નિમાર્ણ કરવાને શક્તિમાન કેમ થાય ? કરો એવું પામો અને વાવો એવું લણો ! શુદ્ધ થવાને શ્રમ તો કરવો જ પડે; પણ જગત્ તો ઝવેરી છે !

કૃષ્ણદેવ—શું અલ્યા તું પણ એમ જ માને છે કે ?

શ્રીદામો—જાણે તે વિચાર કેવો આણે ? પડતીમાં તો પડતી જ !

કૃષ્ણદેવ—તારા જેવા જેના સખા છે તેને પડતી કેવી ? ચઢતીમાં ચઢતી જ થવી જોઇએ.

શ્રીદામો—ત્યારે ચઢતીમાં ચઢતી.

કૃષ્ણદેવ—અલ્યા એમ કેમ ?

શ્રીદામો—સ્યમંતકની ચૌરિકા રૂપ નદી વ્રજવનિતાના અશ્રુપ્રભાવે ચઢતીમાં ચઢતી જેવી જણાય છે અને તેમાં શ્રી કૃષ્ણદેવ યત્ન કર્યાં છતાં પણ તણાય છે.

કૃષ્ણદેવ—અલ્યા પડતીમાં પડતી શું ?

શ્રીદામો—ઉનાળાની સૂકાયલી તલાવડીમાં જોઇ માછી તેને બીજી જગા જેવી જગા માને છે તો પણ સંતાઇ ગએલા દેડકા શબ્દ કરી આ સ્થલે તલાવડી હશે એમ તેને શંકાશીલ કરે છે, જેથી તે તલાવડીનું રહેલું મત્સ્યરૂપી ધન પણ હરાઇ જાય છે. એવી રીતે પૂર્વકૃત્ય સાંભળવાથી દેવની પડતીમાં પડતી મનાય છે.

કૃષ્ણદેવ—શ્રીદામા ! કોઇ જન આમ ગયું એમ મને લાગે છે; જા, જો.

શ્રીદામો—(આમ તેમ જોઇ) દેવ ! અહીં કોઇ દીસતું નથી; હાં હાં ! હું સમજ્યો, આપના જોવાને એમ જ થાય.

કૃષ્ણદેવ—શું સખા, ત્યારે તેં મને ચોર જ ધાર્યો કે ?

શ્રીદામો—ના મેં નહિ, પુરજને.

કૃષ્ણદેવ—તો તું કર તેમની પ્રતીતિ.

શ્રીદામો—પણ પાછલી વાત શી રીતે ભુંસી નખાય ?

કૃષ્ણદેવ—ગોપિકાનું નવનીત લેતાં પિપીલિકા ઉતર્યાનું કહેતા'તા તેમ.

રૂક્મિણી—(ઉભય ન સાંભળે તેમ સખેદ) શું લોકની શંકા સત્ય છે ? ના, ના, એમ હોય તો મણિ પાછો કેમ આપે ? વારૂ આગળ શું થાય છે તે સાંભળું. ઠીક થયું કે હું અહીં છું, તે બન્નેમાંથી એકે જાણતા નથી. જો પદ્મપ્રભાનું કહ્યું કર્યું હોત તો આ બધી વાત સાંભળવામાં આવત નહિ.

શ્રીદામો—પણ તે તો રાધિકાના કૃપાકટાક્ષે મુકાતા.

કૃષ્ણદેવ—પણ તે તો હતું સત્ય અને આ તો છે અસત્ય. એટલે તેવા કૃપાકટાક્ષની આવશ્યકતા શી ?

શ્રીદામો—મહારાજના કહેવા પર મને પૂર્ણ પ્રતીતિ છે. તેમ મણિ પણ મહારાજે આણી આપ્યો છે. તે છતાં જે શંકા રહેવી એ રાધિકાના કૃપાકટાક્ષ વિના નહિ તો શું ?

કૃષ્ણદેવ—સખા ! સત્ય ! કૃપાકટાક્ષનો મહિમા એવો જ અવર્ણનીય છે.

રૂક્મિણી—(સરોષ) અરે ! આ ગોપપુત્ર શ્રીદામો શું સમ-

જાવે છે? અને દેવ પણ તેને મળતા થાય છે!! ખરેખાત! જાતિ-સ્વભાવ એ જીવતા સુધી નથી જ જતો!! વારૂ આગળ શું થાય છે?

શ્રીદામો—મહારાજ, કૃપાકટાક્ષથી સુક્તતા મળે એવું મારા વિચારમાં આવ્યું છે.

કૃષ્ણદેવ—ત્યારે કહી દે; દીર્ઘસૂત્રતા કરવામાં કયા અર્થની સિદ્ધિ સ્વીકારી બેઠો છે?

શ્રીદામો—મોટામાં મોટા અર્થની?

રૂકિમણી—'ભાભા ઢોરાં ક્યાં ચારીશું' તો કે ત્યાંનાં ત્યાં.' એવી જ કંઇ મોટામાં મોટી અર્થપ્રાપ્તિ હશે! પણ મારે ઉતાવળાં થવાનો સમય નથી.

કૃષ્ણદેવ—તે અર્થ કયો તે કહી નાખ્યની?

શ્રીદામો—(આમ તેમ જોઇ) સાંભળો મહારાજ! સત્રાજિતની સુતા સાથે સંબંધ જોડો એટલે સર્વ અર્થની સિદ્ધિની પ્રાપ્તિ અને નિંદાની સમાપ્તિ સમજવી.

રૂકિમણી—અરે દુષ્ટ ગોપ! દેવને અવળે માર્ગે દોરવાનું તને જ છાજે! વારૂ ઠીક, કૃષ્ણદેવનું વેણુ સાંભળવાનો પણ સારો સમય છે.

કૃષ્ણદેવ—(વિચાર કરી) પણ તે તો જનકકન્યા આપે કેમ!

શ્રીદામો—કરો રૂકિમણી જેવું.

રૂકિમણી—(રોપને દબાવવા જેવો ડોળ કરી) આવાને આવું જ ઘટે; પછી એની વાત છે.

કૃષ્ણદેવ—સખા! શ્યામાની જીજ્ઞાસા વિના તે બને નહિ.

શ્રીદામો—ત્યારે કરો કાલાવાલા.

કૃષ્ણદેવ—સખા! કરજ ને કન્યા—(એટલું બોલતામાં)

રૂક્મિણી—(મહા ક્રોધાવેશે પ્રગટ થઇ) મહારાજ! 'કરગરે મળે નહિ.' ગોપબંધુ! ઠીક ઠાઠ મચાવ્યો છે; જાત તેવી ભાત! હંસ રાજા ને પ્રધાન કાગડો! મળી સત્રાજિતની પુત્રી અને ફેલાઇ સત્કીર્તિ!

કૃષ્ણદેવ—(ગભરાયલા જેવા વેષે ઊભા થઇ) પ્રિયા! હાસ્ય-વિનોદ શ્રવણ કરી આમ દુઃસહ લગાડવું ઘટિત નથી.

શ્રીદામો—અમારો તો એ સ્વભાવ જ છે કે ટાઢા પહોરની લહેરો ખાવી અને ખવરાવવી.

રૂક્મિણી—પ્રાસાદને શિખરે બેઠા માટે કંઇ હંસ કહેવાયા કે? ગોવાળિયા તે ગોવાળિયા જ.

શ્રીદામો—દેવી! ગોવાળે કોને ગાંડાં નથી કર્યાં? હું પણ તેવાની નિંદા કરવા છાશ ઘેંશ પી તૈયાર છું.

રૂક્મિણી—(સરોષ) એવી વિચિત્ર વાણી અને વિચિત્ર સલાહથી રીઝે તારા દેવ!! હવે મારી સાથે બોલ્યો તો તારી વાત તું જાણે!

કૃષ્ણદેવ—દેવિ! એનો અપરાધ શો છે!

રૂક્મિણી—'કરજ ને કન્યા કરગરે મળે નહિ' એ વેણ દેવશ્રીને સુખેથી કઢાવનાર તથા ખોટા વાલેશ્વરી થનાર એ જ છે.

કૃષ્ણદેવ—તમે તમારૂં ફાવતું ગમે તેમ યુક્ત કરવા તત્પર જ છો; કિન્તુ અમારૂં એમ કહેવું છે જ નહિ.

રૂક્મિણી—ત્યારે કરજ ને કન્યા એની આગળ શું કહેવાના હતા તે કહો જોઇએ? બીજું તો ઘણું ય છે, પણ તે કહેવું કોને?

કૃષ્ણદેવ—અન્યથા અતિશેમાં અતિશે હોય, પરંતુ મારે કહેવાનું તો આમ જ હતું:—

દેવી ! કરજ ને કન્યા, કલંકિત સદા ભણ્યું;
યથાર્થ વદવું મારે, ગમે તેમ તમે ગણ્યું !

૩. વિવાહ સંબંધી વિચાર.

સત્રાજિત્—પ્રિયા ! હવે લગ્ન આડા માત્ર બે જ દિવસ રહ્યા. મારે આજ કૃતવર્માના પિતા પાસે જઇ તેમને કહેવું છે કે લોક તો ગમે તેમ કહેશે પણ તમારે નક્કી સમજવું કે હું ફરૂં તેવો માણસ નથી.

ચારૂમતી—પ્રાણનાથ ! મારે તમને કંઇ કહેવું એ ઠીક નહિ તો ય બળ્યું કહ્યા વગર ચાલતું નથી. જે કહેવાનું છે તે એ જ છે કે તમારૂં મન ચગડોળ જેવું ફરતું તો નહિ હોય ? ઘડીમાં તમે અક્રૂરને કન્યા દેવાનો વિચાર કરો છો અને ઘડીમાં શતધન્વા સાથે વિવાહની વાત કાઢો છો; અને આજ તો કૃતવર્મા સાથેનો નક્કી ઠરઠરાવ કરવા જવાના છો એમ કહો છો, તો એક મારૂં ગરીબડીનું કહેવું માનશો વારૂ ?

સત્રાજિત્—શું અમારૂં મન ચગડોળ જેવું ફરતું અને તમારૂં મન પાષાણ જેવું સ્થિર ! વારૂ ઠીક છે; જે બોલવું હોય તે બોલી નાખો !

ચારૂમતી—પ્રાણનાથ ! ગમે તો મને ગાંડી ગણો કે ઘેલી ગણો પણ હું તો મારા મનની વાત તમારા આગળ કહી નાખું છું; પછી તમારે પરવડે તેમ કરજો.

સત્રાજિત્—હવે કહેતી હું તો કહી નાખ્યને ?

ચારૂમતી—પ્રાણપ્રિય ! જ્યારે તમને વાત સાંભળવામાં ય આટલો બધો ભાર પડે છે ત્યારે કહેવામાં શો સાર નીકળવાનો છે ? તો ય પણ જ્યારે તમે સાંભળવાને ઇચ્છો છો ત્યારે કહી જ નાખું છું.

પ્રિયપતિ ! વારૂ જો કૃષ્ણદેવ વેરે સત્યભામાનું કરીએ તો કેમ ? એમની મરજી તો આઠે અંગે છે. જો તમે તે દહાડે એને કપટ કરી ન લાવ્યા હોત તો આટલે તો ક્યારનાં ય લગ્ન થઇ ગયાં હોત. જો એ થાય તો પછી સત્યભામાના સુખની તો કાંઇ બાકી જ રહે નહિ. પણ પરમેશ્વર એ દહાડો શી રીતે લાવે ! (એમ કહી નિઃશ્વાસ નાખે છે.)

સત્રાજિત્—"દેખીતું ઇંદ્રવાયણું અને ફોડયું ત્યારે ધૂમાડો !" તુ તો એ જ કેંવાની હતી તે અમે જાણ્યું હતું. શું એ મારા ભાઇને મરાવનાર અને તે મારો જમાઇ ? શિવ શિવ ! "સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ" એ વાત કંઇ ખોટી નથી. અરે ! ત્યારે શું સત્યભામાને તેં જ ચઢાવી દેખાય છે. પણ જોજે હો, એ કન્યાનું ગમે તેમ થાય પણ હું એ કદાપિ તારૂં કે તેનું ધાર્યું કરનાર નથી. તું જ કહેતી હતી કની કે સત્યભામા ખાતી નથી, પીતી નથી, ત્યારે એને ખવડાવવું ય કોને છે ? (હૃદય ઉપર નજર જવાથી) હાં ! જોજે આ મેડીની કુંચી કોઇને હાથ જતી. લાવ્ય નીકર મારી કને. આવું અવળું અવળું બોલવું ને કહેશે મારૂં કહ્યું કરતા નથી ! (એમ કહી આંખ્યો ચઢાવે છે.)

ચારૂમતી—(સખેદ) પ્રાણનાથ ! હું આટલા બધાને યોગ્ય નથી. મારા મનમાં જે આવ્યું તે મેં કહ્યું; હવે તમારે જેમ કરવું હોય તેમ કરો. "ધણીનો કોઇ ધણી છે ?' તમે સત્યભામાને મેડીએં ચઢાવી, ત્યાર પછી મેં તો તેનું મોઢું ય દીઠું નથી. તેમ છતાં ય તમને વેંમ આવતો હોય તો આ તમારી કુંચી તમારી કને રાખો (એમ કહી કુંચી કાઢી આપે છે).

સત્રાજિત્—હવે રાખો રાખો. એમાં તે આટલું બધું શું લાગ્યું તે રાતાં પીળાં થઇ જાવ છો ? (એમ કહી કુંચી પાછી તેના પર નાખે છે.)

ચારૂમતી—(સખેદ) વારૂ ત્યારે પ્રાણનાથ! એ હું મારી કોટે જેમ હતી તેમ બાંધી રાખું છું, પણ જો અવિશ્વાસ આવતો હોય તો કરારે સાથે સાથે રાખો. મારે એમાંનું શું છે? " કું લુંડી નવાબ, તો કે નવાબ ? "

સત્રાજિત—બહુ થયું; અમે તમારૂં ડહાપણ જાણ્યું ! હવે જાવ જે કંઇ લગ્ન સંબંધી કરવાનું હોય તે કરો; હું પણ જઇ આવું છું. (એમ કહી જાય છે.)

ચારૂમતી—(માથે હાથ દઇ સખેદ) અરે **સત્યભામા** ! તું રંકને હાથ રત્ન થઈ ક્યાં પડી કે તારે વગર અપરાધે કેદ પડવા દહાડો આવ્યો ? જેવી હરિની મરજી. (એટલું બોલી ચાલી જાય છે.)

---

૪. નારદજી અને કૃષ્ણ ભગવાન.

નારદ—(વિચાર કરતે વેશે) ઓહો ? ક્યાં કારાગૃહમાં જન્મ ક્યાં ગોકુલવ્રજાદિ ગ્રામમાં વૃદ્ધિંગત થવું, ક્યાં **મધુપુરનો** ત્યાગ, અને ક્યાં **વિશ્વકર્મા** નિર્મિત કાંચનપુરીમાં નિવાસ ! અવિનાશીની ગતિ અગાધ છે ! અરે હું તે **બ્રહ્મસદનમાં**, પુરંદરાલયે વા **વૈકુંઠધામમાં** છું ! આહા ! (આમ તેમ નિહાળી) શી આ શોભા ! જે એક ચિંતામણિ અથવા સ્પર્શમણિ જગતના જનને પ્રાપ્ત થવો કઠિન, તેની પંક્તિએ પંક્તિઓ મારી પ્રતિમાને ગ્રહણ કરી લેતી જણાય છે ! અરે (આશ્ચર્ય પામ્યા જેવે વેશે) ભૂલ્યો ! કૃષ્ણ-અંતઃપુરે જવાનો આ પથ નોય ! (એમ કહી બીજે માર્ગે જાય છે) ના, ના; આ પણ નથી. (વિચારવાળે વેશે) શું હું **નારદ** કે જેને ત્રિલોકીનું અટન તે તૃણમાત્ર, તેને દ્વારકામાં અને તેમાં પણ અવિનાશીના અંતઃપુર માટે આમ વિભ્રમ થવો, એ ઉચિત નથી. ત્યારે

કેમ કરવું ? હાં ઠીક; લાવ્ય ધરી જોઉં ધ્યાન (ધ્યાનીને વેશે) ચાર્વસ્તિ. આ જ પથે પ્રયાણ ઉચિત છે. (આઘેથી જોઇને) અરે ! આ ઇંદ્રઅંતઃપુરપાલક અહીં ક્યાંથી ? ના ના, નોય. આ તો જયવિજય છે ! અરે, એ પણ નોય ! ત્યારે આ કોણ ? (એવે અંતઃપુરપાલક પાસે આવી વંદન કરે છે.)

અંતઃપુરપાલક—(સવિનય) વિધિજ ! દેવશ્રીને આગમ વિદિત કરૂં ? અથવા બ્રહ્મર્ષિને કંઇ પણ અટકાવ છે જ નહિ.

નારદ—(સઆશ્ચર્ય) સાધુ સાધુ ! અહો વત્સ ! શું હું વૈકુંઠ માંજ આવ્યો છું ને ! તારૂં નામાભિધાન જય કે વિજય વા કોઇ અન્ય ?

અંતઃપુરપાલક—(સવિનય) બ્રહ્મર્ષે ! આ વૈકુંઠ જેવા દ્વારિકાપુરમાં આપનું આગમ થયું છે; ત્યાં જય વા વિજય અંતઃપુરપાલક ન હોય ! અથવા છે તો તે અરિગણમાં જ રહેવું ઉચિત ધારે છે.

નારદ—(સાવધપણે) ધન્ય ! કૃષ્ણ-અંતઃપુરપાલક ધન્ય ! જા, મારૂં આગમ દેવને વિદિત કર.

અંતઃપુરપાલક—(બે હસ્ત જોડી નમન કરી) જેવી બ્રહ્મર્ષિની આજ્ઞા. (એમ કહી જાય છે).

(બાહેર જવાને વેશે કૃષ્ણ તથા શ્રીદામો પ્રવેશ કરે છે.)

કૃષ્ણદેવ—વયસ્ય ! કેમ તારે ધારેલે સમયે સર્વ તૈયારી થઇ કની ?

શ્રીદામો—દેવ ! વિઘ્ન ન આવે તો.

(એવે અંતઃપુરપાલક પ્રવેશ કરે છે).

અંતઃપુરપાલક—(નમન કરી) જય જય દેવશ્રીનો જય જયકાર હો. (હાથ જોડી) મહારાજ ! બ્રહ્મકુમાર દ્વારે ઉભા છે. દેવશ્રીની જેવી આજ્ઞા.

કૃષ્ણદેવ—અંતઃપુરપાલક ! એમને અંતરાય શો ? જયવિજયની કથા તો જાણીતી છે ને !

અંતઃપુરપાલક—(નમન કરી) દેવશ્રી ! બ્રહ્મકુમારની સ્વેચ્છાનું અનુવર્તન કર્યું છે.

કૃષ્ણદેવ—વારૂ ત્યારે કહે કે પધારો.

શ્રીદામો—(સખેદ) કાંટો વહેલો નીકળી જાય તેમ કરજો.

કૃષ્ણદેવ—અરે અંતર્ગત જાણનાર બ્રહ્મર્ષિ માટે એવું બોલીશ મા.

(એવે એક હસ્તે વીણા વગાડતા તથા બીજો હસ્ત કુંતલે ફેરવતા નારદ પ્રવેશ કરે છે.)

કૃષ્ણદેવ—(નીરખી પ્રણામપૂર્વક) મહર્ષિ ! આજ મને પાવન કર્યો ! આપ જેવાના આશ્રય વડે હું આ સર્વ સુખ ભોગવું છું. (ઇત્યાદિ મધુર વચન વધા પૂઠે અર્ધપાદ્ય ફૂલફળાદિક અર્પી મુનિ-સન્મુખ હસ્ત જોડી ઉભા રહે છે.) બ્રહ્મનંદન ! શી આજ્ઞા છે ?

નારદ—હે અવિગત ! હે અજર ! હે અમર ! હે અવિનાશી ! આપને શું અવગત નથી ? તથાપિ હું જે કાર્યવશાત્ આવ્યો છું તે વડે દેવને વિદિત કરવા ઉચિત છે. સાંભળો ! (વીણા વગાડી શ્લોક બોલે છે.)

સ્રગ્ધરાં.

યાતુધાને અતિશે ગરક સુર કર્યા, કષ્ટમાંહી મુરારિ,
જાતુષે વન્હિ જેવો નરક અસુર છે, સૃષ્ટકષ્ટે વિહારી;
કાતું કે એ કટારી ફરક નવ જરી, નષ્ટ પુણ્યે વિચારી,
ધા તું જા તું હવે તો ધરક હૃદય છે, દષ્ટ કષ્ટે સુરારિ.

કૃષ્ણદેવ—પદ્મયોનિજ ! પ્રારબ્ધ અન્યથા કેમ થાય કે સુખ-દુઃખાદિનો નિર્મિત કાળ શી રીતે મિથ્યા કરાય ?

નારદ—(સખેદ) શિવ શિવ ! માયાનિર્લેપ પણ માયામાં લેપાયા ? સોળસહસ્ત્ર રાજકન્યા એ કષ્ટજન્યા જ રહેવાની ! તેમ તેની ઘટિકા ધન્યા, એ પણ ક્યાં ! કૃષ્ણદેવ ! એમાંનું અમારે કંઇ પણ લેવાદેવા નથી. સહસ્ત્રાક્ષીએ મોકલેલો સંદેશો, અને તેનું સુંદર શ્યામ નિકટ નિવેદન, એટલું જ કાર્ય કરવાનું છે !

કૃષ્ણદેવ—બ્રહ્મર્ષે ! શક્રસૂચના મારે શિરસામાન્ય છે. મારા પ્રણામપૂર્વક તેમને કહેજો કે હું એ જ ઉદ્યોગમાં છું.

નારદ—(ઉભા થઇ) કૃષ્ણદેવ ! સુખી રહો; હું હવે ગમન કરૂં છું.

શ્રીદામો—મુનિ મહારાજ ! એક મારૂં કામ કરશો ?

નારદ—(સ્મિતપૂર્વક) ગોપબંધુ ! તારૂં કાર્ય જો હું ન કરૂં તો રુકિમણી જેવી મારી દશા ન થાય ? બોલ્ય, બોલ્ય શું કાર્ય કરાવે છે ?

શ્રીદામો—(સવિસ્મય) મહારાજ ! એ શું ! હું કંઇ સમજ્યો નહિ, મહારાજ આપણે તો ભોળે ભાવે રામઇયા ! તમે અને તમારા મર્મ, પણ કહો મહારાજ મને મુખમાગ્યું આપશો ?

નારદ—(શ્રીદામાનો હાથ ઝાલી) હા, તું જે ઇચ્છીશ તે હું આપીશ.

શ્રીદામો—મહારાજ તમે માધવનું મન મનાવો છો એ ખરી વાત ?

નારદ—હા; તેમાં તારે શું ?

શ્રીદામો—મારે શું તે એ જ કે જો તમે માધવનું મન રોજ મનાવો છો તો એક દિવસ મારૂં મન મનાવો કે મારૂં મન બને, એટલું જ મારે માગવું છે !

કૃષ્ણદેવ—અલ્યા ! એમાં તે શું માગ્યું ? ન માગી વ્રજની લીલા કે ન માગી તારી પ્રથમ હતી તેવી મતિ ! વારૂ ઠીક જ છે; તું જાણે અને તારા નારદ મુનિ જાણે !

નારદ—શ્રીદામા, માયાના આવરણમાં આવવું અને અવનિને કષ્ટ દેવું, એ જો અવિનાશીને રૂચે છે તો તારે પણ તે કહે તેવું જ માગવું જોઇએ !

શ્રીદામો—નારદ મહારાજ ! તમારે જો આપવું હોય તો આપો, નીકર " તારૂં ગયું તેલ ને મારો ગયો ખેલ ! "

નારદ—જા આપ્યું ? સર્વે સુખી રહો. (એટલું બોલી વીણા વગાડતા સ્વર્ગ પ્રતિ ગમન કરે છે.)

શ્રીદામો—કહાનજી ! હવે ચાલો આપણે જવાની વેળા થઇ છે હોં.

કૃષ્ણદેવ—ચાલ્ય સખા મારી સાથે. હું પણ રાજ્યચિહ્નવર્જિત થઇ આવું. (એમ કહી બંને જણ જાય છે.)

---

૫. નાગરિકાની યુક્તિ.

જોશીણુઆ—અહો સૌભાગ્યવતી ! અમારા વિદર્ભદેશની રૂકિમણી અહીં પરણી છે તેના પરિણયનું મુહૂર્ત આપનાર અમે જ છીએ. અમારે કંઇ ગરજ પડી માટે મળવા આવ્યા છીએ. જો તને તેના ઘરની ભાળ હોય તો બતાવી દે, તારૂં કલ્યાણ થશે.

ચારૂમતી—ભગવંત ! એ તો આ પુરનાં રાણી છે. ઓ એમનું ઘર દેખાય. પણ મહારાજ મારો હાથ જોતા જાવ તો મારે ઘેર આવી ગંગાસ્તાન કરાવી ગયા જેવું થાય !

જોશીબુઆ—ઠીકસ્તો; જોશી દોશી અને વટેમાર્ગુ એ ત્રણે ફોકટિયા છે જ ! પણ તેં અમારા પર ઘર બતાવવાનો ઉપકાર કર્યો તો અમારાથી જે તારૂં હિત થાય તે અમારે કરવું જોઇએ. (પછી તેને પગથી માથા સુધી જોઇ) બાઇ ! તમારે એક પુત્રી છે. (ફરીથી ધ્યાન કરી) પંસે ટકે તમે પૂર છો. (વળી હાથની રેખા જોઇ) તમારે તમારા સ્વામી સાથે બિયાબારૂં છે. (પુનઃનાસિકા ગ્રહણ કરી) હવડાં તારૂં મન ઘણા જ ઉદ્વેગમાં છે અને કોઇ ઇષ્ટ વસ્તુનું દર્શન થતું નથી. હે સૌભાગ્યવતી ! અમે કહી તે બધી વાત સાચે-સાચી છે, અને જો તું જૂઠી છે એમ કહે તો અમે ઉઠી ચાલ્યા જઇએ.

ચારૂમતી—દૈવજ્ઞ ! સર્વ સાચેસાચું છે. પણ ભગવંત ! કહો જોઇએ મારી સુતાને (નિઃશ્વાસ નાંખી) મનગમતો સ્વામી મળશે કે નહિ ? મહારાજ એનું નામ સત્યભામા છે. જોજો હો; ખરેખરૂં કે'જો હું તમને ખુશી કરીશ.

જોશીબુઆ—તમારી તે સુતાને બોલાવો એટલે તેનો સર્વ જોગ નક્કી કરી તમને સમજાવું; જોયા વગર કંઇ જણાય નહિ.

ચારૂમતી—(નિઃશ્વાસ નાખી) ભગવંત ! તે હવડાં અહીં છે નહિ. ઋષિરાજ ! તમારા જેવાને તો સર્વ જણાય માટે તેને સાસરૂં સારૂં મળશે કે શી રીતે ? એ બધું જો કહેવાય એવું હોય તો જોયા વગર જ કહો.

જોશીબુઆ—(વિચાર કરી) વારૂ ત્યારે ઠીક સાંભળજો હો ! (રાશીઓનાં નામ દઇ અને આંગળીના વેઢા ગણી) અરે બાઇ ! તમારી પુત્રી તો કોઇ મહા ધુરંધર રાજપુરૂષની પટરાણી થાય એમ લાગે છે. જુઓ શાસ્ત્રમાં કહ્યું છે કે જેના ગ્રહ આવા હોય તેને આવું અવશ્ય મળે.

શાર્દૂલવિક્રીડિત.

જો ચોથા ભુવને કદી શની રહ્યો, તો ભાગ્ય મોટું ભણ્યું,
પ્રાસાદો વસવા મળે મણિસમા, સોનું ન જાયે ગણ્યું;
ગ્રામો કૈંક મળે ટળે દુઃખ સહુ, રાણી બને રાજની;
એવા યોગ્યવતી સુતા તુજતણી, છે બાઈ એ કાજની !

અપિચ— સ્ત્રગ્વિણી છંદ.

સાતમે સ્થાનકે શુક્ર જો આવિયો,
ભાગ્ય તેનું ભણ્યું દેવને ભાવિયો;
સ્વામી એવો મળે સંશયે શો રહું ?
કન્યકા તારી તો એ ગ્રહે છે કહું.

ચારૂમતી—દૈવજ્ઞ ! એ તો તમારૂં કહેવું જૂઠું પડે એવું જણાય છે.

જોશીબુઆ—સૂર્ય ચળે, પૃથ્વી ચળે, મેરૂ ચળે, નભ ચળે, પણ અમારૂં વચન કદાપિ ચળે નહિ. માત્ર કંઇ દોષ હોય તો તે અમારા કહેવા પ્રમાણે નિવારવો જોઇએ.

ચારૂમતી—ત્યારે ભગવંત ! કયો દોષ હશે કે મારી સુતા હવડાં મહા મહા કષ્ટને વેઠે છે અને તેનું ઇચ્છેલું ઉડી જઈ અણ-ઇચ્છેલું મળવાની તૈયારી થઇ ચૂકી છે ?

જોશીબુઆ—અહો સૌભાગ્યવતી ! તારા ખોટા ગ્રહ તેને નડે છે (કોટ સામી નજર કરી) તેમ તારી ગ્રહો પ્રત્યેની કૃતિ પણ એવી અવળી છે કે ન થતું હોય તે વિઘ્ન થાય

ચારૂમતી—ગણક ! ત્યારે મારા વસા ગણી જોઇ કહો કે મને ક્યા ગ્રહ નડે છે ? અને તે નડતર હું કેમ કરૂં તો અટકે ?

જોશીબુઆ—(ધ્યાન ધરી) જો સાંભળ્ય; તારે આટલા આટલા ગ્રહ વાંકા છે.

સ્રગ્ધરા.

જો ચોથી સૂર્યરાશિ જનમ તણી ગણી, વક્ર એ તો રહી છે,
માઠું તેથી બને છે તન મન તુજને, કષ્ટ ચિંતા કહી છે;
અંગોઅંગે અતિશે અગનિ સળગતી, શાંત સ્વપ્ને ન લાધે,
તારા એવા બધા છે ગ્રહ નવ નરતા, કાંતિ તારી ન વાધે.

અપિચ—

અનુષ્ટુપ્.

છે શનિશ્ચર બારે જો, દુઃખ દે તુજને અતિ;
મોટી પનોતિ અર્પે એ, જેની ગહન છે ગતિ.

ચારૂમતી—ભગવંત ? એ દોષ નિવારણ થાય એવો કંઇ ઉપાય હશે ?

જોશીબુઆ—ઉપાય ન હોય એમ તો સમજવું જ નહિ.

ચારૂમતી—ત્યારે ભૂદેવ ! બતાવો જોઇએ; જો અઘરામાં અઘરૂં હશે તો પણ હું મારી લાડસયેલી કુંવરી માટે કરીશ.

જોશીબુઆ—બાઇ ! તારે જે જન્મરાશિથી સૂર્યની ચોથી દશા બેઠેલી છે તે તો તારા ઘરમાં અહોરાત્ર સૂર્યનું પૂજન થાય છે એટલે બહુ બાધકારક નથી; પરંતુ જે બારમો શનિશ્ચર તારે થયો છે અને તેની સાથે સાડાસાતી પનોતિ બેઠી છે તેનો તો પરિહાર કર્યા વગર છૂટકો નથી.

ચારૂમતી—મહારાજ ! જે કરવું પડશે તે હું કરીશ. તમે કહેતાં ખંચાશો નહિ.

જોશીબુઆ—અમે શા સારૂ ખંચાઇએ? અમારે નથી લેવું કે નથી દેવું! જો બાઇ! સાંભળ્ય, એક તો તારે લોઢાએ અડકવું નહિ; બીજું જે તારા ઘરનાં જૂનાં માણસ હોય તેને જોયા વગર ખાવું નહિ; કંઇ ખખડાટ ભભડાટ થાય તે જોવા જવું નહિ; શનિશ્વરના જાપ કરાવવા; કાળાં વસ્ત્ર દાનમાં આપવાં તથા સારો બ્રાહ્મણ જોઇ તેને નિત્ય સવાશેર અડદ આપ્યા કરવા. એટલું યથાર્થપણે કરીશ એટલે તારી જે લોઢાને પાયે પનોતિ બેઠેલી છે તે બદલાઇ રૂપાને પાયે થશે.

ચારૂમતી—(સહર્ષ) અહો દ્વિજદેવ? એમાં તે શું ? એટલું તો હું હાલતાં ચાલતાં કરૂં તેવી છું. હવડાંથી જ તમે કહ્યું તેમ વગર ભૂલે કરવા માંડું છું.

જોશીબુઆ—અરે બાઇ ગ્રહ તો મોટા મોટાને ભૂલાવે તેવા છે. જો (કોટ ભણી આંગળી કરી) તારે હૈડે ચઢીને જ લોઢાની પનોતિ બેઠી છે અને તું તો ભૂલ્ય ન કરવાનું કહે છે.

ચારૂમતી—હા હા મહારાજ! ખરી વાત. (એમ કહી કોટેથી કુંચી કાઢી ગોખલામાં મુકે છે, અને પછી દૈવજ્ઞને પાંચ મોહોરો આપવા જાય છે.) લ્યો દ્વિજદેવ! આ દક્ષિણા. “ ફૂલ નહિ ને ફૂલની પાંખડી. ” (એમ કહી પગે લાગે છે.)

જોશીબુઆ—હે સૌભાગ્યવતી! અમારે અજાચક વ્રત છે; અમે કોઇનું દાન લેતા નથી. વારૂ અમારા કહેવા પ્રમાણે કરશો અને તે વડે તમારૂં કામ થશે એ જ અમે દક્ષિણા સમજીએ છીએ. બેસો હવે અમે જઇશું.

ચારૂમતી—(પગે લાગી) મહારાજ! ત્યારે તમે તો ખરેખરા

પરમાર્થ કર્યો હો; ઋષિદેવ પધારજો. એ પેલું (આંગળી કરી બતાવે છે) ઊંચું ઘર દેખાય ત્યાં જ રૂક્મિણી દેવી તમને મળશે.

જોશીબુઆ—શુભં ભવતુ. (એમ આશિર્વાદ દઇ ચાલ્યા જાય છે અને ચારૂમતી પણ પોતાના ઘરમાં પેસે છે.)

(શોચનીય સ્વરૂપે નાગરિકા પ્રવેશ કરે છે).

નાગરિકા—અરે! શ્રીદામાને શું થયું? મૂઓ પકડાઇ ગયો કે કેમ? જો એમ કંઇ થયું હશે તો હું તો રઝળી જ મરવાની છું. જેમ "ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો," તેવી મારી દશા થવાની છે. (એવે કોઇ આવ્યાનો ખખડાટ સાંભળી કાન દે છે.)

શ્રીદામો—(સસ્મિત) કેમ નાગરિકા? કંઇ તારે દશાબશા જોવડાવવી છે? અમે દાટેલાં ધન પણ કહી શકીએ એવા છીએ.

નાગરિકા—હવે કહ્યું કહ્યું! જો જોશી થયા છો તો કહો જોઇએ? મારી સખીને જે મેડી પર પૂરી દાદરે તાળું વાસ્યું છે તેની કુંચી હવડાં ક્યાં છે?

શ્રીદામો—(સહર્ષ) દક્ષિણ દિશાના મોટા તાકા કનેના નાના ગોખલામાં છે. જા જઇ જો, અને કદાપિ ન જડે તો આવી ૫ટ કહેજે.

નાગરિકા—શીશી ને ફટાક. ના જડે તો ફટ કહેજે; એમ કંઇ આપવું કે લેવું છે?

શ્રીદામો—(નાગરિકાને ગળે હાથ મુકી) જા જા ખચીત. (પછે કાનમાં વીતી વાત કહે છે.) તું જઇ આવી અને સમાચાર કહીશ ત્યારે મારાથી દેવ કને જવાશે.

નાગરિકા—જો એમ તું કુંચીનું નક્કી જ કરી આવ્યો છું તો હું પણ એક પલકમાં ખબર લઇ આવી જાણજે. મને પણ મારી

સખીના બાપ મનાવી તેડી જવા આવ્યા'તા પણ હું તારે કાજે ગઇ નહિ અને પછી જવાનો વાયદો કર્યો છે. જો જોશે તો મળીશું અને જો નહિ જુવે તો તારૂં ધાર્યું કામ કરી પાછાં વળીશું, પણ તું આ તારો વેશ કાઢી નાખી બેસજે હો. (એમ કહી ચાલી જાય છે અને શ્રીદામો પણ પોશાક બદલવા રવાને થાય છે.)

૬. નારદજીના નારદવેડા.

નારદ—અરે શું આશ્ચર્ય કે વાસુદેવ નથી સત્યભામાને મંદિર કે નથી રૂક્મિણીને ત્યાં ? મેં રાજસભા, વાસુદેવગૃહ અને સંકર્ષણ સદ્યમાં શોધ કરી તથાપિ ત્રિકમની ભાળ મળી નહિ. જે કાર્ય નટરૂપ ધારી સાવિત્રી, પાર્વતી, બૃહસ્પતિ, તારા, શક્ર અને યમાદિ દેવો ન કરી શક્યાં તે કાર્ય કરવા હું પ્રવૃત્ત થયો ! અરે આ તે કેવા અજન્યમાં હું અહિ આવ્યો કે દામોદરનાં દર્શન જ થતાં નથી ? (એવે આવતા દ્વારપાલકને જોઇ) અહો દ્વારપાલક ! અધુના તમારા દેવ ક્યાં બિરાજે છે ?

દ્વારપાલક—(નમન કરી) ભગવંત બ્રહ્મકુમાર ! દેવશ્રી વ્રજથી આવેલા અતિથિ કને અતિથિસત્કારસ્થાનમાં પધાર્યા છે. દેવર્ષિને ત્યાં જવાની ઇચ્છા હોય તો હું સાથે આવું.

નારદ—હા, મારે ત્યાં જઇ ત્રિકમને મળવાની વાંચ્છના છે, માટે તું મને ત્યાં લઇ ચાલ્ય. (પછે આશ્ચર્ય પામી દ્વારપાલક ન સાંભળે તેમ) અહા ! શા ત્રિદશો ત્રિકાળદર્શી હોય છે ? મને શક્રે પ્રથમ જ કહ્યું હતું કે અમે સર્વેએ મળી અદિતિકુંડલાહરણનો કરુણમય પ્રયોગ કરી બતાવ્યો તેમાં દયાળનું માનસ દયાર્દ્ર ભાવવાળું થયું તથાપિ અંજસા કોઇ વ્રજઆહીર આવ્યો તેણે કરી અવિનાશી પૂર્વ-

અજયાના આવરણમાં આવી પડયા, માટે તમે જઇ તેમને સુરકષ્ટનું સૂચન કરી જેમ ભૌમાસુરનો વધ સત્વર થાય તેમ કરો. (એવે અતિથિસત્કારસ્થાન નિકટ આવી પહોંચે છે અને ત્યાં કૃષ્ણદેવ તથા વશલા આહીરને વાતો કરતાં જુએ છે.)

કૃષ્ણદેવ—(નારદને જોઇ ઉભા થઇ નમન કરે છે) અહો ભગવંત ! પધારો ! પધારો ! (એમ કહી આસન પર બેસાડે છે.)

દ્વારપાલક—દેવશ્રી ! આ બ્રહ્મર્ષિનું પૂજન કરવા અંતઃપુર-પાલિકાએ અર્ઘપાદ્યાદિક આણ્યાં છે.

કૃષ્ણદેવ—(તે સર્વ સાહિત્ય લઈ મુનિનું પૂજન કરે છે) ભગવંત ! આજ મારૂં ધન્યભાગ્ય કે પ્રભુએ મને પાવન કર્યો ! કહો મહારાજ ! શી આજ્ઞા છે ?

નારદ—(પુષ્પ બતાવી) અહો વાસુદેવ ! આ પારિજાતક પુષ્પ હું અરુંધતિષિષ્ણ્યમાંથી લાવ્યો’તો તે તમને આપવાની ઇચ્છાથી મારૂં અહીં આગમ થયું છે. (એટલું કહી પુષ્પ આપી ચાલ્યા જાય છે અને કૃષ્ણાદિક તેમને જતા જોઇ નમન કરે છે.)

કૃષ્ણદેવ—(પુષ્પપરિમળે કામાતુર થવાથી) અહો વયસ્ય ! હવે તું સુખે શયન કર્ય. આપણે અવશ્ય પ્રાતઃકાળે વહેલા ઉઠી વ્રજ ભણી સિધારીશું. (એટલું બોલી કૃષ્ણદેવ સત્યભામાના મંદિર ભણી જાય છે અને આહીર વૈભવ જોઇ વિસ્મય થતો શયનગૃહમાં જઇ સૂઇ જાય છે.)

(સત્યભામાના મંદિર ભણી જવાનો માર્ગ રોકી ઉભેલી રૂક્મિણી પ્રવેશ કરે છે.)

રૂક્મિણી—અરે આર્યપુત્રને આટલી બધી વાર કેમ લાગી હશે? પ્રભુ કોઇ બીજે માર્ગે તો નહિ ગયા હોય ? કે મને નારદ મહર્ષિ

પારિજાતક પુષ્પ આપ્યાની ખોટી વાત તો નહિ કરી ગયા હોય ? અથવા હું, દેવર્ષિ જવાની ઉતાવળમાં જે બોલતા હતા તેથી કંઇનું કંઇ તો નહિ સમજી હોઉં ? હશે જેમ આટલું તેમ તેટલું; હવે થોડી વાર વાટ જોઇ પછે જ જઇ શયન કરૂં. આજ પ્રભુ મારે ત્યાં ક્યાં પધારવાના છે કે મારાથી મંદિર મુકી ખસાય નહિ ? (એવે વેગળેથી કૃષ્ણદેવને આવતા જોઇ) હાં હાં ઠીક, આવ્યા તો ખરા. સાક્ષાત્ નારદ જેવા દેવર્ષિ તે મને ખોટું શા કાજે કહે ? (એવે કૃષ્ણદેવ કને આવી પહોંચે છે અને રૂક્મિણીને જોઇ ચકિત થાય છે.)

કૃષ્ણદેવ—(સઆશ્ચર્ય) અહો દેવી ! તમે અત્યારે અહીં ક્યાંથી ?

રૂક્મિણી—જ્યારે આર્યપુત્ર " નવું નવ દહાડા " એ નહિ ભૂલે ત્યારે અહીં તો શું પણ જહીં દેવ જશે તહીં તહીં ગયા વગર ક્યાં છુટકો થવાનો છે ?

કૃષ્ણદેવ—(હાથ ઝાલી) પ્રિયા ? હું તો ઉભય ચક્ષુએ સમાન જોનાર જેવા હોય તેમાંનો એક છું. તમે અત્યારે અહીં આવી ન ઉભાં રહ્યાં હોત તો પણ હું તો તમારે મંદિર આવનાર જ હતો.

રૂક્મિણી—આર્યપુત્રને એક આંખે જોનાર તે કેમ કહેવાય ? મહારાજ એટલી સફાઇ કરો છો ત્યારે કહો જોઇએ કે જો મારે ત્યાં પધારવાના હતા, તો આ અવળે માર્ગે આવવાનું શું પ્રયોજન હતું ?

કૃષ્ણદેવ—પ્રિયતમા ! મારાં શસ્ત્રાસ્ત્ર મુકવાનું મંદિર અહીં છે તેનો ય જો તું વિચાર નથી કરતી તો પછે હવે મારે તને શું કહેવું ?

રૂક્મિણી—આર્યપુત્ર ! " હોઠ સાજા તો ઉત્તર ઝાઝા " એ વાળી વાત છે. (કૃષ્ણદેવનો હાથ ઝાલી) મહારાજ તમે જુવો

અને મારે મંદિર પધારતા'તા તે મેં જાણ્યું; જો એમ જ હોય તો ચાલો મારી સાથે જોઇએ ?

કૃષ્ણદેવ—હા હા, ત્યારે હું શું અસત્ય વદું છું ? આ શસ્ત્રાસ્ત્ર મુકી જાવ તમારી પાછળ જ આવું છું; અથવા વિશ્વાસ ન આવતો હોય તો તમે મારી સાથે આવો એટલે આપણે બે ય જણ સાથે જઇએ.

રૂકિમણી—આર્યપુત્ર ! આપને વિશ્વાસે તો વિદર્ભથી અહીં લગી આવ્યાં છીએ અને તે ન આવતો હોય એમ કેમ કહી શકાય ? પણ મહારાજ, એ બોલેલી વાત સાચી કરવાની ભાંજગડ પડી મુકી જેમ વારંવાર શસ્ત્રાસ્ત્ર સજી મારે મંદિર પધારો છો તેમ જ આ અવસરે પણ પધારો, એટલે હું મારું ધન્યભાગ્ય સમજીશ.

કૃષ્ણદેવ—વારૂ ત્યારે એમ કરો; અમારે ક્યારે કોઇએ વાતની ના છે ? (એટલું કહી રૂકિમણીનો હાથ ઝાલી કૃષ્ણદેવ ચાલ્યા જાય છે.)

(સત્યભામા અને નાગરિકા પ્રવેશ કરે છે.)

સત્યભામા—હલા નાગરિકે ? આજ આર્યપુત્રને આવતાં કેમ વાર લાગી હશે ? કંઇ બીજે તો નહિ ચઢી ગયા હોય ? પણ સખી ! મારી તો ખાતરી છે કે પ્રિયતમની મારા પર જે પ્રીતિ છે તે બીજા કોઇ પુર ક્યારે ય થવાની નથી. જા જા સખી ! તું થોડેક લગી જઇ જો. હવે તો આવવાની વેળા થઇ છે.

નાગરિકા—એમ " ઉતાવળે આંબા તે શી રીતે પાકે " ? જો તારા મનથી તને દેવ અહીં જ પધારશે એવી ખાતરી છે, તો પછે આમ અધીરી શા કાજે થાય છે ?

[એવે વિધિ હર વિષ્ણુ, વિધિ હર વિષ્ણુ, એમ બોલતા અને વીણા વગાડતા નારદ મુનિ પ્રવેશ કરે છે.]

સત્યભામા—(નારદને જોઇ સઆશ્ચર્ય) અહો ભગવંત ! આજ મારા પર આટલી મોડી રાતે કૃપા કરી ? પ્રભુ ! પધારો પધારો. (એવે નાગરિકા પૂજાદિકનું સાહિત્ય લાવે છે અને સત્યભામા મુનિનું પૂજન કરે છે.)

નારદ—વત્સા, સત્યભામા ! હું પારિજાતકનું પુષ્પ કૃષ્ણદેવને આપી જતો હતો, તેવામાં મેં તારા અંતરના વિચાર જાણ્યા જેથી કરી મને અતિશે અનુકંપા ઉત્પન્ન થઇ આવી, કે હું સત્વર અહીં આવ્યો.

સત્યભામા—ભગવંત ! મારે વિષે શી દયા આવી તે કહો જોઇએ ?

નારદ—ન કહેવું એ જ ઠીક. વારૂ વત્સા ! બેસ હવે હું સ્વર્ગ પ્રતિ ગમન કરૂં છું.

સત્યભામા—ના ના ભગવંત ! કહો કહો; મને મારી સખી નાગરિકાએ કહ્યું છે અને બ્રહ્મકુમારની ઓળખાણ પાડી છે કે એ તો ત્રણે કાળના જ્ઞાનવાળા છે.

નારદ—જો તને તારી સખીએ એમ સમજાવ્યું છે તો હું કહું છું તે સત્ય માન્ય કે તારા પર વાસુદેવની પ્રીતિ રૂક્મિણી જેટલી નથી.

સત્યભામા—ભગવંત ! મારી સખીએ મને એમ પણ કહ્યું છે કે બ્રહ્મકુમાર તો " સોનાં ભંગાવે અને સોનાં મંડાવે " તેવા છે. પણ પ્રભુ ! મારે વિષે તમને દયા કેમ આવી તે તો કહો. એનું તો જેમ થવાનું હશે તેમ થશે.

નારદ—તો પછે અમારે કહેવાનું શું છે ? વારૂ ગમે તેમ થાવ, અમારે શું લેવું કે દેવું છે ? પણ શ્રવણ કર. જો તું વાસુ-

દેવ તારા પર પ્રેમ રાખનારા છે એમ માને છે તો સ્વર્ગનું જે મહા-સુખકર પારિજાતક પુષ્પ તે તને કેમ ન આપ્યું ?

સત્યભામા—ભગવંત ? હમણાં આર્યપુત્ર પધારી તે મને જ આપશે.

નારદ—(હાસ્યપૂર્વક) અબલાની જાતિ આવી જ ભોળી હોય છે. વાસુદેવ તો રૂકિમણીને ત્યાં પધારી તેને પારિજાતકનું પુષ્પ આપી વિહાર કરે છે, અને તું તેની આશા રાખી આમ અકળાય છે ? વારૂ, વત્સા ! તારૂં કલ્યાણ થાવ. (એટલું કહી બેસો બેસો કહ્યા સતે નારદ મુનિ ચાલ્યા જાય છે.)

૭. સત્યભામાનો રોષ.

શ્રીદામો—કાંટા વેરે વિઠ્ઠલ ને વીણવા મારે. વશલાના વેરી થઇ તેને વિદાય કર્યો. દારૂકને હુકમના તોરમાં દબાવી દઇ રથે જોતરેલા ઘોડા છોડી મુકાવ્યા. એવાં એક તો શું પણ અનેક કામ કરવા હું તૈયાર છું, પણ હજુ મારે વકરાએલી વાઘણ કને જઇ મનાવાનું બાકી રહ્યું છે. દૈવ જાણે ત્યાં તેનો શિકાર હું થઇ પડું છું કે તેને મારો શિકાર કરૂં છું. (એમ વિચાર કરતો સત્યભામાના મંદિર કને આવી પહોંચે છે અને તેને ત્યાં રીસાયલે વેશે બેઠેલી નાગરિકા સાથે જુએ છે.)

નાગરિકા—(શ્રીદામાને આવતો જોઇ) વયસ્યા ! જો, જો, પેલો આર્યપુત્રનો સંદેશો લઇ આવ્યો હોય એમ જણાય છે.

સત્યભામા—(મુખ ફેરવી) તને ભલા સંદેશા ને સાંઇ સૂઝી રહ્યા છે ! તું તારે જે કરતી હોય તે કર્ય.

શ્રીદામો—(કને આવી) કેમ લઘુદેવિ ! તમારે તો કંઇ લડાઇ

થયાનું સંભળાય છે ને શું ? તમે તમારા ભોળપણાથી જ ઉજળું એટલું દૂધ દેખી રહ્યાં'તાં.

સત્યભામા—(સકોપ) એવાં અલાવડાં અને મીઠડાં મને જરાકે ગમતાં નથી. તું તારે ઢંગે રહેજે. મોટી દેવી હશે તેને મારે શું... ......(એટલું બોલી અટકી જાય છે) જા જા, અહીં તું શા કાજે આવ્યો છે ?

શ્રીદામો—આ તે શું શોકયને ખારે...(તેને બોલતો અટકાવી)

સત્યભામા—અલ્યા ગોવાળીઆ, જો તેનું નામ મારા આગળ દીધું તો મારા જેવી કોઇ નથી હોં !

શ્રીદામો—(ગાલમાં લપડાકો મારી) ભૂલ્યો ભાઇ ભૂલ્યો.

સત્યભામા—(રૂદન કરી) મને આ ઘરમાં છેતરપંડી કરી નખાવનારનું સત્યાનાશ જજો. હું જાણું છું જ કે તું અહીંથી મારો જીવ લીધા વગર જનારો નથી. (એટલું બોલી ઉઠી ચાલી જાય છે, અને તેની પછાડી પછાડી નાગરિકા પણ જાય છે.)

શ્રીદામો—અરે રામ ! હવે આપણાએ ગ્રહ વાંકા થયા લાગે છે. હું કે જે જ્યાં નાખ્યો ત્યાં સોંસરો નીકળી જનાર તે આમ અષ્ટઇ પાછો જઉં છું. (નિશ્વાસ નાખી) "મરતા માંટીને બાપ કહ્યો તે કંઇ જીવે ! ચાલ્ય રામ ચાલ્ય, જઇ કહાનજીને જુક્તિબંધ જણાવીએ. (એમ કહી ચાલ્યો જાય છે.)

સત્યભામા—(શ્રી કૃષ્ણને) તમે તમારી વાત જાણ્યા, જો મને અડકયા તો ! હું તમારૂં નામ દેતી નથી.

કૃષ્ણદેવ—પણ પ્રિયા આટલું બધું શા ઉપર ?

સત્યભામા—મારા જીવ ઉપર; કંઇ તમારા પર કે કોઇના પર નથી. તમારાથી જે થાય તે કરી નાખજો.

કૃષ્ણદેવ—અરે પ્રિયા! આમ વાંકું શું પાડે છે? હું તો કહું છું કે તને આટલું બધું થઇ આવવાનું શું કારણ છે?

સત્યભામા—આટલું બધું થાય મારી બલારાતને! જેને થવાનું હશે તેને જ થશે, અને જો અમે એવાં કરમ કરતાં હઇશું અને અમને થશે તો તમે તમારે જોવા આવશો નહિ. પણ વેળા કવેળાએ એવો શાપ શા કાજે દો છો?

કૃષ્ણદેવ—અયિ પ્રિયે! હું શું તારો વૈરી છું કે તને શાપ દઉં?

સત્યભામા—વેરવી તો સારો કે એક જ વારકુ માથું કાપી આઘો રહે?

કૃષ્ણદેવ—પણ અમે એવું શું કર્યું છે કે આટલી બધી ગુરૂ ઉપમાને ઘટિત થઈ પડયા?

સત્યભામા—(હાથના ચાળા કરી) અરેરે આ તે કંઇ જાણે છે? મારે મોંઢે કઢાવવું હશે કેમ? હૈયામાં હાથ મુકયો હોય તો કોરોકટ નીકળે? હજુ જરા વધારે અજાણ્યા થાવ એટલે ઠીક પડશે.

કૃષ્ણદેવ—શું પ્રિયા હું આટલી બધી શુભોપમાને યોગ્ય છું? (એટલું કહી હાથ ઝાલે છે.)

સત્યભામા—(ઝાલેલો હાથ તરછોડી નાખી) જેને "ઉઘાડાં ઢાંકયાં" આપતા હો તેનો જઇ હાથ ઝાલો. જો મોટા હાથ ઝાલનારા ન દીઠા હોય તો! "ભાગી રાતે આવા ભવાડા" કરી મને દુઃખણીને દુઃખી શે કરો છો?

કૃષ્ણદેવ—(કેટલીક વાર સ્તબ્ધ થઇ) ત્યારે શું અમે દુઃખી કરનાર જ કે?

સત્યભામા—એક વાર નહિ, સત્તર વાર, સો વાર, સાતસેં વાર!

કૃષ્ણુદેવ—કયી એક વાર દુઃખી કર્યાં તે બતાવશો ? વધારે વાર તો રહી.

સત્યભામા—સવળે હાથે ગોર પૂજી હોય તો બતાવવાનું હોય ની ! જ્યાં નર્યા જ કાંકરા ત્યાં વીણામણુ શું ?

કૃષ્ણુદેવ—પ્રિયા, હવે અતિ થયું.

સત્યભામા—મહારાજ ! એમ મોનાં મીડકાં શેનાં કરો છો ? મારે તો પ્રેમમાં "પૂળો ઉડી" ગયો છે અને પ્રેમનાં પીયુષ તો પ્રેમવાળીને ત્યાં જ ઢળે છે. જેને બોલ્યે બંધ નહિ તેની સાથે તે ક્યાં પાનાં પડયાં ?

કૃષ્ણુદેવ—હવે થયું તે અન્યથા થવાનું છે ?

સત્યભામા—અબળાની આંતરડી કકળાવનારને આવી આવી અનેક પીડાઓ થશે ! હું તમારૂં નામ દઉં છું કે તમે મને અડકવા આવો છો ?

કૃષ્ણુદેવ—(બીજે હાથે હાથને દબાવતા) દગ્ધ થયા પર લવણ નાખતાં તો ઠીક આવડે છે !

સત્યભામા—એવું જાણ્યા છતાં જુંહલતા શે હશે ?

કૃષ્ણુદેવ—(સકોપ) અલં; હવે અતિ વિસ્તારવું પ્રયોજન નથી ! મનસ્વીપણે ગમે તેમ બોલવાનો નિરધાર કર્યો છે તો પછે જેટલું આવડે તેટલું બોલી નાખો; બેસો હવે અમે જઇશું. (એમ કહી ચાલવા માંડે છે અને સત્યભામા તેમને પકડી રાખી.)

સત્યભામા—(સજળ નેત્રે) જાવ છો ક્યાં ! આ જીવ લઇ જવું હોય તો કરારે જાવ. જ્યારે આમ કરવુ"તુ ત્યારે મને શા કાજે ખાંજરે નાખી ?

કૃષ્ણદેવ—(અશ્રુ લુછી નાખી) પ્રિયા ! આ બધું કરવાનું પ્રયોજન શું છે ? તારી ઇચ્છાનુરૂપ વર્તવા હું ક્યારે આડો આવું છું કે આમ ઉભયને શોકકારી કૃત્ય કરવા સજ થાય છે ?

સત્યભામા—આર્યપુત્ર ! તમે મારૂં કહ્યું કરનાર છો એવી વાતો કરી કોને સમજાવો છો ? સુખ ભોગવનારી શોકય અને સમ ખાવાને સોંઘી ને સફરી હું ? મહારાજ ! તમે બોલશો નહિ. મારાં તો અંગેઅંગ ભડકે બળી રહ્યાં છે. બળતીને વધારે બાળી તમારા હાથમાં શું આવવાનું છે ? (એટલું કહી મોટેથી રૂદન કરે છે.)

કૃષ્ણદેવ—પ્રિયા ! આમ દીર્ઘસ્વરે રૂદન કરવું અને તે પરિજનાદિક શ્રવણ કરે એ આ સ્થિતિને ઘટિત થતું નથી. સુખ ભોગવવાને એ હોય અને સમ ખાવાને તું હોય એમ થાય જ કેમ ?

સત્યભામા—જો આમ જૂઠું જ બોલવાનું પણ લેશો તો જીવ આપવાને ય કોણ પાછી પાની કરે તેવું છે ? હું કંઇ કોઇની કહેલી વાત કરતી નથી; મેં તો કાને સાંભળ્યું છે અને આંખે જોયું છે. મેં તે કિયા જન્મના તમારા કાળા તલ ચોર્યા'તા કે તમે મને દુઃખ દેવાને જ સરજ્યા ?

કૃષ્ણદેવ—પ્રિયા ! મેં એને સુખ થવા તારા સમ તો ખાધા નથી જ તેમ એમ કરવાનું કંઇ કારણ પણ નથી; તથાપિ જો તું કહે છે તેમ થયું હોય તો પછે થઇ ગયાનો શોચ કરવામાં શો લાભ છે ?

સત્યભામા—હાય ! હાય ! પૃથ્વી મને માર્ગે ય શે નથી આપતી કે હું માંહી સમાઇ જઉં ! પ્રભુ ! જૂઠા સાથે જીવતર કાઢવાનું માથાના વાઢનારને ય આપીશ નહિ.

કૃષ્ણદેવ—વારૂ તું કહે છે તેમ થયું હોય તો હું હવે એવી ભૂલ ન કરવા પ્રતિજ્ઞા કરૂં તો પછી કેમ ?

સત્યભામા—સોગન ખાય તે સદાય જૂઠું હોય !

કૃષ્ણદેવ—ત્યારે તે અસત્યવાદીએ પ્રતિજ્ઞા કરેલી એ અસત્ય હોય, તો પછી અસત્ય છે એમ જાણ્યાં છતાં કલેશ કરવો એ કોના ઘરની રીત ?

સત્યભામા—મારે શું ? જૂઠા થાવ કે સાચા થાવ. પણ શું સ્વર્ગનું જોવાજોગ ફૂલ એને જ આપી આવો અને તેની એક પાંખડીએ અમારે કાજે નહિ કે ? અને એ અમને ન લાગે કે ?

કૃષ્ણદેવ—વળી એ શું કંઇ નવીન જાગૃત થયું કે ? જેને કલેશ જ કરવો છે તેને એક નહિ તો અન્ય ક્યાં નથી નીકળતું !

સત્યભામા—(દાંત પીશી માથું કૂટી) શું ત્યારે હું ખોટું કહું છું અને હું અહીં લઢવા જ બેઠી છું ? જેની રગેરગ જૂઠી તેનો તે કિયે ભવ છૂટકો થવાનો છે ? હું તો કહું છું કે નાગરિકા અને શ્રીદામાનો દીકરીએ દીવો ય ન રહેશો. બંને જણે મળી મને ધોળે દહાડે કૂવામાં ઉતારી.

કૃષ્ણદેવ—(નિઃશ્વાસ નાખી) હવે પછી એવા અધમ શબ્દો શ્રવણ કરવાની મારી ઇચ્છા નથી.

સત્યભામા—શેની હોય ? એમ તમને તમારાં માટે મરચાં લાગે છે, તો અમને કેમ કંઇ ન થાય ? મેં તો તમારે કાજે મારાં સહુએ ટાળ્યાં અને એકલી બાવળિયા જેવી થઇ, તેનો તમને કંઇએ ગુણ કે પાડ છે ?

કૃષ્ણદેવ—(વિચાર કરી) ઓહો એક પુષ્પને કાજે તે આટલું બધું હોય ? લે એને એક આપ્યું તો તને બે ત્રણ ચાર કે તું કહે

તેટલાં આપું. (એટલું કહી સત્યભામા ન દેખે તેમ વનમાળા મધ્યેથી બે ત્રણ કુસુમ કાઢી તેને આપવા જાય છે.)

સત્યભામા—(પુષ્પને જોઇ) એને ચૂલામાં નાખો. એવાં ફૂલ તો મેં મારા બાપને ત્યાં ઘણાં ય પગે પીલી નાખ્યાં છે. શું નાનાં છોકરાંને સમજાવો છો? તે ય પીટ્યું પૈસો અને ઠૂકો પરખી કાઢે છે! આર્યપુત્ર! તમારી ઠગાઇથી ઠગાનારી હું નો'ય!

કૃષ્ણદેવ—તું તો ઘૂઘરીઓવાળું પુષ્પ લે એવી છે! જેને લઢવું જ, તેને શું? કેમ તે કુસુમ કંચને મઢેલું હતું અને આ કથીરે મઢેલું છે? 'જાત તેવી ભાત,' જ્યાં ત્યાં કલેશ વધારી હૃદય શેકવાની દાનત છે! તો પછી હવે તારે જે કરવું હોય તે કરારે કર.

સત્યભામા—(માથાના વાળ તોડતી અને છાતીઓ કૂટતી ઉભી થાય છે) હાય! હાય! હાડોહાડ જૂઠી વાત કરવી અને ખરૂં કહેનારની હેરે આવવું. એવાની સાથે જીવતર ગાળવામાં ય શો માલ છે. મહારાજ તમે મારા જીવના તરસ્યા છો તો તે લીધા પછી નીરાંતે સુખ ભોગવજો. હવડાં જ હું જઇ ગોમતીમાં પડું છું, એટલે તમારે 'બતરીએ કોઠે દીવા' થશે. (એટલું બોલી ત્યાંથી ઉતાવળી દોડી જાય છે.)

કૃષ્ણદેવ—(પાછળ દોડતા દોડતા) હાં હાં. આ તે શું, એમ તે થાય? વિનોદાર્થે થતા હાસ્યમાં ય સમજે છે કે નહિ? લે હું તને એવાં જ પુષ્પ આપું છું, આપુ છું. (એમ બોલતા પાછળ પકડવા દોડે છે.)

(વાસુદેવ વિઠ્ઠલ, વાસુદેવ વિઠ્ઠલ, એમ બોલતા અને વીણા વગાડતા નારદ પ્રવેશ કરે છે.)

નારદ—(સખેદ) અરેરે ! વિઠ્ઠલ વનિતાને વા'શે. એ સ્ત્રીએ પારિજાતક પુષ્પ નિહાળી જોયું ! નથી, કે મારાથી તે પૃથ્વીમાં થતું નથી એમ સમજાવાયું નથી. મેં એને પ્રથમ એ પુષ્પ બતાવ્યું હોત તો કેવું સારૂં થાત ? સુરે મને કાર્ય સોંપ્યું અને તેમાં—હું નારદ નિષ્ફળ થયો ! ! નારાયણ આગળ નારદ તે શા લેખામાં ? અરે ! પણ જો હું એમ દૃઢતાનો ત્યાગ કરીશ તો પછી મને નારદ કહી કોણ બોલાવશે ? નારદવેડા એ મારા જ નામથી અંકિત થયલું છે, તો પછી (વિચાર કરી) હાં હાં, જો હું આમ કરૂં તો ગોગ આવી જાય ખરો. અરે પણ અર્ધરાત્રિ થઇ ગઇ છે; તેની ચિંતા આપણે શી પડી છે ? બ્રહ્મકુમારને પ્રત્યવાય શો ! (એમ વિચાર કરતા રૂક્મિણીના મંદિર કને આવે છે. તેમને જોઇ ઉભી થઇ દ્વારપાલિકા નમન કરે છે.)

દ્વારપાલિકા—ભગવંત શી આજ્ઞા છે ? દેવ શ્રી સત્યભામા દેવીને મંદિર પધાર્યા છે, અને અમારાં દેવી સુઇ રહ્યાં છે.

નારદ—દ્વારપાલિકે ! ભદ્રં ભવતુ ભદ્રં. અમારે અધુના ભીષ્મક-નંદિનીને દર્શન થઇ પૂજા ગ્રહણ કરવી છે.

દ્વારપાલિકા—ભગવંતની જેવી ઇચ્છા. દેવર્ષિ ! હું જઇ દેવીને બ્રહ્મકુમારનું આગમ વિદિત કરી આવું ત્યાં સુધી આ આસન પર બિરાજો.

નારદ—દ્વારપાલિકે ! જા તું જઇ તેમ કર.

દ્વારપાલિકા—વારૂ મહારાજ ! (કહી જાય છે અને ઉતાવળી કનકમાલિકાને મુનિ કને મોકલે છે.)

કનકમાલિકા—(નમન કરી) ભગવંત બ્રહ્મકુમાર ! પધારો પધારો.

નારદ—અહો કનકમાલિકા ! તમારી દેવી પર વાસુદેવની અમીદૃષ્ટિ તો છે ને ?

કનકમાલિકા—ભગવંત ! આપ જેવા મહર્ષિની કૃપાથી દેવી નિરંતર સ્વામીસેવામાં આસક્ત રહે છે. (એવે દ્વારપાલિકા દોડી આવે છે.)

દ્વારપાલિકા—ભગવંત ! દેવી આપનાં દર્શન કરવા આ આવ્યાં. (એવે પૂજાનું સાહિત્ય લઇ રૂકિમણી આવતી દેખાય છે અને નારદ મુનિ સામા જઇ આશિર્વાદ દે છે.)

રૂકિમણી—(નમન કરી અર્ઘપાદ્યાદિ વડે પૂજન કરે છે.) ભગવંત આજ મારા પર કૃપા કરી મને કૃતકૃત્ય કરી.

નારદ—અહો ભીષ્મકનંદિની ! (અંગુલીવડે બતાવી) આ પુષ્પ કાજે વાસુદેવ મહા કષ્ટમાં આવી પડયા છે અને એ માટે સત્રાજિત્‌સુતા તેમને વિવિધ દુઃખ દે છે તે અમારાથી સહન ન થયું, ત્યારે અમે અહીં આવ્યા છીએ:—

દ્રુતવિલંબિત.

પતિ સુખી કરવા હરવા પીડા,
રતિવતી ! જઇ તું કર ત્યાં ક્રીડા;
અતિ કુડી ગતી તો થઇ છે તહીં,
મતિવરે ! નિરખી દુઃખ લે અહીં.

અપિચ—

સ્ત્રગ્ધરા.

સ્વામીનું સ્વામિનીએ અહિત સુણી કદી, સુખથી ના સૂવાએ.
ચંદ્રિકા ચંદ્ર સાથે દિનકર નિરખી, તેજથી ભ્રષ્ટ થાએ;

તે રાતે શી ચકોરી પતિગતિ શિથિલે, કષ્ટ અંગે સહે છે,
નિદ્રા આ શી નિરાંતે ધવ દુઃખ ડૂબતાં, પુષ્પ શીર્ષે રહે છે !

(એટલું કહી નારદ મુનિ સ્વર્ગ પ્રતિ ગમન કરે છે.)

રૂકિમણી—(સખેદ) સખી કનકમાલિકા ! આ બ્રહ્મકુમારનું વચન સત્ય હશે. મેં ક્યાં પુષ્પ લઇ દેવને દુઃખી કર્યા ! કોણ જાણે એણે શું કર્યું હશે ! !

કનકમાલિકા—વયસ્યા ! એ તો મહા રીસનું ભાણું છે, એમનું તો મ્હોં ઉઘડાવ્યામાં માલ જ નથી.

રૂકિમણી—સખિ ! મારો જીવ અતિ ઉંચો થયો છે. મન કચવાય છે, અને જંપ વળતો નથી, માટે ચાલ જઇ દેવને જોઇ આવીએ.

કનકમાલિકા—તમે તહીં જશો તો દેવને પડ્યા મુકી તમારા ઉપર જ ઉતરી પડશે.

રૂકિમણી—ગમે તે થાય પણ હવે તો દેવનાં દર્શન કર્યા વગર મારાથી રહેવાશે નહિ; જે થવાનું હશે તે થશે માટે ચાલ ઉતાવળી. (હાથ વડે જોઇ) જો મારા હાથમાં પેલું ફૂલ તો છે કેની ?

કનકમાલિકા—હા છે. વયસ્યા એ ફૂલે જ આટલો ધારસ્કો પાડ્યો, ખરુંની ?

રૂકિમણી—હાસ્તો. ચાલ ચાલ ઉતાવળી. (એમ વાતચીત કરતાં બન્ને જણ ચાલ્યાં જાય છે.)

(પ્રિયાને પુષ્પ બતાવવા કૃષ્ણદેવ પ્રવેશ કરે છે.)

કૃષ્ણદેવ—પ્રિયા ! હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે નારદ મહર્ષિએ મને બે પુષ્પ આપ્યાં હતાં તેમાંનું એક મેં એને આપ્યું અને બીજું

તારે કાજે રાખી મુકયું હતું. આવા ક્ષુલ્લક કુસુમને કાજે તે આવા ચંપકસુમન જેવા દેહને તારા વિના કોણ કસ્માવી દે?

સત્યભામા—આર્યપુત્ર! જોજો મને ઠગતા હો! મેં એવું સાંભળ્યું હતું કે નારદ મુનિએ એક જ પુષ્પ તમને આપ્યું હતું. બળ્યો વર ને બળી જાન, પ્રભુ! મને તો મરવા જ ઘો, મારે શા સુખ ઉપર જીવવું! પણ હાં હાં, જો તમારી કને ફૂલ હતું તો તમે મને આટલો કંકાસ શા કાજે કરાવ્યો? તમારી વહાલીને તમે ખુશીથી આપો અને અમને આટલો કંકાસ કરાવો! મહારાજ! મારે તો એ ફૂલ નથી જોઇતું.

કૃષ્ણદેવ—પ્રિયા! હું આવ્યો એવો જ એ પુષ્પ તને આપવાનો હતો, કિંતુ કલેશમાં તે તને આપવાનું મને સાંભર્યું નહિ.

સત્યભામા—(સજળ નેત્રે) પણ તહીં જઇ દોડયા સૌથી પહેલું આપી આવ્યા તેનું કેમ? અમે તો બીજા દહાડાનું વાશી જ લેનારાં કે! તમારૂં ફૂલ તમને ગંધાય; મારે તો એ નથી જોઇતું!

કૃષ્ણદેવ—(અશ્રુ લોતાં) પ્રિયા! હવે હું ત્યાં કદાપિ પ્રથમ જનાર નથી. તું આ પુષ્પ આનંદથી ગ્રહણ કર ગ્રહણ કર. અયિ પ્રિયે! એટલું નથી જાણતી કે મધુકર તો નવલ મધુનો જ ભોગી હોય છે? (એવે કૃષ્ણદેવ ન દેખાવાથી રૂકિમણી ઝાંખા દીવાને પ્રકાશિત કરતી પ્રવેશ કરે છે.)

રૂકિમણી—(કૃષ્ણદેવનો શબ્દ સાંભળી) એમ કહેવાથી આર્યપુત્રને સુખ થતું હોય તો ભેદવચન કંઇ ભુંડું નથી. માત્ર દેવે એવું અંતરમાં ન રાખવું એટલી જ મારી વિનંતિ છે.

કૃષ્ણદેવ—(ચકિત થઇ) ના ના દેવી! એમ તે કયા અંતરમાં ઠરે? આવો અહિં બેસો.

સત્યભામા—(વસ્ત્રાદિ સજ કરી અશ્રુ આદિક લોઢી સકોપ) સાયર જેવાં મોટાં કહેવાઇ મરજાદા મુકે તો પછી તેને સાયર શેનો માનવો ? વગર નોતરિયા જમનારથી કયો વરો કરનાર દુઃખી થતો નથી ? અમે તો કોઇના ય સુખમાં આડાં આવતાં નથી !

રૂક્મિણી—બેન ! આવડે તેટલું બોલીએ નહિ ને ભાવે તેટલું જમીએ નહિ. પ્રલયકાળ જોઇ સાગર મર્યાદા મુકે જ અને જો ન મુકે તો તે સાગર શેનો ? ધણીને ઘેર ધણીઆણી થઇ નોતરાની વાટ જુએ તેને સુખનાં શમણાં ય શેનાં આવે ? 'કોઇ વેંત નમે તો કોઇ ગજ નમે'.

સત્યભામા—(મુખ ફેરવી) અમારે તો વેંત નમવુંએ નથી ને ગજ નમાવવાંએ નથી. અમે તો કોઇ દહાડેએ આવું કર્યું નથી અને કરનારનું ભલુંએ થનાર નથી !

રૂક્મિણી—નમીશ નહિ, નમીશ નહિ; જોજે નમવું સાંભળી નીચા માબાપની થઇ જતી ! ચોરની પેઠે છાની માની ઉભી રહી હેરિયાં હેરનાર તું જ કે બીજી ? (મુઠી વાળી હાથ હલાવી) મારી તો દૈવરાત એમ કરે છે ! છાતી પર આવી ઉભાં રહેતાં કોણ ના કે' તેવું છે ?

સત્યભામા—(ભ્રૂકુટી ચઢાવી સામું જોઇ) તમે તમારા ભારમાં રહેજો. જેને તમારી ગરજ હશે તે તમારા બોલ સાંખી રે'શે. હું તો કાળજું કપાઇ જાય એવા મો'ર મો'રના ઉત્તર આપીશ. (એટલું કહી નીચું જોતાં રૂક્મિણીની વેણી મધ્યે ઘાલેલું અલૌકિક પુષ્પ જુએ છે અને તરત જ કૃષ્ણદેવના સામું જોઇ જોરથી માથું કૂટે છે.)

રૂક્મિણી—(સકોપ) લે આ પથરો લે. (કૃષ્ણનો હાથ ઝાલી) મહારાજ ! ચાલો મારે મંદિર, જ્યારે લટકતી મુકશો ત્યારે જ એ પાંસરી થશે.

કૃષ્ણદેવ—અહો દેવી ! તમારૂં કહેવું સત્ય છે. કિંતુ સજળ ઘનને વેરી નાખતાં સુધી વાયુએ વાવું એ ઘનની શોભાને ઘટાડનારૂં છે. ચપળાની ચપળતા એ જ એની શોભા છે.

રૂકિમણી—આર્યપુત્ર ! એ હું સારી રીતે સમજું છું, અને સમજી પણ ખરી, એમ છતાં અહીં આવવાનું પ્રયોજન દેવનું દુઃખ ટાળવાનું જ છે. હું જાણું છું કે નારદજી પારિજાતકનું એક પુષ્પ આપી ગયા છે, અને તેને કાજે આ હઠ લઇ બેઠી છે તો તે દેવ ક્યાંથી લાવી આપવાના હતા ? મહારાજ ! જો તમારા જીવને સુખ થતું હોય તો હું આ મારૂં પુષ્પ એને આપું. મેં તો એવાં ઘણાં ય દીઠાં છે અને ઘાલ્યાં છે. (એમ કહી ફૂલ છોડવાનું કરે છે.)

સત્યભામા—(લાંબો હાથ કરી) હું તો એ ફૂલની સામુંએ જોનાર નથી. હું શું કોઇનું ઉતરેલું પહેરનારી કે ! મારા કરમમાં હશે તો હું આવાં ફૂલ લઇ અનેક વાર આમને આમ આપતા જઇશ. શું આ ઘા મને રૂઝાય એવો પડે છે કે ?

રૂકિમણી—તારા કરમમાં તો કંકાસ જ છે તે કર્યાં કરજે ! (ભોંયને પગની ઠોકર મારી) મારી તો ભલાગત તારા સામું જુવે છે.

સત્યભામા—(દાંત પીસી) તારા કરમમાં ભવોભવ કંકાસ રો’; મારી લાડ......(એટલેથી જ બોલતાં અટકાવી કૃષ્ણદેવ બન્નેની વચ્ચે ઉભા રહે છે.)

કૃષ્ણદેવ—દેવી ! એકે કાળે પૂર્વોત્તર ચપળાનો ચમકારો એ પ્રલય પાસે લાવનાર કહેવાય છે.

રૂકિમણી—શું આર્યપુત્રની અંતરવૃત્તિ એવી છે કે મારે વગર બોલે ચાલ્યાં જવું ? તો ઠીક, દેવ ! હું તેમ કરૂં છું. પણ આ પુષ્પથી જો સુખ થતું હોય તો તે આપતી જાઉં.

કૃષ્ણદેવ—ક્ષત્રીયથી આપીશ કહી ન આપનાર ન થવાય, તો પછી આપેલું તો કેમ જ લેવાય ?

રૂકિમણી—દેવશ્રી ક્ષત્રીધર્મને ધારી જ આ કરતા હશે ! ! વારૂ મહારાજ ! અમને કાઢી મુકી સુખી થાવ. (એટલું કહી સત્યભામા સામું જોતી જોતી ચાલી જાય છે.)

સત્યભામા—ટગર ટગર જોઇ રહ્યા છો ત્યારે પાછળ જ જાઓ કે સુખીઆરા થવાય ! (કૃષ્ણનો ખભો ઝાલી હલાવી) સોગન ખાઇ કયે મોઢે બોલતા'તા કે નારદ મને એ પુષ્પ આપી ગયા છે ! ! જુઠાનો આવરદા એ ઘડી, તે જાદવજીનાં કયાં જાણવામાં છે ? જો હું આવા જ ગરજમતલબી તમને જાણત, તો સો ભવ કુંવારી રે'ત, પણ તમને ના પરણત ! અરે રે પ્રભુ ! મારો તો ભવ જ છૂટી પડયો ! ! નીચેથી ઉંચું જુએ કોણ ? " પેટ ભરાયું એટલે પાટણ ભરાયું ! "

કૃષ્ણદેવ—શું ત્યારે મારે એના સામું ન જ જોવું ? જેણે મારે કાજે માબાપ, ભાઇભાંડુ, સર્વે તજ્યાં અને એક મારાપર દૃઢ શ્રદ્ધા રાખી. તેં તારી જાતે જ જોયું કેની કે એ મારૂં વચન કેવું પાળે છે ?

સત્યભામા—કોણ તમને ના કહે છે ? જાવને તેને તહીં જઇ સત્તર દહાડા પડયા રો'. તમને કોણ ચોખા મુકી બોલા'વા આવ્યું"તું ? એણે તો માબાપને તજ્યાં છે અને મેં તો માબાપ તમારે કાજે જ મરાવ્યાં છે ! મારા જેવી ભરોંસો રાખનારી તો કોઇએ મળનારી નથી ! મારૂંએ મનમાન્યું થયું હોય તો એક વાર તો શું પણ સોવાર વચન પાળનારી થાઉં. પણ હાય હાય ! આ અકરમણના કરમમાં એ ક્યાંથી ?

કૃષ્ણદેવ—કંકાસ જ કરવો તેને શું લેવા જવું પડે તેવું છે ? જ્યાં ત્યાં બોલવું.

સત્યભામા—(પર્યંકના પાયામાં માથું પછાડી) શું ત્યારે મારૂં જૂઠું અને એનું સાચું ? (મોટેથી રૂદન કરી) માડી ! તેં ગળથુથીમાં વખે ઘોળી શે ન પાયું ! હાય હાય ! શું આ કસાઇવાડેથી ગાયને છોડાવનાર કોઇએ નથી ! ! ઓ માડી ! મેં તે પૂર્વજન્મે શાં પાપ કર્યાં હશે કે આ સકરમીને પાલે પડી ! ! !

કૃષ્ણદેવ—અકર્મીને પાલે પડયાં હોત તો ચૌદમું રત્ન ક્યારનુંએ અંગોઅંગે ઓપી રહ્યું હોત ! !

સત્યભામા—મુઓ મારવાનો હોત તો મારી નાખત પણ આમ રીબાવી રીબાવી તો હાડ ગાળત નહિ. મારવી હોય તો મારો, પણ વેરવી થઇ વેણુબાણુ મારતા રે'તો પ્રભુ તમારૂં ભલું કરશે !

કૃષ્ણદેવ—અમારા ઉપર તો ફુલ વરસતાં હશે !

સત્યભામા—(દાંત પીસી માથું અને છાતીઓ કૂટતી પૃથ્વી ઉપર પડે છે) હાય મુઓ જીવે વેરવી થઇ લાગ્યો છે કે ઝટ લઇ જતો નથી. (એટલું બોલી મોટેથી રૂદન કરે છે.)

કૃષ્ણદેવ—(નિઃશ્વાસ નાખી) હવે હું કેમ કરૂં ?

શાર્દૂલવિક્રીડિત.

માયાએ કરિયો મને અધમ કરી, આ દ્વૈતવાદી અહા,
રે અદ્વૈત ગયું થયું દુઃખ મને, માયા ! ન કાયા વહા !
જાણી જા જીવ ! તો જરૂર સુખ છે, અદ્વૈત ધર્મે નહા,
વે'લો થા વચલે ચલે ચપલતા, કામે ન કાચું સહા.

સત્યભામા—શું હજુએ તમે મને શા'ર્યાં જ કરો છો કે ? હવે તો તમારા દેખતાં જ જીભ કરડીને મરૂં છું. (એટલું બોલી બે દાંત વચ્ચે જીભ કાઢી દાબે છે.)

કૃષ્ણદેવ—(ગાભરા ગાભરા કને જઇ) હાં હાં પ્રિયા ! આમ તે થાય ! જા તું કહે તે મારે કરવું અને તું જે માગે તે આણી આપવું. ઉઠ ઉઠ અને ક્લેશ તજી જે જોઇએ તે માગી લે. (એટલું કહી સત્યભામાને બેઠી કરે છે.)

સત્યભામા—જાઓ જાઓ તમે શું આપનાર છો ? જેને બોલે બંધ નહિ તેની સાથે જીવતર ગાળવામાં શો માલ છે ! કયી નખોદણે આ સંસાર માંડયો હશે કે આવાના કુંસલા ખાઇ પેટ ભરવું પડે છે ! પેટમાં પૂળો ય ઉઠતો નથી કે કોઇના ઓશિયાળા ન થવું પડે !

કૃષ્ણદેવ—અયિ પ્રિયે ! હું તને સત્ય કહું છું કે જા તું જે માગીશ તે તને આપીશ; કિંતુ હવે પ્રાતઃકાળ થવા આવ્યો માટે ક્લેશ તજી શાંતિ ધારણ કર. જો આ—

સ્રગ્ધરા.

જો વાયે છે વનિતા સમીર શિતળ આ, પક્ષી બોલે રસાળા,
જો મોતી આ થયાં છે હિમકણ જળનાં, ભક્ષશે શું મરાળા;
જો રોતી રે' પ્રિયા તું નિકર નયનથી, અશ્રુ ગ્રં'શે ચરાળા,
માગો માગો મરાળે ! મુખ વધું અરપું, ક્લેશ ત્યાગો કરાળા.

સત્યભામા—(સવાર થવા આવ્યું જોઇ) આર્યપુત્ર ! ભોળી તો હું જ છું; જેમ ઠગશો તેમ ઠગાઇશ.

કૃષ્ણદેવ—અયિ પ્રિયે ! જા તું જે માગીશ તે હું તને આપીશ.

સત્યભામા—જોજો આર્યપુત્ર ! હવે કંઇ કપટ કરશો તો હું મારો જીવ આપ્યા વગર રહેનારી નથી. તમે જ્યારે માગ માગ કહ્યું ત્યારે હું જે માગીશ તે આપવું પડશે.

કૃષ્ણદેવ--પ્રિયા! જે માગવું હોય તે માગી લે.

(એમ કહી સત્યભામાના શરીરની ચોંટેલી રજ ખંખેરી નાખે છે.)

સત્યભામા--જો મારા મન માન્યું આપતા હો તો આપો. મારે તો પારિજાતકનું ફૂલવાળું ઝાડ જોઇએ છીએ અને તે લાવી મારે મારા ચોકમાં રોપવું છે. (કૃષ્ણદેવ સામું જોઇ) કેમ તોબરો ચઢ્યો?

કૃષ્ણદેવ--પ્રિયા! તું તો કહીશ કે સવિતાને લાવી મારી સોડમાં ઉગાડો. કંઇ મોંમાં માય એવું બોલે તો જ માગ્યું અપાય. મેં કહ્યું માગો ત્યારે માગી માગીને માગ્યું તો ઠીક!

સત્યભામા--શું ત્યારે નહિ આણી આપો? જો એ આણી આપવાનું ના કહો તો સૂરજ ઉગે આ સત્યભામાનું મોઢું તમે જુઓ એ વાતનાં તો છેટાં જ સમજવાં. કેમ આણી આપો છો કે નહિ?

કૃષ્ણદેવ--આ બધું નભ નીચે લાવવાનું કેમ ન માગ્યું? ભૂલ થઇ હોય તો સુધારી ફરી માગી લે.

સત્યભામા--(કેશપાશ છોડી) મુખ માગ્યુ આપીશ કહી હવે નહિ અપાય એમ કહો એટલે તમારા દેખતાં જ હું દાન દેનારી થઇ મારા પ્રાણ તમને અર્પણ કરૂં.

કૃષ્ણદેવ--પ્રિયા! આમ સ્ત્રી હઠ કરવી તે શા કામની? પારિજાતક દ્રુમ સ્વર્ગમાં છે, એ તે હું તને અહીં શી રીતે લાવી આપું?

સત્યભામા--ગોપીઓનાં મન ગમતાં અને ગુરૂપત્નીનાં છોકરાં જેમ આણી આપ્યાં હતાં, તેમ મને આણી આપો. મેં કંઇ એથી વધારે માગ્યું નથી!

કૃષ્ણદેવ--(સસ્મિત) વારૂ ત્યારે આણી આપીશ.

સત્યભામા--તમને અહીંથી જવા દેનાર કોણ છે? અહીં બેઠાં બેઠાં જ આણી આપો!

કૃષ્ણદેવ—ગયા વગર તે કંઇ આવે ? એ લેવા તો મારે સ્વર્ગ સુધી જવું પડશે.

---

૮. ભાષાભિમાન.

સૂત્રધાર—પ્રેમી પ્રેક્ષકજને મને આજ્ઞા કરી છે કે કોઇ સારો અને પ્રાચીન પ્રયોગ કરી બતાવો ત્યારે અમે દોડડાહ્યા થઈ અર્વાચીન અને પ્રેમાનંદભટગ્રથિત પાંચાલીપ્રસન્નાખ્યાન ભજવવા સજ થયા છીએ. " **इश्वरेच्छा बलीयसी.** " મારિષ ! જા તુ જઇ ચંગ-મૃદંગ વીણાદિ સજ કરી તૈયાર રહે.

પારિપાર્શ્વક—એવું સાહસ વો'રી લઇ હાસ્ય કરવાથી કયા અર્થની પ્રાપ્તિ થાય તેની છે ? પ્રેમાનંદભટગ્રથિત પ્રયોગ કરવાનો ભાવ ભાવના મનોભાવમાં ભરાયો છે એટલે ભાષા પણ ગૂજરાતી જ હશે તો ! " ધણીનો કોઇ ધણી છે ! "

સૂત્રધાર—મારિષ ! મા રીસ કર્ય. વિધાતાએ શું આ રંગભૂમિ ભાળી સ્વભાષા પર ભાવ ધરે એવો એકકે ય રસજ્ઞ નહિ નિપજાવ્યો હોય ! અને કદાચિત્ તેમ હશે તો " જ્યારે જેવા ચાલે ત્યારે તેવા દેવા. " (નટીને આવતી જોઇ) મારિષ ! જો મારી પ્રિયા શૃંગાર સજી કેવી ઉતાવળી આવે છે ! માટે તુ પણ જઇ જોઇતી તૈયારી કર.

પારિપાર્શ્વક—જેવો ભાવનો મનોભાવ ! (નમન કરી) હું આજ્ઞાનુવર્તી રજા માગું છું. (જાય છે.)

નટી—(પ્રવેશ કરી) આર્યપુત્ર ! આપની આજ્ઞાનુસાર સર્વ સાહિત્ય સજ કરી ' **गुर्जराणाम् मुखं भ्रष्टं** ' એ પદ લખનારના મુખમાં ધૂળ નાખવા એકે પદે થઇ રહી છું.

સૂત્રધાર—અયિ પ્રિયે ! ધન્ય છે ધન્ય છે ! હવે તારો જન્મ ગુર્જરભૂમિમાં થયો છે એમ હું ગણીશ. બાકી બીજા માટે તો હું આમ માનું છું અથવા " મૌનં સર્વાર્થસાધનમ્ ". પ્રિયા, આ વસંતઋતુથી પણ મને તો ગુર્જરગિરા વિશેષ આહ્લાદજનક લાગે છે માટે તું તે જ ગિરામાં વસંતવર્ણન કરી મને તથા સભાસદોને ઉભય અર્થની પ્રાપ્તિ કરાવ્ય.

નટી—આર્યપુત્રની આજ્ઞાનુરૂપ વર્તવા તૈયાર છું. સહૃદયજનો એકાગ્રચિત્તે શ્રવણ કરશે જ. (નમન કરી અભિનયપૂર્વક ગાય છે.)

ધ્રુપદ.

આ તે લલિત સુમન મધુકણ સ્રવે શકે;
વા મધુરી ગુર્જરીની મિઠાશ મોઘી ઘણી. આ તે.

કિંશુક કુસુમ રક્ત પીતવર્ણ વાસવતું;
અનુદિન આ ગુલાબ ગુર્જરી મહામણિ. આ તે.

ઉપવન કુસુમિત જોઇ મત્ત ભૃંગ ગુંજે;
અકલ પરભૃત આ વાણી કે પ્રેમીતણી. આ તે.

સુરભિએ સહકાર પ્રફુલ્લિત પૂર્ણ કર્યા;
પ્રમુદિત દ્વિજગિરા સુરભિ સુહામણી. આ તે.

સૂત્રધાર—પ્રાણપ્રિયા સુખજન્યા ! ધન્યા ! ધન્ય છે ધન્ય છે ! તેં ગાનકળામાં આટલી બધી નિપુણતા ક્યારે સંપાદન કરી ? શું હું આરંભેલું કાર્ય કરી ચૂક્યો ! હા હા, એમ જ, નીકર આ રસિક પ્રેક્ષકો આગળ સ્તબ્ધ થઇ કેમ ઉભો રહું ? (અધરે અંગુલિ અરાડી) અથવા આમ તો થયું નહિ હોય ?

ગીતિ.

ગાયનમાં ગુંચાયું, મારૂં મન શું શકે દ્વિજની પેઠે;
વાયનદાને વા'યે, લેવા લલના શકે ભૂમિ બેઠે.

નટી—પ્રાણનાથ ! મારી કુશળતાને ધન્યવાદ આપ્યા કરતાં ગુર્જરીગિરાના માધુર્યને જ માન આપવું વધારે સુઘટિત છે. પણ પ્રાણપ્રિય! પણે પેલાં કોણ બે દીનતા અને પ્રેમનાં વચન બોલતાં સંભળાય છે ?

સૂત્રધાર--(નેપથ્યાભિમુખ નિહાળી) હાં હાં પ્રાણપ્રિયા ! એ તો એ જ; (અંગુલિ વડે બતાવી) જો પેલો કપટી દ્વિજ કૃષ્ણાની કૃપા મેળવવા કાલાવાલા કરી રહ્યો છે. અરે પ્રભુ શું આ શક્રપ્રસ્થમાં નિવાસ કરનારી અને પાંડવની પટરાણી પાંચાલી પર્ણકુટીમાંથી નીકળી દ્વિજનું મન મનાવતી આ તરફ આવે છે ! પ્રિયા, ચાલ્ય ચાલ્ય જતા રહીએ. જો એવાં આગમ માટે આમ કહે છે.

વસંતતિલકા.

આપે સુખી સુજન તો, દુઃખી દુઃખ કાપે,
કાપે ન કષ્ટ કદિ જો, દુઃખ દિલ વ્યાપે;
વ્યાપે ન દુઃખ વપુમાં, સ્વયં સુખ શાપે,
શાપે ન તો સુખી બસે, ભરપૂર પાપે.

૯. દ્રૌપદી ને દ્વિજ.

(પર્ણકુટીમાં ઉભેલી પાંચાલી ને તેને વિનવતો વિપ્ર પ્રવેશ કરે છે.)

પાંચાલી—(ગભરાટથી) હાં હાં દ્વિજદેવ! આમ અમને પ્રણામ કરી પાપમાં નાખો છો એ ઠીક નથી. ભૂદેવ! ભૂલથી પ્રણામ કર્યા હોય તો તેનો દોષ તમને તથા અમને નથી, પણ હવે વિનવું છું કે, પાંડવની પટરાણી, ના ના દાસી પાંચાલી છું, વિપ્રર્ષિ! આપનો કંઇ દોષ નથી પણ અમારા જ કર્મના કૂડા જોગે આ વનકુંજ પહેરવા મળ્યું છે અને આ પર્ણકુટીમાં રહેવાનું છે (નિશ્વાસ નાખી) એટલે એમ જ થાય! શિવ શિવ ઋષિરાજ! આપની શી ઇચ્છા છે?

મંત્રાનંદ—(સખેદ) વત્સા! હું તમારી દુર્દશાને મંત્રબળથી જાણી ગયો. ભામિની! તમારૂં ભગવંત ભદ્ર કરો. તમે જેના દોષથી દુઃખી થયાં છો તેની અવકૃપા મારા પર થવાથી હું તમને યાચવા આવ્યો છું.

પાંચાલી—(સત્વર) શું મહર્ષિ! આર્યપુત્ર યુધિષ્ઠિર અને તેમની દ્વિજ પર અવકૃપા!! (સૂર્ય ભણી જોઇ સઆશ્ચર્ય) રે નભમાંથી સૂરજ ચળ્યો નથી અને કદિ ચળ્યો હોય તો ય પણ આર્યપુત્રની દ્વિજ પર અવકૃપા થઇ હશે એમ કેમ જ કહેવાય? તેમ તમારા જેવા મહર્ષિના બોલ્યામાં શંકા પણ શી રીતે લેવાય? (એટલું કહી નિઃશ્વાસ નાખી હાથ જોડી ઉભી રહે છે.)

મંત્રાનંદ—(વિચાર કરીને) યુધિષ્ઠિરની માયા પર અવકૃપા છે એવું બીજા કોઇના જાણ્યામાં આવવું કઠિન છે.

પાંચાલી—(નમન કરી) ત્યારે ભૂદેવ! તમારા પ્રત્યેની તેમની તેવી દૃષ્ટિ તમે મંત્રબળે સમજી ગયા કે કોઇ બીજી રીતે?

મંત્રાનંદ—હા. અમે એમજ જાણી ગયા; વિશેષમાં આમ પણ થયું—

ઇંદ્રવિજય.

ભૂસુર પાર વિના મળિયા, યશ ગાય ઘણા મન આશ વધારી,
દાન સુમાન સમાન ગણી કરી, દે મતિમાન સુકીર્તિ પસારી;
(હું) માંત્રિક માનિનિ ! તે થકી મેં નત્ર, પાંડવઅસ્ત્રથી દૃષ્ટિ નિવારી,
વે'મ પડયો નૃપના મનમાં અતિ, તે ભૂલ ભામિનિ ! છે જ અમારી.

પાંચાલી—(વિચાર કરીને) શું મહારાજ ! એટલા પરથી જ તમને જાવ એમ કહ્યું ! તમે ગમે તે હો તો પણ દ્વિજરૂપ ધર્યું એટલે આર્યપુત્રે તમારો અનાદર કર્યો હશે એ માનતાં મન કચવાય છે. શું મારા પ્રાણનાથ ભીમે તમને જાવ કહ્યું કે વત્સ ઘટોત્કચે એવી ભૂલ કરી ? (નમન કરી) ભૂસુર, જેમ થયું હોય તેમ મને યથાર્થ કહી બતાવવા કૃપા કરો એટલે હું આર્યપુત્રને મળી જેવી રીતે ધર્મનો લોપ ન થાય તેવી રીતે આચારવા વિનવું.

મંત્રાનંદ—(દ્રૌપદીને માથે હાથ મુકી) વત્સા ! તારૂં કલ્યાણ થાવ. શ્રવણ કર; એમ થયું કે મારી દૃષ્ટિ ઘણી વાર અસ્ત્ર ભણી જતી જોઇ મહર્ષિ લોમેશને રાજર્ષિ અજાતશત્રુએ નેત્રપલ્લવી વડે મને ઓળખાવ્યો, કે તે મહાતપસ્વીએ–તપ–તપ–તપસ્વીએ મારા ગોત્રાદિનો સુક્ષ્મપણે તપાસ કર્યો અને તેમાં તે નિષ્ફળ થયા. તથાપિ ભીમે કહ્યું કે શંકાસ્પદસ્થાન જાણ્યું એટલે ઉંડા પાણીમાં પેસવાનો આ અવસર નથી. એ વાક્ય શ્રવણ કરી ઘટોત્કચ મને પકડવા આવ્યો, કિન્તુ ધર્માત્મા ધર્મપુત્રે તેને અટકાવી મને કહ્યું કે દ્વિજદેવ ! તમે બીજા વિપ્રર્ષિની પેઠે અમારી સાથે સુખેથી નિવાસ કરો.

પાંચાલી—(સહર્ષ) ધન્ય છે આર્યપુત્ર ધન્ય છે. વાહ મહારાજ !

એમણે તમારે વિષેની આશંકા તજી તમને નિવાસ કરવા કહ્યું એમ છતાં તમે મારા ઉપર કૃપા કરી એવું કાંઇ કારણ હોય તો આ કિંકરીને કે'શો.

મંત્રાનંદ—વત્સા, અમે વાડવ ક્ષમા સ્વરૂપી કે'વાઇએ તેથી કોઇના પર પણ કોપ ન કરતાં રાજર્ષિ યુધિષ્ઠિરનું કહેવું અમે સ્વીકાર્યું; તથાપિ અમારે વિષેની આશંકા ઉભી જ રહી, તે ટાળવાને અમે તારી કને આવ્યા છીએ.

પાંચાલી—(નમન કરી) દ્વિજદેવ, આશંકા વિનાના પુરૂષે પોતા વિષેની આશંકા ટાળવાનો યત્ન શા કાજે કરવો ? અથવા મહર્ષિ તમે ક્ષમા કરી મારા પતિઓનું શુભ વાંચ્છ્યું છે, તો ચાલો હું આર્યપુત્ર કને આવી તમને જેમ સુખ થાય તેમ કરૂં.

મંત્રાનંદ—(મનમાં) જો હું એની શંકાનું સમાધાન નહિ કરૂં તો એ સમજી જશે. (પ્રકાશ) વત્સા ! આશંકાવાળા નરનું જીવ્યું મૃગજળ જેવું છે. જો હું અહીં તારી કને આવ્યો છું તેમાં ય પણ મારે વિષે શંકાશીલ થઇ ઘટોત્કચ મને જોયા કરે છે. એવા નિવાસને અમારે આવો જ માનવો જોઇએ.

નારાચ છંદ.

નિવાસ પાવકે ભલો ભણ્યો ભલા જને સદા,
કલંકી શંકી જીવવું ન ઠીક તે થશો કદા;
વિચાર વામલોચના કુવાસ નર્ક સર્વદા,
અધિક ધિક્ ધિક્ માનું શંકી જીવ્યું હું યદા.

પાંચાલી—(નમન કરી) ભગવંતનું કહેવું ખરૂં છે, અને મારૂં મન પણ તમારે વિષે શંકા ધરાવતું નથી. પ્રભુ, મારાથી બનતા

ઉપાય યોજી હું આર્યપુત્રને તમારા પ્રતિ નિઃશંક જોનારા કરીશ. (એવે સ્મરવર્ધક પ્રવેશ કરે છે.)

સ્મરવર્ધક—દેવીનો જય થાવ. તમને તે મહાદેવી કે મહાલક્ષ્મી કહી મારે બોલાવવાં. પુરનાં દેવી, ઉપવનનાં દેવી અને વનનાં દેવી તમે જ કે? ભક્તિવાળાં શક્તિજી! તમે સ્વરૂપ બદલવાને સમર્થ છો એમ જાણ્યા છતાં, હાં કહ્યું તે કહ્યું (દ્વિજ સામું જોઇ) કેમ મોદકભટજી! અહીં આવ્યા છો કે! જો જો ઘડો લાડવો ન થઈ જાય! યાજ્ઞસેની ચાલો યજ્ઞારંભ તમારા વિના અટકી પડ્યો છે.

પાંચાલી—ભગવંત તમે પણ ત્યાં ચાલો.

સ્મરવર્ધક—એ આવા યજ્ઞમાં આવી શું ખાટી જવાના છે?

પાંચાલી—(સરોષ) " વગર બોલાવ્યો બોલે તે તરખલાની તોલે ". શું તું એટલુંય નથી જાણતો કે ? (એવે વિદ્યાધર પ્રવેશ કરે છે.)

વિદ્યાધર—દેવી કલ્યાણ થાવ. યજ્ઞનો આરંભ થવામાં પધારો તેટલી જ વાર છે.

પાંચાલી—શું એમ છે? ત્યારે તો ચાલો હું આ આવી.

---

૧૦. યજ્ઞ.

નકુલ—(સખેદ) ભલે યોગીશ્વરો પુરૂષાર્થને પૂર્ણ માની દૈવને દુર્બળ ગણે તથાપિ મારે સ્વાનુભવથી સિદ્ધ થયલો સિદ્ધાંત કયે પ્રકારે ખોટો માનવો? આહા! શું આ ધનુષ્ય અને બાણ કે જેથી આખો ભરતખંડ વશવર્તી કર્યો હતો, તે આજ ઉદરનિર્વાહ માટે યથાર્થ ઉપયોગી થતાં જણાતાં નથી! દૈવ, તેં આટાટલું કર્યું તથાપિ શું તારૂં મન સંતુષ્ટ નથી થતું!! (નિઃશ્વાસ નાખી) દુર્દૈવ? શ્રવણ કર.

લલિત છંદ.

કરમ નામ છે; કર્મી તાહરૂં,
શરમ શે હર્યું, ધર્મી માહરૂં;
લલિત લક્ષણા, દક્ષણા સમી,
ગલિત ગર્વિણી, વર્ણિની દમી.

અપિચ—

પ્રિયંવદાવૃત્ત.

ઉપવને સુખ અમો ન માનતા,
અરર આ દુઃખ કશું અદાનતા!
ભટકતા વનવને કર્યા ભલા,
બહુ થયું બહુ રૂપી રૂપી બલા!

(એવે આમ તેમ જોતો સહદેવ પ્રવેશ કરે છે.)

સહદેવ—(નિઃશ્વાસ નાખી) આ તે કિયા પાપનાં ફળ રૂંદે પામ્યાં કહેવાય! (ઉદર સામે જોઇ) અરે તું ય પણ પૃષ્ઠ સાથે એકત્ર થઇ જવાનો વિચાર કરતું દેખાય છે કે શું? ભલે, હવે આ

કરતાં ય કંઇ તારાથી વધારે થાય તેમ છે કે ? કિંતુ અલ્યા દુર્દૈવ ! તું એટલું ય નથી જાણતો, કે આ અડગ ક્ષત્રિય સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ વારંવાર લાવ્યા કરે છે ?

નકુલ—(સહદેવને જોઇ સઆશ્ચર્ય) કે' ભાઇ ! યજ્ઞદેવનૈવેધના મૃગ ક્યાં છે ?

સહદેવ—(નમન કરી) જુઓ પેલા પારધી લઇ બારોબર જતા જણાય છે, માટે હવે ચાલો સત્વર જઇ એની વ્યવસ્થા કરીએ.

(યજ્ઞ કરતાં યુધિષ્ઠિર, પાંચાલી અને યજ્ઞ કરાવતા ધૌમ્ય લોમેશ પ્રવેશ કરે છે.)

ધૌમ્ય—(વિદ્યાધરને આવતો જોઇ) અલ્યા વિદ્યાધર ! જોને પેલા સ્મરવર્ધકને દર્ભ લેવા મોકલ્યો છે તે ત્યાંનો ત્યાં જ રહ્યો કે શું ?

લોમશ—વાહ વાહ ! તમને ય ઠીક મોભાગ્રમતિનો માણસ કુશાગ્ર લાવનાર નજરમાં આવ્યો. એ રાજપ્રિય વિપ્રને આપણા કામમાં યોજવો એ યથાર્થ નથી. **સુજ્ઞેષુ किम् बहुना** કિન્તુ મખમુહૂર્ત વટી જશે તેનીએ એને શી પડી છે ? (એવે " **स्वस्तिना इन्द्रो** " ઇત્યાદિ બોલતા દશ બાર બ્રાહ્મણો પ્રવેશ કરે છે.)

યુધિષ્ઠિર—(આવેલા સર્વ દ્વિજને નમન કરી) ભગવંત આ પાટ પર સર્વ ભૂદેવો બિરાજો.

બ્રાહ્મણો—(ઉંચા હાથ કરી) **शुभं भवतु. कल्याणमस्तु. पुत्रपरिवारादिवृद्धिरस्तु.** (એમ આશિર્વાદ દેતા ઘણા ઋષિઓ આવી બેસે છે.)

સ્મરવર્ધક—(હાથમાં દર્ભ લેઇ પ્રવેશ કરી સ્વગત) અરે પ્રભુ ! મોદક મારવા વિના બીજું કાંઇ ન જાણનારને આ દાભનાં તૈણાં વેણી લાવવાનો સમય આવી પડ્યો ! આથી હરિશ્ચંદ્ર, રામચંદ્ર

અને નળાદિ નૃપાળોનું દુઃખ શી રીતે મારે વિશેષ ગણવું? (સવિસ્મય) અરે! આટલાં બધાં તુમડાં એકદમ ક્યાંથી સજીવન થયાં અને જીવન વિના તરતાં કેમ જણાયાં?

ધૌમ્ય—(સ્મરવર્ધકને આવતો જોઇ) રે બટુક! લાવ્ય લાવ્ય. દર્ભ સત્વર લાવ્ય. મૂર્ખ! મખમુહૂર્ત વીતી ગયાનીએ ચિંતા નથી ધરાવતો, એ શું?

સ્મરવર્ધક—(નમન કરી દર્ભ આપી) ગોળ, ખાંડ ને મધના વાસ વગર તેમ ઋતુ વગર આ છેડાળ ઉભરાયલી જોઇ મારે સાચવીને પગ મુકતાં મુકતાં આવવું પડયું, જેણે કરી આવતાં વાર લાગી.

લોમશ—(સકોપ) અરે મૂર્ખ બટુક! અસંબદ્ધ શું ઉચર્યા કરે છે. ગુડ મધુ શર્કરાનું સ્વપ્ન સુદ્ધાં ય આવતું નથી તો તારે પિપીલિકા સંભાળતાં શી રીતે આવવું પડે?

શ્લોક.

હોય જો હોઠ સાજા તો, ઝાઝા ઉત્તર જાણવા;
આહુતી હોમ્ય લે તું આ, મારી દે તર્ક માણવા.

સ્મરવર્ધક—શું ભગવંત! અમે તો તમારે મન ખોટું જ બોલનાર ઠર્યા કે? **સ્વાહા, આવાહયામિ** અને **નમઃ** એ શબ્દો સાંભળી આવા ભૂદેવો જેમ ખાંડ, ગોળ અને મધની આશાએ કીડીઓ ઉભરાયલી જણાય તેમ જણાય છે કે નહિ?

ધૌમ્ય—(સસ્મિત) અલં. લે આ આહુતી. વિદ્યાધર તને શોધવા ગયો છે તેના આવતા સુધી તું હોમ્ય.

સ્મરવર્ધક—(ઝોકાં ખાતો) આ મફતિયા મહારાજને મુકી

અમારી આંખ્યો ફોડવાથી તમને શું મળવાનું છે? (મંત્રાનંદને બોલાવી) મહારાજ! લ્યો આ આહુતી હોમો.

લોમશ—(સકોપ) અરે કંઇ સમજે છે કે નહિ, "પ્રાઘૂર્ણુ કને સર્પ શી રીતે મરાવાય?" (વિદ્યાધરને આવતો જોઇ) લ્યો આ વિદ્યાધર આવ્યો હવે એ એને આપો.

મંત્રાનંદ—(નમન કરી) ભૂદેવ, મને એ કૃત્ય સોંપશો તો હું વિદ્યાધર જેટલું કરે તેટલું બધું કરીશ.

સ્મરવર્ધક—(ભીમને આવતો જોઇ સસ્મિત) મહર્ષિ મંત્રાનંદ! એ ભૂદેવો અને અમારા ભૂપતિ તમને મફતિયો માલ ખવડાવે તેવા છે. પરંતુ આ જુઓ અમારા મહારાજ આવે છે તે જ્યારે યજ્ઞ કરશે ત્યારે અમે આચાર્ય થઇશું અને તમારી આહુતીમાં ગોઠવણ કરીશું! હવડાં તો મહાજનના સાંઢની પેઠે જે કરતા હો તે સુખેથી કર્યા કરો. (ઘટોત્કચને આવતો જોઇ) દ્વિજદેવ! આ અમારા યજમાનની પાસે રહેશો તો મોંમાગી દક્ષિણા મળશે. (નકુલ સહદેવને આવતા જોઇ) મંત્રાનંદ મહારાજ! તમારૂં ભવિષ્ય ભળે એવી દક્ષિણા મળશે કે નહિ તે આ બે ભાઇ કહી શકે તેવા છે.

(ભીમાદિક પ્રથમ યજ્ઞનારાયણને અને પછે બેઠેલા બીજા દ્વિજને નમન કરી એક પછી એક આસન પર બેસે છે.)

ધૌમ્ય—સ્મરવર્ધક! સ્મરવર્ધક! જા જા, ઓ પણે આજ્ય મુકેલું છે તે લઇ સત્વર આવ્ય.

સ્મરવર્ધક—(બેઠેલા મુનિઓની આગળ પાછળ જોઇ) ભગવંત! યજ્ઞપુરોડાશને શ્વાન સ્પર્શ કરે એ તો મહા અધમ લેખાય, પણ મહારાજ! મખ માટે રાખી મુકેલા આજ્ય કને માર્જારી મરી ગઇ હોય તેનો કંઇ વિધિનિષેધ મનાય? ના ના, નહિ જ. "બિલાડું પળ્યું અને કૂતરૂં અડયું" એ તો કથનાર કથી જ ગયા છે.

લોમશ—(સકોપ) અરે આ મૂર્ખ બટુકને તે શ્રમસાધ્ય પ્રાપ્ત કરેલું આજ્ય શે સોંપ્યું ? હવે શું કરીશું ! ! (સખેદ) શિવ શિવ ! સત્રની પૂર્ણાહુતિ કર્યા વિના જ ઉઠવું પડશે કે શું ?

યુધિષ્ઠિર—આપ્તજને અનુચિત વર્તન કેવળ અહિત વિચારીને કર્યું હોય એમ લાગે તથાપિ તેના વિરૂદ્ધ કંઇ પણ કરવા શાસ્ત્ર શાખ પૂરતું નથી.

ધૌમ્ય—વત્સ ! યુધિષ્ઠિરનું કહેવું સંયુક્તિક છે.

લોમશ—વત્સ ! ધૌમ્યનું કહેવું સત્ય છે. (સ્મરવર્ધક ભણી જોઇ) લે અલ્યા ! આ આજ્ય પૂર્ણાહુતિ સમયે હોમી દેજે. (સ્મરવર્ધક હાથમાં ઘીનો પડીઓ ઝાલી ઉભો રહે છે.)

ધૌમ્ય—(યજ્ઞના ધૂણી આંખમાં જવાથી એકને એક મંત્ર ફરી બોલે છે અને જોઇતી વસ્તુ ન જડવાથી આંખો મીચી ફાંફાં મારે છે) પુ (લંબાવી) પુર (વિશેષ લંબાવી) પુરન્ (એ સાંભળી સ્મરવર્ધક ઘી હોમી દે છે અને સર્વે તેના પર કોપ કરે છે.)

યુધિષ્ઠિર—(નિઃશ્વાસ નાખી) દૈવની ગતિ બલવત્તર છે.

પાંચાલી—ભગવંત ! હું એનાં સર્વે લક્ષણ જાણું છું, આર્યપુત્ર હવે તો સમજ્યાકની કે એને ધૂણી લાગી તેથી એણે યજ્ઞની પૂર્ણાહુતી કરી નાખી. (સર્વ બ્રાહ્મણો સામું જોઇ) મંત્રાનંદ મહારાજ ! ભોજન સમય થયો છે માટે હવે કંઇ જતા નહિ.

સ્મરવર્ધક—(નીચું જોઇ) ત્યારે શું અમે જઇએ અને એ ન જાય ?

યુધિષ્ઠિર—અરે ભાઇ ? એવી નિરર્થક કલ્પનાઓ કાં કરે છે ?

ધૌમ્ય—(તિલકાદિ કરી રહ્યા પછી) હવે તમારે જવું હોય તો જાવ. (એટલું કહી બન્ને મુનિઓ ઉભા થાય છે.)

પાંચાલી—(ઉભી થઇ) આર્યપુત્ર ! (સ્મરવર્ધક બતાવી) આ તમારા મહર્ષિને તેડી વહેલા આવજો. (એમ કહી જાય છે.)

લોમશ—અજાતશત્રુ ! આ યજ્ઞ પુનરપિ થઇ શકે તેવો છે. તેથી શોચ કરવાનું કારણ નથી. હવે ચાલો ભોજનવિધિ આટોપી લઇએ. અલ્યા વિદ્યાધર ! આ બલિ મુકી તથા દર્ભાદિ નદીમાં નાખી ભોજન સમય થયો છે માટે જા સત્વર આવ્ય. (એમ કહી સર્વ જણ જાય છે અને વિદ્યાધર પણ દર્ભાદિ લઇ રથાઃ પછી નદી ભણી જાય છે.)

(મંત્રાનંદ અને પાછળથી ભોજન કરનાર બ્રાહ્મણો પ્રવેશ કરે છે.)

મંત્રાનંદ—(એકલો)—હાં હાં. ઠીક ચોપટ ગોઠવી. રમનાર બેસાડયા અને દાવ નાખ્યા. હવે તો ઇષ્ટિકૃપાથી પાસા સુલટા પડે એટલુ જ કરવાનું બાકી છે. દાનની માયા એ તો મોટામાં મોટી મનાયલી જ છે તેને બિચારા માનવી શી રીતે જાણી શકે ? હું ભલો બ્રાહ્મણ છું તે ભીમાદિક નથી. જાણતા તે જણાવી આ પ્રમાણે વૈરના અંતને પામીશ.

ઝુલણા.

ગુપ્ત જ્યમ રાખમાં વહ્નિ વશીને રહે, તે દહે દાવથી પાદ મૂકે,
સુપ્ત કરિઅરિ સમો વેશ વસમો ગ્રહી, અસુર આ આવિયો દાવ ચૂકે ?
ભીમભડ ! તેં અલ્યા મિત્ર મમ મારિયો, ધારિયો નહિ તદા અંત ઢુકે ?
જોઉ છું ખોઉ છું વેર હું પલકમાં, હલકમાં રામ રમતાં ન રૂકે.

૧૧. દ્રૌપદી અને ભીમ.

પાંચાલી—(કિંચિત્ ક્રોધાવેશે) ત્યારે સખિ ! તે તને કહેનાર હજી સુધી કેમ નથી આવતા ? (સુગંધ આવ્યા જેવો અભિનય કરી) હલા ! આ અલૌકિક પરિમલ કયાંથી આવતો હશે ? (સહર્ષ) સખી, આ શેનો સુવાસ હશે ?

વસંતિકા—બેની ! એ કુબેરના સૌગંધિક વનમાંના કમળનો પરિમલ છે. (નિરાશાનો અભિનય કરી) બેની ! એ કમળનો સુગંધ અહીં રહે રહે જ લેવાય છે. અને કદી કદી કિન્નરો વિહાર કરવા આવે છે કે નભમાં વિહાર કરતા જતા હોય છે, અથવા મહાવાયુ વાતો હોય ત્યારે કોક કોક અલૌકિક કોકનદ આટલામાં પડેલાં જણાય છે. સખિ ! આહા, શું એ કમળની શોભા અને સુગંધ હોય છે. (એવે આઘેથી દ્રૌપદીને દિવ્યાંબર પેરેલી જોઇ તેનું વર્ણન કરતો ભીમ પ્રવેશ કરે છે.)

ભીમ—આહા ! વસ્ત્રાલંકારને પણ શોભવાનું શું રમણિય સ્થળ મળી આવ્યું છે ! !

પાંચાલી—(સહર્ષ) પ્રાણનાથ ! આ અલૌકિક સુગંધ હવડાં જ આવવા માંડયો છે. તે અવસરે આર્યપુત્રે આવી મને ખરેખર કૃતકૃત્ય કરી છે. પ્રિયતમ ! આહાહા ! કેવો ગોડક અને મધુર સુગંધ વધારે ને વધારે આવતો જાય છે ! ! (એટલું બોલી દઢા- લિંગન દે છે અને એવામાં અત્યંત વા વાવાથી ધૂળ અને સૂકાં પાંદડાં આવી બન્ને પર પડે છે અને આંખ્યો મીચાઇ જાય છે, તેથી ભીમ પવન પર ક્રોધ કરી).

ભીમ—અરે " તારે મન તો શું આ ઘાસ કાપવા જેવું જ

ભાસે છે કે ?" (એવે વાતા વાયુથી એક સહસ્ત્ર પાંખડીવાળું કમળ આવી દ્રૌપદી કને પડે છે તેની મધુરતા, કોમળતા, રમણિકતા, અને અલૌકિક સુગંધાદિ જોઇ પાંચાલી તે કમળ કરમાં લઇ ભીમને પ્રસન્ન કરવા તેની કને જાય છે).

પાંચાલી—પ્રાણપ્રિય ! આપના વીર્યનો મહિમા અગાધ માની વાયુએ પોતાનું ઘોર રૂપ તજી દીધું. અહા ! જુઓ જુઓ કેવો શીતળ, મંદ અને સુવાસિત તે વાવા લાગ્યો છે. પ્રિયતમ ! એટલું જ નહિ પણ તમારા કોપ વેણથી કંપી તેણે (કમળ બતાવી) આ ભેટ તમને મોકલી દીધી છે. સ્વામીનાથ ! શી આની સુંગધ છે ! ! (એટલું કહી ભીમને પુષ્પ સુંઘાડે છે અને દ્રૌપદીના હાથમાં તે અલૌકિક કમળ જોઇ વસંતિકા ફૂલ વીણવાં મુકી દોડી આવે છે).

વસંતિકા—વયસ્યા ! આજ કમળની સુવાસ અહોરાત્ર આ વનમાં આવ્યા કરે છે. એની તારી ઇચ્છા હતી કે આ કમળ કેવાં હશે તે ઇચ્છા વાયુએ તરત જ પૂરી કરી. ધન્ય છે વાયુદેવ ! તમને ધન્ય છે ! ! (એટલું બોલી વાયુને પ્રણામ કરે છે).

પાંચાલી—(ધીમેથી) સખિ ! હવડાં તું જરા આઘી જા; મારે એ જ સંબંધે કંઇ ઉતાવળે કામ કરી લેવા જેવું છે. (કૃષ્ણાનું એવું બોલવું સાંભળી વસંતિકા પુષ્પ વીણતી વીણતી ચાલી જાય છે).

ભીમ—જો પ્રિયા એમ છે તો હું તારા કહેવા પ્રમાણે કરૂં છું. (એમ કહી ઉગામેલી ગદા મુકી દ્રૌપદીનો એક હાથ ઝાલી તથા બીજો પોતાનો હાથ તેને ખભે મુકી આમ તેમ ફરે છે.)

પાંચાલી—(કમળના બીડાયલા ભાગને છૂટા કરતી) પ્રાણપતિ ! જુઓ જુઓ કઠણ કાટને કોરી નાંખે એવો આ મધુકરનો

ડંખ, છતાં આ કમળની કોમળ અને સુખકર કાંતિ જોઇ એને કોચવાનું ભૂલી ગયો છે એટલું જ નહિ પણ દૃઢ સ્નેહ માની પોતાનો આત્મા પણ એણે અર્પણ કરી દીધો છે.

ભીમ—હા પ્રિયા ! સ્નેહ એવો જ છે. કિન્તુ જો તારી ઇચ્છા હોય તો ચાલ્ય જઇ આ સરિતામાં જળક્રીડા કરીએ.

પાંચાલી—(વિચાર કરી) હા સ્વામીનાથ ! ચાલો, પણ જો. (એટલું બોલી અટકી જાય છે).

ભીમ—પ્રિયા ' પણ જો ' કહી કેમ અટકી રહી ? કે' કે'. આગળ શું કહેવાની હતી ? (છતાં દ્રૌપદી બોલતી નથી, તેથી તેને કહેવડાવાનો આગ્રહ કરે છે; દાઢી ઝાલી મુખ ઉંચું કરે છે અને ગલીપચી આદિક અનેક પ્રસન્ન કરવાના ઉપાય યોજે છે).

પાંચાલી—(કાંઇક હસતી અને **ભીમ** કનેથી છૂટી આઘે જવાનું કરતી) તમે ગમે તે કરોને; મારે કહેવું હશે તો જ હું કહીશ. (**ભીમ** જોર કરી કને ખેંચે છે. તેથી ખીજવાઇને) લો કહીએ છીએ. એ તો હું કહેવાની હતી કે, પણ જો પાણી ઉતળાં હોય તો જળક્રીડા કરાયની ! " જે ગતિ સહુની તે ગતિ વહુની. "

ભીમ—દેવી ! જેમ તારી ઉત્પત્તિ દૈવી છે તેમ અમારી પણ તેવી જ છે. ભલે તારે જે કહેવું હોય તે કે'; તારૂં રૂપાન્તર દૃષ્ટિએ જોઇએ છીએ તો પછે તારી વાતનું રૂપાંતર કેમ ન જોઇએ ! (દ્રૌપદીને ઝાલેલી મુકી દઇ) ઠીક ત્યારે પ્રિયા ! હવે એટલું જ; કેમ ચાલીશું ?

પાંચાલી—(ભીમને જતો અટકાવી) ઓ હો ! રડી રીસે ચડતાં ક્યાં વાર લાગે છે ? આર્યપુત્ર ! પંચાનન જેવા પ્રાણી એ

પોતાનાં પારકાં સમજીને ક્રોધી બનવાની જગાએ જ ક્રોધ કરે છે. એમાં અમારો અપરાધ શો છે કે તમારે રીસાઇ જવું પડે છે ? તમારા મનમાં જળક્રીડા કરવાનું હોય, અને અમારા મનમાં જો... (એટલું બોલી નીચું જોઇ અટકી જાય છે).

ભીમ—(કૃષ્ણાને કને ખેંચી મુખ ઉંચું કરી) પ્રિયા ! કે' કે' જેમ તારા મનમાં હોય તેમ ક્રીડા કરીએ. (એમ કહ્યાં છતાં દ્રૌપદી ન બોલવાથી) પ્રિયા ! કહેતી નથી કે ? જો વળી પાછી મને રીસ ચડશે હો !

પાંચાલી—(સસ્મિત) તે તો હું જાણું છું સ્તો. પણ પ્રિયતમ ! " તાણ્યે તૂટી જાય " એ મહાવાક્યનું મેં મનન કરેલું છે. માટે સાંભળો.

ભીમ—પ્રિયા ! તુ સમયોચિતશાસ્ત્ર શીખેલી પંડિતા છું એ હું સારી પેઠે જાણું છું માટે કે' કે', તારે શું કે'વાનું છે ?

પાંચાલી—આર્યપુત્ર એથી એ વધારે બનાવે તો કંઇ ના બનવા જેવું છે ? (દઢાલિંગન દઇ) પ્રિયતમ ! મેં આજ પ્રથમથી જ સ્થળક્રીડા કરવાનું ગોઠવી રાખ્યું હતું અને આપની ઇચ્છા જળક્રીડા કરવાની થઇ. તો તે મરજીનું ઉલ્લંઘન મારાથી કેમ કરી કરાય ? જો મોં રખું બોલો તો તમને મારા સમ ! તમે જ કો' કે મનમાં ધાર્યું હોય એક, અને બીજું કંઇ થાય, ત્યારે કેવું લાગે ?

ભીમ—ઓહોહો ! " મારવો ઉંદર અને ખોદવો ડુંગર " પણ પ્રિયા ! ચાલ્યને ત્યારે સ્થળક્રીડા કરીએ ! ! એમાં તે શી એવડી મોટી વાત હતી કે ત્યારનાં રીસામણાં મનામણાં કરાવી રહી છું ?

પાંચાલી—આર્યપુત્ર ! લીધેલી જક ન મુકનાર કેવા છે તે હું

જાણુતી હું તો કની. (સહર્ષ) જો સ્થળક્રીડા કરવાને આપ તા હો તો પ્રિયતમ! ચાલો ચાલો. જુઓ પણે સ્ફટિકશિલા વસંતિકાએ કુસુમશય્યા થઇ શકે એટલાં કમળ તોડી રાખ્યાં છે. ભીમ તે તરફ જુએ છે અને પછે નદી તીર પરથી પડેલી શિલા એકમેકના ખભાપર હાથ મુકી જાય છે).

ભીમ—અયિ પ્રિયે! પેલી વસંતિકાને બોલાવી કે' કે આ ત્યાં પુષ્પ શિલા પર પાથરી પુષ્પશય્યા તૈયાર કરે.

પાંચાલી—(બૂમ પાડી) વસંતિકા ! વસંતિકા ! થયું હવે લાં, ગાલ્ય વે'લી અહીં આવ્ય. આર્યપુત્રે મારા મનમાન્યું કરવાનું કાર્યું છે તો મારે પણ તેમનું મન સત્વર મનાવવું જોઇએ. ત્યને અલિ! તને યં કેટલી વાર લાગે છે તે! (એમ બોલી અને મનો હાથ ખભેથી ખસેડી નાખી આવતી વસંતિકાના સામી થોડેક ી જાય છે).

વસંતિકા—વયસ્યા ! આથી તે કેટલી ઉતાવળી આવું ? મને પરમેશ્વરે પાંખો આપી હોત તો હું આથીએ વે'લી આવી શકત !

પાંચાલી—(વસંતિકા કનેથી અર્ધાં ફૂલ ઉંચકી લેવા જેવું ઊભી રે' છે અને તેને ભીમ ન સાંભળે તેમ કાનમાં આ પ્રમાણે છે). અલિ વસંતિકા ! તું અહીંથી આઘી ખસતી નહિ હો. જો અહીંથી કંઇ આઘી પાછી જઇશ તો વાત મારી જશે અને ૌકિક કમળ કોઇનાથીએ આણી આપી મારૂં મન પ્રસન્ન કરી શે નહિ. જો લાવવા ધારે તો એ જ લાવી આપે એવા છે.

ભીમ—પ્રિયા ! ત્યારની તહીં કેમ ઉભી થઇ રહી છું ? એ ોએ લાવશે. ચાલ્ય ચાલ્ય વે'લી ચાલ્ય.

પાંચાલી—પ્રાણનાથ ! આવીને ! આ તો મેં જાણ્યું કે એ

બિચારીએ આટલી બધી મેહેનત કરી કુસુમ ભેગાં કરી આણ્યાં છે ત્યારે તે હું વેહેલી વેહેલી લેઇ આવું.

ભીમ—વસંતિકા ! આ પડેલાં કમળ અને બીજાં સુવાસિત સુમનો વે'લાં વે'લાં આ સ્ફટિકશિલા પર પાથરી દે.

વસંતિકા—(નીચે પડેલાં ફૂલ શિલા પર પાથરી) આર્યપુત્ર ! હવે મારી સખી સહ અહીં બિરાજો.

ભીમ—(**ભીમ** શિલા પર બેસે છે અને **દ્રૌપદીને** આઘી ઉભી રહેલી જોઇ ખેંચી ત્યાં બેસાડે છે) પ્રિયા ! આમ શરમાય છે શું ? **વસંતિકા** એ તો તારી જ છેને ! એની તે આટલી બધી શરમ હોય ?

પાંચાલી—પ્રિયતમ ! આ કમળ કેવું છે ? એવાં જ કમળની શય્યા પર શયન કરવાનું હોય તો કંઇ બાકી રે' ખરૂં ?

ભીમ—(તે કમળને જોઇ) પ્રિયા ! આતો દેવતાઇ કમળ છે. કાલે જ આશ્રમમાં વાત નીકળી'તી કે જેનો વાસ આવે છે તે કમળ મનુષ્ય પ્રાણીને દુર્મિલ છે.

પાંચાલી—ઠીક આર્યપુત્ર ! તમે ય "ચાલતી ગાડીમાં બેશી જાવ તેવા છો." મેં કમળ બતાવ્યું ત્યારે તમે કહ્યું કે એ તો ન મળી શકે તેવું છે ! પણ પૂછનાર કોણ ? કે'નાર કોણ ? એમાંનું કશું હશે, કે હાથ પગ વગરની વાત અહીં ગોઠવી દીધી ?

ભીમ—પ્રિયા ! મને આવતો સુવાસ મોહક લાગ્યો અને તારે કાજે તે કમળ લાવવાની મારી ઇચ્છા થઇ તે પરથી મેં પૂછ્યું અને લોમશ મહર્ષિએ મેં કહ્યો તેવો ઉત્તર વાળ્યો. એમાં તે શી મોટી વાત હતી કે તને પે'લેથી તે છેલ્લે સુધી માંડીને કે'વી જ જોઇએ ?

પાંચાલી—પ્રિય પતિ ! આમ સે'જ વાત કરતામાં ચઢી શેના

જાવ છો તે ? જો તમે મારે કાજે, આવતો સુવાસ લેઈ કમળ લાવવાની ઇચ્છા કરી, તો હું પણ જો આર્યપુત્રની અભિરૂચિ હોય તો મુનિ કુમારિકાઓ એક વનમાં મન પ્રસન્ન થાય તેવું નૃત્ય કરે છે તે કરી બતાવું. પ્રિયતમ ! તે હું કાલે જ પૂરેપૂરૂં શીખી રહી છું.

વસંતિકા—હા હા સખિ ! એ નૃત્ય આર્યપુત્રને બતાવવા જેવું છે; માટે કરી બતાવ્ય કરી બતાવ્ય.

ભીમ—પ્રિયા ! જવા દેને ! નૃત્ય કરવું હોય તો તેનાં અનુકૂળ સર્વ સાધન જોઇએ. (એવે કને પડેલાં મૃદંગ પર નજર જવાથી) આ મૃદંગ તો અહીં છે, પણ ઘુઘરા વગેરે જોઇએ તે આ વનમાં હોય શેના અને મળે ય કંઇથી ? પ્રિયા ! એ નૃત્ય હું અવશ્ય અનુકૂળ પ્રસંગે જોઇશ.

પાંચાલી—પ્રાણનાથ ! નૃત્યને માટે વાદિત્ર્યાદિ સાહિત્ય જેટલું ન હોય તેટલું ઓછું જ સમજવું. તેમ એકલા મૃદંગવડે પણ નભી શકે ખરૂં; અરે મૃદંગે ન હોય તો ચાલે; માત્ર ઘુઘરા જોઇએ, તે જુઓ તો ખરા, હું ત્યાંના કરતાં ય સારા તમને અહીં ને અહીં આણી બતાવું છું. (એટલું કહી નદી ભણી જઇ ખડખડતા ઘુઘરા વીણી લાવે છે.)

વસંતિકા—સખિ ! અહીં આવ્ય અહીં આવ્ય. આ શિલાની પાછળ જ નર્યા ઘુઘરા છે. અહીં તે એની શી ખોટ બળી છે. (દ્રૌપદી આવે છે અને ભીમ ઘુઘરા કેવા હશે તે ઉંચો થઇ જુએ છે.)

પાંચાલી—(ઘુઘરા બતાવી) આર્યપુત્ર ! જુઓ જુઓ આવા ઘુઘરા તો આપણે ત્યાંના ય વાગતા નથી.

ભીમ—(ઘુઘરા જોઇ નિઃશ્વાસ નાખી) ભલે પ્રિયા ! એ બાંધી

નૃત્ય કરો. વારૂ જોઇએ તો ખરા કે મુનિ કુમારિકાઓનું નવું નૃત્ય તમે કેવું શીખ્યાં છો! પણ વધારે વાર થાય નહિ હોં.

પાંચાલી—પ્રિયતમ! જરાકે વાર થવાની નથી; જુઓ તો ખરા. ગમ્મત પડશે. અને મને તમે નિત્ય એનું એ જ કરવા કે'શો.

વસંતિકા—(ઘુઘરા બરાબર પગે બાંધી રહ્યા પછી) લે સખિ. ઉઠય હવે નાચી બતાવ્ય. જો જે ધારી રાખેલું ભૂલી જતી.

પાંચાલી—અરે એ તે ભૂલાતું હશે કે? (એટલું કહી આ પ્રમાણે અભિનયપૂર્વક ગાય છે અને નાચે છે).

ભીમ—પ્રિયતમા! ધન્ય છે ધન્ય છે! મુનિ કુમારિકાઓનું અનુકરણ કરવામાં તું પૂરેપૂરી પાર ઉતરી ગઇ છું!! પ્રિયા! તેં આટલી બધી નિપુણતા આ શીખવામાં ક્યારે સંપાદન કરી? કે', કે' તો ખરી! નૃત્ય કરતાં તેં જે ચપળતા દર્શાવી છે તેનું વર્ણન થઇ શકે તેવું નથી!! પ્રાણપ્રિયા! માગ્ય માગ્ય: જા તું જે માગે તે તને મેં આપેલું જ છે એમ તારે જાણવું. અહા! તેં આ કાર્યમાં શી નિપુણતા સંપાદન કરી છે! માગ્ય માગ્ય; પ્રિયા! શું મારી કને માગવાની ઇચ્છા છે?

પાંચાલી—પ્રાણનાથ! મેં કંઇ મારા મનની ઇચ્છા પૂરાવવા આર્યપુત્રને નૃત્ય કરી બતાવ્યું નથી. આ તો ભલા મેં'કું એ નાચ હું શીખી રહી'તી ત્યારે તમને બતાવ્યું હોય તો ઠીક! આર્યપુત્ર! માગ્ય માગ્ય કરી રહ્યા છો તે મારી મશ્કરી તો નથી કરતા? પણ પ્રિય આ નાચ શીખવા માંડયાને મને બે દિવસ થયા છે!!

ભીમ—(સહર્ષ) પ્રિયા! એટલા જ માટે હું તને સ્વેચ્છિત પારિતોષ આપવા પ્રવૃત્ત થયો છું. માગ્ય માગ્ય, જે તારી ઇચ્છામાં હોય તે માગી લે.

પાંચાલી—આર્યપુત્ર! આપ એમ ન સમજશો કે આ હું બદલો વળાવવાની ઇચ્છા કરૂં છું. પરંતુ આપણાં દુઃખનો વીસારો પાડવાને તમારા અતિ આગ્રહથી હું માગું છું કે, પ્રાણપતિ! આવાં (દિવ્ય કમળ દેખાડી) સહસ્ત્ર સરોજ આણી આપી મને પ્રસન્ન કરવા ઇચ્છતા હો તો કરો.

ભીમ—(આશ્ચર્ય) અરે! એ અલભ્ય અરવિંદ કિયે પ્રકારે લાવી શકાય? કદાપિ તેમ છતાં જીવને જોખમે આણ્યાં તો તેનો ઉપયોગ કેટલી ઘટિકા લેવાનો! પ્રિયા! એવું હાસ્ય કરવું જવા દેઇ જો માગવાની ઇચ્છા હોય તો આપી શકાય તેવું કંઇ માગ્ય.

પાંચાલી—(સકોપ) આર્યપુત્ર! ત્યારે કિયે મોઢે બોલ્યા'તા કે જે ઇચ્છા હોય તે માગ્ય. હવે આપી શકાય તેવું કંઇ માગ્ય, એ બોલ બોલનાર શું પાંડુનંદન જ છે કે? આપનારે માગનારનું મન પ્રસન્ન કરવું એટલું જ કાર્ય કરવાનું છે. તે તેનો કેવો અને કેટલો ઉપભોગ કરશે તે આપનારને જોવાનું નથી.

ભીમ—(એકદમ કોપાવેશમાં આવી) અરે તારાં કમળ લેજે. " માળી રૂઠયો તેનાં કુસુમ લેશે, " કંઇ તેને શિખાને સ્પર્શ કરવાનો અધિકાર નથી. ' પાંડુનંદન જ કે' ? એવા શબ્દ બોલનારમાં જો કોઇ જીવતું રહ્યું હોય તો કૃષ્ણા જ રહી છે એમ સમજવું. સત્પાત્ર દ્વિજ જોઇ દક્ષિણા આપી તેથી તે ભાગ કરે વા મદ્ય પીયે તેનું આપનારને શું સ્નાનસૂતક છે?

પાંચાલી—પ્રિયતમ! કિંકરીનો અપરાધ થયો હોય તો તે ક્ષમા કરશો. તમે જે સત્પાત્ર દ્વિજાદિવાળું વાક્ય બોલ્યા તેટલું જ મેં કહ્યું છે. મેં જે કમળ મંગાવ્યાં છે તેનો ઉપભોગ આપની સાથે વિહાર કરવામાં જ કરવો છે; છતાં તમારાથી તે ન લાવી શકાય તેમ હોય

તો આ "ઘરના ભૂવા અને ઘરના જાગડિયા છે" એટલે બોલ્યું અબોલ્યું કરવામાં કંઇ બેસરણુ બેસવાનું નથી.

ભીમ—અલં. તારે તારાં માગેલાં કમળ જોઇએ છીએ એટલું જ છેકની, કે મને વાક્ચાતુર્યથી વેધવો અને તે મારે સહન કરવું, એવું બીજું વરદાને કંઇ માગી લીધું છે! વસંતિકા! તમે આશ્રમમાં જાવ, હું કમળ લેઇ આવું છું. (એરે ભીમને શોધતો અને આમ તેમ જોતો **સ્મરવર્ધક** પ્રવેશ કરે છે).

સ્મરવર્ધક—અહો **આર્યપુત્ર** તો અહીં છે ને શું? મહારાજ! વત્સ **ઘટોત્કચે** પૂછાવ્યું છે કે આજ મખમૃગ લેવા તમે જશો કે હું જઇ લેઇ આવું? વળી મહારાજા યુધિષ્ઠિરે કહ્યું છે કે આજ ક્યારના વૃકોદર કયાં ગયા છે? માટે મહારાજ ચાલો, તેમને મળી પાછા આવવું હોય તો આવજો.

પાંચાલી—"ઠુંઠી ચૂડો પે'રવા ગઇ ત્યારે મરૂડિયો માંદો પડ્યો" "ભાવતું'તું ને વૈદ્યે કહ્યું." **આર્યપુત્ર**! જાવ જાવ, એ લાવવાનું કામ કઠણ છે તો. **સ્મરવર્ધક**! તું મારો જેવો વાલેશરી છું તેવો વાલેશરી મારો આખા વિશ્વમાં બીજો કોઇ નથી!

ભીમ—**પાંચાલી**! મેં મુખમાગ્યું આપવાનું કહ્યું છે એટલે તને સહુ પે'લી પ્રસન્ન કરીશ. અલ્યા **સ્મરવર્ધક**! જા જઇ ઘટોત્કચને મખમૃગ લાવવાનું કે' અને મહારાજાને વિદિત કર્ય કે વૃકોદર આ વનમાં રમણિક સ્થળ જોવા ગયો છે તે અધુના પાછો આવશે. જો અલ્યા! બીજું કંઇ કે'તો નહિ હો.

સ્મરવર્ધક—અમારી તો બલારાત બીજું ને ત્રીજું કે' છે કે જાણે ય છે. "જેમ નચાવે તેમ નાચોને!" દેવિ! **મંત્રાનંદ** સમયે અમને બદલ્યા હોત તો આજ આમાંનું કંઇએ રે'ત નહિ.

વસંતિકા—અલ્યા વાહ રે! તને એકલાને જ બોલતાં આવડે છે કે શું? "પ્રસન્ન થયેલું શ્વાન મુખ ચાટે અને કોપે ત્યારે પગ તોડે." એમાં કિયાને વખોડે અને કિયાને વખાણે? જા તું તારે જ્યાં જતો હોય ત્યાં.

સ્મરવર્ધક—વાહરે બટુકાણી! તમે તો પટુકાણી કરવાનું શીખ્યાં ને શું? જો જો કોઇ બટાણી કરી ના દે હો!

ભીમ—વયસ્ય! હવે કંઇ પણ બોલ્યા વિના દેવીને આશ્રમમાં લઇ જા. હું થોડા સમયમાં ત્યાં આવું છું એમ કહેજે. પ્રિયા! તારા બોલ્યા સામું ન જોતાં તને પલક વારમાં પ્રસન્ન કરી જાણજે, (કૃષ્ણા કને જઇ કાનમાં) પણ મારા આ કમળ લેવા ગયાની વાત મહારાજા ન જાણે તેવી વ્યવસ્થા કરજે. (એવે ત્યાં વિદ્યાધર પ્રવેશ કરે છે).

વિદ્યાધર—(દ્રૌપદીને જોઇ) મહિષીને સત્વર બોલાવી લાવવા મને મહારાજે તથા ધૌમ્યાચાર્યોએ મોકલ્યો છે.

પાંચાલી—(નમન કરી) હા દ્વિજદેવ! હું આ આવી. પ્રિયતમ! વેલા આવજો; હવે હું જાઉં છું. (એટલું બોલી જતા ભીમને જોતી જોતી સહુ સાથે ચાલી જાય છે).

૧૨. ભીમ અને હનુમાન.

વાયુદેવ—અહા ! મોહગ્રંથી બાંધતાં બંધાઇ તો પછી તે છોડવી મહા કઠિન છે. ક્ષેત્ર પારકું અને તેમાનું ધાન્યરૂપી ધન પણ મનાય પરાયું છતાં સ્વામિત્વપણાની ચિંતા રાખી સુખભોગ તજનારને કેવો કહેવો જોઇએ ! "હાથનું કંકણ જોવા દર્પણની શી આવશ્યકતા ?" કેવો કં'વો જોઇએ એવી શંકાનું સમાધાન એ જ કે તેને મારા જેવો માનવો. અરે ! ત્યારે શું હું દેવ થઇ આમ મોહના પાશમાં આવી પડું છું એ ઉચિત છે ? કિંવા એ તો એમ થતું જ આવ્યું છે.

સ્ત્રગ્વિણી છંદ.

ભીષ્મને કાજ આડે વસુ ઉચ્ચરૂ,
પાર્થને કાજ પુરંદરે શું કર્યું;
કર્ણને શર્મદા કુંડળો અર્પિયાં,
આચરે એમ સૌ અંગ આ તર્પિયાં.

જો એમ જ છે તો મારે પણ જઇ વૃકોદરનો નાશ ન થાય તેવા ઉપાયની યોજના કરવી જોઇએ. (વિચાર કરી) અરે ! પણ એ એવો ઉદ્ધત અને સ્વપરાક્રમના વર્ગવાળો છે કે હું તેને ભય બતાવી જે માર્ગે જવા ના કહીશ તો તે તે જ માર્ગે જવા સજ થશે. અરે એમાં હું વિચાર શેનો કરૂં છું ? જો એવો પુત્ર છે તો જ હું મારાં સર્વ કાર્ય તજી તેનું રક્ષણ જેમ થાય તેમ કરવા એકે પદે થઇ રહ્યો છું. શાસ્ત્રની સાક્ષી જોઇશું તો તે પણ એવી જ નીકળશે કે પુત્ર જોઇએ તો એવો જ જોઇએ. જેમ કે:—

ઇંદ્રવિજય.

વલ્લભ પ્રાણથકી પણ વલ્લભ, સુલ્લભ પુત્ર પિતા શું કમાયો ?
બાપ તને નવ તાપ કરે તન, તાપ નિવારણ તેજ વંચાયો;

આપથી આપ ઝગે જગ ભીતર, ધન્ય પિતા સહુ ઠામ મનાયો,
ભીષણુ ભીમ મહાભડ મા'વર, ધન્ય હું ધન્ય હું સુત સવાયો.

એ સંબંધ જોતાં તો હું સર્વે પ્રકારે ભાગ્યશાળી જ અને નિશ્ચિંત જ છું. તથાપિ જેમ નેત્રનું રક્ષણુ પોપચું ચક્ષુને કાંઇ પણુ ન જણાવતાં કર્યા કરે છે તેમ જ મારે પણુ એ ન જાણે તેવી રીતે એનું રક્ષણુ કરવું ઉચિત છે. (નિઃશ્વાસ નાંખી) અરે ! પણુ હું કિયો પ્રકાર યોજું કે એ મદોન્મત માતંગ સૂત્રતંતુથી બંધન કરી શકાય ? જો ઉન્માર્ગે જઇ ચઢ્યો તો અવશ્ય એનો નાશ થશે અને આ મા'ઉન્માર્ગ છે તેમ ભયવાળો છે એવું એને કોઇ કહેશે તો તે અવશ્ય તે માર્ગે ગયા વિના રે'શે નહિ. (સાંભરી આવવાથી) હાં ! હાં ! ઠીક; જો આમ કર્યું હોય તો લોહકાર ને લોહ મળ્યે જયપરાજયનો સંશય દૂર થાય ખરો અને કદી એક એકમાં હારજીત થાય તો તેનો વિધિનિષેધ પણુ ગણાય નહિ ખરો. લાવને ત્યારે એમ જ કરૂં. (એવે કોણુ છે કોણુ એ ? એવી ભીમની ગર્જના શ્રવણુ કરી અને તે ઘણું દૂર જઇ પોંચ્યો હોય એવું જાણી પોતે સત્વર ચાલી જાય છે.)

ગાઢ ગિરિ કરાડમાં બેઠેલા હનુમાન તથા વાયુદેવ પ્રવેશ કરે છે.

વાયુદેવ—વત્સ વાનરવર્ય ! તારે મને પ્રસન્ન કરવા એટલું કાર્ય અવશ્ય કરવું, અધુના એ આ માર્ગે જવા આવશે. જોજે હો, જો અલ્પ અસાવધપણું રાખીશ તો તે નિશ્ચે આ નાકપથનો નાકાને વટાવી જશે ! મેં શું કહ્યું, અને એને કેમ અટકાવવો, એ સર્વ તું સારી પેઠે સમજ્યોકની !

હનુમાન—(નમન કરી) હા પિતાશ્રી ! સમજ્યો. હવે તમે એ કાયની ચિંતાથી નિવૃત થશો તો પણુ નભશે.

વાયુદેવ—વત્સ ! તારૂં કલ્યાણ થાવ. હવે એ આવી પો'ચે ત્યાર પે'લાં મારે અહીંથી જવું જોઇએ, માટે હું આ કાર્યનો સર્વ ભાર તારે શિર મુકી જાઉં છું. (એવે વિયતને વિડારી નાખે એવો ભીમનો સિંહનાદ સંભળાય છે અને વાયુદેવ તે નજીક આવ્યો એમ હનુમાનને બતાવી ત્યાંથી આકાશમાં ગતિ કરે છે.)

હનુમાન—આજ મારો હર્ષઉદધિ અંતરમાં શી રીતે સમાઇ શકશે ?

માલિની વૃત્ત.

અનુજ લઘુવયીને, આજ હું ભેટું ભાવે;
અમળ કમળ લેવા, માનવી ધન્ય આવે;
પ્રિય સુખકર જેને, હોય સંબંધી ભાઇ;
(વળી) પ્રબળ જગત માને, ધન્ય તેની કમાઇ.

ભીમ—અરે કમળવન હજી કેટલે આઘે છે ? કને કેમ આવતું નથી ! હાં હાં ! શું દેવ લોકો મારા કાર્યના અંતરાયભૂત થાય છે ? અસ્તુ ! તેમણે આ મારી યુદ્ધ વધાઇ શ્રવણ કરી સાવધ થયું ! (ઇત્યાદિ વીર વચન બોલી જોરથી શંખ ફુંકે છે અને પછી સિંહ-ગર્જના કરી સ્વજંઘાનું આસ્ફોટન કરે છે.)

હનુમાન—(સિંહનાદ શ્રવણ કરી તથા તેથી નિપજેલું પરિ-ણામ જોઇ) ધન્ય છે ! માનવ ભ્રાતા ધન્ય છે ! ! તારો સિંહનાદ દશે ય દિશામાં પૂર્ણપણે પ્રસરી ગયો છે અને તેના પ્રતિધ્વનિથી ગિરિ-ની ગુહામાં નિશ્ચિંત સુઇ રહેલા સિંહ ભયગ્રસ્ત થઇ પીડિત પોકાર કરતા આમ તેમ નાસાનાસ કરી રહ્યા છે ! અને એ પંચાનનોના ઘોર શબ્દ શ્રવણ કરી મત્તમાતંગો પણ ચીસો નાખતા અને નાસતા જણાય છે. અરે શાખામૃગો, મૃગો અને બીજાં એવાં જ અલ્પ વીર્ય

પ્રાણીઓની તો અવદશા જ બેઠી છે! રે કેવાં એ વૃક્ષપરથી પડે છે! કેવાં મરે છે! અને કેવાં તરફડે છે! ધન્ય છે વીર! ધન્ય છે!! તારા સિંહનાદને ધન્ય છે!!! કિંતુ આ તારા અગ્રજનો અલ્પ પુચ્છપ્રહાર હવે તું શ્રવણ કર, શ્રવણ કર. (એમ કહી હુંકાર શબ્દ સાથે પૃથ્વીપર પુચ્છપ્રહાર કરે છે.)

ભીમ—(શરથી વીંધાયલા સિંહ જેવો કોપ કરી) અરે હા! આ વૃકોદર વીર છતાં વસુંધરા કેમ નિર્વીર્ય થઇ નથી. (ગદાને જોઇ) હે ગદા, આ શબ્દ કરનાર અવશ્ય તને તથા મને સંતોષ પ્રાપ્ત કરશે! માટે સાવધ રે' સાવધ,

હનુમાન—(**ભીમને** ઉતાવળે આવતો જોઇ) હવે મારે આ સ્વર્ગના માર્ગને રૂંધી રાખવો જોઈએ. જો એ આ માર્ગે જશે તો અવશ્ય એને શાપ થશે અથવા મહાઅપમાન થશે. આ માર્ગે મનુષ્યો ન જઇ શકે એવું એ જાણતો નથી, માટે મારે હવે અહીં આમ કરવું જોઇએ. (એમ વિચાર કરી ગાઢ કદલીવનના તે માર્ગની મધ્યોમધ્ય નિદ્રાયુક્ત થઇ તે સૂઇ જાય છે).

ભીમ—અરે એ શબ્દ કઇ દિશામાં થયો એ મારા લક્ષમાં રહ્યું નહિ, તો હવે મારે તે શબ્દ કરનારને ક્યાં જઇ શોધવો? (વિચાર કરી) પણ મારે શોધવાની આવશ્યકતા છે? જો તે સિંહનાદ કરનાર સિંહ હશે તો મારી સાથે આવી યુદ્ધ કરશે અને પિંડપોષક શૃગાલ હશે તો સંતાઇ પેસશે.

હનુમાન—(અંકુશે હણેલા હાથીની પેઠે **ભીમના** તે શબ્દ ન સહન થયાથી) અરે શું? એ મારીએ અવગણના કરવા લાગ્યો કે? (એમ કોપ કરી ઇંદ્રધ્વજ સરખા પોતાના પુચ્છનો પુનરપિ પૃથ્વી પર દીર્ઘ પ્રહાર કરે છે).

ભીમ—(સાવધ થઇ) હાં દેખાય છે તો સિંહ; શૃગાલ નથી. આહા ! શી એની ગર્જના ! ધન્ય છે વીર ધન્ય છે ! ! તારા આ એક શબ્દથી એકે કાળે આટલાં વાનાં થયેલાં આજ હું પ્રથમ જ જોઉં છું. જેમકે—

દુમિલછંદ.

જ્યમ ગાય સુણી સ્વય વત્સતણો સ્વર, સન્મુખ શબ્દ કરે જેવો,
ત્યમ ગિરિગુફા આ પડઘા પકડી, હા પૂરે છે રવ તેવો;
શા શબ્દે પર્વત શિથિલ કર્યા છે, શિખરો તૂટયાં સ્વર કેવો ! !
હા ધન્ય તું ! ધન્ય તું વીર ! પ્રકટ થા, લાભેણો લા'વો લેવો ! !

(એટલું બોલી હર્ષયુક્ત થઇ તે શબ્દ કરનારને શોધતો આમ તેમ ફરેછે).

હનુમાન—(મંદ સ્વરે) અહો મહાકાય ! તારૂં શું ખોવાઇ ગયું છે ? તું શું શોધે છે ? આવ્ય અહીં આવ્ય. હું તારૂં દુ:ખ દૂર કરીશ, અને તારૂં જે ખોવાયું હશે તે તને ખોળી આપીશ. તું એટલુંય નથી જાણતો કે "ધૈડા જ ગાડાં વાળે" કે "ધૈડા વિના ગાડા ન જ વળે."

ભીમ—(સઆશ્ચર્ય) અરે તું કોણ છે ? શું વાનર ! અને તેને વાચા ! ! અહો શાખામૃગ ! ! કેં કેં આવા અવર્ણનીય સ્વરૂપવાળો તું કોણ છે ? કોણ છે ?

ચામરવૃત.

વીજળી સમાન છે પ્રકાશ તાહરો હરિ;
વીજળી સમાન અંગરંગ ફેર ના જરી.

વીજળીપાતના સમાન વાણી વીર તાહરી,
ચંચળાઇ ચંચળા સમાન તાહરી ખરી.

અપિચ—

સાથિયા સમાન ભુજ બે મહાન ગોઠવી,
તે પરે રહ્યો હું પો'ળું નાનું મુખ ઓઢવી;
સ્કંધ દીર્ઘ ને હૃદે વિશાળ તારું વાનરા !
રક્ત વક્ત્ર કોણ છે તું કોણ ? શે પડ્યો ધરા ?

આ પ્રકારે તેને પૂછ્યા છતાં જ્યારે તેણે કાંઇ પણ ઉત્તર ન આપ્યો કે આંખ સરખીએ ન ઉઘાડી ત્યારે ભીમે એકદમ કોપાવેશમાં આવી દીર્ઘ સિંહનાદ કર્યો જેથી અનેક પશુ પક્ષી તરફડી પૃથ્વી પર પડવા લાગ્યાં તે જોઈ હનુમાને પોતાની પીળા રંગની બે આંખો કિંચિત્ ઉઘાડી, તેના પર ક્રૂર દૃષ્ટિ કરી આ પ્રમાણે કહ્યું:—

હનુમાન—અરે ભલા માણસ ! તું કોણ છે ? હું મારી વેદનાથી વ્યાકુળ થઇ હવડાં જરા સૂઇ રહ્યો' તો તે મને તેં શા કાજે જગાડ્યો ? શું તું માનવ છે ? માનવો તો સર્વ પ્રાણી પર દયાવાન હોય છે તે આમ બૂમો પાડી નિરપરાધી પ્રાણીઓનો ઘાત કેમ કરે ? અમે પશુ જાતિ કદાપિ ધર્મને ન જાણીએ, કિંતુ તારા સમાન મહાન મતિમાન મનુષ્ય આવું દૂષિત અને પુણ્યને હરનાર ક્રૂર કર્મ કેમ આચરે ? હાં હાં ઠીક, જે કરવાનું છે તે તે કરું જ નથી. શ્રવણ કર શ્રવણ કર !

વસંતતિલકા.

વૃદ્ધો તણી નવ કરી, નર ! સેવના તેં,
ધર્મો ન ધ્યાન ધરિયા, મતિના વના તેં,

ગર્વિષ્ટ શિષ્ટ ! થઇ તેં, મૃગ આદિ માર્યા,
પાપિષ્ટ ! ઇષ્ટ મળિયું ? વધ અર્થ સાર્યા ?

અપિચ—

કે' કેમ માનવતણા, વનમાં તું આવ્યો ?
આ દેવલોકપથ શે, મનમાં તું લાવ્યો ?
નિશ્ચે મરે ન ઉગરે, ખરી વાત મારી,
વિશ્વાસ રાખ્ય વળી જા, મનમાં વિચારી.

કે' કે' તારે કંઇ ભક્ષણ કરવું છે ? જો એમ હોય તો હું તને સ્વાદિષ્ટ ફળ આપું તે ભક્ષણ કરી ચાલ્યો જા. મૃત્યુને વશ મા થા મા થા ! અરે દીન માનવ ! મને તારી દયા આવે છે ! કે' તું કોણ છે કોણ ?

ભીમ—(સકોપ) એસ્ય ધર્મિષ્ટના દીકરા ! કે' તું કોણ છે ? શા કારણથી વાનરનું સ્વરૂપ ધારી મોટો ધર્મવેત્તા થઇ બેઠો છે ? હું કોણ છું તે તારે જાણવાની જીજ્ઞાસા છે તો શ્રવણ કર, શ્રવણ કરઃ—

ઇંદ્રવજ્રા.

ક્ષત્રિય જાતિ, કુરૂ કુલ મારૂં,
છું ચંદ્રવંશી, વીરહાક મારૂં;
વાયુ પિતા, માત જ કુંતિ વારૂ ?
કે' વાનરા ! કેમ મુને તું વારૂં ?

અપિચ—

છે ભીમ તો નામ ભલા ! અમારૂં,
છું દ્રોણનો શિષ્ય તને વિસારૂં;
જો વીર તું ધીર હવે ન હારૂં,
તો તો ખરેખાત તુંને હું મારૂં.

હનુમાન—શું તું તને પોતાને જ બલિષ્ટ માને છે? તો તું મારી જાતિ અને મારા ધારેલા વિચાર શ્રવણ કરઃ—

સેનિકા છંદ.

વાનરાની જાત મારી જાણ તું,
માન્ય મારૂં ને બચાવ્ય પ્રાણ તું;
ના હુંથી વિરોધ વાત આણ તું,
ના કરી શકે કહું પ્રયાણ તું.

ભીમ—હું મને પોતાને જ બલિષ્ટ શિષ્ટ કે વરિષ્ટ માનું છું તે પ્રસંગવશાત્ જણાશે, કિંતુ અધુના તો તારે આટલું જ કરવું જોઇએઃ-

રથોદ્ધતા.

જો વિરોધ તુજથી કદી થશે,
ના ભયી અભયી ભીમ આ હશે;
ઊઠય તું પથ થકી હવે અલ્યા !
જાય જીવ નવ શિવ છે ભલા.

હનુમાન—

વ્યાધિયે કરી કલેશયુક્ત જ થયો, માટે ન ઊઠી શકું,
જો જાવાની જરૂર હોય બળિયા ! તો હું ન રૂઠી શકું ?
ઉલ્લંઘી સુજને સુખે પરવરો, શું રૂઠી ત્રૂઠી શકું ?
આ તો વૃદ્ધ અમે કહ્યું સહુ ખરૂં, ઊઠી ન લૂઠી શકું !

ભીમ—

જો નિર્ગુણ મહા પ્રભુ સરવના, અંગે રહ્યા વ્યાપીને,
વિજ્ઞાને કરી જાણું રૂપ વિભુનું, માપે લહ્યા માપીને;

જો ના જાણું તદા જરૂર જરૂરે, મારૂતિરૂપે ફરી,
ઉલ્લંઘું ગિરિના સમેત તુજને, શંકા કરૂં છું પરી.

હનુમાન— શિખરિણી.

હનુમાને ભાખે, ઉદધિ ગણિયો ગોપદ સમો,
અનુમાને ના'વે, સમરથ હરિ એહ વસમો;
કદા તું જાણે જો, ચરિત બળ સૌ મારૂતીતણું;
તદા તું કે' મુને, નરવર ગણું ભાવથી ભણું.

ભીમ—

પ્રશંસા પામેલો, મતિબળ વિષે મારૂતિ હરિ,
ઉલંઘ્યો અબ્ધિ હા, નમન ગણુના યોજન ધરી;
નહિ કોઇ એવો, દશરથ કુળે કીર્તિ અરપી,
હરિ ! હું તેનો છું, વડવીર ભલો ઉઠય કરપી !

હનુમાન—

અરે ક્યાં મારૂતિ ! વદન વદિયો કામ કરવા,
અરે શેનો ફૂલે ? નવ મન મને કોની પરવા !
હશે ભ્રાતા તારો, બળધર મહાગુણ ગરવા;
વળ્યું તારૂં તેમાં કશું નવ દિસે ધ્યાન ધરવા.

ભીમ—

પ્રતાપી મા'તાપી, વદન વદું છું કોપ જ ઘણે,
અમો ભ્રાતા જેવા, અધિક મનમાં શે નવ ગણે ?
હવે આવી પો'ચ્યું, સ્મરણ કર્ય તું શંભુનું સદા,
ઉઠો કે ના ઉઠો, મરણ ન મૂકે હું થકી કદા.

હનુમાન— ગીતિ.

વીરા તારે વેણે, કંપે કાયા કહું ખરૂં તુજને;
શક્તિહીન થયો છું, માટ ખસેડી ભલે મળો મુજને.

ભીમ—(સકોપ) શું ત્યારે તું તારી પોતાની મેળે નહિ જ ખસે, એમ તારૂં કહેવું છે? હું તારૂં આ લાંગૂલ પકડી તને ખસેડી ચાલ્યો જઉં? પ્રાણીને નીપજાવનાર પરમેષ્ઠિ જેટલા માનપાત્ર મનાય છે તેટલા જ કે તેથી વધારે પ્રાણીનો સંહાર કરનાર શંકરદેવ પણ મનાય છે. (ઇત્યાદિ બોલી તે વાનરને નિર્બળ ધારી નાશ કરવાના હેતુથી ડાબે હાથે તેનું પૂછડું પકડી ખેંચવા માંડ્યું, પરંતુ તે લેશ માત્ર હાલ્યું નહિ.)

હનુમાન—અહો મહાવીર! રણધીર! શૂરવીર! જરા સાચવીને મને ખસેડજો! હું ઘણો જ શક્તિહીન થયો છું! ભાઇ તું કાંપે છે કેમ? શું લાંગૂલ તારાથી નથી ઉંચકાતું? ના ના એમ હોય નહિ!! આ કાળમાં તારા જેવો યોદ્ધા અમે સાંભળ્યો નથી! તેનું બળ આટલું કેમ હોય?

ભીમ—(ભ્રુકુટિ આદિ ચઢાવી અત્યંત કોપ કરી) મૂઢ મર્કટ! ઉપહાસ કરી લે; અને જેનું ધ્યાન ધરવું હોય તેનું ધરી લે, ધરી લે. (એટલું બોલી બે હાથેથી તેનું પૂછડું પકડી અત્યંત બળ વડે ખેંચવાનો યત્ન કરે છે અને તે જ્યારે રજમાત્ર પણ હાલતું નથી, ત્યારે નિઃશ્વાસ નાખી તે વાનરની પ્રશંસા કરે છે.) અહો ધીરવીર! તું સાક્ષાત્ શંકર, બ્રહ્મા કે વિષ્ણુ પણ નથી. ઇંદ્રાદિ દેવોનો પરાભવ તો અમે કરેલો જ છે એટલે તું તે છે એમ પણ મારાથી કહેવાતું નથી. (નમન કરી) મારૂં માન મર્દન કરે એવો માત્ર મારો ભ્રાતા કપિરાજ કહેવાએલો છે, માટે શું તમો સાક્ષાત્ તે જ છો? જો એમ હોય તો પછી મારે ખેદ કરવાનું કાંઇ પણ કારણ નથી.

હનુમાન—(અત્યંત પ્રસન્નતાથી ઉઠી ઉભા થઇ) ભીમ ! ધન્ય છે ધન્ય છે ! ! તેં મને ભલો ઓળખ્યો ! (આલિંગન દઇ) ભ્રાતા ! આ માર્ગે જનાર માનવમાત્રનું મૃત્યુ થાય તેવું હોવાથી મેં તારૂં માન મર્દન કરી તને જતાં અટકાવ્યો. હું તારા પર ઘણો જ પ્રસન્ન થયો છું, માટે તારી ઇચ્છામાં આવે તેટલાં વરદાન તું મારી પાસે સત્વર માગી લે માગી લે.

ભીમ—(બે કર જોડી નમન કરી) પ્રથમ તો મને એ જ કહો કે તમે ચિરંજીવ શાથી થયા ? તમારા ઇષ્ટદેવની અયોધ્યાપુરી તજી અહીં આવી વસવાનું કારણ કિયું ?

હનુમાન—(પ્રસન્ન થઇ) વત્સ ! રાજિવલોચને દશકંધર મારી અયોધ્યામાં આવી રાજ્યાસને બેઠા પછી મને વરદાન માગવા કહ્યું; ત્યારે મેં અત્યાગ્રહે માત્ર એટલું જ માગી લીધું કે જ્યાં સુધી જગતમાં રામના ગુણાનુવાદ ગવાય ત્યાં સુધી હું નાશ ન પામું અને અહોરાત્ર રામગુણ શ્રવણ કર્યાં કરૂં, એટલું જ જો પ્રભુ પ્રસન્ન થયા હો તો આપો. એ મારી મનસા પ્રભુએ પૂરી કરી જેથી મારી ઇચ્છામાં આવે ત્યાં હું નિવાસ કરી રહું છું; છતાં, અહીં અપ્સરાદિ આવી નિરંતર રામગુણ ગાન કર્યાં કરે છે એટલે મારે સર્વ ભૂમિ સમાન માનવાને બાધ જેવું નથી.

ભીમ—(ખાત્રીપૂર્વક પોતાના ભાઇ હનુમાન છે એમ જાણી તેના પગમાં માથું મુકી) હે ભ્રાતા ! હું મને પોતાને ધન્ય માનું છું કે આજ હું આપનું અલૌકિક દર્શન કરી શકયો ! હર્ષ વડે સર્વ હૃદય ભરાઇ ગયું છે એટલે વરદાન માગવાની આજ બાકી રહી નથી ! માત્ર મારી કમળ લેવાની પ્રતિજ્ઞા સિદ્ધ થાય એટલું જ પ્રભુને રૂચે તો કરવા કૃપા કરશો.

હનુમાન—(તેને માથે હાથ મુકી) વત્સ ! હું તને પ્રસન્ન થઇ વરદાન આપું છું કે તું જ્યારે સિંહનાદ કરીશ ત્યારે હું તેની સાથે મારો શબ્દ સંયુક્ત કરીશ જેથી સર્વ શૂરવીરોના તેજનો ક્ષય થશે. જો તારી ઇચ્છા હોય તો તે દિવ્ય કમળ તને હું જ લાવી આપું.

ભીમ—(નમન કરી) જ્યેષ્ઠ ભ્રાતા ! જેમ તમે મને વરદાન આપી પ્રસન્ન કર્યો, તેમ જ પાર્થને એક વાર દર્શન દઇ તેને સ્વેચ્છિત વરદાન આપવા કૃપા કરશો; અને દિવ્ય કમળ કિંકર જ પ્રાપ્ત કરી શકે એવા ઉપાયની યોજના કરશો.

હનુમાન—સમય આવે હું અર્જુનને મળી તે જેમ પ્રસન્ન થશે તેમ કરીશ. જો તારે દિવ્ય કમળ સ્વપરાક્રમથી જ લેવાં હોય તો જટાસુર કે જેને તેં હણ્યો છે તેનો ભ્રાતા ઘટાસુર વનદેવતાઓની શીખવણીથી કમળવનમાં જવાનો માર્ગ બંધ કરી બેસી રહ્યો છે તેનો નાશ કરી ઉત્તરમાં અવળો વળી કુબેરના અનુચરોનો પરાભવ કરી કમળ લેઇ જજે. કિંતુ ભ્રાતા ! તને ગમે તે કષ્ટ કરે તથાપિ વનદેવતાઓ જે સ્ત્રી જાતિ મનાય છે તેમનો તું નાશ કરીશ નહિ.

૧૩. વનદેવતાઓ ને કમળની ચિંતા.

વક્રવલ્લિ—(સખેદ) સખિ નવમલ્લિ ! મને આ અવસરે આ અવાસાદિ કિંચિત્ માત્ર પણ સુખકર ભાસતાં નથી. તેમ મારા મનની સ્થિતિ પણ તોફાની સાગર મધ્યેની નૌકા જેવી થઇ રહી છે. એક તો દેવ થઇ નરથી હારી નાસવું પડયું તે અને બીજું જો તે ધનંદની તળાવડીમાં જઇ કમળો તોડશે તો તેના શાપનું કષ્ટ ન સહન થાય તેવું સેવું પડશે ! પ્રભુ કરે તે માથા પર ! " પડય પડય તો કે સદાવડી " ! !

નવમલ્લિ—(આશ્વાસનપૂર્વક) સખી ! એમ સંતાપ કર્યાથી શું ? મારા વનના જટાસુરને એણે જે માર્યો તે ઘા મને હજીએ રૂઝાયો નથી. સખિ ! મારા સુખ અગાડી તારૂં સુખ તો સોમા ભાગનું ય નથી. વનબલિ કરી એ દાનવ મને જે ભોજન અર્પતો હતો તેવા ભોજનનું તો તને સ્વપ્ન પણ નહિ આવ્યું હોય ! કિંતુ કેમ કરીએ ? " अप्रोत्साद् भवेत साधुः "

વક્રવલ્લિ—શું સખિ ! જટાસુરને મારનારો એ જ કે ? હાય હાય ? ઠીક થયું કે આપણે નાશી છૂટી. પણ એની ! એ મુઓ કમળ લેવા ન જાય તેમ તો ગમે તેમ કરી કરવું જોઇએ હો ! જો તું મને કંઇએ ઉપાય નહિ બતાવે તો પછે યક્ષરાજના શાપાગ્નિથી દગ્ધ ન થતાં એ વિકરાળ વ્યાઘ્રના જ મુખમાં જઇ પડીશ ?

નવમલ્લિ—(વિચાર કરી) સખિ ! એ તલાવડી ભણી જવાનો માર્ગ જ બંધ કરી દીધો હોય તો કેમ ? આખું વિશ્વ પથે પળનારૂં છે એટલે જો પથ જ પૂરી દઇએ તો પછે એ કેમ કરી જઇ શકે ?

વક્રવલ્લિ—(સાંભરી આવ્યા જેવો અભિનય કરી) હાં હાં, ભલા ઠીક ! એ તો મુઓ જેમ પાણી પાણીનો પથ કરે તેમ કરે તેવો

છે, પણ તળાવડી ભણી વળતાં એ માર્ગ આવે છે એટલે જો તળાવડીનો માર્ગ બંધ કર્યો હોય તો એ સીધે રસ્તે ચાલ્યો જાય, અને જો એ પથે પળે તો તે પૂરો જ થઇ જાય. સખિ! " ટાઢે પાણીએ ખસ " જવાનો તેં સે'લો સટ ઉપાય ઠીક શોધી કાઢયો! ધન્ય છે. પ્રિય સખિ ધન્ય છે!

નવમલ્લિ—સખિ! તું જ્યારે જીવ પર આદરી બેઠી ત્યારે મારે ખરો ઉપાય બતાવવો પડયો. સખિ! " ક્યાં કેળ ને ક્યાં કવચ " ? તારાથી તે એના સામું શી રીતે ઉભી શકાય? (એવે ઉતાવળે દોડતી અનુચરી પ્રવેશ કરે છે.)

અનુચરી—(નમન કરી) અહો માતા! ક્રૂર માનવે આપણા આખા કદલીવનનો નિમિષ માત્રમાં નાશ કરી નાખ્યો. અરે યક્ષેશ્વર! રક્ષણ કરો રક્ષણ કરો.

વક્રવલ્લિ—શું કદલીવન! મારૂં પ્રિય કદલીવન! તેનો નાશ!! હા દૈવ! (એટલું બોલી બેશુદ્ધ થઇ જાય છે.)

નવમલ્લિ—(આશ્વાસન કરી) સખિ! આ સમય શોક કરી સૂઇ રે'વાનો નથી. જો વાર થઇ તો ધારેલી ધારણ ધૂળ થશે. પાણીના પૂરનો વેગ એ મુઆના વેગને પોં'ચી શકે તેવો નથી.

વક્રવલ્લિ—(સત્વર સાવધ થઇ) સખિ! તારૂં કે'વું યથાર્થ છે માટે ચાલ્ય; હવે " લુંટાયા પછી શો ભય છે? "

અનુચરી—જેવી દેવીની આજ્ઞા. એ માર્ગ કરતાં આ માર્ગ સે'લો પડશે.

ભીમ—(નમન કરી) હું આપના કહેવા પ્રમાણે સર્વ કરીશ.

હનુમાન—(ભીમને વનદેવતાઓએ પૂરી દીધેલો માર્ગ બતાવી) વત્સ! એ માર્ગે થઇ જવાશે. (એટલું કહી હનુમાન અંતર્ધાન થઇ જાય છે.)

ભીમ—(સઆશ્ચર્ય) અહાહા ! મારા જેવો આ ભૂમિમાં કોણ ભાગ્યશાળી છે ! (રૂંધી રાખેલો માર્ગ જોઇ) હાં ઠીક; મારે આ જ સ્થળે માર્ગ પાડી જવાનું છે. (એમ વિચાર કરી વૃક્ષાદિને તોડી ફોડી જવા જેટલો માર્ગ કરતો કરતો ચાલ્યો જાય છે.)

---

૧૪. કમળ અને કુબેરના અનુચરો.

(આ પ્રકારે અનેક સુખના અભિનય દર્શક જલપ્રશંસા કરી તેનું પુનઃ પુનઃ પાન કરી રહ્યા પછી પદ્મ ગ્રહણ કરવાની ઇચ્છાવાળો તે થયો, તે સમયે તેને કુબેરના અનુચરો આ પ્રમાણે તિરસ્કારપૂર્વક વચનો કહી અટકાવવા દોડી આવ્યા.)

પદ્મિનીયક્ષાધ્યક્ષ—(એકાએક પ્રવેશ કરી, જોઇ) અરે મૂઢ યક્ષો ! તથા ક્રોધવશા નામક દાનવો ! અને કિન્નરો ! તમે આજુબાજુ નજર રાખ્યા વગર જ કામ કરનારા છો કે કેમ ? તમારૂં મુખ્ય કર્તવ્ય તો એ છે કે તમારે આ પદ્મિનીનું રક્ષણ કરવું. તે ભૂલી જઇ કે'વાતા નિરૂદ્યોગીના ભૂષણ રૂપ શું ફૂલાં જ ગુંથો છો ? કે કંઇ બીજી એ સરત રાખો છો ?

અનુચરો—(ગુંથાતી માળાઓ ભણી નજર હોવાથી) અધ્યક્ષ ! અહીં બીજું શું આચરવા જોગ કાર્ય અમે ન આચર્યું કે ફૂલાં ગુંથો છો કહી ઠપકો દેવા લાગ્યા છો ! આ ય કામ આપની જ આજ્ઞાનું છે કે અમે અમારા મનથી કરવા બેઠા છીએ ? પરમેશ્વર માથે રાખી કાંક તો વિચાર કરો !

પદ્મિનીયક્ષાધ્યક્ષ—(સકોપ) અરે શો વિચાર કરાવો છો ? જરા ઉંચું જોઇને બોલશો કે એમને એમ જ ! જુઓ પેલો મૃગચર્મ-

વાળો છતાં સુવર્ણ બાજુબંધ ધારણ કરેલો, શસ્ત્રાસ્ત્ર સજેલો, ભયંકર પરાક્રમવાળો, શૂરવીર અને શંકા વિનાનો થઇ તથા તમો સર્વને તૃણતુલ્ય લેખી, પદ્મિનીના જળનું પુનઃ પુનઃ પાન કરી રહ્યો છે; અરે એટલાથીએ એ ક્યાં નિવૃત્તિ પામે છે!! જુઓ જુઓ કમળ તોડવા લાગ્યો? તમે એને સત્વર પૂછો કે એ અહીં શા માટે આવ્યો છે?

અનુચરો—(ભીમને જોઇ તેની કને દોડી જઇ) અહો મહાબાહુ! મહા તેજસ્વી! મહા મતિમાન મુનિસમાન વેષવાળા! અને શસ્ત્રાસ્ત્ર સજેલા! તમે કોણ છો? કોણ છો? અને અહીં શા કાજે આવ્યા છો?

ભીમ—ભીમ નામનો પાંડવ અને ધર્મરાજાનો અનુજ કરેલી પ્રતિજ્ઞા પાળવા બદરીવનમાં આવી રહેલો મને માનો. અહીં આવવાનું પ્રયોજન આ પદ્મ લેઇ જઇ પ્રિયાને પ્રસન્ન કરવી એટલું જ છે.

અનુચરો—અહો નરવર! આ યક્ષેશ્વરને ક્રીડા કરવાનું અતિપ્રિય સ્થળ છે. આમાં માનવ વિહાર કરવા સમર્થ નથી. યક્ષો, ગંધર્વો, અપ્સરાઓ, મુનિઓ અને દેવતાઓ પણ કુબેરની આજ્ઞા વિના આ જળનું પાન કરવા કે એમાં ક્રીડા કરવા શક્તિમાન નથી.

ભીમ—અને કદાપિ કોઇ શક્તિમાન થયો તો તેનું શું થાય તે ય ભેગેભેગું કહી જ દોને!

અનુચરો—(સકોપ) અરે ભલા માણસ! એમાં તે કે'વાનું શું છે? ધનદની અવગણના કરી આમાં વિહાર કરનાર નાશ પામે નાશ! અલ્યા અમારી સાથે વાત કરતો જાય છે અને કમળ તોડતો જાય છે કેમ? વાહ રે વાહ!!

ભીમ—અરે મેં તમને કહ્યું હતું કે હું ધર્મરાજનો ભાઇ ભીમ-

સેન છું!! શું તમે તે વૃકોદરને નથી જાણતા કે અલ્યા પેલા કહી જીવવા ઇચ્છો છો?

અનુચરો—વાહ રે અલ્યા! કહે છે કે હું ધર્મરાજાનો ભ્રાતા છું અને કુબેરનો અનાદર કરી બળાત્કારે બિસપ્રસૂન લેવા ઇચ્છે છે!!

ભીમ—કેમ, ધર્મરાજાનો ભ્રાતા આ કમળ ન લઇ શકે?

અનુચરો—અરે ધર્મરાજાનો ભાઇ તો શું પણ સાક્ષાત્ પુરંદરનો પુત્ર પણ ધનેશ્વરની આજ્ઞા વિના અમો છતાં આ સ્થળના સામુ જોવાને ય સમર્થ ન જ થઇ શકે!!

ભીમ—ખરૂં ભાઇ ખરૂં! તમારૂં કે'વું ખરૂં છે; પરંતુ હું અહીં આટલામાં તમારા કુબેરને જોતો નથી અને કદાપિ જોઉં તથાપિ આ કમળ લેવા તેની યાચના કરવા ઇચ્છતો નથી!!

અનુચરો—કેમ નથી ઇચ્છતો? ઇચ્છવું પડશે.

ભીમ—ઇચ્છવું પડશે ત્યારે જોઇ લેશું. પરંતુ તમે એટલુંએ નથી જાણતા કે રાજાઓ કોઇની યાચના કરતા નથી અને ક્ષત્રિયનો વિશેષ ધર્મ પણ એ છે કે કોઇની યાચના કરવી નહિ. ત્યારે શું તમે યક્ષેશ્વરના અનુચર થઇ ક્ષત્રિયનો ધર્મત્યાગ કરાવવા ઇચ્છો છો?

અનુચરો—અરે ક્ષત્રીધર્મધારી! કે' કે', તું જ કે' કે ક્ષત્રિઓ પારકું લેવાની ઇચ્છાવાળા ક્યારે હોય છે?

ભીમ—સત્ય છે, તમારૂં કે'વું સત્ય છે; ક્ષત્રીઓ એવા જ હોય છે અને હું પણ એવો જ છું.

અનુચરો—અલ્યા! કેમ કરી એવો છું? પારકી પદ્મિનીમાં વિના પૂછે વિહાર કરે છે અને "સફાઇમાંથી તો હાથ કાઢતો નથી!"

ભીમ—(સસ્મિત) અનુચરો! આ પદ્મિની મહાત્મા કુબેરની

ક્યારે છે? આ તો નગઝરણથી ઉત્પન્ન થયેલી છે; કંઇ કુબેરની કરામતથી કે તેના સ્થાનકથી ઉપજેલી નથી!

અનુચરો—તે પૂછવાનો તારો શો અધિકાર છે?

ભીમ—શાંતં પાપં. ગિરિના ઝરણથી ઉત્પન્ન થએલી તળાવડીનો ઉપભોગ કરવાને સર્વભૂત પ્રાણિઓનો એક સરખો અધિકાર છે. એટલે પછી કોઇને કાંઇની યાચના કરવાની રે'તી જ નથી. (એમ કહી ઘણાં કમળ તોડી બગલમાં મારે છે.)

અનુચરો—અરે મરણધર્મવાળા માનવ! શું તું અમારી અવગણના કરે છે? ત્યારે તો લે, લેતો જા! (એટલું બોલી સર્વે જણ **ભીમ** પર ચઢી આવે છે અને તેના પર ખડ્ગ, તોમર, પટ્ટિશ, બાણ, પાંણ, આદિક અનેક શસ્ત્રાસ્ત્રનો વરસાદ કરે છે; અને **ભીમ** તે કશાને ન ગણકારતાં કમળ તોડી એકઠાં જ કર્યા કરે છે. તે જોઇ)—

અધ્યક્ષ—(સક્રોપ) અરે મૂઢ માનવ! શું તું સર્વની અવગણના કરે છે? (એટલું બોલી **ભીમ**ને અનેક બાણથી વીંધે છે અને તેથી અરયાતે લાગેલા ઘાથી જેમ સિંહ બમણો બલિષ્ટ અને કોપાવિષ્ટ થાય છે તેમ થઇ તે સિંહનાદ કરે છે અને તે શબ્દમાં હનુમાન પોતાનો શબ્દ પૂરે છે તથા નિકટ આવી પહોંચેલો ઘટોત્કચ પોતાના પિતાનો સ્વર ઓળખી પોતે પોતાના અનુચરો સહિત સિંહનાદ કરે છે. જેથી અસંખ્યાત યક્ષો પૃથ્વી પર પડી જાય છે અને તેમનો અધ્યક્ષ મહાભય પામી આકાશ માર્ગે થઇ કુબેરને સમાચાર કે'વા જાય છે.)

૧૫. દ્રૌપદીની પ્રસન્નતા ને બંધુમેળાપ.

ઘટોત્કચ—(ખભે બેસાડેલી કૃષ્ણા સહ પ્રવેશ કરી આવતા યુધિષ્ઠિર સામું જોઇ) અહો મહારાજાધિરાજ! મારા પિતાશ્રીએ આ (પડેલા યક્ષોને બતાવી) અનેક શૂરવીરોને મારી પોતાનું કામ કરી લીધું જણાય છે! અરે! મને ધિઃકાર છે કે હું સાથે છતાં તેમને આવે પ્રસંગે કંઇ પણ સહાય કરી શકયો નહિ!!

ઉધોરછંદ.

સુત હું શે થયો ઉત્પન્ન,
નવ જનની કદી જ પ્રસન્ન;
જન કે જાણિયો ના શૂર,
જન કે, ગૂમાવ્યું સૌ નૂર.

અથવા મને ઉત્પન્ન કરનાર આવા પણ કેમ ન હોય;—

પદ્ધરીછંદ.

શે કાળ કરતા જ કાળ સા'ય,
માગે કહો જ કિયે ઉપાય?
જો કાળ તે તણી સા'ય થાય,
કો' કયમ કરી તે કરતા મનાય?

યુધિષ્ઠિર—(મરણ પામી પડેલા યક્ષને જોઇ સખેદ) અરે સાહસકર્મ પ્રિયભ્રાતા! આ યક્ષોને હણી તેં યક્ષેશ્વરનો કેવો મહદ્ અપરાધ કર્યો છે! (બે હાથ જોડી નમન કરી) અહો ધનેશ્વર! અમારો અપરાધ ક્ષમા કરો ક્ષમા કરો.

મોતીદામ.

પ્રતાપી કુબેર પિતાજી સમાન;
ક્ષમાધર યક્ષપતિ મતિમાન,
સુતે કરિયા અપરાધ મહાન,
પિતા ન ગણે ગણના ગુણવાન.

(એવે પાંચાલી, નકુલ, સહદેવ, વસંતિકા, સ્મરવર્ધક, ધૌમ્ય, લોમશ અને બીજા કેટલાક બ્રાહ્મણો રાક્ષસારૂઢ થઇ એક પછી એક એમ અનુક્રમે પ્રવેશ કરે છે.)

પાંચાલી—(થએલો યક્ષઘાત જોઇ) હાય હાય ! શું અજાતશત્રુ મહાશોકગ્રસ્ત દેખાય છે તેથી એમ તો કાંઇ નહિ થયું હોય કે મારા પતિએ મારૂં પ્રિય કરવા આ કર્મ આચર્યું હોય ! ! (નિઃશ્વાસ નાખી) હર હર ! પ્રભુ ! જો એમ થયું હોય તો પછી આ પાપ કર્મ કરાવનારી હું જ મનાઉં ! ! (એટલું બોલી માથે હાથ દઇ બેશી જાય છે.)

નકુલસહદેવ—(આમ તેમ શોધ કરતાં ભીમને કમળ તોડતો અને તેને વારંવાર ગણતો જોવાથી યુધિષ્ઠિર કને જઇ) અહો જ્યેષ્ઠ ભ્રાતા ! મહાત્મા ભીમસેન જુઓ પેલી પદ્મિનીમાંથી પદ્મ ઉપાડતા લીલા કરી રહ્યા છે ! (યુધિષ્ઠિર, દ્રૌપદી, ધૌમ્યલોમશ આદિ સર્વે જણ તળાવડી ભણી ઉંચાં ડોકાં કરી જુએ છે અને ભીમને ઓળખી ધૌમ્યાચાર્ય તેને આ પ્રમાણે કહે છે.)

ધૌમ્ય—અહો વત્સ વૃકોદર ! હવે નિવૃત્તિ પામ નિવૃત્તિ ! ! જો કહ્યું છે કેઃ—

અનુષ્ટુપ્.

" અતિશે લોભ તે જાણો, પાપનું મૂળ " પૃથ્વીમાં;
માને થોડે ઘણું તેને, સૌ અનુકૂળ પૃથ્વીમાં.

ભીમ—(તેના સામું ન જોતાં) હવે શું માયા રચી મારા આચાર્ય થઇ મને શીખામણ દેવા લાગ્યા કે ! વારૂ ઠીક છે ! માયા કરનારની કાયા કયાં સુધી અચળ રે' છે ? (ભીમનું સામે ન જોતાં એવું બોલવું સાંભળી કંપતા કંપતા ધૌમ્ય ધર્મરાજ કને જતા રહે છે.)

લોમશ—(યુધિષ્ઠિરને ચિંતાતુર જોઇ) વત્સ ! હવે ચિંતા કરવાનું કંઇ પણ પ્રયોજન નથી.

યુધિષ્ઠિર—મહર્ષિ ! એમ કેમ બોલો છો ? આ શું અમે યક્ષેશ્વરનો ઓછો અપરાધ કર્યો છે ?

લોમશ—વત્સ અજાતશત્રુ ! જ્યારે સુદૈવ થાય છે ત્યારે સર્વ અવળી કૃતિ પણ સવળી થઇ ફળે છે. એ મારાં વચન પર વિશ્વાસ ન આવતો હોય તો જો જો:—

માલિની.

ધરણીતલ વિષે જો, યાનમાં બેશી આવે,
(તુંજ) ધન દમન મનાવા, પાર્થને સાથ લાવે;
ધરમ શરમ તારો, બીક સૌને બતાવે,
અધિક અધિક આથી, સુખ એ ઉપજાવે.

યુધિષ્ઠિર—(અત્યંત હર્ષ સહિત) શું શું મહારાજ ! મહાત્મા યક્ષેશ્વર અમારા પર અનુગ્રહ કરવા ઇચ્છે છે ! અને તેમની સાથે શું મારો અર્જુન અર્જુન પણ આવે છે ? મહર્ષિ ! તે ક્યાં છે ક્યાં છે ?

લોમશ—પ્રતાપી પૃથ્વીશ ! તમારા પર અનુગ્રહ કરવાને યક્ષેશ્વર નથી આવતા પરંતુ તમારા ધર્મ ધૈર્યથી તમારૂં મન સર્વ પ્રકારે શાંત કરવા અને તમારી વાંચ્છેલી વસ્તુને આપતાં યક્ષોએ આડ કરી વાર લગાડી તેની ક્ષમા માગવા અને તે ભીમ આપશે કે નહિ એવી શંકા થતાં ધનદેશ્વર જાતે ઇંદ્રલોકમાં જઇ અર્જુનને સાથે લઇ તમારૂં મન મનાવવા આવે છે. જુઓ આ બન્ને આવ્યા. (એવે અર્જુન તથા કુબેર આકાશ માર્ગથી વિમાનમાં બેશી પ્રવેશ કરે છે અને સર્વે જણુ હર્ષઘેલા થઇ ચિત્રવત જોયાં કરે છે.)

અર્જુન—(સર્વ પોતાનાંને જોઇ વિમાનમાંથી સત્વર ઉતરી પડી પ્રથમ ધૌમ્ય લોમશને તથા પછી યુધિષ્ઠિરને પગે લાગે છે અને પદ્મિનીમાં કોઇને પણ ન જોતાં ઉભા રહેલા ભીમને જોઇ તેના ભણી દોડી જઇ) ભ્રાતા ! હું સેવક અર્જુન તમને નમન કરૂં છું. (એમ બોલતો બોલતો તલાવડીમાં જઇ ભીમને પગે લાગે છે.)

ભીમ—(અર્જુનને નિહાળી જોઇ તેને ચિહ્નાદિકથી ઓળખી સહર્ષ) ભ્રાતા ! આજ અમારાં ભાગ્યોદય ! કિંતુ પાંચાલીને પ્રસન્ન કરવા મારે સહસ્ત્ર કમળ લેવાં છે તેમાં પાંચ બાકી છે તે મને લઇ લેવા દે. જો તું મારી દૃષ્ટિથી હવે આઘો જઇશ તો તે મારાથી નહિ લેવાય નહિ લેવાય. (એટલું બોલી પાંચ કમળ તોડી લઇ અર્જુનને છાતી સરસો ચાંપી અત્યંત હર્ષ પામે છે.)

અર્જુન—(ધીમેથી) ભ્રાત ! યક્ષેશ્વર આવ્યા છે તેને પ્રણામ કરો.

ભીમ—(આમતેમ જોતાં યક્ષેશ્વર તથા યુધિષ્ઠિરાદિને જોઇ) પરંતુ પાર્થ ! તું જ કહેને કે હું કેવી રીતે પ્રણામ કરૂં ?

ગીતિ.

અપરાધી જો હું છું, તો તું કે' કયમ પ્રણામ સંભવશે;
ક્ષમા કરે તો સારૂં, ના કે'તાં ક્ષત્રી નામ સંભવશે ?

કુબેર—(કને આવી) ધર્માત્મા વૃકોદર ! તમે અમારો અપરાધ કર્યો જ નથી. કિંતુ આ અમારા અધ્યક્ષે તમારા જેવા ધર્માત્માનો અપરાધ કર્યો કહેવાય.

અધ્યક્ષ—(સ્વગત) " બાંડિયા સર્પનો બે મગથી મરો " આનું જ નામ (પ્રકાશ) ધનદેશ્વર સત્ય કહે છે.

ભીમ—(સત્વર તલાવડીમાંથી નીકળી કુબેરને પ્રણામ કરે છે.) યક્ષેશ્વર ! આપે અહીં આવી અમને દર્શન દેવા રૂપ અપરિમિત કૃપા કરી છે. (યુધિષ્ઠિરાદિને આવેલાં જોઈ) અહો ! સર્વે જણાં અહીં જ આવ્યાં છે ને !

પાંચાલી—જ્યાં ધનદેશ્વરનાં અનાયાસ દર્શન થવાનાં હોય, (સલજ્જ) જ્યાં પ્રિય પાર્થ પધારવાના હોય અને (સહર્ષ) જ્યાં સ્વેચ્છિત મળવાનું હોય ત્યાં કોણ ન આવે ?

સ્મરવર્દ્ધક—તમે કહ્યું કે કોણ ન આવે ? ત્યારે અમે કહીએ છીએ કે આ પડેલાં મડદાં જોઇ બી'તો હોય તે ન આવે !

અર્જુન—(સસ્મિત) અહો તમે પણ અહીં આવ્યા છો કે શું ? (એટલું બોલી નકુલ, સહદેવ, ઘટોત્કચાદિ સર્વને યથાઘટિત આલિંગન પ્રેમવચનાદિ સહ મળે છે.)

કુબેર—(પડેલા યક્ષો પર અમીદૃષ્ટિથી જુવે છે જેથી તે સર્વે એકાએક સહર્ષ ઉઠી ઉભા થઇ સર્વને પ્રણામ કરી ઘટિત સ્થળે ઉભા રહે છે.) કેમ મહાબ્રાહ્મણ ! હવે તો તમારા જેવા આવા મહોત્સવમાં ન આવે એમ ન જ બને કની !

સ્મરવર્દ્ધક—(નમન કરી) હા ધનેશ્વર ! હા. તમે ચા'ય તે કરવા સમર્થ છો.

લોમશ—વત્સ અજાતશત્રુ ! મેં મઘવાના કહેવાથી તારૂં આ પ્રમાણે પ્રિય કર્યું છે. જો શ્રવણ કર્યઃ—

શાર્દૂલવિક્રીડિત.

તીર્થ મહીનાં સઘળાં, મા'ત્મ્ય મુનિનાં પ્રણામ સહ ભાખ્યાં;
દિવ્ય કમળ આ મળિયાં, પ્રિયસુરદર્શન કુકષ્ટ નવ રાખ્યાં.

તથાપિ હે ધર્માત્મા ! તું કે' કે' કે' આથી પણ હું તારૂં શું અધિક પ્રિય કરૂં ?

યુધિષ્ઠિર—(નમન કરી) મહર્ષિ ! આપ અનુકંપાથી મારૂં પરમાર્થિક અને આર્થિક સર્વ કાર્ય સિદ્ધ થયું છે તો પણ ભરતવાક્ય થવા આટલું પ્રમાણ વિશેષ થાવઃ—

ગીતિ.

ભાષા ગુર્જરી આર્યવર્ત્ત અખિલે, ફેલાય શાલી ઘણી,
સર્વે દેશવિદેશ ગુર્જરગિરા, સોહાય સોહામણી;
વાણી સંસ્કૃત મૃત્યુપ્રાય થઇ છે, આ થાય શિરોમણિ,
અર્પો તો વિભુ એ જ અર્પણ કરો, એ આશ પ્રેમી તણી.

---

૧૬. ગુર્જરગિરા.

સૂત્રધાર—ઠ્યો ચાલો ત્યારે હું પણ આ સુહૃજ્જનોને કહી બતાવું કે હવે હું મારા કાર્યનો આરંભ કરૂં છું.

નટી—આર્યપુત્ર! કહી બતાવવા કરતાં કરી બતાવવું એવો શિષ્ટ સંપ્રદાય છતાં કાલક્ષેપ કરવાનું શું પ્રયોજન છે?

સૂત્રધાર—આર્યા! નાટકાચાર્ય ભરતની આજ્ઞા એ જ પ્રયોજન.

નટી—વારૂ ત્યારે તેમ સત્વર કરો, નીકર પેલો પારિપાર્શ્વક કંઇનું કંઇ કરી બેસશે.

સૂત્રધાર—હા હા, હવે હું ઉતાવળે અટપી લઉં છું. તું પણ શ્રવણ કર. અહો સુજ્ઞ સભાસદો! આજ હું કૃષ્ણસુતુ પ્રેમાનંદ ભટ ગ્રથિત તપત્યાખ્યાનનો પ્રયોગ કરી બતાવનાર છું માટે સર્વ સજ્જનો એકાગ્ર ચિત્તે આદ્યંત અવલોકન કરશો. (શ્વાસોશ્વાસસહ પારિપાર્શ્વક પ્રવેશ કરી.)

પારિપાર્શ્વક—આર્ય! ધર્યું રહ્યું તમારૂં કામ. તમારે "અશ્વની સાથે ખર લાવીને બાંધવો" અને કહેવું કે તેની તુલના કરી જુઓ. ભલે તમારે જેમ કરવું હોય તેમ સુખેથી કરો પણ મને તો મુક્ત કરવો જોઇએ.

સૂત્રધાર—(સકોપ) હાં હાં આટલું બધું શું છે? અને તું ક્યાં આવી બોલે છે તેનો ય તને કાંઇ વિચાર છે કે નહિ? કહે શું "**इदं तृतीय**" લઇ અહીં આવ્યો છું? ચાલતા કાર્યમાં વિક્ષેપ! વારૂ બોલીશ કે બોબડો જ રહીશ!

નટી—અલ્યા કેંને શું થયું તે?

પારિપાર્શ્વક—અમે પ્રથમથી જ જાણ્યું હતું કે "જાંબુડાં

ભેગો ભમરો તોળાઇ જશે." કરે કોક અને કોપ અમારે કર્મે લખાયલો જ છે તો! "ખાઈ જાય પોપટ અને દુવાય હુડો." એમ તો છે, તથાપિ અહીં આવ્યા ત્યારે કહ્યા વગર છૂટકો થવાનો નથી; તો સંક્ષેપમાં કહીએ છીએ, કે પેલો વ્રજવાસી અને બંગવાસી આરંભેલા આ પ્રયોગનું ઉપહાસ કર્યા કરે છે, તે અમારાથી દેખી ખમાતું નથી. એ બંનેના કાર્ય હું એકલો કરીશ પણ એમને તો અત્યારે ને અત્યારે જ ખડખડતું આપો.

સૂત્રધાર—હાં હાં ઠીક. વારૂ જા જા, વિચાર તો કર કે "શંકરાને ખર નિંદે" તેથી તેની મીઠાશ મટી જવાની છે?

પારિપાર્શ્વક—પણ એ એમ કહી મને ચીડવે છે કે ગુર્જરગિરા અને ગુર્જરદેશ આખ્યાન ભજવવાને યોગ્ય નથી. એમનું નરાતાળ જૂઠું કથન શ્રવણ કર્યા કરવું એવી તમારી ઇચ્છા છે? જો એમ હોય તો અપરાધની ક્ષમા માગી કહું છું કે એવી ઇચ્છાવાળા અધ્યક્ષોએ જ આ "ભૂમિ ભારે મારી છે."

સૂત્રધાર—(સકોપ) અલં; અરે મૂર્ખા! જા તેમને જઇ જવાબ દે કે ગુર્જરગિરા પ્રાસને માટે સાહિત્યશાસ્ત્રમાં વર્ણવેલા અને ગુણાદિથી સંપૂર્ણ ભરેલી છે અને ગુર્જરદેશ તો સર્વ પ્રકારના કાર્યારંભ માટે દેશવિદેશમાં વિખ્યાતિ પામેલો જ છે.

નટી—પ્રાણનાથ? જો તમારી આજ્ઞા હોય તો આ સુપ્રસિદ્ધ દેશનું સુપ્રસિદ્ધ ભાષામાં એને થોડુંક વર્ણન કરી બતાવું.

સૂત્રધાર—પ્રિયા! "કરના કંકણને બતાવવા આરસાની શી આવશ્યકતા?" ટુંકામાં એનો ઉત્તર એટલો જ છે કે, જ્યાં ષડ્ઋતુ યથાક્રમ અવલોકન કરાવે છે એવો બીજો દેશ પૃથ્વીના પડમાં ક્યાં છે? તથાપિ એના ઉપર ઉપકાર કરવા તથા ઉભય પ્રતિપક્ષીઓનાં

સુખ મ્લાન કરવા એકદી ઋતુનું વર્ણન આપણી રસીલી ભાષામાં કરી બતાવ.

નટી—(નમન કરી) જેવી પ્રાણપતિની આજ્ઞા. અરે પારિપાર્શ્વક ! શ્રવણ કર અને શીખી જા.

ધ્રુવતાલ.

અવલોકો વિદેશી લોકો, રોકો દૃષ્ટિ આ વરષામાં;
ના ભાળો ના ભાળો, ચાતુર ! ચાતક તરષામાં.
નવયૌવન કો નારી, રહી લીલી સાડી ધારી,
ભાત ઇંદ્રગોપશું પાડી, અષ્ટાદશ વનસ્પતિની વાડી,
વિયતરંગ વિહંગમ અનંત વહંત. અવલોકો૦
અસુધર પશુ મદમાતાં, રાતાં તાતાં આ વરષામાં,
પતિપત્ની સંયોગી નવ રોગી, ત્રૈ' શુચિ સુખ પરશામાં.
શું ધરવે ધાન્ય જાઇએ વારી, શું પરવે માન્યની બલિહારી;
આ નંદન વન તોંય, અધિક ગુર્જર ભૂમિ હોય,
વા શકે રંગભૂમિ ઝુમી ઝઝુમી આ. અવલોકો૦

૧૭. તપોવનમાં વાઘ.

દ્વારપાલિકા—દેવશ્રીનો જયજયકાર થાઓ. મહારાજ! તપોવનમાંથી દુઃખના પોકાર કરતું મુનિનું મોટું કુટુંબ દ્વાર આગળ આવી ઉભું રહ્યું છે, અને તે આપને દર્શન દેવાની ત્વરા કરે છે.

સંવરણ—હાં, હાં, તેમને રોધ કર્યા વગર સત્વર આવવા દે પ્રિયા! અર્ઘપાદ્યાદિ તૈયાર કર. (રાજા ઉઠી તેમને સામો તેડવા જાય છે અને બે મુનિ, બે મુનિપત્ની અને ચાર મુનિકુમારો આસનાદિ આપી સન્માનપૂર્વક તેડી લાવી બેસાડે છે.)

મુનિ—અહો નૃપાલ! આદરસત્કારની કંઇ આવશ્યકતા નથી તેમ તે સ્વીકારવાનો અવકાશ પણ અધુના નથી.

સંવરણ—(સભય) મુનિ શાર્દૂલ! મારો એવો શો અપરાધ થયો છે કે આપ પૂજાદિ ગ્રહણ કરતા નથી, કે સ્થિર ચિત્તે બેસતા પણ નથી?

બી. મુનિ—વત્સ સંવરણ! તારો અપરાધ નથી અને ગણીએ તો છે પણ; તે એ કે, મુનિકુલનું ભૂપાળોએ આળસ વિહીન થઇ રક્ષણ કરવું જોઇએ, તે તારાથી થતું નથી. તેથી જ અમારા જેવા અનેક મુનિઓના કુટુંબની આ દશા થઇ પડી છે! શિવ શિવ! તપોવનની શી દુર્દશા!! (એવામાં કાંઇ ખડખડાટ થવાથી સર્વ મુનિ કુટુંબ એકાએક ભયગ્રસ્ત થઇ) હાય દૈવ! અહીં સુધી પણ વ્યાઘ્ર આવી પહોંચ્યો! (એવે આર્ત્તનાદ સાથે કુમારો મુનિપત્નીઓને બાઝી પડે છે અને મુનિઓ આમથી તેમ ભરાઇ જાય છે તેમને આશ્વાસન કરી.)

સંવરણ—મહાશયો! શાંત થાવ. શું કોઇ દુષ્ટ વ્યાઘ્રે તપોવનમાં તાપ ઉપજાવ્યો છે? દ્વારપાલિકે! દ્વારપાલિકે! કેમ કોઇ ઉત્તર દેતું નથી?

દ્વારપાલિકા—(દોડતી પ્રવેશ કરી) મહારાજ! મહારાજ ! શી આજ્ઞા છે ? મને મુનીશ્વરોના સત્કાર માટે દેવીએ આ સાહિત્ય લેવા મોકલી હતી.

સંવરણ—(સકોપ) શું બીજું કોઇ નો'તું ? જા જઇ સત્વર સુરથને રથ સજ કરી આવવા કહે.

દ્વારપાલિકા—(નમન કરી) જેવી દેવશ્રીની આજ્ઞા. (એમ કહી જાય છે.)

સંવરણ—(નેપથ્યાભિમુખ નિહાળી) કોણ એ સુકેશી કે ?

સુકેશી—(ઉતાવળી પ્રવેશ કરી) હા મહારાજ ! શી આજ્ઞા છે?

સંવરણ—જા જઇ સચિવને સૂચવ કે હું તપોવનનો તાપ ટાળવા સત્વર સિધારૂં છું. માટે તેમણે રાજકાજની યથાર્થ વ્યવસ્થા રાખવી.

મુનિ—અરે દુષ્ટ ! તું તારી વ્યવસ્થા કરવા રહીશ એટલામાં તો શાર્દૂલ સારા તપોવનના તાપસોનો નાશ કરી નાખશે ! શું તારા પૂર્વજો તારા જેવા હતા ?

સંવરણ—(સવિનય) મહર્ષિ ? આ રથ આવ્યો. હવે હું એમાં બેસી નિમિષમાત્રમાં તેનો નાશ કરૂં છું. મુનિશ્વરોને રક્ષણ કરવામાં તો મારા પૂર્વજો જેવો હું નથી, કિંતુઃ—

ઇંદ્રવિજય.

આ ધનુ આ શર આ નરકિંકર, હસ્ત ધરે નવ ઇંદ્રથી હારે,
જો કરીને મુનિઘાત ગયો લહું, શાર્દૂલી ગર્ભ ન ઉદર ધારે;
સંયમની સુધી જાઊં હહું નહિ, જીતું હું જો યમ આવી ય વારે,
હે કરૂણાકર ! શાંતિ ધરો ચિત્ત, આશ ન અન્ય વસે ઉર મારે.

બી. મુનિ—(સકોપ)

નારાચ છંદ.

ભલે બળે કળે જીતે તું ઇંદ્ર આદિ સર્વને,
વળે ન કાંઇ વાઘથી લહું હું ખાલી ગર્વને;
હવે ન તાપ શાંત થાય શાપ દેઉં આ પળે,
ખરેખરૂં કહું જદા તદા તું સ્વલ્પમાં બળે.

(ઉતાવળો દોડતો સારથી પ્રવેશ કરી)

સુરથ—આયુષ્મન્! સર્વ ઉપસ્કર સાથે રથ તૈયાર કરી આણ્યો છે.

સંવરણ—(મુનિઓને નમન કરી) કેમ મહાનુભાવ! આપનો ...ા વિચાર છે?

મુનિ—એટલે શું અમને તું સાથે લઇ જવા ધારે છે?

સંવરણ—ના મહારાજ! મારી એવી ઇચ્છા નથી. (નેપથ્ય ...ણી જોઇ) વસંતક! વસંતક!

વસંતક—(ઉતાવળો આવી) કેમ વયસ્ય! શી આજ્ઞા છે? ...રે આજ આટલે કાળે દક્ષના યજ્ઞમાંથી વિજય મેળવી આ મુનિઓ ...હીં ક્યાં આવી ચઢયા છે? (સંકપ) શું રૂદ્રદેવ આવે છે તેમની ...ધાઇ એમને કહી સંભળાવવા મને બોલાવ્યો છે?

સંવરણ—(સકોપ) અલં; આ મુનીશ્વરોનું યથાર્થ અતિથિ...ણું મારા આવતા સુધી થાય એમ કરજે. (રાજા સર્વને નમન ...રી જાય છે તેમ મુનિઓને માર્ગ બતાવતો વસંતક પણ ગમન ...રે છે.)

સંવરણ—આર્ય સુરથ, અહર્નિશ તપાચરણ કરનાર તપસ્વીઓને ...ી રીતે ખબર પડે કે આ સંવરણના શરસંધાણ આગળ સાક્ષાત્ ત્રિપુરારિનો રક્ષણ કરેલો શાર્દૂલ હશે તથાપિ તેનું કાંઇ વળવાનું નથી.

સુરથ—આયુષ્મન્ ! દેવશ્રીનું કહેવું સત્ય છે, કેમ કે—

વૈકુંઠધામાછંદ.

આપના વીર્યને ધૈર્યને ધર્મને, પર્મ જે કર્મને ધ્યાનમાં શું ધરે ?
શબ્દરૂપી શરે યાતુધાનો મરે, શાર્દૂલે શું સરે એ મર્યો કે મરે !
આપના તાપનું માપ ત્રૈલોકમાં, ઇંદ્ર કે રૂદ્ર કે એ વિના કો કરે ?
તાપસી તરંડા હે હરિ ! હર્બંડયા, નીર ને ક્ષીર તે એક પાત્રે ભરે !

સંવરણ—ના ના એમ તો નહિ જ; કિંતુ ભય એ પ્રાણીમાત્રને વિહ્વળ કરનાર છે, તદપિ સામંતો અન્ય જનો કરતાં કંઇક વિશેષતા દર્શાવે છે. નહિ તો:—

માલિનીછંદ.

ભય વયધર સૌની, શાંતિ કાંતિ ભગાડે,
જનમન દુઃખકારી, લક્ષમાં લે' લગાડે;
સુર અસુર વિધાતા, શંભુ સૂતા જગાડે,
અશરણી મુનિ બિચારા, એહમાં શું બગાડે !

સુરથ—આયુષ્યમન્ ! ભય એ દુર્ધર દાનવ છે પરંતુ તેનું આડમ શૂરવીર દેવ સાથે કંઇ પણ ચાલતું નથી.

સંવરણ—આર્ય સુરથ અદ્યાપિ રથ કેમ લાગ્યો નહિ ?

સુરથ—આયુષ્યમન્ ! મેં અશ્વશાળા પાસે જ તૈયાર કરી ઉભો રાખ્યો છે. (સામેથી પ્રધાનને આવતા જોઇ) દેવશ્રીનો જય થાવ; પ્રધાનજી સામેથી આવતા જણાય છે.

સુષેણ—દેવાધિદેવનો જય થાવ. મને સુકેશીએ તપોવનના સર્વ સમાચાર કહ્યા. માર્ગે આવતાં સુરથે સજ કરી રાખેલો રથ પણ જોયો

અને મેં સેનાપતિને સત્વર કહેવડાવ્યું તેથી તેઓ સેના સહિત તૈયાર થઇ ઉભા છે.

સંવરણ—ધન્ય છે! તમારી કુશળતા વિષે કંઇ પણ કહેવા જેવું નથી; તથાપિ મુનિઓના મહાત્મ્યનો ઉપમર્દ કરી વ્યાઘ્રે વિનાશ કર્યો છે, તેથી કહેવાનું કે—

માલિની.

ધન સમ સમદષ્ટિ રાખી પાળો પ્રજાને,
તન મન ધન જાણો, કાપી કૂડી કજાને;
તન થકી અસુ જાતાં, જે વિધે ખેદ ધારે,
પુરજન તજતાં તે, ખેદ છે અંગ મારે.

અપિચ—

ગીતિ.

તો પણ જાવું જોએ, કારણ પૂર્વ સુકૃત આચરવું;
પ્રાણ પ્રજા મમ સોંપી, આ વપુ ધરી મેં તપોવને ફરવું.

સુષેણ—(નમન કરી) દેવશ્રી ? હું પ્રજાને પ્રાણ કરતાં અધિક ગણી પાળીશ તથા આ પ્રમાણે તેનું પોષણ રક્ષણ પણ કરીશ.

ગીતિ.

પાળે પૂરે પ્રેમે, રક્ષે માતા સવત્સ સંતોષી;
તે પેરે હું પ્રજાને, પાળું રક્ષું સદાય નિર્દોષી.

સંવરણ—ધન્ય છે. સુષેણ! તમે એ જ પ્રમાણે પ્રજાનું પાલન કરશો. એમ હું સારી પેઠે જાણું છું. (એવે ઉપસારથી પ્રવેશ કરી આ પ્રમાણે કહે છે.)

ઉપસારથી—(નમન કરી) દેવશ્રીનો જયજયકાર થાવ. મહારાજ! ા હોય તો રથ અહીં લાવું.

સંવરણ—ના અમે ત્યાં જ આવીએ છીએ. પ્રધાનજી! તમે રપણે પ્રજાનું પાલન કરજો. એ વ્યાઘ્રને વિદારી હું સત્વર ં છું.

સુષેણ—દેવીશ્રીનો માર્ગ સુખરૂપ થાવ. દેવાધિદેવ! હું પણ કુટુંબ ભોજન કરી રહ્યું હશે તેમની સ્વેચ્છાનું અનુવર્ત્તન કરવા જાઉં છું.

સંવરણ—હા, હા, તેમ કરો. સુરથ! હવે સત્વર જવું જોઇએ.

સુરથ—આયુષ્યમન્! જેવી ઇચ્છા. (સર્વ જાય છે.)

(વર્તુલાકારમાં ઉભેલા અનેક મુનિઓ, મુનિપત્નીઓ, મુનિકુમારો મુનિકુમારીઓ પ્રવેશ કરે છે.)

પહેલો મુનિ—અરે વામદેવ! સહુને સહુની પડી છે. નાગનાથ મહાભાગને સંવરણ પાસે ગયે અતિ કાળ થયો પરંતુ "વપુ યું એટલે વિશ્વ પોષાયું" એ ન્યાયે તેનો ભય દૂર થયો એટલે રા ભયની તે શા માટે ચિંતા કરે ?

બીજો મુનિ—ના ના સોમદેવ! એમ તો કેમ કહેવાય ? આ· સર્વેએ મળી તેમને યોગ્ય માન્યા અને બધા ભયમાં રહી તેમને ય સ્થાને મોકલવા યત્ન કર્યો, તે તેમના જાણવામાં છતાં એમ કરે ?

મુનિપત્નીઓ—એમ ન કરે ત્યારે હવે તેમનાં દર્શન કરજો એ. અમે તો કહ્યું'તું કે કામેશ્વરને મોકલો પણ અમારૂં કહ્યું કાણ ?

મુનિકન્યાઓ—માતાજી ! એ ય બિચારા શું કરે ? વાઘનું નામ સાંભળી રાજાએ સાહાય કરવાની ના પાડી હશે ત્યારે તેડવા જનાર શું કરે ?

મુનિકુમારો—અમને મધ્ય રાખી વૃદ્ધ વૃદ્ધ આગળ પાછળ કેમ ઉભા રહ્યા છો ? અહો ! અમે તો ઘણા ય વાઘના કાન પકડી તેની ક્રીડા કરીએ છીએ. આ અમારી લાકડી જોઇ ! એનાથી જ વાઘને મારી નાખીશું ! જવા ઘો અમને; અમારા તો પગ દુઃખે છે !

મુનિપત્નીઓ—બાપુ ! આ વ્યાઘ્ર તપ મહિમાનું ઉલ્લંઘન કરનાર છે ! અને વાઘણ સાથે હોવાથી વકરાયલો છે; માટે આમ આવો; નીચા નમી વચ્ચે ઉભા રહો.

મુનિકુમારો—(લાકડીસહ) ના ના, અમે તો જઇને તે વાઘને મારી આવીશું. એના તે શા ભાર છે ! (એવે રથના પડઘા તથા ચક્રનો અવાજ થાય છે તેથી વાઘ ઉતરી આવ્યો એમ સમજી મુનિઓ ગભરાય છે અને એક ઉપર એક પડી જાય છે અને વાચા પણ બંધાઇ જાય છે એવા મુનિકુટુંબનું અવલોકન કરતો રથારૂઢ રાજા પ્રવેશ કરે છે.)

સંવરણ—(આશ્વાસનપૂર્વક):—

ગીતિ.

આ સંવરણ સહાયે, આવી પોં'ચ્યો હવે ન ફીકર કશી;
તપ સ્વાધ્યાયન સાધો, વાધો સમ્યક સદા સુશીલ ઋષિ !

(કોઇ પણ જવાબ દેતું નથી.)

સુરથ—આયુષ્મન્ ? આ પરાક્રમ અવલોકવા યોગ્ય છે.

સુરેશ્વર છંદ.

નથી નથી સુર અસુર સમર્થ, નથી હરિ વિધિ સદાશિવ જેવા,
નથી નથી નાગ નથી વડભાગ, ભસ્મે ભૂમિદેવ કરે સહુ સેવા.
નથી નથી વૈશ્ય નથી નથી શુદ્ર, નથી પશુ કે અશુધારી એવા,
કથી ન કથા કદી જાય જરૂર, ભસ્મે ત્રિપુરારિ મહાભય દેવા !

સંવરણ—આર્ય સુરથ ! સત્ય છે. અહો મુનિશ્વરો ! હું સર્વ તપસ્વીઓનો કિંકર આ તપોવનનું રક્ષણ કરવા આવી ઉભો છું, તેથી આ બાલવૃદ્ધે નિર્ભય થઇ વર્તવું ઉચિત છે. અહો ઋષીશ્વરો ! સાવધ થાવ સાવધ થાવ.

મુનિઓ—(ધીમેથી આંખ ઉંચી કરી જોઇ માંહોમાંહે) અરે ભ્રાતા ! માતા ! ત્રાતા ! આ તો આપણું ત્રાણ કરવા મહાત્મા સંવરણ રથારૂઢ થઇ પધારેલા છે માટે સાવધ થઇ એમને જે કહેવાનું તે કહીએ.

સંવરણ—(નમન કરી) અહો ભૂદેવો ! ઉઠો ઉઠો હવે કંઇ પણ ભય નથી.

પહેલો મુનિ—હવે કંઇ પણ ભય નથી; કિન્તુ ભય આવવા જ શા કાજે દીધો ? શું તું અમારો પ્રભાવ નથી જાણતો ?

શાર્દૂલવિક્રીડિત.

જો કે પાવક સર્વ ગર્વ કરી રહે, તેથી ન કાંઇ બળે,
જો કે અગ્નિ ઝરે ત્રીજા નયનથી, તે દેવથી શું વળે ?
વારિમાં વડવાગ્નિ વૈરી થઇ રહે, ના જોર તેનું મળે,
શાપાગ્નિ સમ અગ્નિ કો નથી નથી, પામે તું તે આ પળે.

સંવરણ—(નમન કરી) મહાનુભાવ ! હું મહર્ષિઓના સામ-

થી સર્વ પ્રકારે તો નહિ પરંતુ કિંચિત્ જાણીતો છું; તથાપિ રી અજાણમાં વ્યાઘ્રે વિનાશ કર્યો તેની ક્ષમા કરશો.

બીજો મુનિ—અરે ! અમે કંઇ વ્યાઘ્રથી બીહીતા નથી; પરંતુ રૂં કાર્ય અમારે શા સારૂ કરવું જોઇએ ? (એવે ગર્જના કરતો ાઘ્ર પર્વત પર દેખાય છે તેને જોઇ સર્વ મુનિઓ એક એક ઉપર ો જાય છે. અને કેટલાએક ઓ વા–ઘા–વ–ઘ એમ બોલતા ાંના ત્યાં જ ઉભા રહે છે.)

સંવરણ—(વ્યાઘ્રને જોઇ સહર્ષ) આર્ય સુરથ ! જરાક આગળ લે એટલે હું એને યમપુરીનો માર્ગસ્થ કરૂં. (સારથી ન કરે છે અને રાજા શરસંધાણ કરી વ્યાઘ્રને મારે છે. વ્યાઘ્ર મ તન ાણે નાસવાનો યત્ન કર્યો છતાં શરથી જોડાઇ આર્તનાદ ી પૃથ્વી પર પડે છે.)

સુરથ—(રાજાને પુનઃશરસંધાણ કરતો જોઇ) હાં હાં નરેશ્વર રણ કરો.

વસંતતિલકા.

જો શૂલ શંભુનું કદી, વળી પાછું આવે,
જો વજ્ર વાસવતણું, ન અરિ શમાવે;
બ્રહ્માસ્ત્ર બ્રહ્મતણું જો અરિના નમાવે,
ત્યાંથી ન સંવરણનું, શર પાછું આવે.

સંવરણ—શું આર્ય સુરથ ! ત્યારે તે વ્યાઘ્ર મરાયો જ કે ?

સુરથ—એમ કહેવું શા કાજે જોઇએ તે તો શરસંધાણ થતા- જ યમપુરી ભણી જઇ પહોંચ્યો. આયુષ્મન્ !

દોહરો.

સિંહણી ગર્ભ કદી ધરે, જો નૃપ ! બીજી વાર;
તો બ્યા પુનઃશરે ચઢે, નિશાન લહી નિરધાર.

સંવરણ—તો હવે આપણે મુનીશ્વરોને સાવધ કરવા જોઇએ. (રથમાંથી ઉતરી મુનિ પાસે જઇ) મહાશયો ? શાર્દૂલનો અંત આપના સેવકથી આવ્યો છે, માટે હવે નિર્ભયતાથી તપશ્ચર્યાનો આરંભ કરો.

પહેલો મુનિ—(સાવધ થઇ) શું શૂરશિરોમણિ ! તેં વાઘ વાઘણ ઉભયનો અંત સ્વલ્પ સમયમાં આણી દીધો ? વાહ ધન્ય છે ! ધન્ય છે ! !

સંવરણ—મારા જોવામાં તો એકલો વ્યાઘ્ર આવ્યો તેને જ મેં માર્યો.

બીજો મુનિ—(સકોપ) અહો ! વાઘને મારવામાં તે શું પરાક્રમ કરવાનું હતું ? એને તો અમે આ અમારી જેષ્ઠિકાથી પણ પુરો કરી નાખતઃ પરંતુ જે વિકાળતા રહેલી છે તે વાઘણમાં જ છે.

સંવરણ—મહાનુભાવ ! તે વાઘણ મારા જોવામાં આવી નથી; પરંતુ આપ સ્થિર થાવ; હું તેનો નાશ કરી સ્વલ્પ કાળમાં અહીં આવું છું.

ત્રીજો મુનિ—હવે અમને એકલા મુકી ક્યાં જાય તે ! શું હવે અમારે થોડા સારૂ તને શાપ દેવો કે !

સંવરણ—આર્ય સુરથ ? આ સર્વ ઋષીશ્વરોનું તમે અહીં

રહી રક્ષણ કરો. હું તે દુષ્ટાને વિદારી વહેલો વળી આવું છું. પર્વત પર રથને ચઢવાનો માર્ગ પણ નથી.

સુરથ—જેવી દેવશ્રીની ઇચ્છા. પણ સેવકને સેવા કરવા સાથે લીધો હોત તો ઠીક !

સંવરણ—ના ના, તેમ કરવાની કંઇ જરૂર નથી. તમે આ સર્વ મુનિઓ સહ જળસ્થાન પર બેસો અને આપણું સૈન્ય આવે તેને પણ ત્યાં નિવૃત્ત કરો. આ હું આવ્યો ! (એમ કહી ધનુષ્ય બાણ લઇ રાજા જાય છે અને પછી રથ તથા મુનિઓ પણ જાય છે.)

(પર્વત પર વાઘને શોધતી વાઘણ આવે છે અને તે રાજાને નીડરપણે ઉપર ચઢી આવતો જોઇ ભય પામી પાછી ભાગી જાય છે.)

સંવરણ—અરે શું વાઘણ પાછી નાસી ગઇ ? આ કંઇ કૃત્રિમ-પણું કે માયા તો નથી ? જો એમ ન હોય તો માનવને જોઇ એ પાછી નાસે કેમ ? અરે હાં, ઠીક સ્મરણ થઇ આવ્યું.

ભુજંગી છંદ.

અરે વાઘણી હું તને શ્હ્રી જાણું,
અરે જાય ક્યાં આ ભર્યું માંસભાણું,
ઉભી રૂહે ઉભી રૂહે તદા તો પ્રમાણું,
ભલે નાસી જા બાણ છે ના અજાણ્યું ?

(એમ કહેતો તેની પાછળ દોડી જાય છે.)

સેનાની—આર્ય સમરસિંહ ! આટલું કહ્યાં છતાં પણ તમને આ કાર્યની સુપરત કરૂં છું; અને વિશેષમાં આ વસંતકને તમારી

કને મુકી જાઉં છું. જોજો એ નૃપપ્રિયને કંઇ હરકત ન પડે. કેમ વસંતક ! અહીં ઠીક ન પડે તો ચાલો મારી સાથે.

વસંતક—હજી તમે ગયા નથી ? જાવ ભાઇ જાવ; મારો તો અથડાઇને અડદાળો નીકળી ગયો છે. બળ્યો આ શિકાર અને મુઆ આ મુનિઓ ! એમને તે કેટલા કાળ કાઢવા હતા કે મારા જેવા મહાનુભાવને મોદક સાથે અંતર પાડવા બેઠા છે ? વાઘણે કેમ વાઘની પેઠે વે'લી મરી જતી નથી ? જાવ જાવ તેને જઇ પૂરી કરી આવો.

સેનાની—મહારાજ મોદક મારવાના નથી ! તમે જ જરા ઉતાવળે એટલું કામ કરી આવોને ! (એવે વાઘણનો આર્ત્તનાદ સંભળાય છે. તેથી સેનાની તે તરફ દોડી જાય છે; બીજા જેમ તેમ સાવધ થઇ ઉભા રહે છે; અને વસંતક અતિ કંપ સાથે જડ બની જાય છે, તેને સાવધ કરી)

સમરસિંહ—આર્ય વસંતક ! સાવધ સાવધ. ભયગ્રસ્તને એ જાનવર પહેલું હણે છે.

વસંતક—(સાવધ થઇ આમ તેમ જોઇ) ઓ ભાઇઓ ! 'મને પેલા ઝાડ પર ચઢાવી દઇ તમે નીચે ના ઉભા રો' ? પરમેશ્વર તમારૂં કલ્યાણ કરશે; અને હું તમારો ગુણ કોઇ દહાડો નહિ વીસરૂં હો ! રાજાને સમજાવી હું કહીશ, કે વાઘણ તમે બધાએ જ મારી. નક્કી મારાથી જે તમારૂં સારૂં થશે તે કરીશ પણ મને ઉતાવળે ઝાડ પર ચઢાવી દો; નીકર મારો જીવ જશે !

સમરસિંહ—ભાઇઓ ! આ પાસે જ ઝાડ છે માટે ત્યાં જઇ ઉભા રહીએ એટલે ઉભય અર્થમાં બાધ આવશે નહિ; અને જો એમ નહિ કરીએ તો આ બ્રાહ્મણનો જીવ જરૂર જતો રહેશે,

સર્વ—હા એમ કરો એમ કરો. અહીં અને તહીં ઉભા રહેવું એ આપણે તો એક સરખું જ છે. તો ભલે પરમાર્થ શા કાજે ન કરી લેવો ?

વસંતક—તમો સર્વનું કલ્યાણ થશે ! મહારાજ ! જાણે તમે જ મને જીવતદાન આપ્યું !! (સર્વે ઝાડ ભણી જાય છે.)

---

૧૮. રાજા અને વિદૂષક.

વસંતક—આપણી ચતુરાઇ, તે આપણી કને જ છે. અરે એટલું ય શા કાજે ? જેમ સૂર્યની સમાન ઉપમાએ સૂર્ય, સમુદ્રની સમુદ્ર, ચંદ્રની ચંદ્ર, પૃથ્વીની પૃથ્વી, પરબ્રહ્મની પરબ્રહ્મ, તેમ આપણી ઉપમાને યોગ આપણે પોતે જ છીએ. અમારો પોતાનો ધંધો, રોજગાર, ઉદ્યોગ, વણજ, વેપાર કે જે કહો તે તો એ જ કે રાજાની ઇચ્છાનુસાર વર્તન કરી, મોદક પર હાથ મારવો. રાજાની મનોવૃત્તિ વર્તી વર્તતાં ઉંધાતું છતું અને છતાનું ઉંધું પણ વખતે કરવું પડે, એટલે જેનું હિત આપણાથી થયું હોય તેને આપણે આંખના પાટા કરતાં પણ વધારે વહાલા લાગીએ, એ તો દેખીતું જ છે, તથાપિ આ તરૂણ વિપ્ર તાલમેલ કરવામાં કયાં કાચો છે, કે તે એક જ માર્ગી થઇ મૂઢ બને. રાજાને ગમતું બોલીએ અને દેવીનું મન રીઝવીએ, એમ છતાં ય કદી દેવી ક્રોધે ભરાવા જેવું કંઇ થઇ ગયું તો તે કયાં આપણું કામ હતું ? ગાજરની પીપુડી વાગી ત્યાં સુધી વગાડી અને ના વાગી—(એટલે અરધું બોલે છે એવામાં રાજાને સામેથી આવતો જોઇ ગભરાયલા જેવો બની જાય છે.)

સંવરણ—બોલ, બોલ વયસ્ય ! શું બોલે છે ? વાગીનો બાકી રહેલો સંબંધ જાગી પૂરો કર. વાહવા ! કાર્ય તો કરવા

જોગાં જ કરતા દેખાઓ છો ? મેં તને કીયા કાર્ય માટે મોકલ્યો હતો, તેનું ય કંઇ સ્મરણ છે કે ? શું કરવા હોય ! અસત્ય ત્યાગી, વાગીનો સંબંધ તો પૂરો કરવો જ જોઇએ. મેં તારા બોલે બોલ શ્રવણ કર્યાં છે. ચાલ સત્વર કહી દે.

વસંતક—આમ થયું, એમ થયું, તેમ થયું, કેમ થયું, (અ-ટકી જઇ) મહારાજ ?

સંવરણ—(સોટીનો પ્રહાર કરી) કેમ વયસ્ય. વાગે છે કે ? જો સાચે સાચું નહિ બોલે તો જેમ મહુઅરથી મણિધર ડોલે તેમ આનાથી (લાકડી બતાવી) તને ડોલાવી લેવો પડશે.

વસંતક—વયસ્ય ! વાગે છે હો ! જાઓ, નથી કહેતા. (એટલું બોલી નાશી જવા જાય છે. તેને દોડતો પકડી પાડી)

સંવરણ—વયસ્ય ! તને વાગ્યું ? જો એમ થયું હશે તો મને ખેદ થશે. મારાથી તો સેજ હસવામાં એમ કરી જવાયું.

વસંતક—ઠીકસ્તો " મીંદડીને મન હસવું થાય અને મૂષકને મન જીવ જાય " તેમાં ક્યાં તેને " નહાવું નીચોવવું પડે તેમ છે ? "

સંવરણ—ના રે ભાઈ ના; એમ તે હોય ? પણ હવે 'વાગી' વાળું વાક્ય ઝટ પૂરૂં કરી બતાવ, એટલે તારો અને મોદકનો મેળાપ સત્વર કરાવી દઉં.

વસંતક—થવાનો હશે તો તમારી લીધેલી હઠ પૂરી કરાશે તો જ થશે. એ તો મને તમે આરંભાએલા પુત્રેષ્ટિની પૂર્ણાહુતિ જોવા મોકલ્યો હતો ત્યાં પુરોડાશને ઠોકર વાગી અને તેથી તે અપવિત્ર થયો તેને જેમ તેમ કરી પવિત્ર કરી લીધો; એવામાં શ્વાને આવી

પૂરેપૂરી પૂર્ણાહુતિ કરી દીધી !! આમાં તે શા ખુશીના સમાચાર હતા કે તમને પૂછતાંવાંત જ કહી દઇએ ? (સ્વગત) જો બંધાય છે તો "ફેરવી બાંધી" છે તો ખરી.

સંવરણ—(સખેદ) વયસ્ય ! દેવીને આ વાત મહા દુઃખ દેનારી થઇ પડશે. જો શ્રવણ કરઃ—

ગીતિ.

ધાર્યું ધરણીધરતું થાયે, માનો મનોર્થ બુદબુદા;
તે લય થાતાં દુઃખકર, ઉપજે માનસ મહા રહે મુદા.

વસંતક—મહારાજ ! મારે તો "સોળમી ઘડી જાય છે," માટે ઘર ભણી વળવાની વાત બને તો તો જાણે જીવતદાન તમે જ દીધું ગણાય.

સંવરણ—(સાવધ થવાનો અભિનય કરી) હા, હા, વયસ્ય ચાલો ચાલો. (વસંતકને ખભે હાથ મુકી ધીમે ધીમે બંને જણ જાય છે.)

ટીકા.

૧. કંસ દેવકીને સાસરે વળાવતો હતો ત્યારે આકાશવાણી થઈ કે 'દેવકીથી આઠમો ગર્ભ તને મારશે' તે સાંભળી તે દેવકીને મારી નાખવા જતો હતો તે વખતે વિના અપરાધે હોંસઆરતથી ભરેલીને નહિ મારવા ભાઈને તે દીન વાણીથી કરગરે છે.

દેવકી–કંસના કાકા દેવકની પુત્રી, વસુદેવની સ્ત્રી ને શ્રી કૃષ્ણની માતા. વલવલી–ટળવળી. માન માગવું–કાલાવાલા કરવા. પાપનો પોટલો–પાપની ગાંસડી. ઉગ્રસેન–મથુરા નગરીના યદુવંશી રાજા અને કંસના પિતા. પડે........મુદ્રડી–હાથની આંગળીમાંથી વીંટી નીકળી પડે છે. વેણી–ચોટલો. સેસ–વરકન્યાનાં લગ્ન વખતે વરના અથવા કન્યાના હાથમાં નાળિયેર, પાન, સોપારી અને રૂપિયો મુકવાં તે. તંબોળ–પાન. (લગ્નક્રિયામાં વરકન્યા એક બીજા ઉપર પાનની પીચકારી મારે છે તે.) સાવલિયું–પાનેતર; ઝીણું કપડું. નથી......સાવલીએ–લગ્નમાં થએલી ક્રિયા એટલી બધી તાજી છે કે તંબોળ છાંટયાનો રંગ કપડા પરથી હજી સુકાયો નથી. દુનિયાનો લ્હાવો મેં લીધો નથી. છઉં......ભરી–હોંસઆરતવાળી. પાવલીએ–પગે. વોળાવી–સાસરે જવા વદાયગીરી આપી. મને ઘણું આપ્યું; હું ધરાઇ ગઇ. કટાક્ષમાં બોલે છે. ગજગામિની–હાથીની ચાલ જેવી ચાલ ચાલવાવાળી. બાપુડાં–બિચારાં; ગરિબડાં. વસુદેવપતિ–શ્રી કૃષ્ણના પિતા. દેવતા-કશ્યપના અદિતિથી થએલા પુત્રો. તેમની સંખ્યા તેત્રીશ કરોડની કહેવાય છે.

૨. આ કાવ્યમાં શ્રીકૃષ્ણ જન્મતા પહેલાં દેવકીને દર્શન દે છે તેનું, ને દેવકીને સ્વપ્ન આવ્યા વગેરેનું વર્ણન છે.

શુકજી–વ્યાસના પુત્ર. એ પહેલે જન્મ પોપટ હતા. યોગનિદ્રા–માયાવી ઉંઘ; સૃષ્ટિની ઉત્પત્તિ વચ્ચેનો સમય. એ સમયમાં બ્રહ્માની જે નિદ્રા તે. હવી વ્યાપ્તમીન–ફેલાઇ. અયુત–દશ હજાર. બક બકી–કૃષ્ણે મારેલા રાક્ષસો. ગોવર્ધન–ઇંદ્રની પૂજા નહિ કરતાં શ્રીકૃષ્ણે જે પર્વતની પૂજા કરાવી હતી ને ઇંદ્ર કોપ્યા ત્યારે તેમણે ટચલી આંગળીવતી જેને ઉંચો કર્યો હતો તે પર્વત. ભોયંગ–નાગ. ઉખળ–ખાંડણિયું. પાર્થ–અર્જુન. ભક્તવત્સલ–સેવક ઉપર વહાલ રાખનાર. લીલાએ......ધારી–અવતાર લીધો; શરીરધારણ કરી અદ્ભુત કામ કર્યાં. નિષ્કર્મ......ભક્તનું–ઇશ્વરભક્તિ શિવાય બીજી કશાની જેને ઇચ્છા નથી એવા શ્રીકૃષ્ણ ભગવાનને માત્ર પોતાના ભક્તનું જ કામ કરવાનું હોય છે. ગાત્ર–શરીર. કહેવા માત્ર–નામનું; ખરેખરૂં નહિ. અધોમુખ–ઉંધે માથે બાળક જન્મે છે તે પહેલાં માના ઉદરમાંની અધમસ્થિતિ હરિ પોતે / જગતનું કારણ હોઈ કેમ લે? ઉમયાનાથ–શંકર, શિવ. નિગમ–વેદ. રોહિણી–સત્તાવીસ નક્ષત્રોમાંનું એક નક્ષત્ર. આનંદપર્વ મંડાયું–સુખની શરૂઆત થઇ. રાજે–શોભે. વૈજયંતી–ભગવાનની ડોકમાં પહેરવાની પગ સુધી પહોંચતી માળા. મકરાકૃત–મગરના આકારનું. નખશીખ–પગથી માથા સુધી. સાંસે પડિયા–વિચારમાં, સંદેહમાં પડ્યા.

૩. બાળક જન્મ્યા પછી માતાનો ભાવ, તથા બાળકનાં ચિહ્નો કવિએ ચીતર્યાં છે.

સંકલ્પ–પ્રતિજ્ઞા, નિયમ. હાથા–કંકુવાળા હાથના છાપા. અંજલિ–ખોબો. પરને–પારકાને.

૪. શ્રીકૃષ્ણ નંદને ઘેર પધાર્યા તેથી દેવકીના હૃદયમાં વિજોગની જે બળતરા થાય છે તે બતાવે છે, તથા જસોદાની સાથે પોતાની સરખામણી કરી વિલાપ કરે છે.

વણુ-વિના સાંચ્યું-એકઠું કરેલું. કીડી સાંચે ને તેતર ખાય, એ ઉક્તિ. વિધાતા-બ્રહ્માની શક્તિ. જન્મેલા બાળકના કપાળમાં છઠ્ઠીને દિવસે લેખ લખે છે તે. જે નિર્માણ થયું તે. નંદનદિની...નંદિની-પુત્રી; નંદ રાજાની પુત્રી વીજળી. બારે......ચોમાસું-મારી આંખમાં હમેશનાં આંસુ. હું.....બોલી-માત્ર મ્હોડાની; કહેવાની માતા. સાંભળ્યું......હાલી-કૃષ્ણ ભગવાન નંદને ઘેર જતા હોવાથી દેવકી બળાપો કરે છે અને કહે છે કે કદિ એવું સાંભળ્યું છે કે પોપટીને બચ્ચાં આવે ને તેને હાલી રમાડે! લાડ લડાવે! એ તો જન્મ આપે તેજ બધું ભોગવે. આતા-આત્મા; દીકરા; લાડકડા.

૫. વસુદેવને પુત્ર આપતી વખત દેવકીના મનનો ઉભરો, માતાનું પુત્ર પ્રત્યેનું હેત, સ્ત્રીનાં કોમળ અને પુરૂષનાં કઠણ હૃદય, સ્ત્રીની અધીરાઇ વગેરે કવિએ આલેખ્યાં છે.

મીઠડાં-દુઃખડાં, ઓવારણાં. અર્ભક-પુત્ર. ધન્ય......નીસર્યો-આ પ્રમાણે પોતાનો પુત્ર બીજે ઘેર જવાથી પ્રાણ નીકળી જવો જોઇએ તે મનુષ્યમાં નથી થતું તેવા માનુષી દેહને કવિ ધન્યવાદ (શાબાશી) આપે છે. ધરૂણી-સ્ત્રી. થમણી-થાપણ. વરાઠ-કજીઆળા, વઢવાડિયા.

૬. વસુદેવ ભગવાનને ગોકુળમાં લાવ્યા તે વખતનું, તથા જસોદાની સોડમાં મુકી પુત્રી લીધી તે બાબતનું વર્ણન છે.

વ્રજ વૈકુંઠ થયું રે-વૃંદાવન જ્યાં ભગવાન આવી રહ્યા હતા તે ઇશ્વરને રહેવાનું સ્થાનક વૈકુંઠ જેવું થયું. શ્વાન......સરખા-કુતરાં અને નોકરો પથરા જેવાં નિર્જીવ થયાં. ભોગળ-બારણાં વાસ્યા પછી ઉઘડે નહિ તે માટે તેની આડું રાખવામાં આવતું લાકડું. પાવસ-વરસાદ. જાદવપતિ-વસુદેવ. ભ્રમર...લહેરી-પાણીમાં થતાં ભમરા, છોલ, મોજાં વગેરે. ધરાધર-શેષનાગ. શેષ-બળરામ. ભાનુસુતા-

જંભના, એ સૂર્યની દીકરી છે એમ માનવામાં છે. સેજે-પથારીમાં. દીપક......અંશ રે-દીવો અગ્નિનો અંશ હોવાથી વસુદેવ તેને સાક્ષિ તરીકે રાખે છે. શ્રી વત્સ......એંધાણુ રે-કૃષ્ણના શરીરતાં ચિહ્નોની નિશાની રાખી. કારાગૃહ-સખત કેદખાનું.

૭. આમાં દેવકીને પ્રસવ થયાની ખબર સાંભળી આઠમો ગર્ભ જે કંસનો કાળ હતો તેને કંસ મારવા આવ્યો, તે વખતે દેવકી ભાઈને વિનવે છે કે એ પુત્ર નથી પણ પુત્રી છે, એટલે ભયનું નિવારણ થયું છે. એટલું જ નહિ, પણ અબળા હોઇ સબળને શી રીતે મારશે તેનો વિચાર કરવા તથા એટલું સંતાન જીવતું રહેવા દેવા અરજ કરે છે. પણ તે નહિ સાંભળતાં જેવી પુત્રીને તે પછાડવા જાય છે તેવી હાથમાંથી સરકી જઇ આકાશમાં વીજળીમાં મળી જાય છે, ને તેને ચેતવતી જાય છે કે તારો કાળ બીજે ઠેકાણે ઉછરે છે, તે તને મારશે.

પુત્રી......જંજાળ-દેવકીના આઠમા સંતાનથી કંસને ભય હતું, પણ હવે પુત્રને સ્થાને પુત્રીનો જન્મ થવાથી તે આધિ, વ્યાધિ, ને ઉપાધિ મટી ગયાં છે. અવશ્યમેવ-જરૂર. આઠમો......સર્વથી-કંસ કહે છે કે પુત્ર કે પુત્રી હું સમજતો નથી. માત્ર એટલું જ જાણું છું કે આઠમું સંતાન મારો દુશ્મન છે. છે .....સંતાન-આ વૃદ્ધાવસ્થામાં છેલ્લું છોકરૂં છે. ભ્રાંતિ-વહેમ; ભ્રમ. મશક-પાણી ભરવાની ચામડાની કોથળી. કેમ...મહારૂદ્ર-માણસ અને મહાદેવ વચ્ચેની લડાઇમાં પરમેશ્વર કેમ હારે? આગિયો-જીવડું. એના શરીરમાં પ્રકાશ હોય છે તેથી તેની સૂર્યની સાથે સરખામણી કરી છે. ભાણુ-સૂર્ય. શાર્દૂલ-વાઘ. મેરૂ-હિમાલય પર્વત. દશે દિગ્પાળ-ચાર દીશા, ચાર ખુણા, આકાશ અને પાતાળ એમ દશે દિશામાંના રક્ષણ કરનારા તમારે તાબે છે. કાળંજનો નિર્દય-બિલકુલ દયા વિનાનો. કાળજ-કાળજું. જેમ...... બીડીમાળ-વાવેલા ખેતરમાં દાણા ચણવા આવતાં પક્ષીઓને ઉરાડનારો.

માણસ ટોયો જેવી રીતે ગોફણ માથા ઉપર ફેરવી ગલ્લોલ મારે છે તેમ. જીંકે-પછાડે. ઝળક-વીજળી. અભ્રઘટા-વાદળાંની ઘટા. વછુટી... ગ્રહી-સખત પકડી નહિ એટલે હાથમાંથી સરી પડી. વારૂં-ઠીક, સારૂં. માતુલ-મામા. શાતા-સુખચેન, શાંતિ. સાધન-ઇશ્વરપ્રાપ્તિ માટે જપ, તપ, દાન વગેરે ઉપાય.

૮. પુત્રજન્મ થતાં માતપિતાને, સગાંવહાલાંને જે આનંદ થાય છે તેનું તથા તેને અંગે ઉજવવામાં આવતા ઉત્સવનું તથા ભાટ ચારણો વગેરેને ભેટ સોગાદ આપવાના રિવાજનું કવિ અત્રે ચિત્ર આપે છે.

અંતરિક્ષ-અદ્ધર. પંકજ-કાદવમાં ઉત્પન્ન થએલું એટલે કમળ. પનોતી-નશીબદાર; ભાગ્યવાન. ઉધડકી-ચોંકીને, ચમકીને. દેવ...... નથી રે-આ કોઇ દેવસ્વરૂપના જેવો દીકરો મળ કરતો નથી તેમ મૂતરતો પણ નથી. અખ્યાણાં-હરેક શુભ કાર્ય વખતે ઘઉં નાળિયેર કંકુ, સોપારી, પૈસો, વસ્ત્ર અને ગોળધાણા માગણને આપવામાં આવે છે તે. બંદીજન-ભાટ, ચારણ, આદિ રાજા તથા શ્રીમંતોના વખાણ કરનારા. કર્દમ-કાદવ. અશોક-આસોપાલવ. (આસોપાલવ તથા આંબાનાં પાંતરાંનું માંગલિક પ્રસંગે તોરણ બાંધવાનો રિવાજ છે.) સોવણ-સોડવણ; અસ્તર. લાખેણી લોબરી-ઘણું જ કીમતી ઓઢણું. મુક્તાફળ-મોતી. કનકપુષ્પ-સોનાનાં ફુલ. નિમુંખ-નિરાશ. (ખોરાક, પૈસા વગેરે માગેલું લીધા વિના પાછું જવું તે.) સુરભિ-ગાય. દૂધે... વુઠ્યા રે-દૂધનો વરસાદ વરસ્યો; લીલા લહેર થઇ. બધિર-બહેરો. ગોકુળથી...મરણ-ગોકુળમાં કોઇ મરતું ન હતું. ધર્મરાય-મરેલાં પ્રાણીનાં કરેલાં પાપપુણ્ય જોઇ તેનો ન્યાય કરી સ્વર્ગે કે નર્કે મોકલનાર દેવ. ગાંધર્વ-સ્વર્ગના ગવૈયા.

૯. મા કેવાં કેવાં ગીતો ગાઇ બાળકને ઉંઘાડે છે? તે વખ-

તેના હૃદયનો આંતર્ભાવ કેવો અલૌકિક હોય છે? તેમ કવિ પણ ભગવાનને આવાગમન હિંડોળે ઝુલાવે છે.

•

વારણે જાય-ઓવારણાં લે; વારી જાય.બારણાં ઉઘાડાં હોવાં-વંશવૃદ્ધિ થવી. ગયાં......દીવો-પૂર્વ જન્મનાં દુષ્ટ કૃત્યોને લીધે જે અંધકારરૂપી દુઃખ આપી રહ્યું હતું તે હવે કૃષ્ણના જન્મવાથી સુખ થયું. ઉત્તરવય-ઘડપણ. ભામણું-ઓવારણાં, દુઃખગી. સંસાર...... જીવડા રે-કવિ સંસારને હીંચકાનું રૂપ આપી કહે છે કે જગતમાંનાં કરોડો પ્રાણીઓ પોતે કરેલાં કર્મો પ્રમાણે હીંચકા ઉપર ઝુલે છે, એટલે સુખદુઃખ ભોગવે છે. આવાગમન......મથ્યા રે-પ્રાણીઓ એક પછી એક જન્મ લે છે, ને માયામાં લપટાએલાં રહે છે તે તેઓ સમજતાં નથી. મુકાશે......સંસારથી રે-તે સંસારરૂપી ગ્રહણથી મુક્ત થશે; તે મુક્તિ પામશે.

૧૦. નાનાં બાળકો નકામી હઠ લઇ માને કેવી રીતે પજવે છે તેનો, તથા માતપિતાના ખોળામાં રમતાં કેવાં ચાળા, રમતો, બાળચેષ્ટા કરે છે તેનો ચિતાર કવિ આપે છે

સુકીત-સારાં કામ. ચૌદ લોકનો નાથ-શ્રી કૃષ્ણ. હાઉ-બીહામણો માણસ. ટપ-એકદમ. દીનાનાથ-ગરીબનો બેલી શ્રી કૃષ્ણ. પદ પ્રહાર-લાત. ઉચ્છંગ-ખોળો. દહાડી-રોજ. મોડે મોડે-વાર લગાડી, લાડતાં લાડતાં, ધીમે ધીમે. દડબડ-ઉતાવળો. લદ્દી-પીશાબ. મોડીઉજાગી.

૧૧. બાળચરિત્રમાં કૃષ્ણ ગોપીઓને ત્યાં જઈ દહીંમાખણનો ડાટ વાળતા તથા અનેક ચેનકાં કરતા તે બાબત ગોપીઓની ફરિયાદ છતાં માના ધ્યાનમાં તે વસતું નથી. માનો પુત્રભાવ કવિએ બતાવ્યો છે.

રાવ-ફરિયાદ. ચાક ચઢાવ્યું-ઉથલ પાથલ કીધું. અંબા-

જસોદા. ઓશીયાળી–ઓશીંગળ; શરમીંદી. જાન–નુકશાન. આંખ ચઢાવી–ક્રોધ, ગુસ્સો કરી. શહોરાશહોર–શોર બકોર. હાથે ચડયો–કબજામાં આવ્યો.

૧૨. કૃષ્ણ દહીં ચોરતાં પકડાયાથી ગોપીઓ જસોદાને તેડવા જતી હતી તેને કૃષ્ણ કાલ્લાવાલા કરી કહે છે, કે હવે ચોરી કદી નહિ કરૂં. મને છોડો. મારી મા મને મારશે. એ બાળસ્વભાવનું ચિત્ર છે.

ઘનશ્યામ–શ્રી કૃષ્ણ. વચન......બાપનું–વ્હાલામાં વ્હાલા બાપના સમ ખાઇ કોલ આપું. અધર ડસી–હોઠ પીસી. ઘાટ વાળવો–નુકશાન કરવું. ગુંગણું–ગળામાંથી અથવા નાકમાંથી બોલવું તે; મોઢામાં કંઇ ભરેલું હોય ને બોલવું હોય તો મોઢું બંધ હોવાને લીધે નાકમાંથી બોલવું તે. કર–હાથ. સમા કરી–ઠીક ઠાક કરી. પેર–સ્થિતિ; રીત. વાટ–રસ્તો. ભારે પડયાં–મુશીબત પડી.

૧૩. છાશ વલોવવાની ગોળી કૃષ્ણથી બાળચરિત્ર કરતાં ફૂટી તેથી જશોદા ગુસ્સે થયાં અને તેને દોરડા વતી ઊખળે બાંધવા તેની પછવાડે તે દોડયાં. કૃષ્ણે જસોદાને આખું ગામ દોડાવ્યાં, પણ તે પકડાયા નહિ. આખરે હાથ આવ્યાથી આખી ગોશાળાનાં દોરડાં લઇ તેને બાંધવા માંડયા, પણ દોરડાં ખૂટયાં. કવિએ સ્ત્રીસ્વભાવની સાથે હાસ્યરસ, તથા વાત્સલ્યભાવ વગેરેનું વર્ણન કર્યું છે.

ઊખળ–ખાંડણિયું. ઉજડ વાળ્યું–દાટ વાળ્યો, નુકશાન કર્યું. ઉછંકળ–ઉછાંછળો, ઉદ્ધત. સૂરવધૂ–દેવતાઓની સ્ત્રી. દાઝે–મનમાં બળે. રીસે તરડીયું–ગુસ્સાને લીધે કપાળમાં કરચલી પડેલી. ખીટળીયાળા–વાંકડિયા. સિંહનો નખ–છોકરાને નજર ન લાગે તે માટે સિંહ, વાઘના નખ સોને મઢી ગળામાં લટકાવવાનો રિવાજ ઘણે ઠેકાણે છે. પાંખોડું–બગલમાંથી ખભાથી કોણી સુધીનો હાથ. ત્રિગુણ–સત્વ, રજ

અને તમ ગુણ. અજ-બ્રહ્મા. ત્રિપુરારિ-ત્રિપુર રાક્ષસને મારનાર; શિવ. સહસ્રશીર્ષા-હજારો માથાંવાળો; શ્રી કૃષ્ણ ભગવાન. બટુક રૂપ-બાળકનું રૂપ (બલીને મારવા ધારણ કર્યું હતું). સકળ... બંધન-પ્રાણીમાત્ર સંસારમાં કર્મ, માયા અને આશા રૂપી જાળમાં વીંટળાએલો રહેલો છે. દામણુ-દોરડું. અચ્યુતાનંદ-વિષ્ણુ ભગવાન. અવ્યક્ત-પરમેશ્વર. ભારતી-વાણી; સરસ્વતી. ગુણાતીત-નિર્ગુણ, ત્રિગુણથી રહિત. પરાત્પર-શ્રેષ્ઠ, પરમેશ્વર. શેષશાઈ-વિષ્ણુ, નારાયણ. અસુરાંતક-રાક્ષસોનો નાશ કરનાર. અઘનાશ-પાપનો નાશ કરનાર. અવિગત-તેજોમય. ચિદ્‌રૂપ-જ્ઞાનરૂપ હોય તેવું. અક્ષય-નાશ ન પામે તેવું. ચક્રપાણી-જેના હાથમાં ચક્ર છે તે વિષ્ણુ. સર્વેંદ્ર-સર્વ ઇંદ્રિય વાળો (પરમેશ્વર). ચંદ્રશ્વેતત્વ-ચંદ્રના પ્રકાશ જેવું. સંપુટ-જોડેલા. જાન-નુકશાન. નથી ગોરસ......પ્રત્યે-દીકરા કરતાં દહીં માખણ વધારે નથી. ન વળી...પળ્યું-માથે ધોળા વાળ આવ્યા એટલે ઘરડાં થયાં તો પણ અક્કલ આવી નહિ. મીરાંત-દોલત. કરૂં-કરી એના અર્થમાં. સોડય-પક્ષ. પ્રકૃતિ-સ્વભાવ. સાંપડી-થઈ. રંક...... દૂજણી-ભરવાડની જાતી ઘણી ગરીબ હોય છે; ને એ જ એમનું ધન હોય છે, પોતાને ત્યાં દૂધ દેતી દશ ગાય હોય એ જ એમનો વૈભવ. વ્રજસાથ-વ્રજના લોકોનું ટોળું. પંકજયસ્ર-કાદવમાંથી ઉપન્ન થએલાં એવાં કમળ જેવી જેની આંખ છે તે ભગવાન. પ્રણિપત-કાલાવાલા, આજીજી.

૧૪. ગોકુળમાં કૃષ્ણને માથે વિઘ્ન ઉપર વિઘ્ન આવ્યાથી ત્યાંથી તે બધાં વૃંદાવન જઈ રહ્યાં તે વખતે ઘરવખરો તમામ લઈ જાય છે તે બાબતનું વર્ણન આ કાવ્યમાં છે.

પૂતના-રાવણની બ્હેન, માશીને સગપણે કૃષ્ણને ધવરાવવા આવી હતી તેને કૃષ્ણે મારી નાખી હતી. શકટ-શકટાસુર. તૃણાવત-ઝાડને

વેશે આવેલો રાક્ષસ. અરિષ્ટ-સંકટ, ઉપદ્રવ. વૃક્ષજુગ્મ-જોડાજોડ ઉગેલ ઝાડ. ચૂલે......કાંગડું-એવા ઉકળતા પાણીમાં બફાયા વિનાનો સખ્ત મગનો દાણો રહે છે તે પ્રમાણે ભગવાન પણ કાંગડું માફક સંકટમાંથી બચી ગયા છે. ચક્રી-ઘંટી, લોટ પીસવાની ઘંટીમાંથી જેવી રીતે દાણો આખો બહાર નીકળી પડે છે તેમ શ્રી ભગવાનનું શરીર પણ અણીશુદ્ધ રહ્યું છે. ઉચળો-ઉચાળા ભરો. (ઉચાળા-ઘરવખરો). વાધે દૂધ-વધારે દૂધ દેતી થશે. વિભૂતિ-પૈસો, દોલત. છાજ-છાપરું છાવાનું ઘાસ. હીસારવ-આનંદનો અવાજ; ગાયનો અવાજ. ઉદ્વંસ-ઉજડ. મચક-ખાટલો. સમ્માર્જની-સાવરણી. ટીચ-પહાડની ટોચ. ચંદ્રમાનું......ઉતર્યા-શુકન જોઇને રહ્યા. બહુલ-ગાય. રમારમણ-શ્રી કૃષ્ણ.

૧૫. કવિની વર્ણનશક્તિનો આ નમૂનો છે. વનમાંનાં ફળ, ફુલ, ઝાડ, લાકડાં, પશુપક્ષી, કંદમુળ વગેરેનાં નામ એમાં આવે છે.

પૌગંડ-બાળક, છોકરવાદી. નેતિ......પોકારે-એ નહિ, એ નહિ એમ વેદ કહે છે; જેનું વર્ણન વેદ પણ કરી શકતા નથી તે. પરિક્ષિત-અભિમન્યુનો પુત્ર. શૌનિક-ઋષિનું નામ છે; (એણે ઋગ્વેદનાં તથા બીજા વેદનાં પુસ્તકો રચ્યાં છે.) સૂત-વ્યાસના શિષ્ય. ખટપદ-ભમરો. વિહંગમ-પક્ષી. સરૂ-ઝાડનું નામ. વટવટ-વડવાઇ. કેરણી-કેરાનાં ઝાડ. અંકોર-ફણગો. ખંડોકળી-ઝાડનું નામ. પાડલ-પડોળાં, ઝાડ. પંકજ-કમળ. ગુંજા-ચણોઠી. વૈજયંતી-કાળી તુળશી. કપોત-કબુતરની જાત. મરાળ-એક જાતનો હંસ. જંબુક-શિયાળ. ઊમટ-સુગંધીદાર પદાર્થ. પલવટ-ગાંઠ. અગ્રજને-મોટા ભાઇ.

૧૬. કાળીનાગને નાથવાને હરિએ ગાયોને તથા ગોપને જમુનાનું પાણી પાયું, તેનું ઝેર ઉતાર્યું અને પછી નાગને નાથવાને ગેડીદડાની રમત શરૂ કરી, પોતે કપટથી દડો જમુનામાં નાંખ્યો, ને તે કાઢવા પોતે અંદર ઝંપલાવ્યું ને પાતાળમાં ગયા.

નાગદમન–નાગને દોરડેથી શ્રીકૃષ્ણે નાથ્યો હતો તે. જંત્ર–ઘટિકાયંત્ર, સૂર્ય થયા..... મધ્યાહ્ન–ખરા બપોર થયા. દ્રહ–ઝરો. પ્રાણી માત્રે–તમામ પ્રાણીએ. નીલી–લીલી. પરઠ–કોલ.

૧૭. શ્રી કૃષ્ણ જમુનામાં પડયા તે સાંભળીને જસોદાજી છાતીફાટ રોવા લાગ્યાં, તથા સ્ત્રીઓ છોકરાની હમેશની ટેવ સંભારી સંભારીને તથા એકાદ અવળું કામ પોતાથી થયું હોય તો તેને લીધે એ પ્રમાણે થયું હશે એવું માની વિલાપ કરે છે તે પ્રમાણે જસોદા પણ શોક કરવા લાગ્યાં. તેનો કવિએ ચિતાર આપ્યો છે. સ્ત્રીસ્વભાવ મુખ્ય છે.

નાણુ ડું–પુત્રરૂપી રત્ન. છેલ્લે આશ્રમે–ઘડપણમાં. નીપનો–નીપજેલો. વિજોગ આગ–વિયોગરૂપી અગ્નિ. ડીસીડીસી–ઝુરાઇ ઝુરાઇ. કાણ્યે–લાળો કરતાં. મેક્ષાંતર–બહાનું. કાળજ–કાળજું.

૧૮. નાગની સાથે યુદ્ધનું વર્ણન. નાગને નાથ્યા પછી ભગવાન ફણા ઉપર પગ મુકી નદીમાંથી બહાર આવે છે તે ચિત્ર.

વાજ્યા–વગાડી. પિંડાર–ગોવાળિયા. મહુવર–મોરલી. કામ આવ્યા પ્રાણ–જીવમાં જીવ આવ્યો, શાતા વળી. ફુંફવાવી–ફુંફાટો કર્યો, ફેણ વિસ્તારી. ઘુમુવાવી–જોરથી વગાડી. ઝુઝકાર્યો–હોકારીને બોલાવ્યા. કદ્રુકુમાર–નાગ (કદ્રુ એ દક્ષની પુત્રી, કશ્યપની એક સ્ત્રી, ને નાગની મા.) ખંડણા પામ્યો–ભાંગ્યો. અંગાર–અગ્નિ. વરસે અંગાર–ઝેર રૂપી અગ્નિ વરસતો હતો. ઢીક–મુકી પ્રહાર. અડવડે–ગોથાં, લથડીઆં ખાય. પૃષ્ઠ–પીઠ. મૂર્છના–મૂર્છા. હેવાતન–સૌભાગ્ય. સ્તવે–સ્તુતિ કરે.

૧૯. ઇંદ્રનો મદ ઉતારવાને માટે કૃષ્ણે ગોવર્ધન પર્વતની પૂજા ગોપ પાસે કરાવી હતી તે વખતના ઉત્સવનું વર્ણન.

શૃંગ—શીંગડાં. શૃંગાર્યાં-શણગાર્યાં. ધીસલાં—બળદ. પલોટવાને માટે વાપરવામાં આવતું સાધન. સમસ્ત—બધા. કટિલંક—કેડ. પરિધાન કરવું-પહેરવું. સ્વાદીક—સ્વાદવાળાં. અજવાળી—સળગાવી.

૨૦. ગોવર્ધન પર્વતની પૂજાથી ઇંદ્રને નારદે તેનું માન તોડયા બાબત ચડાવ્યો, ને તેને ગુસ્સે કર્યો એટલે તેણે મૂસળધાર વરસાદ વરસાવ્યો, ને વીજળીના ચમકારા વગેરેથી અનેક રીતે ગોપ વગેરેને હેરાન કર્યાં તેનું વર્ણન.

મઘવા—ઇંદ્ર. માનુભાવ—મહાનુભાવ, મોટા દરજ્જાવાળો. સાવધાન-પાકું લક્ષ. ઉવેખ્યો—અપમાન કીધું; અનાદર કર્યો. શુદ્ધ—ખબર; ભાન. ભૂગોળના અનુચર-પૃથ્વીના સેવકો. પ્રતિબોધ-શિખામણ. આહીરાં......ચાલે-ભરવાડો અત્યાર સુધીની ચાલી આવેલી રૂઢી બંધ કરી અવળે રસ્તે વર્તે છે. મર્યાદા—માન; આબરૂ. વરશાત—વર્ષાસન; કર; હક. પરજન—વરસાદ. રવિ......આંધી-સૂર્યનું અજવાળું વાદળાંમાં ઢંકાઇ ગયું. કોરણુ-ધુળકાંકરા. આંધી-ધુળિયો વંટોળિયો. ભવન ભૂલે-ઘર ભૂલી જાય; ચિત્તભ્રમ થઇ આંફલાં ફાંફલાં થાય. ઓખાંગવું—આખલાનું બરાડવું તે. સોંડયા-તૈયાર કર્યા.

૨૧. મેઘથી ગોપ, ગોપી, ગાય વગેરેનું રક્ષણ કરવાને હરિએ ગોવર્ધન પર્વતને ટચલી આંગળીથી ઉંચો કર્યો, અને તેની નીચે સર્વેને રાખ્યાં તે લીલા.

જાણે...ચમકારે રે—વાસુકી નાગની જીભની માફક વીજળીનો ચમકારો હાલતો ને દોડતો હતો. પસાય-કૃપા. નાળ-દાંડી; વેલો. આણ-હુકમ. અગ્ર—ટોચ.

૨૨. કૃષ્ણને મારવાના કંસના સઘળા ઉપાય નિષ્ફળ ગયા

ત્યારે તેણે તેને મથુરામાં તેડી લાવવા અક્રૂરને તેડવા જવા કહ્યું. કૃષ્ણને મળતાં શું શું તે અનુભવશે તેના, તેના મનમાં ઘોડા દોડે છે.

મનોરથ-સંકલ્પ વિકલ્પ. ધન-ગોપી. ભારે......વળ્યાં રે-ફળને લીધે નમી ગયાં છે. માકડી......કુંડળી-આપની જાતો. ધટે-ઘડામાં. દક્ષિણ પાસ-જમણી બાજુએ. બાંય-હાથ. મૃગમદ-કસ્તુરી. ગુંજા-ચણોઠીનું ઝાડ. શેરડી-શેરીઓ. ચાસ, સારસ, શુક, ચકોર ને મોર એ બધાં પક્ષી છે.

૨૩. કૃષ્ણ મથુરામાં આવે છે તે વખતે ચૌટામાં પેસતાં ધોબી દરજી, કુબ્જા, માળી વગેરેને મળે છે અને તે બધાનો અનુગ્રહ કરે છે તેનું વર્ણન.

લોબરી-ઘણું કુમાસવાળું ભરવાડોને ઓઢવાનું વસ્ત્ર; ધાબળી. ચટકે-શોભાયમાન લાગે. ટોડર-માંજર, મહોર. કણુંદોરે-કેડ ઉપર. કંદુક-દડો. ઉડગણ-તારા. ઇંદુ-ચંદ્ર. પરિયટ-ધોબી. સાંતરાં-તૈયાર; બનીઠની. પટકૂળ-લુગડાં. રજક-ધોબી. વામ-ડાબો. સોઇ-દરજી. ઓરો-પાસે. કબાય-જામો. પદાંબુજ-કમળ જેવા પગ. ભવભ્રમણ ભાગે-સંસારમાં વારંવાર અવતાર લેવો ટળે; મુક્તિ મળે. સાયુજ્ય-ઇશ્વરમાં સમાઇ જવાની મુક્તિ. સાન્નિધ્ય-એક પ્રકારની મુક્તિ. મૃગમદ-કસ્તુરી. સોધો-સુગંધી પદાર્થ. બધિર-બહેરા. શ્રીફળ બાંજે-નાળિયેર વધેરે. લોલ-ચંચળ, સુંદર.

૨૪. કંસ પોતાના ધનુષ્યની પૂજા લોકો પાસે કરાવતો હતો તે ધનુષ્યનો શ્રી કૃષ્ણે ભંગ કીધો તેનું વર્ણન.

પોણ-પ્રતિજ્ઞા. દૈવત-જોર. લોપ-અવજ્ઞા, અનાદર. ત્રણ તાડ-એક ઉપર એક ત્રણ તાડ ગોઠવી. ચાપ-ધનુષ્ય. પરવશ-પરાધીન.

ઉપહાર-પૂજાની સામગ્રી; ભેટ. અભિલાષ......ધરે-મનમાં કંસ મરે એવી ઇચ્છા રાખતા હતા. તાંડવ-શિવનું નૃત્ય; તંડુ મુનિકૃત નાચ. કમળાપતિ-શ્રી કૃષ્ણ. એક......રહ્યો-એક રાત આડી રહી હતી. ઉથાપી-ઉલટાવી નાખી; ફેરવી નાખી. આસુરી-રાક્ષસીઓના ગર્ભ પડી ગયા. પંચ કાજર-પાંચ કામો. (૧) રજકનો વધ, (૨) સોઇનો, (૩) માળીનો, (૪) કુબ્જાનો અનુગ્રહ અને (૫) ધનુષ્યભંગ.

૨૫. ધનુષ્ય ભાંગ્યાના સમાચારથી કંસને ભાણેજ આવ્યાનું ભાન થયું. પછી કૃષ્ણે હાથીને માર્યો તેનું વર્ણન.

નિજ......કરી-પોતાનો ખભો થાબડીને. કુંતાર-મ્હાવત. લક્ષ્મીકાંત-શ્રી કૃષ્ણ. ધુમણી-ચકરી. દક્ષિણ-જમણા. હસ્તી...... ચાક-જેવી રીતે કુંભાર ચાક ઉપર પેંડો મુકી ચકકર ફરવે છે તેમ ભગવાને હાથીને ચક્કર ચકકર ફેરવ્યો. મોતી ખરે-મદનાં ટીપાં પડે. ચોડ વાળ્યું-ચપટ થયું, નાશ કર્યું. લઘુલાઘવી-યુક્તિ પ્રયુક્તિ.

૨૬. કંસરાજાના અતિ અધર્મીપણાને લીધે તેને મારવા ભગવાને અવતાર લીધો હતો તે પ્રમાણે તેણે તેને માર્યો. આમાં મામાભાણેજના યુદ્ધનું વર્ણન છે.

ખપુવા-એક શસ્ત્ર; ખપુવા ખંજર કહેવાય છે. આરક્ત-લાલચોળ. પંચાનન-સિંહનૃપ: નૃપ-રાજા. ઝાલ્યું હેત-માનું હેત અટકાવ્યું શી રીતે અટકી શકે? મામાજી......સાવધાન-હે! મામા તું હોશિયાર રહે જે, એમ કહી તેને ચેતાવે છે. ઓસાન-ભાન; જોર. કાળજ-કાળજું, છાતી. ટગમગ-એક નજરે જોવું તે. ખટ-છ. કીધાં...... સહી-પાપ કે પુણ્ય કર્યાં હોય તેનું ફળ જરૂર ભોગવવું પડે છે. હળધર-બળદેવ. દેવકીને......ધાર-દૂધની સેર ચાલી એટલો બધો આનંદ થયો. દિંગ્મૂઢ-ચકિત. કલત્ર-સ્ત્રી. પાવક-દેવતા; અગ્નિ.

૨૭. ઉગ્રસેન રાજાને પદભ્રષ્ટ કરી કંસ ગાદી ઉપર બેઠો હતો તેને કૃષ્ણે માર્યા પછી કૃષ્ણ ભગવાન તેનો ફરીથી રાજ્યાભિષેક કરે છે તેનું તથા માબાપ તીર્થરૂપ છે, અને પુત્ર તેમના ઓશિયાળા છે તે બાબતનું વર્ણન.

અભિષેક–રાજગાદી ઉપર બેસાડવાની ક્રિયા. મેગળ–હાથી. જાગ્યાં આપ–જ્ઞાન થયું. દિવસ......દોહલે–મુશ્કેલીમાં દહાડા ગાળ્યા. તસ્કર–ચોર. જનકજનુની–બાપ અને મા. આળે–નકામું. દુહવિયાં–દુભાવ્યાં. કીટ–કીડા. વાયસ–કાગડો. સ્ત્રીને......અજ્ઞાન–જે પુરૂષ સ્ત્રીને તાબે થઇ માતાપિતાને દુઃખ દે. શૂકર–ડુક્કર. કેડ ન મુકે–પૂઠ છોડે નહિ. રોગ......કેડ–હમેશ રોગી રહે. સેવાથી......ગયો રે–જેણે માતપિતાની ચાકરી ન કીધી. વત્રોક–સિવાય; વગર. માતામહ–માના બાપ, નાનો. યયાતિ–ચંદ્રવંશી પાંચમો રાજા; નહૂષનો પુત્ર.

૨૮. શ્રીકૃષ્ણ ભગવાન અત્યાર સુધી છાના નંદને ત્યાં ઉછર્યા હતા. હવે તે દેવકી વસુદેવના પુત્ર તરીકે પ્રગટ થયા, એટલે મથુરામાં રહ્યા. અહીં નંદને વદાય કરવાને વસુદેવ કૃષ્ણને કહે છે તે વખતના કૃષ્ણના બોલ સચોટ છે. કવિએ વાત્સલ્યભાવ એવો આલેખ્યો છે કે કે કોઇ પણ વાચનારનું હૃદય પીગળ્યા વિના રહે નહિ. કવિની ચિત્રકારની અદ્દભુત શક્તિનો આ નમૂનો છે.

ફોક–મિથ્યા; નકામું. પ્રકાશી કહેવું–જાહેર કરવું; જણાવવું. જમલોક જાય–મરી જાય. લઘુશંકા–પીશાબ. ટળવળે ટીટૂડી–ટીટી, ટીટી એમ બોલતું ટીટૂડીપક્ષી બચ્ચાંને માટે જેમ વલખાં મારે છે તેમ જસોદા પણ વલવલશે. વાસું–વસાવું. વાયસ–કાગડો. કાળજડું દાઝ્યું–દુઃખ દઇ. શ્વાસ–કોળીઆ. નંદન–પુત્ર. અર્ભક–બચ્ચું. અર્ભક...

હે રે-કોયલ માદા પોતાનાં ઇંડા સેવતી નથી, પણ કાગડાના ળામાં જઇ મુકી આવે છે, કાગડી તે સેવે છે, ને બચ્ચું અવતરી ડું થાય છે એટલે કાગડી તેમને હાંકી કાઢે છે, એટલે તે કોયલનાં ળાંમાં ફરે છે. એટલા માટે જ તેનું નામ कोकिल परभृत પડેલું . અહીં કૃષ્ણનો અને નંદનો સંબંધ એને મળતો જ થયો છે. ાતાનો જાતિસ્વભાવ છોડતું નથી. વારી નાખું-ઓવારૂં. એકેકનાં... ગાઇ-એક બીજાના લોહીની ઇચ્છા રાખે તેને ધિક્કાર છે. પ્રીત... સી રે-સ્નેહને લીધે સ્ત્રી ધણીની પાછળ સતિ થાય છે. કેળકંદ-કેળના ભા જેવો; ગભરૂ. પશાય-પ્રતાપ. આપણ......જીવાયે-આપણે રો ચારી તે ઉપર ગુજરાન કરીએ, (એટલે) ગરીબ માણસ કહેવા- એ, તો પછી મોટા શ્રીમંતની સાથે શી વાત કરવી ઘટે? હું રંક... ખ-મારા જેવા ગરીબ માણસને તેં પાયમાલ કીધો. વેખ-વેષ; ૫. ઓખધ-દવા, ઓસડ. બાખડી ગાય-ખડી જેવું ઘણું દૂધ ાપે એવી ગાય. લેહેણું લેવા-પૂર્વજન્મનું માગણું હશે તે આ ન્મે લેવા. પર પુત્રનું......ખમ્યાં-પારકા છોકરાએ હેરાન કીધા સર્વ સહન કર્યું. ત્રેવડજો-લેખજો; ગણજો. નાસરડે-કોઇના ાસથી પોતાનું વતન છોડી બીજે સ્થળે ન્હાસી જવું પડે તે. ુમ-ઝાડ.

૨૯. શ્રી કૃષ્ણ ભગવાનની વિદ્યાર્થીઅવસ્થાનું વર્ણન. તે સમ- માં ગુરૂને ત્યાં રહી કેવા કેવા કર્યા હતા તેનો ચિતાર આમાં છે.

વિદ્યાનિધિ-વિદ્યાનો ભંડાર. પાતાંજલ-યોગશાસ્ત્ર, પાતંજલિએ ચેલું પુસ્તક. મિમાંસાશાસ્ત્ર-બે છે, ઉત્તર અને પૂર્વ; ઉત્તરમિમાંસા થવા બ્રહ્મમિમાંસામાં બાદ્રાયણે બ્રહ્મ વિષે જ્ઞાનની ચર્ચા કરેલી છે, એટલે તે વેદાંત કહેવાય છે. પૂર્વમિમાંસાને કર્મમિમાંસા કહે છે; એમાં

વેદમાંની ધર્મક્રિયાનું સ્ફોટન છે એટલે એ છ દર્શનમાંનું એક છે. એ જૈમિનિનું રચેલું છે. નોળીકર્મ-નાકે પાણી પીવાની ક્રિયા તે. મર્મ-ભેદ. ઘોષ-અવાજ. પ્રભુ......ગયા-ઇશ્વરને માન આપવા થોડે સુધી તેડવા ગયા. બાપ-પિતા નહિ, પણ લાડમાં મોટા માણસને બોલવાની રૂઢી છે. સેવ-ચાકરી. સરપણ-લાકડાં. શીઘ્ર-જલદી. ઇંધણ-લાકડાં. અજાચક-ન માગનારો. કળ-સુખ, ચેન. પાકસ્થિતિ -રસોઇ. દોહેલે-મુશ્કેલીથી. પલવટ-કચ્છો. ખોડ-લાકડું. (તે લક્ષ્મીવર એટલે શ્રીકૃષ્ણને બીચારાં પુરાણ અને શાસ્ત્રો, ધર્મ પુસ્તકો ઓળખી કે ઓળખાવી શકતાં નથી તે.) મુસળધાર-પુષ્કળ. વળી... આવી. વેળા-આપદા. હુતાસન-દેવતા; અગ્નિ. સુરભિસ્તન-ગાયનાં આંચળ. મીણાય-વકરે. અવળે...ખારણે-તું મારે ત્યાં આવ્યો છે તે કંઇ ઉંધે રસ્તે ચઢી ભૂલો પડ્યો હોય એમ જણાય છે. કાશી જઇ કરવત મુકાવવી-કાશી જઇ મોક્ષ મેળવવો જનની જઠર...... ફરી-અવતારમાંથી મુક્ત કરો, મોક્ષ આપો. પરમનિધાન-પરમેશ્વર. મશે-બ્હાને.

૩૦. જસોદા ઉદ્ધવજી આગળ મનમાંની બળતરા કાઢે છે ને તેને ન્યાય કરવા કહે છે. દેવકી ઉપરની તેની દાઝથી સ્ત્રી સ્વભાવ પ્રત્યક્ષ કવિએ કર્યો છે.

પયપાન-દુધપાયું. કલ્યાણ-ખુશી આનંદમાં. પ્રસુતા-મા. બાળ-વૃક્ષ-કુમળા ઝાડ. સાલ-દુઃખ. ધાલ-પંગત, ઓળ. પાળેપાગે-ઉઘાડે પગે. સ્હવારો-બ્હેલો. જધડું-લડું. રાઢ-તકરાર, લડાઈ. હસાવ્યાં-રાજી કર્યા. રોમાવળી-રૂવાં. આવટે-ગુંચાય.

૩૧. ગોપીઓને ઉદ્ધવજી યોગ શીખવવા ગયા ત્યારે તે તરફથી એવો પ્રત્યુત્તર મળ્યો કે ઉદ્ધવજી સ્તબ્ધ થઇ ગયા. પ્રેમભક્તિ

સર્વથી ચઢીઆતી છે. નવ પ્રકારની ભક્તિ છે અને દશમી પ્રેમભક્તિ અલૌકિક ભક્તિ છે, એવું કવિ બતાવવા માંગે છે.

વદન...ઝાંખી–મ્હોડાનું તેજ ઉડી ગયું. મરતા......બાઇ એક તો અમે દુઃખી છીએ, ને તેમાં વધારે દુઃખ શા માટે આપો છો ? દાઝ–લાગણી. અક્રૂર......ચોળાવી–અક્રૂરે આવી શ્રી કૃષ્ણને તેડી જઇ અમારૂં મન, તન, ધન, ચોરી લીધું અને અમને બાવા બનાવ્યા. તાપું–તપશ્ચર્યા કરૂં. લેહ–લગની; સ્નેહ. અદકેરી–વધારે. (ગયાથી તો અમારો સ્નેહ વધ્યો છે.) તેલ...બાંધી–માથામાં તેલ નાખતાં નથી. એટલે વાળ પોતાની મેળે જ જટા જેવાં થયા છે. કંથા–લંગોટી. અબધુત–નાગોબાવો. જંગોટા, કછોટા, ગોદડી અને કંથા એ બાવાનાં વસ્ત્ર છે. તુંબીપાત્ર–તુંબડું. કુબ્જા–કંસની દાસી. શ્રીકૃષ્ણનું પુજન કર્યું હતું તેથી અંગે વાંકી હતી તેને સારી કરી હતી તે. શીંગી ફુંકો–શંખ વગાડો. સાધે જોગારૂઢ–યોગ ગ્રહણ કરે. અમે......મુઢ–અમે મુર્ખ ભરવાડ લોકો વૈરાગ્યમાં સમજીએ નહિ. અમૃત ઘટ......ભર્યો–ઘડામાં કાંઠા સુધી પાણી ભર્યું હોય ને પછી જેમ પાણીનું ટીપું પણ માતું નથી તેમ આ દેહ રૂપી ઘડાના કાંઠા સુધી શ્રી કૃષ્ણ ભર્યા છે તો પછી જોગને ક્યાં સમાવીએ. ગોષ્ટી–વાતચીત. મધુકર–ભમરો. મકરંદ–ફુલની અંદરનો રસ. ઉરપર–છાતીપર.

૩૨. દ્વારિકા વસાવી કૃષ્ણ ભગવાન ત્યાં રહેવા આવ્યા તે નગરીની રચના વગેરેનું વર્ણન.

જંજાળ–ઉપાધિ. કીજે–પેર–કોઇ ઠેકાણે ન્હાસી જવાની પેરવી, ગોઠવણ કરવી જોઇએ. વિશ્વકર્મા–દેવોનો શિલ્પશાસ્ત્રી. જોગમાયા–શક્તિ દેવી. નિધિ–મહાસાગર, સમુદ્ર. દુર્ગ–કોટ; કિલ્લો; કોસીસાં–કોટ ઉપર નાના નાનાં કાંગરાં ચણવામાં આવે છે તે. સ્ફટિક–

ધોળો દુધ જેવો પથ્થર. કળશ......ઘટી-કળશના ઘડાથી ચંદ્ર આશ્ચર્ય પામી તેનું તેજ ઝાંખું લાગે છે. પુંજ-ઢગલો; ભંડાર. ગજવાડ -હાથીખાનું. શયનસદન-સુવાના ઓરડા. આસ્તરણ-શેતરંજી; પાથરણું. ઘોરનિંદ્રા-ભર ઉંઘ. ભાંડપાત્ર-વાસણકુસણ. સાંત્યાં-સંતાડયાં.

૩૩. રૂકિમણીને શિશુપાળ સાથે પરણાવવાનો ભાઇ વગેરેનો વિચાર હતો. રૂકિમણીને કૃષ્ણ સાથે પરણવું હતું. તે વિચાર નહિ પાર પડે એમ જણાયાથી તેણે કૃષ્ણને વહારે ધાવાને કાગળ મોકલ્યો તે કાગળ.

શૈલસુતા સુત-(શૈલ-પર્વત; સુતા-દીકરી) પાર્વતીનો પુત્ર-ગણપતી. મુક્તાપુરી-દ્વારિકા. ચક્ર-સુદર્શન ચક્ર. કિલ્મિષ-પાપ; અપરાધ. નરકનિવારણ-નર્કમાં પડતાં બચાવનાર. ગરૂડગામી-ગરૂડ ઉપર સવારી કરનાર. સપ્તસમુદ્ર-ક્ષારોદ, ઇક્ષુરસોદ, સુરોદ, ઘૃતોદ, દધિમંડોદ, શુદ્ધોદ, અને ક્ષીરોદ. કલ્પ-બ્રહ્માનો રાત અને દિવસ મળીને એક દહાડો. ઉપહાસ-મશ્કરી. કંઠપાશ-ફાંસો. બાંધીશ......પ્રાણ-તમે નહિ આવો તો ગળે દોરડું બાંધી જીવ કાઢીશ. ગયો હાડે-પોતાનું રૂપ પ્રકાશ્યું. ગ્રસન કરવા-પકડવા. ત્યારે ચઢજો-મદદે આવજો. અનંગ-કામદેવરૂપી અગ્નિ. અનંગ......વરસાદ-કામદેવરૂપી અગ્નિ મારા શરીરમાં ધીકે છે તે તમે વરસાદરૂપે વરસી ઓલવી નાંખી મને બળતામાંથી બચાવો. તાણ-ખેંચ. ઉધાન-પૂનમ તથા અમાસ પછી જે મોટી ભરતી આવે છે તે ભરતી. દાવાનળ-અગ્નિ. ચેરી-સ્ત્રી, બૈરી. અધરામૃતપાન-ચુંબન. વિરહ રોગ-વિયોગનું દુઃખ. વાંછું-ઇચ્છું.

૩૪. સુદામોઋષિ દ્રવિડ દેશના વિદર્ભ નગરનો બ્રાહ્મણ હતો. એ કૃષ્ણ ભગવાનનો સહાધ્યાયી હતો. ભગવાનનો પરમ ભક્ત હતો. તે ગરીબ હતો. એ ગરીબાઇનું વર્ણન કવિ આપે છે.

માયાસુખ...રતી...સંસારના કોઇ પણ જાતના સુખની તેને જરા

પણ ઇચ્છા ન હતી. લેઇ...જળ—પાણીભેર જ રહેતાં. સાનુકુળ—કૃપાવંત. અતિથિ—મેહેમાન. ગવાનીક—રસોઇમાંથી ગાયનો કાઢેલો ભાગ. પર્વણી—દાન કરવાના દિવસો. જેવો...આથમે—આખો દિવસ નકામો પુન કર્યા વિનાનો જાય. સંવત્સરી—સમચરી, દર વર્ષની મરણ તિથિ. નિર્મુખ—ખાધા વિના. વાંગલાં—ફાંફાં. દહે છે......અંગાર—મને લાગણી થાય છે. હેવાતન......ચુડી—સૌભાગ્યમાં અકેકી ચુડી માત્ર છે. કલ્પવૃક્ષ—ઇચ્છિત પદાર્થ આપે એવું સ્વર્ગનું ઝાડ. માયાવરણ—માયાનું ઢાંકણ.

૩૫. આ પદમાં સુદામા ઋષિ સ્રીના આગ્રહથી શ્રી કૃષ્ણ ભગવાન પાસે જવાનું કબૂલ કરી જાય છે. તે વખતે એના વેશ તથા ચાલવાની રીત વગેરેનું વર્ણન છે.

ઓખણ્યા—છડયા, સાફ કીધા. છોવાય—અભડાય. રસનાયે—જીભે. કુશ—દર્ભ નામનું ઘાસ. મુખ...વાધ્યું—માથાના તથા દાઢીના વાળ દાભના ઘાસ જેવા દેખાતા હતા. ઉપાન—જોડા. ઉપાન......છાયો—જોડાની ધૂળથી વાદળ ઢંકાઇ ગયું. ધસમસે—જોરથી ચાલે. તૈલાભ્યંગ—શરીર ઉપર તેલ મર્દન કરવું તે. કોપીન—લંગોટી. વનફૂળ—ઝાડની છાલ તથા પાતરાંના બનાવેલાં વસ્ત્ર. ભાગ્ય...થયો—ચઢતીની શરૂઆત થઇ.

૩૬. સુદામો ભગવાનને મળી ઘેર પાછા આવ્યા, ત્યારે સુદામાપુરી દ્વારિકા નગરી જેવી થયેલી જોઇ તે વિચારમાં પડે છે, ને પોતાનાં સ્રી, છોકરાં, વસ્તુઓ માટે શોક કરે છે. ભગવાનને મળ્યાથી તેના ભવની ભાવઠ ભાંગી છે તે પોતે જાણતો નથી.

અવલોકન—ધ્યાનપૂર્વક જોવું તે. સાંસામાં—વિચારમાં. વામ—ઉત્તર દીશા. તાંડવ—નાચ; તંડુ નામે ઋષિએ યોજેલો નાચ શિવનું નાચવું તે પણ તાંડવ કહેવાય છે. રૂદ્રાક્ષ—એક જાતના ઝાડનાં બીયાં;

તે બીયાંની માળા બને છે ને તે પવિત્ર ગણાય છે. ગોપીચંદન-એક જાતની મટોડી જે પવિત્ર ગણાય છે. સન્માર્જની-સાવરણી; દેરાસરમાં વાળવા માટે પૂજ્ય લોકો રાખે છે તેવી. પડ્યો...આવીન-પૂર્વ જન્મમાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. કુટુંબ...વેદના-છોકરાનું દુઃખ મારે માથે નાખીને મને શિક્ષા કરી. આવાગમન...ચડયા-હિચકાની માફક આમ તેમ આવજા કરવા લાગ્યા. હસ્તિની......રેડવા-દંતકથા છે કે રાજકુંવરી પરણાવવાની હોય ત્યારે આમંત્રણ કરેલા રાજાઓ આવ્યા પછી હાથણીની સુંઢમાં કળશ આપી તે જેના ઉપર કળશ ઢોળે તે રાજા કુંવરીને પરણતો, એ વિચારે કવિ ઋષિપત્નિને હાથણી કલ્પી સુદામા ઉપર કળશ ઢોળવા મોકલે છે. અણવટ-અંગુઠીયાં; (પગને અંગુડે પહેરવાનું ઘરેણું). વીંછીયા-છ્વીંટીઆ. સાવિત્રી-સત્યવાનની સ્ત્રી; તે સાધવી સતી હતી; દરેક સ્ત્રી આજે પણ વડસાવિત્રીનું વ્રત કરે છે. હુંને કાં આણો છો વાજ્ય-મને હેરાન શામાટે કરો છો.

૩૭. માંધાતા યુવનાશ્વ રાજાનો પુત્ર હતો. યુવનાશ્વને સંતાન નહિ હોવાથી તેણે બાધા, આખડી વગેરે ઘણું ઘણું કર્યું હતું. આખરે તે જંગલમાં ગયો અને એને પુત્ર થાય તે માટે પુત્રેષ્ટિ યજ્ઞ ઋષિઓ કરતા હતા તે આશ્રમે આવી પહોંચ્યો. રાત્રે તરસ લાગવાથી તે યજ્ઞનું મંત્રેલું પાણી લે પી ગયો એટલે તેને પોતાને ગર્ભ રહ્યો. ગર્ભ કુખની બાજુએથી જનમ્યો. ઇંદ્રે પોતાનો અંગુઠો મોંમાં આપી ધવડાવ્યો, ને તેણે મામ્ ધાતા એટલે મને ધાવનાર એવું નામ કહ્યું. તે ઉપરથી એ પુત્ર માંધાતા કહેવાયો. કવિએ એ આખ્યાનમાં અદ્ભુત રસની જમાવટ કરી છે.

આંખડી મળી-ઉંઘી ગયો. તૃષ્ણા ત્રણ પ્રકારની-ત્રણ પ્રકારની પ્રકારની ઇચ્છા; ઇષણા-જીવિતેષણા, સુખેષણા અને પરલોકેષણા.

ખાળી દીધું-છોડી દીધું. આશ્વાસન-દિલાસો. ભૃગુદ્ધહ-ભૃગુકુળમાં મોટા હોય તે. મળે કોને કોય-ગમે તે મળે તો પણ. તંત-જીદ; આગ્રહ. ચંત-ચિત્તમાં; મનમાં. તરપે-તૃપ્ત કરે; પાર પાડે. તૃષ્ણે હુતાસન-શ્વાસની અંદર અગ્નિ મુકયો હોય તો આગ વધી જાય તેવી રીતે. સ્વરૂપ-કાયા; શરીર. બાઝી કાચકી-પાણી નહિ મળવાને લીધે ગળું એટલું સૂકાઇ જાય કે બોલી શકાય પણ નહિ. કીરબાલવત્-પોપટના બચ્ચાં જેવો. હોકાર દે-ઉત્તર આપે. અરૂપરૂ-આમતેમ. યજ્ઞાગાર-યજ્ઞ કરવાની શાળા. મનમાણી-મનમાં ઘણો આનંદ માનતો. અષ્ટમાસિદ્ધિ-આઠ પ્રકારની સિદ્ધિ; દોલત. જન વિપ્રને-યજુર્વેદીનું મંત્રેલું પાણી રાજાએ પીધું તેથી તેનું હવે શું થશે તે બાબત કવિના મનમાં ઉચ્ચાટ થાય છે.

૩૮. યુવનાશ્વ રાજા ઘેર પાછા ફરતાં તેને ગર્ભ રહ્યાની ખબર આખા ગામમાં તેમ જ રણવાસમાં પડયાથી તેને જોવા આખું ગામ આવે છે તે. વખતે કવિ ગમ્મત કરે છે. રાણીને એ વાતની ખબર પડતાં રાજાને પૂછી તે પોતાના મનની ખાતરી કરે છે. કવિએ હાસ્ય-રસ સારો જમાવ્યો છે.

કાગનું પીંછ કરવું-કાગનો વાઘ કરવો; નહિ જેવી વાત મોટા રૂપમાં ફેલાય ત્યારે એ કહેવત વપરાય છે. કિંકરી-ગોલીઓ; દાસીઓ. કાચું-પાયા વિનાનું. પૂર્ણ થયે-પૂરેપૂરી ખાતરી થાય. અવનવું-નવાઇ જેવું. નવીન. ગાથ-વાત.

૩૯. સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી અડાયાંની રાખ, ઠીકરાં, મટોડી વગેરે ખાય છે તે પ્રમાણે રાજાને ખાવાનું મન થાય છે, માટે તે ખાધાથી નુકશાન થશે કે કેમ તે વિષે રાણીને પૂછે છે તથા ગર્ભ પેટમાં હરે છે ફરે છે તે તેને ગોળો ઉંચો નીચો ચડી જતો હોય

તેવું જણાય છે. એટલે પુરૂષને એ સંબંધી અનુભવ નહિ હોવાથી રાજા પોતાની રાણીને પૂછી શાંત થાય છે. કવિએ ગમ્મત સારી કરી છે.

કારસું-અસલ. મનમારું-ઇચ્છા દબાવી રાખું. મન ભરાયું-રડવું આવવા જેવું થયું; છાતી ભરાવી. મન ભરાય-ઇચ્છા થઇ; દીલ ચોંટે. કાયે-શરીરે. હૈયાનું હીર હરાવું-લોહી ઉડી જવું. વરાય-જીતાય. એળે-વ્યર્થ; નકામું. ચોવિધિ-ચાર પ્રકારે.

૪૦. યુવનાશ્વ રાજા પોતાના મનની ગભરામણ પટરાણી આગળ કહી સંભળાવે છે. તથા કોયલા, માટી વગેરે ખાધાથી નુકસાન છે કે ફાયદો તે વિષે તેનો વિચાર પૂછે છે એટલે રાણી તેના મનનું સમાધાન કરે છે.

ભૃગુકુળભાણુ-જે ઋષિનું મંત્રેલું પાણી રાજાએ પીધું હતું તે ઋષિ. ગાથા-વાત; કથા. ત્રાંબા જેવો-હૃષ્ટપુષ્ટ; મજબૂત. અરિમુખ-દુશ્મનોનાં મ્હોડાં.

૪૧. ઓખા જે વર વરે તે બાણાસુરને મારે એવો શાપ હોવાથી બાણે પુત્રીને માળીયામાં પૂરી હતી. ઓખાનો માળિયો એ ઉક્તિ કહેવતરૂપ થઇ છે. ઓખા મોટી થઇ એટલે તેને ધણીઆદિનું સ્વપ્ન આવ્યું. તે જાગૃત થઇ ત્યારે સખી ચિત્રલેહાને સ્વામી આણી આપવાને કહ્યું તેથી તે ઉડીને અનિરૂદ્ધને કેવી રીતે લાવી તે હકીકતનું વર્ણન.

હેવા-ટેવ, તેશું-તેની સાથે. હાથેવાળો-હસ્તમેળાપ; (પરણવાની એ રૂઢી છે. એક વરવહુના હાથનો મેળાપ કરીને, બીજી ખાંડે.) મંગળ વર્તે-મંગળ ફેરા ફરે, પરણે; (મંગળ ફેરાથી લગ્ન વિધિ પૂર્ણ થએલી ગણાય છે.) દમતું-દુઃખ દેતું. સપ્તભોમના-સાત માળના. રત્નાગર-

સમુદ્ર. ઝાતકાર–ઝળઝળાં. વ્યાપ્તમાન–પ્રસરી રહી. ખેચરીગતે–પક્ષીની ગતિ પ્રમાણે (એટલે ઉડતી).

૪૨. ઓખા માળિયામાં ધણી સાથે રહે છે એવા ખબર મળ્યાથી બાણે પોતાના પ્રધાન કૌભાંડને સૈન્ય સાથે મોકલ્યો. તે સાથે અનિરુદ્ધ લડ્યો. તે લડાઇનું વીરરસથી ભરેલું વર્ણન.

ઠાલામાલા–હથિઆર વિનાના. સાંગ-એકજાતનું આયુદ્ધ. ઓસાન–ભાન. બાણે......ચાકે–બાણે પૃથ્વીને ઉથલપાથલ કરી નાખી છે. દાંત કરડી–ક્રોધથી. મૂછ મરડી–શુરાતન બતાવી. પાવક–અગ્નિ. મહુઅર......તોલે–જેવી રીતે મોરલી વગાડયાથી નાગ ડોલે તો તેને નાગ કહેવો, નહિ તો સાપ જાણવો (લઢે તો સૂરો જાણવો, નહિ તો નપુંસક જાણવો). વ્યંઢળ–નપુંસક. હીજડો. કાન માંડે–સામો થાય. શાર્દુલ–સિંહ. વહોણો–વિનાનો. ગ્રાહ-મગર. પડતાળ્યા–માર્યા. ઝીટી–વળગ્યા. મદગળ–મગદળ. પરિઘ-એક જાતનું હથિયાર. ભિંડીમાલ–ગોફણ. (પરીઘ, પટી ને ફરસી એ હથિઆરનાં નામ છે.) દેખી... ઘાટ–અનિરુદ્ધની આવી મુશ્કેલ સ્થિતિ આવેલી જોઇ. ઘાટ–સ્થિતિ સમય. અધસરતા–અધમુઆ. શોણિતસ્પર્શ......ડીલે–લોહી શરીરે ચોટયું છે. હવું–થયું. દદામૂં–ઢોલ, પડો. દદામૂં દીધું–ઢોલ વગડાવ્યું, પડો વગડાવ્યો. જાજવલ્ય–જાજરમાન, આકરા મીજાજનો. વાગી હાક–ત્રાસ વરત્યો.

૪૩. બાણનું લશ્કર હાર્યું, એટલે બાણ પોતે સૈન્ય લઇ આવી અનિરૂદ્ધને હરાવ્યો ને તેને નાગપાશથી બાંધ્યો, ત્યાર પછી ઓખાની અનિરૂદ્ધની મદદે આવવાની કૃષ્ણને પ્રાર્થનાનું વર્ણન.

બાકરી બાંધી–વેર કર્યું, સામા થયા. નાગપાશ–અવળા સવળા બંધન (નાગની ચૂડ જેવા); યુદ્ધમાં લડતી વખતનો મંત્ર છે.

વકાર્યો-ખીજ્યો. રણથી નવ ઓસર્યો-લડાઇથી પાછો હઠ્યો નહિ. સુકાયું-નિસ્તેજ થયું. લાગ્યો નિર્વાણુ-જરૂર દુઃખ થવા લાગ્યું. પરભવે બહુ પેર-ઘણી રીતે હેરાન કરે, દુઃખ દે. ફૂત્કાર હળાહળ-ઝેરી ફુંફાટા. નીચું નાક......એથી-એને પરણ્યાથી કુટુંબની લાજ જવાની નથી. ભદ્ર-કલ્યાણ. વીણાધર-નારદ.

૪૪. પાર્વતીએ ઓખાને સાસરે વળાવતી વખતે, પુત્રીએ સાસરે કેવી રીતે રહેવું તથા તેણે સાસરામાં કેવી રીતે વર્તવું વગેરે બાબત ઉપદેશ આપ્યો હતો તે દરેક સ્ત્રીએ મનન કરવા યોગ્ય છે.

ઉગ્ર-મુશ્કેલ; કઠોર. જોખમ...હાથને-બાણના હાથને નુકશાન થયું છે. હળધર-બળરાય; કૃષ્ણના ભાઇ. પ્રદ્યુમન-કૃષ્ણના પુત્ર; રૂક્મિણી, જાંબુવંતી, ભદ્રા, સત્યભામા સત્યા, લક્ષ્મણા, કાલિંદી અને વૃંદા એટલે રાધા એ આઠ પટરાણી હતી. વાત ચેહેરવી-વાત કરવી. અરુંપરું-આડું અવળું. પાત્ર-વાસણ. ઉચ્છિષ્ટ-ખાધેલું. તુંકારીએ-તુંકારો કરીએ: અપમાનથી બોલાવીએ.

૪૫. નારદે નળરાજા આગળ દમયંતિનાં વખાણ કર્યાં પછી નળ કામાગ્નિથી પીડાવા લાગ્યો, તેથી તેને સમાવવાને તે વનમાં ગયો. ત્યાં સૃષ્ટિનું સાંદર્ય જોઇ તે વધારે પીડિત થયો. એવામાં હંસનું ટોળું જોઈ તે આશ્ચર્ય પામ્યો, ને તેમાંના એકને તે યુક્તિથી પકડે છે. કવિ આ કડવામાં ઝાડનાં નામ પુષ્કળ આપે છે.

અનંગ-અન્=નહિ અને અંગ=શરીર-કામ. શિવે કામનું શરીર બાળી નાખ્યું હતું તે ઉપરથી તેનું એ નામ પડયું છે. અનળ-અગ્નિ. અનંગ અનળ-કામાગ્નિ. વહ્નિ-અગ્નિ; કામાગ્નિ. નીલાં-લીલાં. વાઘો-ગરદનથી તે છેક ઘુંટણની નીચે અર્ધા પગ ઢંકાય એવડો ઝભ્ભો.

ગમ્ય-ચેન. વારૂ-સારાં. અનંક-અંક એટલે સંખ્યા વિનાનાં; અસંખ્ય. મગી-મઘમઘી રહી છે; લવિંગલતા-લવિંગનો છોડ હોય છે પણ તેનો વેલો હોતો નથી, પરંતુ પ્રેમાનંદે સંસ્કૃત કવિના કહેવા પ્રમાણે પોતે પણ એવો શબ્દ વાપર્યો છે. કુમુદની-ચંદ્રના પ્રકાશથી ખીલતું કમળ. વાયુ......નમંતી-પવનના સપાટાથી નમી પડતાં હતાં. શીતળ...... સરખો-પવન ઠંડો વાતો હતો છતાં નળને તે અગ્નિ સમાન લાગતો હતો. મેગળ-હાથી. દીસ-દિશા. આવ્યો......અનુક્રમી-આ દિશાએ હું ચાલી આવ્યો, તો જે મેં કદિ જોયું ન હતું તે આજે જોયું. હાથ પડે-પકડાવ; કબજામાં આવે. ભેદ-યુક્તિ; કપટ. ભડ-તરત; એકાએક. લઘુલાઘવી-યુક્તિ; તદબીર.

૪૬. નળરાજાએ હંસને પકડયા પછી તેની પાસે તેને દમયંતી પરણાવી આપવાનું વચન લેઇ છોડયો હતો. હંસ દમયંતીને ત્યાં નળનો દૂત થઇ ગયો હતો, અને દમયંતી આગળ નળનાં વખાણ કરી તેને વિહ્વળ કરી તેની પાસે નળને પરણવાની કબુલાત લેઇ તે પાછો આવ્યો હતો. તે વખતે નળ પાસે તે દમયંતીનું વર્ણન કરે છે તે ખરેખર અતિ રસિક છે, ને પ્રેમાનંદની કલમને શોભાવે એવું છે. એમાં એક પછી એક અલંકાર કવિએ ખડકયા છે. તેમાં કિલષ્ટતા અલબત્ત આવી છે, તો પણ આખું કડવું ઘણું જ રસિક છે.

ગર્વઘેલડી-જુવાનીના મદવાળી. કનકની વેલડી-સોનાની વેલ. દમયંતીની માધવી અને કેશવી નામની બે સખીઓને કેળના થાંભલા તરીકે, તથા દમયંતી એ વચ્ચે ઉભી હતી તેને તે થાંભલા ઉપર વિંટળાએલા સોનાના વેલા જેવી કવિ કલ્પે છે. અવેલ-શરીરનાં બધાં અવયવો, પૂરેપૂરી જુવાની આવેલી હોવાને લીધે, વિકાસ પામ્યાં હતાં. વ્યોમ-આકાશ. સોમ-ચંદ્રમા. ઇંદુમાં બિંદુ-ચંદ્રમાં કલંક; મૃગાંક. ઉડગણ-તારાનો સમૂહ. ભોમ-પૃથ્વીનો અથવા મંગળનો ગ્રહ. આકાશમાં

ચંદ્ર, અને પૃથ્વી ઉપર દમયંતીનો મુખરૂપી ચંદ્ર સામસામા શોભતા હતા. ચંદ્રની અંદર જે પ્રમાણે કલંક છે તેમ દમયંતીના કપાળ ઉપર ચાંદલો હતો તેથી તારાનો સમૂહ પૃથ્વી ઉપર આવીને રહ્યો હોય એમ મને લાગ્યું; અથવા ચાંદલો લાલ હોવાથી ભોમ કહેતાં મંગળનો ગ્રહ હશે એવું મને જણાયું. એથી થંભ્યો આકાશ-એ પ્રકાશના થાંભલાના આધારથી આકાશ ટેકવાઇ રહ્યું છે. નહિ તો તે નીચે આવત. કળા...લક્ષ-ઘણી જ તેજસ્વી દેખાતી હતી. ધરાધર-શેષનાગ. ચંદન વૃક્ષ-દમયંતીનું શરીર. દમયંતીનો ચોટલો વાંસા ઉપર પડેલો હતો તેને શેષનાગ કલ્પી કવિ કહે છે કે એના શરીરમાંથી સુગંધ પ્રસરતી હતી તે જાણે નાગદેવના તેના શરીર ઉપર સુગંધ લેવા ચડયો ન હોય તેવું લાગ્યું. કુરંગ-હરણ. મીન-માછલું. ખંજન-પક્ષી. જાળે પડીય-જાળમાં સપડાયાં. સોય નીમડીયાં-સોયનું કામ બન્યું. ડોળાં-ડોળવાળાં. અંબુજ-કમળ. ભ્રુવ-ભવાં; ભમર. શર-કામઠું-દમયંતીના દૃષ્ટિ તીરના જેવી હતી ને તે તીર ભવાંરૂપી કમાનમાંથી છૂટી જેના પર પડતું હતું તે મોહિત થતું હતું. હાવ ભાવ-મનના ચાળા, ખભા ઉંચા નીચા થવાથી જ અથવા હાથના ચાળાથી જણાતા હતા; અથવા તીર નાખનાર એ હાથ તે હાવભાવ હતા; એટલે કે એની દૃષ્ટિથી તથા તેના હાવભાવથી મનુષ્ય મોહ પામતું હતું. ગળ સ્થળ-ગાલ. અકોટી-એક જાતનું ઘરેણું. તેના ગાલ નારંગી જેવા લાલ હતા અથવા એના ગાલ ઉપર નારંગાં પડેલાં હતાં, અને તેનું કાનનું ઘરેણું સૂર્યના અને ચંદ્રની પેઠે પ્રકાશતું હતું. તેના હોઠ (અધર) પરવાળાં (પ્રવાળી) જેવા લાલ હતા, તથા તેના દાંત ઉપર સોનાની જડ હતી. તેના ઉપર જીભ (જીવ્હા) વારંવાર ફરતી હતી તે સોનું કેટલા કસનું હતું તેની કસોટી કરતી ન હોય તેમ લાગતું હતું. આનન-મ્હોડું. કીર આનન-પોપટ જેવું નાક. શ્રીખંડ-મોર. તેના પોપટ જેવા નાક ઉપર મોરના આકારની વીંટલી હતી તેથી મોર શોભી રહ્યો. કો ન-

દમયંતી બોલતી હતી તે જાણે ઝાડમાં છૂપી કોયલ બોલતી હોય તેમ લાગતું હતું. વનલતા–એ પ્રમાણે વનલતા દમયંતી રૂપી વેલા ઉપર મોર બેઠેલો જોઇ મારી ધીરજ રહી નહિ અને મને પણ તેના ઉપર બેસવાનું મન થયું. અધરરસ વગેરે–તેના ભીના હોઠ (અધરરસ) ઉપર વાળીનું ધોળું મોતી (શ્વેતબિંદુ) આવી રહ્યું હતુ તે જોઇ અમારો સ્વભાવ મોતી ચણવાનો હોઇ મને ખાવાનું મન થયું. (કરું ગ્રાસ); અને તેનું પેટ (ઉદર) સરોવર જેવું હતું તથા તેનાં ઘરેણાં (આભરણ) કમળ રૂપ હતાં તેથી મને પણ તે સ્થાને જઇ રહેવાની ઇચ્છા થઇ. નાભી વગેરે-નાભી=ડુંટી. નીકટ=પાસે. મેખલા= કંદોરો-દમયંતીની કેડ એ પેટ રૂપી સરોવરનો કાંઠો હતો, અને તે કાંઠા ઉપર એટલે કેડ ઉપર ધોળો કદોરો પહેરેલો હતો. હંસનો સ્વભાવ કિનારા ઉપર સાથે સાથે ટોળામાં બેસવાનો હોવાથી કંદોરાનો પ્રત્યેક મણકો હંસ જેવો લાગતો હતો. રોમાવળી વગેરે–શરીર ઉપરના વાળ એ સરોવરનાં ઝાડ હતાં, તથા સરોવરમાં ઉતરવાને કાંઠા ઉપર જેવા ટોડા અથવા ઉભા થાંભલા હોય છે તેમ દમયંતીના પેટ રૂપી સરોવરની કાંઠે એનાં સ્તન ટોડા હતા તથા એ સ્તનની વચ્ચેનો છાતીનો ખાડો (ઉર મંડપ) ઓવારો હતો. રંગ વગેરે–એના શરીરનો રંગ એવો છે તથા તેની જુવાનીના ચાળા એવા છે, કે તે જોતાં આપણે ધરાઇએ નહિ, અને તે વખતે આપણને ભૂખ કે તરસ કાંઇ લાગે નહિ. કચભૂષણ–ચોટલાનું ઘરેણું; ગોફણો–તેના ચોટલાનો ગોફણો, તેના કેળના પાંદડા જેવા વાંસા ઉપર, તે ચાલતી ત્યારે, અથડાવાથી વાગતો હતો. (શબ્દ ઉઠે) તે અવાજ કેડ રૂપી સિંહનો હતો. (પંચાનન) (સિંહની કેડની સાથે સ્ત્રીની કેડ સરખાવવામાં આવે છે) ને તે દમયંતી હાથી (મેગળ) જેવી ચાલ ચાલતી હોવાથી જાણે હાથીની પાછળ બરાડા પાડતો સિંહ પડયો ન હોય તેમ લાગતું હતું. અથવા ગોફણો જ સિંહના આકારનો હોય અને તે

સિંહ એટલે ગોફણો દમયંતી ચાલતી તે વખતે કેડ હાલતી હોવાથી વાંસા ઉપર ઉંચો નીચો થતાં વાગતો હતો. તે હાથીની પાછળ બૂમ પાડતો પડયો ન હોય એમ લાગતું હતું. કેળશાખાએ-કેળની શાખ રૂપી. દમયંતીના શરીર ઉપરનાં સ્તન રૂપી કમળ (જલજ) જોઇને હાથી દિલગીર થયો હતો, કારણ તેનાં કુંભસ્થળ કરતાં તે વધારે સુંદર હતાં, અને એની બે આંખો કમળ જેવી હતી, એટલે ત્યાં ચાર (વેદ ચાર છે માટે) પાંપણરૂપી ભમરાઓ (મધુકર) બેઠેલા હતા. સ્કંધ વગેરે પગની સાથળ કેળના જેવી હતી, અને છ (ખટ) કમળ (તોયજ) પાણી (તોય) વિના તેનાં શરીર ઉપર હતાં. વ્યોમચર-પંખી. હાટકરૂપ-સોના જેવું શરીર. મોહવારૂણી-મોહરૂપી દારૂ પીને હું મૂર્છામાં પડયો હતો. ભુજ અંબુજ-કમળ જેવી હાથેલી પ્રાણનળ-પ્રાણવાયુનો નળ. રહે તુજ-જેવી તારા શરીરની કાંતિ કમળ જેવી છે તેવી જ કાંતિ તારા નળની છે! પરઅગ્ર-પીછાંની અણી. વૃશ્ચિક આંકડો-વીછુનો આંકડો. પીછાંની અણી વીછુના આંકડા જેવી તીણી હતી, તેનાથી તેની હાથેલી (ભુજતળ) ભોંકી. ઉણો-ખાલી; અધૂરો. જે વખતે દેવતાઓ ઘડામાંથી અમૃત પીએ ત્યારે તે અધૂરો થાય તે વખતે દમયંતીની વાણી રૂપી અમૃતથી તે ઘડો પાછો ભરાય છે. વિનતાવદન-દમયંતીનું મ્હોડું. સાર-સત્વ. શશી-ચંદ્ર. નક્ષત્રનાથ-ચંદ્રમા. લાગટ કીધું-હમેશનું કલંક આવ્યું. દમયંતીનું મુખ ઘડવાને બ્રાહ્મણે ચંદ્રમાનું તેજ લઇ લીધું તેથી ચંદ્રમાની અંદર હમેશનું કલંક આવી પડયું છે. ગ્રહેશ-સૂર્ય (સૂર્યની આસપાસ ગ્રહો ફરે છે તે માટે). શર્વરીપતિ-રાત્રિનો રાજા ચંદ્ર. ગોપ્ય-છૂપા; સંતાતા. વક્ત્ર-મ્હોડું. અમર આરતી કરે-સૂર લોકો દમયંતીના મ્હોડા આગળ આરતી ઉતારે છે. એટલે દમયંતી તેમના કરતાં ઉચ્ચ પદ્વિએ એટલે દેવની સ્થિતિએ છે. કચસમૂહ-ચોટલો. રાવ-ફરિયાદ. કળાધર-ચંદ્ર. કચસમૂહ વગેરે-દમયંતીનો ચોટલો કાળો હોઇ તે રાહુ જેવો ચંદ્રને

લાગ્યો એટલે તે બ્રહ્મા પાસે ફરિયાદ કરવા ગયો, પણ બ્રહ્માએ હાથની ઠેશ મારી ચંદ્રને અદ્ધર આકાશમાં હડસેલી મુકયો તેથી તે આંજ દિન સુધી આકાશમાં અંતરિક્ષ રહ્યો છે.

૪૭. નળરાજાના શરીરમાં કલિએ વાસ કર્યા પછી તે દમયંતીને મુકી ચાલ્યો ગયો, ત્યાર પછી દમયંતી જાગી એટલે તે તેની પાછળ નળને બુમ પાડતી જાય છે તથા વાઘ વરૂ રસ્તામાં જે મળે છે તેને નળરાજાના સમાચાર પૂછતી જાય છે ને રડે છે એ વિલાપ કવિએ ગાયો છે.

નૈષધનાથ–નિષધ દેશનો રાજા, વીરસેનનો પુત્ર, નળ રાજા. ભીમકરાજકુમાર–વિદર્ભ દેશના રાજાની કુંવરી; દમયંતી. વેદના–પીડા; વ્યથા. ચીતરો–ચિત્તો, વાઘ. કટ–કટિ; કેડ, શાર્દૂલ–વાઘ. સાવજ–સિંહ. દ્રુમ–ઝાડ. પર......છાંય રે–ઝાડ હમેશાં પારકા ઉપર ઉપકાર કરનારાં હોય છે; કારણ તે ઉંચાં હોઇ તથા તેમનાં પાંખડાં વિસ્તાર પામેલાં હોઇ તેનાથી છાયો બની રહે છે, ને તે છાયામાં તાપની વખતે ઘણા માણસો વિશ્રામ લઇ શકે છે. તરૂ–ઝાડ. પુણ્યશ્લોક–નળ રાજા; જેના નામના સ્મરણથી પુણ્ય લાગે એવો પુરૂષ. વિકાસી મુખભાગ રે–ડાચું ફાડીને; પહોળું કરીને. જાનું–ઘુંટણ; ઢીંચણ. રીસ–ભુમ. ઉંચાં...ચક્ષ–ડોળા ઉંચા ચડી ગયા. કંઠ...કાચકી–ગળું મળી ગયું; બોલાતું બંધ થયું. રસના–જીભ. વાસવ–ઇંદ્ર. કરતળ–હાથેલી. વાસ સુધા તણો–અમૃત રહેલું હોવાથી.

૪૮. નળનાં વખાણ કરવા આવેલા હંસને ઝાલવાને અથાક પ્રયત્ન કર્યા પછી કમળ ઉપર ભમરો બેસે છે તેવો વિચાર કરી પોતાની કમળ જેવી હથેલી ઉપર જાંબુ મુકી હંસને છેતરી પકડવાનો વિચાર કર્યો ને હંસને પકડયો, તે નળ વિષે પૂછપરછ કરીને તેને પરણવાનું વચન આપ્યું.

પાણીપંકજ-કમલ જેવી હથેલી. ચેહેબચા-તળાવ, જળાશય. પલાશ-ઝાડનું નામ, ખાખરો. પીમળ-સુગંધ. ભામા......ભણતી-દમયંતી ભમરાની આફક ગણગણતી હતી. અંબુજ-કમળ. ગારુઓ-ચતુર, હોશિયાર. ગાઠો-છેતરાયો. બીઆ-ભાઇ. વ્રખડોજ-એક જાતનું ઝાડ છે. અથઇતિ-પહેલેથી છેડે સુધી. થપોલી-નાની ચાનકી (થપેલી). કોટાન કોટ-કરોડો. તેજવંત-સૂર્ય.

૪૯. દમયંતી પોતાને જ પરણશે કે કેમ તેની ખબર કરવાને નળ જુદે વેષે ઇંદ્ર, વાયુ, અગ્નિ અને જમના દૂત થઇને આવ્યો ને પોતાની ઉપેક્ષા કરી. દમયંતી દઢ જણાઇ.

ન્યૂન—ઓછું. મોદવર્ધન-આનંદ વધે એવી. અંતરપટ-પડદો. પ્રસ્વેદ મુક્તા-પરસેવાનાં ટીપાંને મોતીની ઉપમા. ઝબકારે-તેજથી. માતંગી-હાથણી; સ્ત્રી. ઉઠંગી-અઢેલીને. ગળસ્થળે-લમણે. દુઃખમોચની દુઃખ ટાળનારી. વારૂ-ઠીક. મદગળ......પલાણે-હાથી મુકી પાડા ઉપર કોણ સ્વારી કરે? અજા-બકરી. સાળ-ડાંગર; ચોખા. કુસકાં-છાલાં. નેગીયો-સ્નેહી. ઊવેખે-વખોડે નિંદા કરે. વાસવ-ઇંદ્ર. વહ્નિ-અગ્નિ. ઇક્ષુ-શેરડી. સુર-દેવ. મનુષ્ય......ઠાડ-માણસને માથે એકસો ને આઠ વ્યાધિ રહેલા છે, અને તેને વારંવાર મરવાનું છે ને પાછો અવતાર લેવાનો છે. આયુષ......હીડે-જીંદગી જલદી પૂરી થાય, તથા મરણ પાસે આવે છે. સન્નિપાત-બેભાન સ્થિતિમાં, સખ્ત બીમારીમાં, સંબંધ વિનાના હાથ, મ્હોં વગેરેના ચાળા. ઘરસૂત્ર-પુત્ર-પરિવાર. કીર-પોપટ. ઓસરે-પાછા હઠે. વૃંદ-ટોળું. સુધા-અમૃત. વારૂણી-દારૂ, મદિરા. તક-વખત. પારિજાતક-એ નામનું સ્વર્ગનું ઝાડ ને ફૂલ. રઢ લાગી-લહે લાગી. લવ-લવરી. નિભ્રંછ્યો-અવગણના કરી, વાકું બોલ્યો.

૫૦. દમયંતીને પરણ્યા પછી પોતાના ભાઇ પુષ્કળ સાથે દ્યુત રમતાં નળ હાર્યો ને રાજપાટ ખોઇ વનમાં ગયો, ત્યાં દમયંતીને

કળીના પ્રભાવે છોડી. તેને અનેક દુઃખો પડયાં, આખરે તે પોતાની માસીને ત્યાં આવીને ચાકરડી તરીકે રહી હતી. અહીં કળીના પ્રભાવથી તેની મસીઆઇ બેનનો હાર ચોરાયાનું આળ તેના ઉપર આવ્યું તે સંબંધીનું કાવ્ય છે.

અકળાવો—હેરાન કરો, મુઝાવો. પાખે-વિના, વગર. ધરની પેટભરી-નોકર, ખોરાકના બદલામાં કામ કરવા રહેલી તે. ફાંસુ-ફોકટ. અભિલાખી-ભૂખી, હોંસીલી. જશ......વ્હાલો-તમને આબરૂની દરકાર હોય તો.

૫૧. હાર ચોર્યાનું માથે આળ આવ્યાથી તેમાંથી મુક્ત થવા દમયંતી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે અને ટોડલો ફાટી હાર લટકતો બધાના જોવામાં આવે છે. તેથી પોતાનું સતીત્વ જળવાયું ને દમયંતી હવે પ્રગટ થઇ.

નરતું-નીચું, હલકું. ગ્રાહથી-પકડેલો. ભણી જુઓ-વ્હારે ધાઓ. નિપૂણ-સમજુ. બુધ-બુદ્ધિ. તોડલો-લાકડાની મોટી ખીંટી. ત્રુઠયા-પ્રસન્ન થયા. મુખડું......વાળી-ઇંદુમતી ખિસિયાણી પડી ગઇ ને ફરી મ્હોં ન બતાવી શકી.

૫૨. દમયંતીએ માસીને ત્યાંથી પોતાને પીયેર આવ્યા પછી નળની શોધ કરવાનો યત્ન જારી રાખ્યો ને એક સુદેવ નામના ગોરને ગર્ભિત અર્થવાળી ટહેલ શીખવી મોકલ્યો; તે ટહેલનો પ્રતિઉત્તર, ઋતુપર્ણ રાજાને ત્યાં નળરાજા બાહુકને વેષે ગાડીવાન તરીકે રહ્યો હતો તેણે આપ્યો તે પ્રસંગ છે.

ટાળી-વિના, વગર. ટહેલ-જોઇતું મળે તો જ બોલતાં બંધ થવું એવા આગ્રહથી માગણુ શહેરમાં ફરી ફરીને એકના એક બોલ

બોલે છે તે. કળા પાડી-તદબીર કરી. અટણુ કરતાં-રખડતાં. અલભ્ય-મળે નહિ તેવું. ધર્મધોરિંધર-ધર્મરાજા (ધુરિંધર-અગ્રેસર). જાત......નેટ રે-નક્કી પોતે પ્રકાશ્યું, જાત જણાઇ. વેહોરતીઓ-ઘરાક ખરીદ કરનાર (અહીં આગળ નળ). કીર્તિ......ઝાંખી રે-આબરૂને ડાઘ લગાડયો; બેઆબરૂ થયો. મર્માળી-ગર્ભિત, ભેદવાળી. ગેહેલીગો-ઘેલો, ગાંડો. બાહુક-નળ. કદ્દજ-(કર્દ-કાદવ) કાળી. ખરેરો-ઘોડાને સાફ કરવાનું ઓજાર. ખારે-ખારથી, દ્વેષભાવથી. તીખો-ઉગ્ર, કડક. તરેરો-ગુસ્સે, ક્રોધાયમાન. કારમો સરખો-ડરામણો, બીક લાગે એવો. વેહોર્યું......નીવડયું રે-(દમયંતી) રત્ન હતું એમ સમજીને ખરીદ્યું (પરણ્યો), પણ પાછળથી તે કાચ જણાયાથી છોડી દીધું. તત્વરહિત-સાર વિનાનું. ગૂઢ-મર્મવાળાં. સાંસામાં પડયો-સંદેહમાં પડયો. હારદ-મનની મતલબ. અનાહુત-અણબોલાવેલું. જઠરભરણ-પેટ ભરનાર. નૈવેધ-દેવભાગ.

૫૩. આમાં પતિને મળવાનો જે આનંદ શરીરમાં વ્યાપી રહે ને તેથી મનમાં તાલાવેલી થાય તેનું વર્ણન છે.

અવધ-વખત, મુદત. આજ......આંખડી-સ્ત્રીની ડાબી અને પુરૂષની જમણી આંખ ફરકવી એ શુભ શુકન મનાય છે; કોઇ તરેહનો લાભ થાય એમ લોકોનું માનવું છે. વધ......વિજોગનો-વિયોગ રૂપી દુશ્મન નાશ પામશે. ગરજતો-અવાજ કરતો. ટચકાર-ગાડીવાનો હાકતાં મ્હોંએથી જે અવાજ કરે છે તે. હાંકણહાર-હાંકનાર; ગાડીવાન. ખેડણુ-હાંકનાર.

૫૪. બાહુક નળ રાજા છે એવી ભ્રાન્તિ પડવાથી તેની પરીક્ષા કરવા દમયંતી તેને તેડાવે છે. બાળક છોકરાંને જોઇ હૈયું ભરાઇ આવે છે; વ્હાલ આવે છે. તે તેમને ભેટવાનું મન કરે છે. છોકરાં હાઉને જોઇ છળે જ તે સ્વભાવ. નળના ચેનકા વગેરે બાબતનું વર્ણન.

ઉલટયું અંતઃકર્ણ–હૃદય ભરાઇ આવ્યું. દામણાં–ગરીબડાં. અંતરિયાળ–એકલું. અધવચ–આશરા વિનાનું. સંજોગ...સમાન–મેળારૂપી દરિયાનું પાણી ઉછળ્યું એટલે હૃદયની ઊર્મિ થઇ આવી ને શ્રાવણ માસમાં વરસાદની ધારા માફક આંખમાંથી આસું ચાલ્યાં. ધીશ–રાજા છળ્યાં–ચોક્યાં. સાંઇ–આલિંગન. ગળગળો–રડવા જેવો. સોમવદની–ચંદ્રના પ્રકાશ જેવા વદનવાળી, ચંદ્રમુખી. સારંગનયનિ–હરણની આંખો જેવી આંખવાળી. સધ–જરૂર. બાંહેધર–જામીન. નીચી નાડે–નીચું જોઇને. વિકારે ભરી–શુદ્ધ મન વિનાની. કપાટ–બારણાં દાસીયે......આંખડી–ક્રોધ કર્યો, ધમકાવ્યો.

૫૫. ઋતુધ્વજ નામના રાજાએ પાતાળકેતુ અને તાલકેતુ નામના દૈત્યોને સ્વર્ગના ઘોડાની મદદથી હરાવ્યા હતા. યુદ્ધમાં તાલકેતુ માર્યો ગયો એટલે પાતાળકેતુ નાસી જઇ હિમાલય પર ગયો. ત્યાં મદાલસા નામે ગાંધર્વ કુમારીને ઉપાડી પોતાને ઘેર લઇ ગયો રસ્તામાં પાર્વતિ મળ્યાં. તેમણે તેને આશ્વાસન આપ્યું કે 'તને જે છોડવશે તે તને પરણશે.' થોડા સમયમાં ઋતુધ્વજ પાતાળકેતુની પાછળ પડતાં તેને ઘેર આવી પહોંચ્યો તો મદાલસાને દીઠી. બન્ને એક બીજા ઉપર મોહિત થયાં. નારદજી એટલામાં આવી પહોંચ્યા ને તેમણે તેમનો ગાંધર્વ વિવાહ કર્યો. મદાલસાને ઋતુધ્વજ ઘેર લાવ્યા પછી તેને મદાલસાએ એવું કહીને મણિ આપ્યો કે 'એ મણિ જશે તો મારું મૃત્યુ થશે.' પાતાળકેતુએ બ્રાહ્મણનો વેશ લેઈ એ મણિ ઋતુધ્વજ પાસે થોડા સમય માટે માગી લીધો, ને પછી તે મદાલસા પાસે ગયો. મદાલસાએ મણિ જોતાં જ દેહત્યાગ કર્યો, એટલે તેને સ્મશાને અગ્નિદાહ કરી આવ્યા. ત્યાર બાદ ઋતુધ્વજ આવી પહોંચે છે, ને મદાલસાની શોધ કરે છે. એ બે વચ્ચે દિવ્ય પ્રેમ હતો તો ઋતુધ્વજ આખરે મરી ગએલી મદાલસાને મેળવી શકે છે.

અચેતન–બેહોશ; બેભાન. વાધ્યું શીત–શરીર ટાઢું ટાઢું થઇ

ગયું. કાષ્ટવત્‌-લાકડા જેવો. બ્રહ્માણ્ડ...ચિત્ત-જીવ તાળવે ચડી ગયો. ચિત્તભ્રમ-ગાંડા જેવો; મગજ ખસી ગએલું હોય ને તે જેવી રીતે વર્તે તેવા વર્તનવાળો. ભીતર......લાગી-શરીરની અંદર છેક આંતરસૃષ્ટિમાં દાહ લાગી ઉઠયો. વહોણાં-વિનાં. હેજ-પ્રેમ. કેટલીક પ્રતમાં 'હેજ'ને બદલે 'એજ' શબ્દ છે. એ પ્રમાણે લીધાથી એનો અર્થ, 'તમે બોલો એટલું જ અથવા એ જ તમારી પાસે હું માગું છું' એવો થશે. ખુણાખંચાળા-ખૂણા ખાંચરાં. ઉદવસ્ત-ઉજડ. સ્મશાન વસાર્યું-સ્મશાનવાસી થયાં; મરી ગયાં. હું મુવો છઉં-તું મરી ગઇ છે એટલે તું મને મુવેલો જ જાણજે. છોકરવાદી-બાળચેષ્ટા. હું થયો ન-તું મરી તે પહેલાં હું મરી ગયો હોત તો સારૂં. બારેવાટ-હાંફલો ફાંફલો; રખે...મારે-મદાલસાને મારી નાખીને બાળી મુકી, તેમ કોઇ એની રાખોડીને પણ મારી નાખે તો શું કરવું એવી ચિંતા કરતો તથા ગેવાં ગાંડાં કાઢતો તે હાંફલો ફાંફલો રખડવા લાગ્યો. પ્રાણી-જીવ; આત્મા.

૫૬. મદાલસાના મરી ગયા પછી ઋતુધ્વજ તેની પાછળ ગાંડાં કાઢતો હતો, ને તેની રાખનું પોટલું બાંધી માથે મુકીને ભટકતો તેને સમજાવવા તેનાં માબાપે અનેક પ્રયત્નો કીધા, પરંતુ તેમાં તે નિષ્ફળ ગયાં તે વિષેનું વર્ણન અદ્દભુત છે.

આંખડીએ...પાણી-રડતાં રડતાં. પીલાય છે...ઘાણી-જેવી રીતે ઘાણીની અંદર તેલ પીલવામાં આવે છે તેવી રીતે આ સ્ત્રીના વિયોગની દુઃખરૂપી ઘાણીમાં બધું પીલાય છે. એટલે અધિક દુઃખ થાય છે. મારી શી...સંભારી-એવું કયું સગપણ યાદ લાવીને તમે મને સમજાવવા આવ્યા છો? ગાંધર્વકુમારી-મદાલસા. ઉમયાધારી-શિવ. વારી રાખો-અટકાવો. ત્રિપુરારિ-ત્રિપુર નામના રાક્ષસને શિવે માર્યો હતો તે ઉપરથી તે ત્રિપુરારિ કહેવાયા છે. વરજ્યો-છોડયો; ત્યાગ કર્યો.

જોગટ્ટ-જોગટોડ સાધુ; યોગી. ખપ-માગણી. બાયેગમંદ-કમ કીસમત; અભાગિયો. રાખોડી ચોળી-વૈરાગ લીધો. સેકે છે-દુઃખ દે છે. ચક્ષ-લોચન; ચક્ષુ. ભક્ષ પામે-ખાવાનું મળે. તઈણિ-સ્ત્રી. તંન સંતપિયું-દેહને કષ્ટ આપ્યું. સાંસો-સંશય; વહેમ.

૫૭. ઋતુધ્વજ માબાપે સમજાવ્યો સમજ્યો નહિ, ને તેમણે ઘણો આગ્રહ કરવા માંડયો એટલે તે ત્યાંથી નાસી જઇ ગંગા નદી તટે આવ્યો અને ત્યાં સ્ત્રીની રાખોડી પાથરી તે ઉપર તેનું ધ્યાન ધરવા લાગ્યો. એના મિત્રો નાગ હતા તેમની પાસે તે ન ગયો એટલે તેમને ચિંતા થઇ અને ઋતુધ્વજનું દૃઢ મન તથા તેનો મદાલસા પ્રત્યે અચળ પ્રેમ જોઇ તેમણે શિવની આરાધના કરીને વર મેળવ્યો, અને ઋતુધ્વજને પાતાલમાં લેઇ ગયા. એ વરને પ્રતાપે ઋતુધ્વજને મરી ગએલી મદાલસા પાછી મળી તે વખતે એક બીજાનું નામ જ જપતાં હતાં.

જ્ઞાનમાંચ-જ્ઞાનનો માર્ગ. ગળે પાછો-બોલતો બંધ પડી જાય; જીભ ઉપર આવેલો બોલ પાછો ગળામાં ઉતારી લે. વાયેક-શબ્દ; વાકય. લોચન ભરાયાં-આંસુ આવ્યાં. સામસામાં...બન્યો-ઋતુધ્વજ અને મદાલસા બન્ને જણાં એક બીજા તરફ આગળ ચાલ્યાં.

૫૮. નરસિંહ મહેતા પોતાની દીકરીના સીમંત ઉપર જવાની તૈયારી કરે છે. પોતાને પરમેશ્વર ઉપર પૂર્ણ ભરોસો હોવાથી ઇશ્વરને આરાધી માત્ર ભક્તના શણગાર સાથે વાહન જોડી કુંવરબાને સાસરે જાય છે. તેનું વર્ણન કવિએ કર્યું છે.

ત્રીકમજી-શ્રીકૃષ્ણે વૈરાટ રૂપ ધરી બલિ પાસે ત્રણ ડગલાં જમીન માંગી હતી તે ઉપરથી નામ પડયું છે. સીમંત-અઘરણી. ધુંસરી-ગાડી. એ બળદ જોડવાને આડું લાકડું રાખવામાં આવે છે

તે. સાંગી-રથની ધરી ને સાટી એ બેની વચ્ચેનો કટેરાવાળો ભાગ. સાટી-ધોરીઆ ઉપરનો માણસને બેસવાનો ભાગ. તળાવા-ધરી ઉંચી નીચી ન થાય તે માટે એક ઉભો અને એક ત્રાંસો એવા બે કટકા માંચડા સાથે ટેકાવેલા હોય છે તે. પિંજણિઓ-પૈડું તથા તળાવા બહાર નીકળી ન જાય તે માટે કમાન મુકવામાં આવે છે તે. ગળિયો -સીધો ચાલે નહિ ને જરામાં બેસી જાય તેવો. જૂજવાં-જૂદાં જૂદાં. રોક-રોકડું. વસાત-શક્તિ.

૫૯. નરસિંહ મહેતા મોસાળું કરવા ગયા તેથી બધા મશ્કરી કરે છે, ને પછી બાપદીકરીનો મેળાપ થતાં ઠાલામાલા મશ્કરી કરાવવા આવ્યા જાણી દીકરી પોતાના મનનો ઉભરો કાઢે છે ને તેને નરસિંહ મહેતા આશ્વાસન દે છે કે 'શ્રીકૃષ્ણ ભગવાન તારા મનના મનોરથ પાર પાડશે.'

છાજ-છાપરા ઉપરનું વળણ. દોદશ-દશે દીશાએ. જુઆ-એક જાતનું જીવડું છે (જ્યાં ઢોર બંધાય ત્યાં ઘણું માલમ પડે છે). હસણી-મશ્કરીખોર. બોઇએ પાપ-પાવન થઇએ. તૂઠડો-પ્રસન્ન, તુષ્ટમાન. મરડે મુખ-મહોડું બગાડતી હતી; મશ્કરી કરતી હતી. બગાઇ-એક જાતનું જીવડું (ઢોરના શરીર ઉપર જણાય છે). ચંગ-ઝાંઝ, તાલ વગાડવાની પીતળની ચકતીઓ. રંગ-આબરૂ, શોભા. ઉધારો-ખામી, વાંધો. શંખ ફૂંકશે-શંખ વગાડશે; દેવાળું કાઢશે. સચવારો-પાર ઉતારી શકશે. મોડ-લગ્ન અથવા શુભ ક્રિયા વખતે સ્ત્રીઓ માથા ઉપર બાંધે છે તે. નાડાછડી-લાલ રંગનો સુતરનો કાચો દોરો જે શુભ પ્રસંગમાં વપરાય છે તે. ઘાટ-ઘાટપોતનું કપડું. બારેવાટ-તૈયારી વિના. હેજ-હેત. વછોઇ-છુટી પડી. ઢંગ-આચરણ, રીત.

૬૦. નરસિંહ મહેતો ભગવાનનો ગાઢ ભક્ત હતો. ભગવાને

પોતાના દરેક ભક્તને સંકટ સમયે મદદ કરી હતી એ વાત સુપ્રસિદ્ધ છે. તે પ્રમાણે નરસિંહ મહેતાની મદદની પ્રાર્થનાથી તે ઉઠે છે, ને રાણીને તથા બીજાને મોસાળાની સર્વ સામગ્રી લેઇ તૈયાર થવા હુકમ આપે છે. હરિ બરાબર દોશી વાણીઆનો વેશ લે છે. એ ચિત્ર ચીતરવાની કવિની શક્તિ અદ્દભુત છે. આ કાવ્ય એની શક્તિનું માપ છે. એના વર્ણનથી ચિત્રકારને છબી ચિતરવા આપી હોય તો તે આબેહુબ ચીતરી શકે.

સરે-ચાલે. રિદ્ધિસિદ્ધિ-દોલત. હેમસાંદળાં-સોનાનાં સાંકળાં (ઘરેણું). કોઇ દિવસ પણ દીઠાં નહિ હોય, અને જેનાં નામ પણ જડે નહિ એવાં લૂગડાં લો. ધોરી-બળદ. વાડ લોકોનું ટોળું; જમાવ. વાડ મુકાવી-ટોળાને ખસેડયું. ખટદર્શન...લાધે રે-ઇશ્વર સંબંધી જ્ઞાન આપનારાં છ દર્શનનો છે તે બધાંથી ખોળવા મથીએ તો પણ પાર પામીએ નહિ. ઉમિયાવર-શિવ. જાગે-પ્રતાપથી. અણવાણે-ઉઘાડે, અડવે. બજાજ-કાપડિયો. પટકો-પાંચેક હાથનો લૂગડાનો કકડો; ફેંટો. મોજાં-જોડા. બલું-વિશાળ, શોભિતું. રાખડી-રક્ષાબંધન. ખંજન-એ નામનાં, પૂછડી વારંવાર હલાવ્યા કરતાં ભૂરા રંગનાં ચકલીની જાતિનાં પક્ષી. ચંપકવર્ણી-પીળા રંગની. કોડ પૂરો-મનની ઇચ્છા પૂરી કરો. મીઠી-વહાલી. કોઠી-વખાર.

૬૧. અહિલોચનના પિતાને શ્રીકૃષ્ણે માર્યો હતો તે વાત તેની માથી જાણ્યા પછી અહિલોચને પિતાનું વેર વાળવાનો નિશ્ચય કર્યો. કૃષ્ણ નહિ મરે એ બાબત માએ ઘણો સમજાવ્યો, પણ તેણે માન્યું નહિ. તે તપશ્ચર્યા કરવા ગયો, ને તેણે લોખંડની પેટી મેળવી. બાળક બુદ્ધિ પેટી લેઇને કૃષ્ણને મારવા જતો હતો ત્યાં રસ્તામાં કૃષ્ણ ભગવાન વૃદ્ધ બ્રાહ્મણને વેશે તેને મળ્યા, ને એણે તેને કહ્યું કે, 'તારા જેવડા જ કૃષ્ણ છે. તું જો એ પેટીમાં સમાશે તો તે સમાશે માટે

પહેલાં તું પેટીમાં સમાઇ ખાત્રી કરી લે ને પછી તેને મારવા જા.' આ પ્રમાણે અહિલોચનને મારવાનું જે કપટ કૃષ્ણે રચ્યું હતું તે વિષે હકીકત.

વ્હાલા......વારો છો-મારૂં ભલું ઇચ્છીને શું દુશ્મનાઇનો બદલો લો છો ? ભૃગુ-શુક્ર. શુક્રાચાર્ય-એક આંખે ખોડવાળા ગુરુ. શીત વ્યાપ્યું-શરીર ટાઢું થયું, મરવાની અણી ઉપર જેવું ટાઢું થઇ જાય તેવું. શોષ પડયો-ગળે કાચકી બાઝી, ગળું સુકાઇ ગયું. મનના ......રહ્યા-મારા દિલની ઇચ્છા પાર પડી નહિ. અંબુજ-કમળ. અંબુજ......આશ-જેવી રીતે કમળ ઉપર ભમરો વિશ્વાસથી મકરંદ લેવા બેસે છે, પણ સૂર્યાસ્ત પછી કમળ બીડાઇ જાય છે તેથી તે સપડાઇ મરી જાય છે, પણ કમળ બીડાશે તેવો તેને અવિશ્વાસ હોતો નથી, તે પ્રમાણે હું તમારા વચન ઉપર વિશ્વાસ આણી પેટીમાં પેઠો છું. ખોળે......શીશ-આશ્રયે આવ્યા પછી, પોતાનો કરી મારી નાખવો ન જોઇએ.

૬૨. કૃષ્ણ પોતાનું કપટ અહિલોચનને કહી સંભળાવે છે એટલે પેટીમાંથી મરતાં મરતાં કૃષ્ણને શાપ દે છે, તથા અનેક અનેક સુકૃતો સંભળાવી તેનાં આ નીચ કૃત્યો માટે ધિક્કાર આપે છે.

વારી-અટકાવી. સાણસે......સાપ-(સાણસો-સાપ પકડવાનું લાકડાનું હથિયાર.) કબજામાં આવેલા વેરીને છોડીએ. હું...... ભોળો-વિષ્ણુ, બ્રહ્મા અને શિવ એ ત્રણે એક જ છે, જૂદા નથી. દેડે......હુતાસન-ગુસ્સો ચડયો. અભ્યંતર-કોઇ વસ્તુની અંદરની જગ્યા. અભ્યંતર......અત્યા-તેં મને પેટીની અંદરની જગ્યામાં માર્યો, પ્રકાશ નહિ. જરાસંધ-મગધ દેશનો રાજા અને કંસનો સસરો. પારિજાતક-હારસિંગારનું ફુલ. પ્રહ્લાદ-હિરણ્યકશિપુનો પુત્ર અને કૃષ્ણનો ભક્ત. એને ભગવાને નૃસિંહ અવતારમાં થાંભલામાંથી પ્રગટી

હિરણ્યકશિપુને મારી ગાદીએ બેસાડયો હતો. વરાહ-ડુક્કર, સુવર. ભૃગુ-પરશુરામ. પાહાણુ......પાર-રામાવતારમાં સેતુબંધ બાંધી લશ્કરને ઉતાર્યું.

૬૩. અહિલોચન મરી ગયા પછી શ્રી ભગવાન તે પેટી લઇ સુભદ્રાને ત્યાં આવ્યા ને તેને તે સોંપી. એટલે શ્રી ભગવાન શું લાવ્યા અને બેનને શું આપ્યું તે જાણવા એની ભાભીઓ એની પાસે જઇ પટુડાઇ કરે છે, ને લૂગડાં, ઘરેણાં વગેરે આપી તેનું મન મનાવે છે. સ્ત્રીચરિત્ર કવિએ આબેહૂબ વર્ણવ્યું છે.

સોળસહસ્ત્ર-પ્રાગ જ્યોતિષપુરના રાક્ષસ નરકાસુરે પરણવા માટે સોળહજાર કન્યા એકઠી કરી હતી. પણ ઇંદ્રની વિનતિથી શ્રી કૃષ્ણે તેને માર્યો અને તે સોળહજાર કન્યા પોતે પરણ્યા તે રાણીઓ. આવાસ-મહેલ. સાસરવાસો-છોકરીને સાસરે વળાવતી વખતે તેને પીયેરથી આપવામાં આવતાં લૂગડાં, ઘરણાં વગેરે. વામા-સ્ત્રી. બીયાં ઉવરૂં-એનાથી વધારે. એ તો દૂધ......દહીંરે-સર્વસ્વ; જે ગણો તે એ છે. ગર્થ-પૈસો. તાજું-નવુંનકોર. એકલું છે હીર-નર્યા રેશમનું લૂગડું; સૂતરના ભેગ વિનાનું. મન બહોળું કરવું-ઉદાર થવું. વેસર-ચીટલી. અણવટ-પગને અંગુઠે પહેરવાનું ઘુઘરીવાળું ઘરેણું. પ્રાહૂણા-પરોણા; મહેમાન. ભિયા-ભાઇ. જીભ-દંત-અરે એવું બનેજ કેમ અથવા એવું બોલાયજ કેમ એવા મનના ઉદ્‌ગાર બતાવવા હોય ત્યારે વપરાય છે. અગ્નિનો ભડકો-ઘણા ક્રોધી. ઘો-ગરોળીની જાતનું ઉરગ પ્રાણી; દાખલા તરીકે ચંદન ઘો અને પાટલા ઘો. ઝાકળ ઉતારવી-પાણી પાણી કરી નાખવું; નરમ કરવું. હાથે લેશું-સપાટામાં લઇશું.

૬૪. સુભદ્રાની ભાભીઓએ એને ફોસલાવી પેટી ઉઘડાવી, ને તેમાં તેમણે સુડદું જોયું એટલે ધીમે ધીમે જે વસ્તુ તેમણે નણંદને

આપી હતી તે તમામ વસ્તુ અનેક બહાને પાછી માગી લીધી એ સ્ત્રીચરિત્ર કવિ આલેખે છે.

નહિ પિતાની જાત—એ બાપની હોય તે બહાર જઇને પેટી સંબંધી વાત કરે એવા અઘરા સમ આપ્યા. તિહીકાર—તાળું. મૃતક-મડું; મડદું. તીના—ઝીણા. હંસ-જીવ; પ્રાણ. ઘટમાંય—શરીરમાં. મરકલડે—મંદહાસ્યથી, મશ્કરી કરી; મ્હોંડું મરડ્યું. અવનિલોક—પૃથ્વી ઉપરના લોક. સરકડા તાણવા—નસકોરાં બોલાવવાં. ઠુંઠોળી—મશ્કરી; ઠીઠી કરવા લાગી. સાંસ્તાં રહી—ધીમેથી; ઠાવકાઇથી. ભિયાં—બાઇ. માની મોતી—મોટી માની. ભાવ પો'તી—હેત મળી ચુક્યું. સાલ્લા સોતી—એક સાડલા સાથે અથવા સાડલા ભેર. ત્રસો—ટચકો; છણકો કર્યો.

૬૫. અહિલોચન પેટીમાં મર્યા પછી કૃષ્ણ પેટી ઘેર લઇ ગયા ને તે સુભદ્રા બ્હેનને ત્યાં મુકી. કૃષ્ણ કંઇ નવાઇ લાવ્યા ને તે બ્હેનને આપી એવી શંકા રાણીઓ લાવીને નણંદને ત્યાં જોવા ગઇ. સુભદ્રાને અનેક પેરે સમજાવી પેટી ઉઘડાવી. અહિલોચન મરણ પામ્યો હતો, પણ જીવ બહાર નીકળી શકેલો નહિ હોવાથી જેવી પેટી સુભદ્રાએ ઉઘાડી તેવો જ જીવ સુભદ્રાના પેટમાં ભરાયો. પુત્ર પ્રસવ્યો તે અભિમન્યુ. ગર્ભનો પ્રસવ ન થવાથી કૃષ્ણે તેને છ કોઠા શીખવ્યા ને પ્રસવ થયા પછી સાતમો શીખવવાનું વચન આપ્યું. આવી કથા છે. જન્મ્યા પછી મામા સાથે દુસ્મનાવટ છે એવું તેણે ઘણી વખતે બતાવ્યું હતુ તેથી તેને મારી નખાવાનો પ્રયાસ કૃષ્ણનો હતો. તેથી પાંડવ કૈરવના યુદ્ધમાં ચકાવાના વ્યુહમાં તેને જવાનું આવ્યું. તેથી પોતાની સ્ત્રી ઉત્તરા પાસે રજા લેવા આવ્યો.

આભૃત્ય—આધાર. અવતાર......એણે—જન્મારો મારો વ્યર્થ ગયો. અભ્યતંર-દિલનાં, અંતરનાં. નહીં......રેષા—કર્મની દોરી એટલે

કર્મમાં લખાયું છે તે મિથ્યા થનાર નથી. રણ......શૂર-શૂરવીર હોય તે લડવાની ના ન કહે. ઓસરવું-હઠવું. પાલવ-લૂગડાનો છેડો. તમો ......ચૂકો-શાણા થઇને કેમ તમારામાં ભૂલ પડે છે ? વકરો-આડા થાઓ. ચક્રાવો-ચક્રવ્યૂહ. જયદ્રથ-સિંધુરાજનો પુત્ર. એ દુર્યોધનની બ્હેન દુઃશીલા સાથે પરણ્યો હતો. એણે દ્રોપદીનું હરણ કર્યું હતું, પણ ભીમે તેને પકડી ધર્મરાય પાસે આણ્યો. એણે પાંડવોને જીતવા માટે તપશ્ચર્યા કરી પણ અર્જુનની ગેરહાજરીમાં પાંડવ હારશે એવો વર તેને મળ્યો, અભિમન્યુને તેણે માર્યો, તેથી અર્જુને તેનું શિર છેદ્યું. તે શિર એનો પિતા અંજલિ આપતો હતો તે વખતે ખોળામાં પડ્યું ને બાપ ને દીકરો બન્ને મર્યા. ભૂરિશ્રવા-કૌરવ સૈન્યનો યોદ્ધો. કૃતવર્મા-એ યાદવ હતો. દુર્યોધને કૃષ્ણ પાસે મદદ માગી ત્યારે તેણે તેને પાંડવની સામે યુદ્ધ કરવા સૈન્ય સાથે મોકલ્યો હતો. કૃતાંત-યમ. વ્યાળ-વાઘ. અશ્વત્થામા-દ્રોણાચાર્યનો પુત્ર. એ ચિરંજીવી છે. કહે છે કે નર્મદા નદીને કિનારે ભીલ લોકો તેને ફરતાં જુએ છે. એના મણિનું છેદન અર્જુને કર્યું હતું. અશ્વત્થામા મરે નહિ તે દ્રોણ જાણતા હતા પણ તેનાં હથિયાર મૂકાવવાને યુધિષ્ઠિર પાસે હાથી માર્યો ત્યારે કહેવડાવ્યું કે 'નરો વા કુંજરો વા.' આ પછી દ્રોણે હથિયાર છોડયાં હતાં. શલ્ય-પાંડવકૌરવના યુદ્ધમાં કર્ણના સારથી. નકુળ સહદેવનો મામો. ઉલ્કાપાત-ખરતા તારા. આયુદ્ધધારા-ઉપરાચાપરી હથિયારોનો મારો. ચાળ-યુક્તિ. નિમેષ......આંખડીયેરે-આંખનો પલકારો પણ નહિ થાય. માતા......ફરજો-માને નશીએ તમે લડાઇ જીતી પાછા ઘેર આવજો. પોતાનાં ભાગ્ય કરતાં માનું ભાગ્ય વિશેષ લેખે છે. ઉપરાજી-લઇ; પેદા કરી. વરાંસો-ભરોસો. શિબિર-તંબુ.

૬૬. નરસિંહ મહેતા પરમ વિષ્ણુભક્ત હતા. એટલે શૈવ તેની મશ્કરી કરતા. એક વખત એવું બન્યું કે કેટલાક જાત્રાળુઓ જુનાગઢ આવ્યા તેમને દ્વારકાની હુંડી જોઇતી હતી. તે લાગ સાધી એના

વ્હાલેશ્વરીઓએ તેમને મહેતાનું ઘર બતાવ્યું. યાત્રાળુઓ મહેતાને ત્યાં આવ્યા, પણ અહીં તાલ મૃદંગ વાગતાં જોઇ વિસ્મય પામ્યા. પણ મહેતે તેમની પાસેથી રૂપીયા લઇ શામળશાના નામની હુંડી કરી આપી. કૃષ્ણ ભગવાને નરસિંહને ઘણી વખત મદદ કરી હતી તેમ આ વખતે નાણાવટીને વેશે આવી તેણે શિકારી. હુંડી વાણીયો ભીનેવાન-કાળા રંગનો વાણીયો. વેતાલ-રાક્ષસ. હીરા......કશતારે-દાંત હીરા જેવા સફેદ દેખાતા હતા. ધનરેખા-હથેલીમાંની જે રેખાથી પૈસા વિષે ભવિષ્ય ભાખી શકાય છે તે. તાઇ-અંગરખી. દોત-ખડીયો. નીચેખામણે-એઠાઘાટનો, એડાકદનો. જાય ભામણે-ઓવારણાં લે. વહી ચોપડો. પારસી......ટોટળીરે-(પારસી વેપારી લોકો માંહોમાંહે શમશ્યાની જે ભાષા બોલે છે તે) શમસ્યા બોબડી બોલતા હતા. કાર-વ્યવહાર. વંચે ત્યાં વેચાઇએ-આધીન છીએ. મુને......જે વારે-નરસિંહ મહેતા જેવા ભક્તો મને ઓળખે છે. મહેતાની......માંડીરે-મહેતાને નામે વેપાર ચલાવીએ છીએ.

૬૭. સુધન્વા-ચંપાવતીના રાજા હંસધ્વજનો પુત્ર. એ મોટો વિષ્ણુભક્ત હતો. પાંડવોએ અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે ઘોડો રાજાએ બાંધ્યો ને ગામમાં સાદ પડાવ્યો કે યુદ્ધ કરવા જે નહિ આવે તેને ઉકળતા તેલની કઢામાં નાખવામાં આવશે. એવું બન્યું કે સુધન્વાને આવતાં વાર થઈ એટલે બ્રાહ્મણોએ તેનું વચન મિથ્યા ગયાનું કહી જવા માંડ્યું. આથી રાજા મમત પર આવ્યો ને પુત્રને ઉકળતા તેલની કઢાઇમાં નાખ્યો, પણ ભગવાને તે તેલ ઠંડુંગાર કર્યું ને ભક્તને બચાવ્યો. પછી તેલ ટાઢું હોવાનું બધાએ કહ્યું એટલે કઢાઇમાં નાળિયેર નાખ્યું. નાળિયેર તેલમાં પડતાં જ ફાટ્યું ને ઉડી ગોરના કપાળમાં ચોંટ્યું, ને તે દાઝ્યો. એવી કથા છે.

સદ્‌પાત્ર-બ્રાહ્મણો; ઋષિમુનિ. સત્યના સાથી-જ્યાં સત્ય હોય ત્યાં જ ઉભા રહેનારા; વિચરનારા. મિતાક્ષરા-શાસ્ત્રનું પુસ્તક, યાજ્ઞવ-

લક્ષ્યની સ્મૃતિ ઉપર ટીકાનું પુસ્તક; એમાં ન્યાયને માટે કાયદા આપેલા છે. મેં......તતખેવ-મારે હમણાં જ ઉકળતા તેલની કઢાઇરૂપી યજ્ઞમાં સુધન્વારૂપી નાળિયેરની આહુતિ જરૂર આપવી. પુરોહિત-પરોધ; ગોર. નીપાય-બનાવે, આપણે ભોગવવાનું જે નિર્માણ થયું છે તે ભોગવવા વખતને અનુસરી ચાલવું પડે છે, એમાં પોતાનો દોષ નહિ હોતાં નશીબનો દોષ છે એવું કવિ કહે છે. **લિખિતમપિ લલાટે પ્રોજ્ઝિતું કઃ સમર્થઃ** એ સંસ્કૃત વાક્યનું અવતરણ છે. કપાળમાં લખેલું ભૂસવાને કોણ શક્તિમાન છે.

૬૮. કુંભકર્ણ રાવણનો ભાઇ. એ અઘોરી હતો, અતિ બળવાન હતો. રામ લંકા જીતવા આવ્યા ત્યારે તેની સામે લડવા તેને નિદ્રામાંથી ઉઠાડવાની શી વિધિ થઇ હતી તેનું કવિ વર્ણન કરે છે.

ભીડ પડી છે-સંકટમાં આવ્યા છીએ. સોહાય-સારી લાગે. ઢંઢોળે-શરીર હલાવે. ફુંકે મદનભેર-વાદિત્ર વગાડે. મેઘસ્વરે-વરસાદની ગર્જના જેવો. અજા......જાય-બકરા ગુંછળાં ખાતા ઉડીને બહાર પડે. વઢાવ્યા......માતંગ-હાથી અને પાડાની કુસ્તી કરાવી. નાનાજાતના જાતના. વાજ આવ્યો-થાક્યો. મુહુર્તમાત્ર-એક ઘડીમાં.

૬૯. આમાં કુંભકર્ણ રાવણનું મન જુએ છે; સીતા પાછી આપી દેવાનું કહે છે. વગેરે બાબત આવે છે.

ધુણી ધુણાવી; માથું હલાવી. ઘર ઘાલ્યું-સત્યાનાશ વાળ્યું; પાયમાલી કીધી. ત્ર્યંબક......લંકાનાથ-સીતાના સ્વયંવરમાં ત્ર્યંબક ધનુષ્ય ઉપાડતાં રાવણનો હાથ ચગદાઇ ગયો હતો તે રામે કાઢ્યો તે ઉપકાર શું તું ભૂલી ગયો? જેર-તાબે; કબજે. શીશ મેલ-શરણે જા; પગે લાગ, લાગે......વિષે-મ્હોંએ ડાઘ લાગે; આબરૂ જાય. મેઘાડંબર-વરસાદનો ઘેરાવો. શ્યામ......થયા રે-ઘડપણ આવ્યું; કાળા વાળ ધોળા થયા. જામની-રાત્રી. પાવક જ્વાળા-દેવતાની ઝાળ.

ગદ્ય.

૧. સૂત્રધાર-રંગભૂમિ ઉપર આવીને દરેક નટે કેમ વર્તવું તે બતાવનાર પુરૂષ. મારિષ-નટ, નટનું સંબોધન. સુહૃદ્જન-હિતચિંતક પુરૂષો. મહાજન-મોટા માણસો, સંભાવિત ગૃહસ્થો. હિંગોરૂ-એક જાતનું ફળ. શું......ઇર્યા-એ કહેવત છે, શું બીજી બધી વસ્તુ નાશ પામીને નિર્માલ્ય વસ્તુ માલવાળી થઇ! કાલિદાસ-સંસ્કૃતમાં એણે રઘુ, શંકુતલા, મેઘદૂત, વિક્રમોવર્શી વગેરે નાટકો તથા કાવ્યો લખ્યાં છે. બાણ-કાદંબરીનો કર્તા. સૌમિલ્લ-એક કવિનું નામ છે. જયદેવ એણે ગીતગોવિંદ વગેરે ધ્વનિકાવ્યો લખ્યાં છે. દેવગિરા-સંસ્કૃત. ગ્રંથિત-ગુંથેલી, બનાવેલી. દોષદર્શી-દોષ જોનારા. નાટક નવું છે એટલે તેમાં દોષ તો હશે જ, પણ તે તરફ નહિ જોતાં માત્ર તેમાંના ગુણ લેશે. ન્યાત બહાર મૂકવું-તજી દેવું. બાલભાષા-સુરસેની, માગધી વગેરે બાલભાષા કહેવાય છે; અપભ્રષ્ટ ભાષા.

૨. શ્રીદામો-કૃષ્ણનો મિત્ર. બાલ્યાવસ્થા......કરાવી-બાળપણામાં માખણ ચોરીને ખાતો હતો તેથી ચોર કહેવાતો તે આજે મણિને લીધે ચોર કહેવાયો, તેથી જાણે મારી બાળક અવસ્થા પાછી આવી. કાંચનપુરી-દ્વારિકા. સિદ્ધિપ્રદ-ફળ આપનારો. જગત...... ઝવેરી છે-દુનિયાનો પરીક્ષક છે, એટલે કે તમે ચોર છો તે જાણે છે. ચૌરિકા-ચોરી; જેમ માખણની ચોરી ગોપીઓને રાજી કરવાથી મટતી હતી તેમ કોઇ ઉપાયથી આ પણ મટે. પ્રતીતિ-ખાત્રી. પિપીલિકા-કીડી. માખણની ચોરી કરતાં પકડાતા ત્યારે કીડી ચડી છે તે ઉતારવાનું બહાનું કાઢતા હતા તેમ. કૃપાકટાક્ષે-મહેરબાની, પ્રેમની આંખને લીધે. આવશ્યકતા-જરૂર. જાતિ......સ્વભાવ-જે સ્વભાવ પડયો હોય તે મરતાં સુધી જતો નથી. દીર્ઘસૂત્રતા-મુલતવી રાખવાનો સ્વભાવ. દીર્ઘસૂત્રતા......છું-આ પ્રમાણે કહેતાં વાર લગાડવામાં કંઇ

મતલબ પાર પાડવાની તું રાહ જુવે છે. ભાભા...ત્યાં-એતું એ જ કહેવાનું હશે. એ કહેવત છે. જનક-બાપ. આવા......ઘટે-નીચને નીચ બુદ્ધિજ હોય, તેથી તે તેવો જ રસ્તો બતાવે. સ્યાણાની જીજ્ઞાસા-સ્ત્રીની મરજી. જાત......ભાત-જેવી જાત હોય તે પ્રમાણે જ તે પર સંસ્કાર થાય. હંસરાજ......કાગડો-**गिरिशिखरगतापि काकपंक्ति र्न हि तुलनामुपैति राजहंसैः** કાગડો પર્વતના શિખર ઉપર હોય તો પણ હંસની બરાબરી કરી શકતો નથી. ટાઢા......ખવરાવવી-નવરા બેઠા ગપાટા મારી આનંદ લેવો અને લેવરાવવો. વાલેશરી-વહાલો.

૩. આડે અંગે-પૂરેપૂરી. દેખીતું......ધુમાડો ઇંદ્રવાયણાનાં ફળ ખૂબસૂરત હોય છે, પણ કડવાં ઝેર જેવાં હોય છે તેથી કહેવત પડી છે; વાતમાં માલજ નહિ. સ્ત્રીની......પાનીએ-સ્ત્રીને લાંબી અક્કલ જ ન હોય. રાતાં પીળાં-ગુસ્સે, ક્રોધ કરો છો. કરારે-નિરાંતે. કહે...... નવાબ-ધણી જે કહે તે અમારે કબૂલ.

૪. કારાગૃહમાં-કેદખાનામાં. વૃદ્ધિંગત થવું-મોટા થવું. નિર્મિત -બનાવેલી. કાંચનપુરિ-સોનાનું શહેર; દ્વારિકા. બ્રહ્મસદન-સત્યલોકમાં. પુરંદરાલયે-ઇન્દ્રના સ્થાનમાં. અટન-ભ્રમણ. વિભ્રમ-ભ્રાંતિ. ચાર્વસ્તિ (ચારૂ+અસ્ત) ઠીક છે. ઇંદ્ર અંતઃપુર પાલક-ઇંદ્રના રણવાસનો રખેવાળ; કચુંકી. વિધિજ-બ્રહ્માના પુત્ર; નારદ. દેવશ્રી-શ્રીકૃષ્ણ. આગમ -આવવું તે. નામાભિધાન-નામ, અરિગણ-શત્રુઓ. અંતરાય-અટકાવ; અડચણ. અનુવર્તન કર્યું છે-ચાલ્યો છું. કાંટો વગેરે-આપણી વચ્ચે નારદ રૂપી સાલ આવ્યું છે તેને વહેલાં વિદાય કરી દેજો. અંતર્ગત-મનમાંની વાત જાણી લેવાની શક્તિવાળા. અવિગત-સર્વેમાં અન્વય રૂપી વ્યાપી રહેલા. અજર-જેને જરા નથી એવા. કાર્યવશાત્ -કારણસર. અવગત-જાણીતું. યાતુધાને-રાક્ષસોએ. હે કૃષ્ણદેવ! સૂરને રાક્ષસોએ કષ્ટમાં અતિશય ગરકાવ કર્યા છે. જાતુષે-લાક્ષાગૃહમાં.

લાખના ઘરમાં અગ્નિ જેવો નરકાસુર નામનો રાક્ષસ સૃષ્ટિના કષ્ટમાં ફરનારો છે. કાતું-છરી; દાંતી. એ અસૂર કયાં તો છરી છે અથવા કટારી છે તેમાં જરા પણ ફરક નથી, તેનું પુણ્ય નાશ પામ્યું છે તેનો વિચાર કરી દેવતાની મદદે તું ધા અને અસૂરનો ક્ષય કર, કેમકે ઇંદ્રે (સુરારિએ) દુઃખ નજરે જોયું છે તેથી તેનું હૃદય કંપે છે (ધરક છે). પદ્મયોનિજ-નારદ. માયાનિર્લેપ-માયામાં નહિ લેવાયલા; કૃષ્ણ. કષ્ટજન્યા-દુઃખ ભોગવવાને જન્મેલી. ઘટિકાધન્યા-ધન્ય ઘડી દહાડો કયાંથી હોય ? સહસ્રાક્ષિ-ઇંદ્ર. સુંદરસ્યામ-કૃષ્ણ. શક્ર સૂચના-ઇંદ્રનો સંદેશો. ભોળે ભાવે વગેરે-આપણે તો કપટ વિનાના ભોળા એટલે મનમાં આવ્યું તે બોલી નાખનાર, પછી તે બોલ્યાથી પરિણામ શું આવશે તેનો વિચાર કરનારા નહિ એવા. તમે વગેરે-તમે જાણો અને તમારો ભેદ (કર્મ) જાણે. માધવ (મા-લક્ષ્મી, ધવ-ધણી) લક્ષ્મીનો ધણી; ભગવાન. તારૂં તેલ ગયું-તારૂં પાણી ગયું. તમે માગેલું આપી ન શકયા એટલે મારી માગણી (મારો ખેલ) રદ થઇ.

૫. પરિણય-લગ્ન. જોષી......વટેમાર્ગુ-જોષી, વાણીઓ, અને મુસાફર; એ ત્રણ જણાં કંઇ લેખામાં નથી હોતાં, મફતીયાં ગણાય છે. બિયાબારૂં-અણબનાવ; બે અને બારનો મેળ. પુનઃનાસિકા...... કરી-ફરીથી નાક પકડી એટલે શ્વાસ જોઇ ભવિષ્ય કહેતો હોય તેમ કરી. દૈવજ્ઞ-જોશી. સુતાને-દીકરીને. ચોથાભુવને-જન્મકુંડળીમાં ચોથા ઘરમાં. એ ઘર સંતતિનું છે. પ્રાસાદ-મહેલ. અપિચ-વળી. સાતમું સ્થાન-સ્રીભુવન કહેવાય છે. ભાગ્ય......ભળ્યું-નશીબ ઉઘડયું. ભાવિયો-મનગમતો. મેરૂ ચળે-હિમાલય ચલાયમાન થાય. નભ-આકાશ. ચળે નહિ-મિથ્યા જાય નહિ. નિવારવો-દૂર કરવો. કૃતિ-વર્તન. ગણક-જોશી. વક્ર-વાંકો. જન્મ રાશીથી ચોથી રાશીએ સૂર્ય વાંકો થઇને રહ્યો છે. નવનરતા-નવે ગ્રહ નઠારા. લાડસઘેલી-લાડવાઇ. સાડાસાતી-સાડાસાત

વર્ષની. પરિહાર-તજી દેવાનો ઉપાય. દ્વિજ-બ્રાહ્મણ. કુલ......પાંખડી-કહેવત છે. પૂરેપૂરું તો નહિ પણ તેનો અમુક ભાગ. શુભંભવતુ-ભલું થાઓ. ધોળી......ઘાટનો-કહેવત છે. કોઇ સ્થિતિમાં મેળ ન હોય ત્યારે વપરાય છે. ફૂટ કહેજે-તિરસ્કાર કરજે.

૬. સંકર્ષણસદ્મ-બળરામનું ઘર. પ્રવૃત થયો-તૈયાર થયો. અજન્ય-અપશુકન. અધુના-હમણાં. વાંચ્છના-ઇચ્છા; મરજી. માનસ-મન. અંજસા-ઉતાવળો. અજયા-માયા. અકુંઠધિષ્ણ્ય-સ્વર્ગ. નવું વગેરે-નવી વસ્તુ પ્રાપ્ત થઇ હોય તેના ઉપર પ્રીતિ નવ દહાડા એટલે થોડો કાળ રહે છે. જેમ જેમ તે જૂની થાય છે તેમ તેમ તેના પરથી મોહ ઉતરતો જાય છે. ઉભય ચક્ષુ-બે આંખે એક સમાન જોનાર એટલે કે બન્નેને એક સરખી ગણનાર. સફાઇ કરો છો-બડાઇ મારો છો. શસ્ત્રાસ્ત્ર-હથિયાર. હોઠ સાજા વગેરે-ખટપટી અથવા વાચાળ હોય તેને ઉત્તર ગોઠવવા ક્યાં અઘરું છે? પડી મુકી-રહેવા દઇ. ઉતાવળે આંબા વગેરે-ઉતાવળ કર્યાથી કાર્ય સિદ્ધિ થતી નથી. અનુકંપા-દયા. કહ્યા સતે-કહ્યા છતાં.

૭. કાંટા વેરે-કૃષ્ણ બધે લડતા ફરે અને તેનું સમાધાન મારે કરવું. વકરાએલી વાઘણ-ખીજવાએલી સત્યભામા. દૈવ જાણે-તે મારા ઉપર પણ ગુસ્સે થાય છે કે પછી તેને હું મનાવી શકું છું તે તો પ્રભુ જાણે. સાંઇ-કલ્યાણ; આલિંગન. સંદેશા ને સાંઇ-ખુશી ખબર; વ્હાલ. ઉજળું એટલું-કપટ વિનાનું: સારું સારું. અલાવડાં-ખુશામત. મીઠડાં-ઓવારણાં. અલાવડાં ને મીઠડાં-ખુશામતની વાતો. ઢંગે રહેવું-આબરૂમાં રહેવું; વધારે ઓછું બોલ્યા વિના મર્યાદામાં રહેવું. શોક્યને ખારે-રૂક્મિણી ઉપરની દાઝે. નાંખ્યો વગેરે-જે કામ હાથમાં લીધું તે પાર ઉતારનાર. મરતા વગેરે-જે વિધિથી નિર્માણ થયું હોય તે ગમે તે ઉપાય કર્યાથી પણ થયા વિના રહે? ગ્રહ

વાંકા થવા-અવળો દહાડો આવવો, શા ઉપર કયા કારણથી. હૈયામાં વગેરે-ઘણા જ નિર્દય. કુવાડાં ઢાંકયાં- છાનાં છપનાં; ચોરીથી. ભાગી-રાતે-અર્ધી રાત્રિએ એનું તોફાન. જ્યાં નર્યો વગેરે-અધું જ ખોટું હોય ત્યાં સાચું શી રીતે હોય? મોનાં મીઠડાં ઉપર ઉપરનું પણ હૃદયનું નહિ એવું મીઠું મીઠું શા માટે બોલો છો? પીયુષ-અમૃત. બોલ્યે બંધ-બોલનું જ ઠેકાણું નહિ; જૂઠું. પાનાં પડયાં-નશીબ જડાયાં; સંબંધ થયો. દગ્ધ થવા વગેરે-દાઝ્યા ઉપર મીઠું નાખ્યાથી બળતરા વધારે થાય તેમ એક તો અંતર બળતું હોય તેના ઉપર તારા શબ્દ રૂપી મીઠું નાખી વધારે દુઃખી કરવામાં તું કુશળ છે. જાુંદલતા-પરણવા માટે ઘોડે બેસવું તે. મનસ્વી વગેરે-મનમાં આવે તે પ્રમાણે બોલવાનું તમે નક્કી કર્યું છે. ખાંજરે-ખૂણામાં. ખાંજરે નાંખવું-લેખામાં ન ગણવું. પરિજ-નાદિક-નોકર ચાકર વગેરે. અંગોઅંગ......રહ્યાં છે-મારા શરી-રમાં લાહ બળે છે. કાળા તન ચોર્યા-પાપ કીધાં હતાં. નવીન જાગૃત થવું-એમાંથી નવું નીકળ્યું. દીકરીએ દીવો રહેવો-દીકરીનો વંશ નિર્વંશ જવો. કૂવામાં ઉતારી-ફસાવી. મરચાં લાગવાં-તાનો ચઢવો; ગુસ્સે થવું. એકલી બાવળીયા જેવી-સાવ નિરાધાર; એકલી. કુસુમ-ફુલ. ફરો-ખાંગડો. કથિર-હલકી ધાતુ. હેરે આવવું-સેરમાં આવવું, ભુત જેમ સેરમાં આવે છે તેમ. બત્રીસે કોડે દીવા થવા-નીરાંત વળવી. વિઠ્ઠલ...વાંશે-ભગવાન સત્યભામાને છેતરશે. લેખામાં-હીસાબમાં, ગણત્રીમાં. નારદવેડા-લડાવી મારવાનો ધંધો. પ્રત્યવાય-અટકાયત, બાધ. ભીષ્મકનંદિની-રૂકિમણી. નંદિની-પુત્રી. ભદ્રં......ભદ્રં-કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ. બ્રહ્મકુમાર-નારદ. અમી દષ્ટિ-મહેર-બાની. આસક્ત-મચેલી. કૃત્યકૃત્ય-કૃતાર્થ, સંતુષ્ઠ. રતિવાતી-પ્રીતિવાળી. કુડી-ખરાબ, માઠી. ક્રીડા-રમત, ખેલ, યુક્તિ. મતિવરે-ઉત્તમ બુદ્ધિવાળી. અહિત-અકલ્યાણ, ખરાબ. તેજથી ભ્રષ્ટ-તેજ રહિત, નિસ્તેજ.

ચકોરી......શિથિલે-પતિની ગતિ શિથિલ (મોળી) પડી જાય છે તો ચકોરી......(પક્ષીની જાત) દુઃખી થાય છે. ધવ-ધણી. ધણી દુઃખી થાય છે, ને તું નિરાંતે ઉંઘે છે, ને માથે પુષ્પ ઘાલ્યાં છે એ શું ! વયસ્યા-એની. રીસતું જાણું-ધણી રીસાળ, ક્રોધથી ભરેલી. ક્ષુલ્લક-નિર્માલ્ય. ચંપકસુમન-ચંપાનું ફુલ. બળ્યો વર...જાન-જેમ થવું હશે તેમ, વાત જ પડતી મૂકો. તમારૂં ફુલ મને શા ઉપયોગનું, વ્હાલું. ભેદવચન-મર્મવાળા શબ્દો. સાયર-દરિયો. મરજાદા મુકે-હદ છોડે. દરિયા જેવા ગંભીર કહેવડાવી આમન્યા તોડે તો તે ગંભીર શેનાં. વગર નોતરીયા-તેડા વિના, ગોલ્લા. પ્રલય......મૂકે-વિનાશ કાળે દરિયો પણ પોતાની હદ છોડી દે છે. હેરિયાં હેરવાં-છાનુંમાનું જોનાર. લટકતી મૂકવી-ગણકારવી નહીં. સજળ......છે-સત્યભામા જળ અને કૃષ્ણ વાદળું એ બેને છૂટાં પાડવાને પવનરૂપી રૂક્મિણીએ વાવું એટલે યત્ન કરવો તેમાં કૃષ્ણનો શોભા ઓછી થાય છે. ચપળા-વીજળી એ દેખાવું ન દેખાવું એમાં જ ધનની શોભા રહે છે. પૂર્વોત્તર ચપળાનો ચમકારો-રૂક્મિણી અને સત્યભામા એ બે વીજળીઓની લડાઇ. અંતર વૃત્તિ-મનની ઇચ્છા. પર્યંક-ખાટલો. પાલે પડી-સંબંધ જોડાયો. ચૌદમું રત્ન-લાકડીનો માર. ઓપી રહ્યું હોત-સપાટાથી સોળ પડયા હોત. હાડગાળવાં-ઓસવાઇ જવું, દુબળું પડવું. વેરવી-દુશ્મન. વણબાણ-તીર જેવા બોલ. દ્વૈતવાદી-બે સ્ત્રી વાળો. અદ્વૈતગયું-બ્રહ્મપણું ગયું, એક પત્નિપણું ગયું. કાયા ન વહા-છેતર નહિ. અદ્વૈત......નહા એક પત્નિવ્રતમાં નહા (સ્નાન કર, મગ્ન થા). વચલે-ન પાળે તો બે સ્ત્રીની અસ્થિરતા પણ ચળશે. કામે......સહા-કામથી કાચું સુખ તું ન લે. શાર્યાજ-વીંધ્યાં કરો છો, મેણાં મારો છો. હુંસલા-મેણાં, ટપલા. સમીર-પવન. મરાળા-હંસ. ચરાળા-મોતી ચરનારા; હંસ. કરાળા-વિકાળ સ્ત્રી. તોબરો ચડયો-મોઢું ચડયું, ગુસ્સો આવ્યો. મ્હોંમાં એવું-તમને શોભે એવું, વાજબી.

૮. જ્યારે......દેશા-વખતને અનુસરી ચાલવું. ઇશ્વરેચ્છા બલીયસી-ઇશ્વરની ઇચ્છા બળવાન છે. **मौनं सर्वार्थ साधनम्**-મુગા રહેવું એ બધી મતલબ પાર પાડનારૂં છે. આહ્‌લાદજનક-આનંદ ઉપજાવે એવું. સુમન-ફુલ. મધુકણ-મકરંદ; રસ. સ્ત્રવે-રેલાય. આ... શકે-આ તે સુંદર ફુલનો રસ રેલાય છે. કિંશુક ખાખરો વાસવનું-પીમળ વિનાનું. અનુદિન-હમેશની. મત્તભૃંગ-રસ પીને મસ્ત થયેલો ભમરો. ગુંજે-અવાજ કરે. અકલ-ન કળી શકાય એવી. પરભૃત-કોયલ. ઉપવન......પ્રેમ તણી-વસંત ઋતુમાં બાગમાં ફુલ આવેલાં જોઇને મસ્ત ભમરો ગુંજારવ કરે છે તેમ ભાષા રૂપી વાડીની અંદર કોઇ પ્રેમીની ગુજરાતી ભાષા કોયલની મધુર ભાષા જેવી છે. સુરભી-વસંત ઋતુ. સહકાર-આંબા. સુરભિ......કર્યા-વસંતમાં આંબા ફાલ્યા છે. દ્વિજગિરા-પ્રેમાનંદ બ્રાહ્મણની ભાષા. સુહામણી-શોભાયમાન. ધન્ય-ધન્યવાદને યોગ્ય. વાયન દાને-વાયણાનું દાન. સુપડામાં કંકુની દાબડી, કાંસકી, ને ફળ મૂકી સ્ત્રીઓ દાન આપે છે તે. વાં'ય-છેતરે. લઇના લેવા-દ્રૌપદીનું હરણ કરવા. શકે ભુમિ ભેટે-જમીન ઉપર આળોટે છે. માધુર્ય-મીઠાશ. નેપથ્યાભિમુખ-પડદા સામે કૃષ્ણા-દ્રૌપદી. શક્રપરથ-ઈંદ્રપરથ. પાંચાલી-પાંચાલ દેશના રાજાની પુત્રી. આગમ-શાસ્ત્ર. સ્વય......શાપે-પોતાનાં સુખ ધિકારે.

૯. વનકુળ-ઝાડની છાલ તથા પાંદડાનું વસ્ત્ર. અવકૃપા-હત રાજી. ભદ્ર-કલ્યાણ. ભૂસુર-બ્રાહ્મણો. માંત્રિક-મંત્રવિદ્યા જાણનારો. ...વ......પાંડવ નિવારી-પાંડવોનાં અસ્ત્રશસ્ત્રો જોયાંજ કરતો હતો. અજાતશત્રુ-યુધિષ્ઠિર. નેત્રપલ્લવી વડે-આંખના અણસારાથી તપતપ-ગભરાઇને બોલતાં એકનો એક શબ્દ બે વાર બોલાય છે. ગોત્રાદિ-મારૂં કયું ગોત્ર છે તેનો. શંકાસ્પદસ્થાન-શંકાનું સ્થાન જેને વિષે સ્થાન કરી રહ્યું છે એવા. ઉંડા......પેસવાનો-અજાણ્યાને અહીં

રાખી જોખમમાં પડવાનો. કિંકરી-દાસી. વાડવ-બ્રાહ્મણ. શંકાશીલ-શંકાવાળું. મૃગજળ-ઝાંઝવાંના પાણી. પાવક-અગ્નિ. કલંક અને શંકાવાળું જીવવા કરતાં અગ્નિમાં નિવાસ કરવો એ સારા માણસે વધારે ઠીક ગણ્યું છે. વામલોચન-વાંકી દૃષ્ટિવાળી સ્ત્રી; દ્રૌપદી. ધડો લાડવો ન થવો-મરી ન જાઓ. યાજ્ઞસેની-દ્રૌપદી. ખાટી જવું-કાંદો કાઢવો; કમાવું. તરખલાની તોલે-ભાર વકર વિનાનો.

૧૦. સ્વાનુભવ-પોતાનો અનુભવ. વશવર્તી-તાબે. શરમ-શર્મ-સુખ. સમી-જેવી. પૃષ્ટ-પીઠ. યજ્ઞદેવ નૈવેદ્ય-યજ્ઞમાં ધરાવવાનું નૈવેદ. મોભાગ્રમતિ-જાડી બુદ્ધિનો; અક્કલ વિનાનો. **સુજ્ઞેષુ......બહુના** ડાહ્યા માણસને વિશેષ કહેવાનું શું કારણ છે? મખમુહુર્ત-યજ્ઞનો નીમેલો વખત. **स्वस्तिना इन्द्रो**-આશીર્વાદનો મંત્ર. તુંબડાં સજીવન થયા-બ્રાહ્મણો આવી ચડયા. ઇંડાળ-ઇંડાવાળી કીડીઓ, ગોળ અને ખાંડ મળે ત્યાં અથવા ચોમાસામાં ઉભરાય. **आवाहयामि**-બોલાવું છું. પ્રાઘૂર્ણ-પ્હરોણો; મેહેમાન. મફતીઓ-મહેનત કર્યા વિનાનો. યજ્ઞપુરોડાશ-યજ્ઞનું બલિદાન. મખયજ્ઞ. આજ્ય-ઘી. માર્જારી મારી ગઇ બિલાડી ખાઇ ગઇ. વિધિનિષેધ-બાધ. શ્રમસાધ્ય-મુશ્કેલીથી મેળવાય એવું. શાખ-આધાર. સયુક્તિક-દૃષ્ટાંત વગેરે યુક્તિથી પ્રમાણ થયેલું. ચોપટ ગોઠવી-યુક્તિ રચી: બાજી માંડી. પાસા......પડે-પોબાર પડે; ધારેલું નીવડે. દાનવીમાયા-રાક્ષસીમાયા. ગુપ્ત......રહે-જેવી રીતે અગ્નિ રાખમાં ઢંકાયેલો રહેલો હોય છે તેમ. સુપ્ત-સુતેલા. કરિઅરિ-સિંહ હલકમાં-હેલામાં; ઘડીમાં. રામ રમતાં-મરણ પામતાં.

૧૧. અભિનય-હાવભાવ. પરિમળ-સુગંધ. સોગંધિક-એ નામનું કુબેર ભંડારીનું વન. કિન્નરો-દેવોની એક જાતિ. નભમાં-આકાશમાં. કોકનદ-રાતાં કમળ. તારે મન વગેરે-શું અમે અમથા અકર્મ,

કાટ કરીએ છીએ? વીર્ય-બળ. અગાધ-ઘણો; પ્રબળ. વયસ્યા-સખી. કાટને-લાકડાંને. ઉતળાં-છીછરાં-છીછરાં; ઘણાં ઊંડાં નહિ. જે ગતિ વગેરે-જે પ્રમાણે સર્વ માણસની સાથે વર્તવામાં આવે તે પ્રમાણે વહુની સાથે એટલે દ્રૌપદીની સાથે ભીમ વર્તે તેની બીકથી વાત કહી. તાણ્યે તુટી જાય-બહુ ખેંચપકડ કર્યાથી બધામાં રહી જવાય એ વાતનો મેં વિચાર કર્યો છે. સમયોચિત શાસ્ત્ર-જેવો વખત તે પ્રમાણે વર્તવું એવું શાસ્ત્ર. ઉત્સંચન-નાકબુલ. મોરખું-સામાને સારૂં લગાડવાને બોલવું તે. કુસુમશય્યા-ફુલની પથારી. વાત મારી જશે-બાજી બગડી જશે. સુમન-ફુલ. દુર્મિલ-ન મળી શકે એવું. ચાલતી ગાડી વગેરે-કોઇએ કહ્યું હોય તેનો ખરા ખોટાપણાનો વિચાર કર્યા વગર તે સ્વીકારી લેવું અને વાત ઉડાવી દેવી એવી સ્થિતિમાં એ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. હાથ પગ વગરની-પાયા વિનાની. ચઢી જવું-ગુસ્સે થવું. અભિરૂચી-ઇચ્છા; મરજી. મૃદંગ-નરઘાં; સાજ. ખડખડતા ઘુઘરા-શણના ઘુઘરા. મેંકું-મે કહ્યું, એ વાકયનું સંક્ષિપ્ત રૂપ, તે એવો અર્થ ' મારા મનમાં એમ હતું કે ' એવો છે. સ્વેચ્છિત પારિતોષ-પોતાની મરજી પ્રમાણેનું ઇનામ સરોજ-તળાવમાં ઉત્પન્ન થએલા કમળ અસભ્ય-ન મળી શકે એવું. અરવિંદ-કમળ. જીવને જોખમે-પ્રાણ ખોવા જેવી મુશીબત વેઠી. મખ-યજ્ઞ. મદ્ય-દારૂ. સ્નાન સૂતક-લેવા દેવા. ઘરના ભૂવા વગેરે-બોલનાર અને સાંભળનાર એ બેમાં કોઇ પારકું નથી એટલે બોલેલો બોલ પાછો ખેંચી લેવામાં આબરૂ જવાની નથી. મખમૃગ-યજ્ઞને માટે હરણ. મરૂડીઓ-ચુડગર. કુંડી ચુડા વગેરે-અમુક કાર્ય મહા તજવીજે આરંભ કરવામાં આવે તેમાં વિઘ્ન આવે ત્યારે એ કહેવત વપરાય છે. ભાવતું તું વગેરે-એક તો મરજી ન હતી તેઃતે તેમાં વળી કંઇ બાનું મળી આવે એટલે એ કહેવત વપરાય છે. બટુકાણી-બ્રાહ્મણની છોકરી. પટુકાણી-ચતુરાઇ વાળી વાત; લવારો.

૧૨. મોહચંથી-મોહરૂપી ગાંઠ. વસુ-એ નામના આઠ દેવોને

શાપ થયાથી ગંગાને પેટે શંતનુથી જનમ્યા હતા. પુરંદર-ઇંદ્ર. શર્મદા -સુખદાયક. તર્પ્યાં-સંતુષ્ટ કર્યાં. બાપ......નંવાચો-જે દીકરો પોતાના પ્રતાપથી બાપથી વધારે પરાક્રમી થઇને બાપને હઠાવે નહિ તો શાંતિ મેળવવામાં તે બાપથી છેતરાયો જાણવું. બીષણ-બીહામણો. ઉન્માર્ગે-અવળે રસ્તે. વાનરવર્ય-વાનરમાં શ્રેષ્ઠ; હનુમાન. નાકપથ-સ્વર્ગનો રસ્તો. વિયત-આકાશ. વિદારવું-ફાડવું. હર્ષઉદધિ-હર્ષરૂપી સમુદ્ર. અનુજ-ભાઇ. આમળ-નિર્મળ. કમાઇ-મેળાપનો લાભ. અંતરાયભૂત થવું-આડા આવવું. સ્વજંઘા-પોતાની જાંઘ. આસ્ફોટન કરવું-થાબડવું. પંચાનન-સિંહ. શાખામૃગો-વાનરા. કદલીવન-જંગલી કેળો. પિંડપોષક-પોતાનુંજ પેટ ભરનારો: જાતરખુ. શૃગાલ-શિયાળ. રવ પૂરે-પડઘો પડે છે; અવાજ કરે છે. લાભેણો......લેવો-મોટો લાભ મેળવવો. મહાકાય-મોટા શરીરવાળો. ઘેડાં......વાળે-અનુભવી વિના રસ્તો ન બતાવે. હરિ-વાનર. વીજપાતસમાન-વીજળીના પડતાં તેના કડાકા જેવી. ઓઢવી-રાખી મુકી. રક્તવક્ત્ર-રાતા મુખવાળો. ધરા-પૃથ્વી. મતિના વના-હે મતિરહિત. શિષ્ટ-સભ્ય. વધ......સાર્યા-કહે તેં કંઇ મતલબ પાર પાડી છે? વીરહાક-વીરને છાજે એવી બૂમ વારૂ-સારી. વારૂ-અટકાવી શકું! વરિષ્ટ-શ્રેષ્ઠ. પ્રસંગવશાત્-વખત આવ્યે. ક્લેશયુક્ત જ-દુઃખી. લૂહવું-ગબડવું. ઉદધિ......સમો-હનુમાને દરિયાને ગાયના પગલા જેવો ગણ્યો હતો. અબ્ધિ-સમુદ્ર. કરપી-કૃપણ, દીન. ચણે-બીયે. લાંગુલ-પૂછડી. પરમેષ્ઠિ-બ્રહ્મદેવ. ઉપહાસ-મશ્કરી. માનમર્દન કરે-હરાવે; અપમાન કરે. રાજિવલોચન-કમળ જેવા નેત્ર-વાળા; રામ. દશકંધર-દશ માથાવાળો; રાવણ. ગુણાનુવાદ-કીર્તન.

૧૩. ધનદ-કુબેર. પડ......સદાવડી-દુઃખ પડતું હોય તો પૂરેપૂરું પડ. **अशक्तिमान् भवेत् साधुः** બળહીન માણસ એમ જ સંતોષ વાળે કે હું સાધુ છું; સહન કરી બેસી રહે. જીવ પર......બેઠી-પ્રાણ કાઢવા તૈયાર થઇ. ક્યાં......કવચ-ચઢતી અને ઉતરતી પંક્તિની

સરખામણી કરતી વખતે એ કહેવત વપરાય છે. કવચ-એ ઝાડ છે. નિમિષમાત્રમાં-આંખના પલકારામાં, જોતાં જોતાંમાં. લૂટ્યા......ભય-આપણું બગડ્યું.

૧૪. પદ્મિનિયક્ષાધ્યક્ષ-તલાવડીનો ઉપરી રક્ષક. સત્ત-ભાન. તૃણતુલ્ય-ઘાસના જેવા; હિસાબમાં નહિ. બદરીવન-હિમાલય પર્વત ઉપરની જગા. બિસપ્રસૂન-કમળ. નગઝરણ-પર્વતમાંનાં ઝરણ. ભૂત-ઉત્પન્ન થએલો પદાર્થ.

૧૫. ક્ષમાધર-ક્ષમાગુણવાળા. લીલા-ગમ્મત. ધરણીતલ-પૃથ્વી ઉપર. યતિ-વાહન, વિમાન. અપરિમિત-અત્યંત. બાંડીઆ...... મરો-નોકરો. પ્રિયસુરદર્શન-(પ્રિય-અર્જુન સુર-દેવ) અર્જુનનાં અને કુબેરનાં દર્શન થયાં. અનુકંપા-દયા. પારમાર્થિક-પરલોક સંબંધી. આર્થિક-આ લોકના વ્યાવહારિક અર્થ સંબંધી. ભારતવાક્ય-નાટ્ય શાસ્ત્રના મુખ્ય આચાર્ય ભરત મુનિનું કરેલું વાક્ય. આર્યાવર્ત્ત-ભરત-ખંડ. અખિલ-આખા. મૃતપ્રાય-મૃત્યુ પામ્યા જેવી.

૧૬. કાલક્ષેપ-વખત ગુમાવવો તે. इदं तृतीयं-આ ત્રીજું; નવી ભાંજગડ. દુવાય-ઉરાડાય. ખડખડતું આપો-રજા આપો, વિદાય કરો. નરાતાળ-તદ્દન, સાવ. ભૂમિ......મારી છે-પૃથ્વી પર બોજા છે. પ્રાજ્ઞ-પંડિત. ઇંદ્ર ગોપ-પરમેશ્વરની ગાય, હરિયાળી જમીનમાં પીળા રંગની ભાત. વિયત......વહંત-અસંખ્ય પક્ષીઓ આકાશમાં ઉડે છે. અસુધર-બળવાન. પરશામાં-સ્પર્શમાં, આલિંગનમાં. શુચિ-પવિત્ર.

૧૭. રોધ-અટકાવ. વિહીન-વિના, વગર. આર્તનાદ-દુઃખની ચીસ. સચીવ-પ્રધાન. શાર્દૂલી......ધારે-વાઘનું મૂળ જ કાઢી નાખું. ઉપસ્કર-સાહિત્ય. અતિથિપણું-પરોણા ચાકરી. શરસંધાન-બાણનું તાકવું તે. યાતુધાનો-રાક્ષસો. હર્બડ્યા-લડ્યા. વયધર-પ્રાણી માત્ર.

અઋણી-દેવાદાર નહિ. દુર્ધર-ન ધારણ કરી શકાય એવો ઉપમર્દ-અવગણના. કજા-દુઃખ. અસુ-પ્રાણ. સ્વેચ્છા......ઇચ્છા પ્રમાણે ચાલવા. વપુ-શરીર. પોતે જમ્યા એટલે આખી દુનિયા જમી. વકરાયેલો-ખીજવાયલો. સ્વાધાયન-પોતાનું અધ્યયન, પાઠ. સમ્યક-રૂડે પ્રકારે. અસુધારી અવેવા-પ્રાણ ધારણ કરનારા કોઇ પણ અવયવ. ત્રાતા-રક્ષણ કરનારા. ત્રાણ-રક્ષણ. વડવાગ્નિ-અગ્નિ, એક જાતનું પ્રાણી. શાપાગ્નિ-શાપરૂપી અગ્નિ. જયા-પણચ. (ધનુષ્યની) કર્ત્રિમપણું, દગો. શૂનિ-કુતરી. અડદાળો-ધાણ, ભેંચો. કાળ કાઢવા-જીવવું.

૧૮. મૂષક-ઉંદર. ડોલાવી......પડશે-લાકડીના મારથી ઉંચો નીચો થશે. બુદબુદ-પરપોટો. ઉપજે......મુદા-મનનું ધાર્યું જો પાર પડે તો આનંદ થાય છે. મુદા-હર્ષ, આનંદ. અભિનય-ચાળા. નાહાવું......પડે-તેને શી આપદા છે ? ફેરવી બાંધવું-વાત પલટાવવી છે.

અભિપ્રાય.

૧ " પ્રેમાનંદની પ્રસાદી " ના ફરમા મળ્યા છે. વખતનો આવો સદુપયોગ થાય છે તે જાણી બહુ રાજી થયો છું. પુસ્તકનું નામ બહુ સારૂં પસંદ કર્યું છે. ટીકા તથા પ્રસ્તાવના વાંચવાનો મને પ્રસંગ મળ્યો નથી. આપણા જૂના ગુજરાતી કવિઓને આવી Hand Books મારફતે જેમ બને તેમ લોકોમાં વિશેષ જાણીતા કરવાની ઘણી જરૂર છે, અને તેમાં પ્રેમાનંદ એ તો સૌનો શિરોમણિ છે એટલે એને માટે એ ધાટી પર જેટલું થાય તેટલું થોડું ગણાય. એવા શુભ કામને માટે તમે જે આ પગલું ભર્યું છે તે માટે તમને ધન્યવાદ આપું છું, અને આશા રાખું છું કે તમને દરેક જગાએથી સારૂં ઉત્તેજન મળશે.

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.
એમ, એ; એલએલ, બી.

---

૨ " પ્રેમાનંદની પ્રસાદી " નાં ફોર્મ તમે મોકલ્યાં તે પહોંચ્યાં છે. પ્રેમાનંદનાં રસિક તથા સુપ્રસિદ્ધ પુસ્તકોમાંથી શાળોપયોગી ફકરાઓનો સંગ્રહ વિવેચન અને ટિપ્પણ સાથે પ્રસિદ્ધ કરવાની તમારી યોજના સારી છે. જુના કવિઓના લખાણમાંથી સારા સારા ભાગ પસંદ કરી એ પ્રમાણે પ્રસિદ્ધ કરવાથી વિદ્યાર્થીઓને જુના સાહિત્યમાં પ્રવેશ કરવાની સુગમતા થશે. પુસ્તકને અંતે ટીકામાં દરેક ફકરો કયા પુસ્તકમાંથી લીધો છે, તથા તેમાં શો પ્રસંગ છે, તથા કયા અંશમાં વિશેષતા છે એ દર્શાવવું એવી મારી સૂચના છે.

રમણભાઇ મહીપતરામ નીલકંઠ.
બી. એ; એલએલ, બી.

---

૩ શાળાખાતાંએ દરેક ધોરણમાં ગુજરાતી દાખલ કર્યું એટલે દરેક શિક્ષક જોવા લાગ્યો કે પોતાના ધોરણ માટે કઇ ચોપડી નીમવી; એ માટે જોઇએ એવી ચોપડીઓની કેટલી બધી અછત છે તે ત્યારે માલુમ પડયું. આ અછત સમજતાં પ્રથમ રા. રા. હિંમતલાલ અંજારિયાનું " કાવ્યમાધુર્ય " પ્રકટ થયું, ને એ પછી બીજા સંગ્રહો પ્રકટ થયા છે. પણ એવા ટુંકાટુંકા ફકરાઓના સંગ્રહ કરતાં એક મોટા કર્તાને લગતો એક સંગ્રહ એવાં પુસ્તકો હોય તો તે એ કર્તાનો વિદ્યાર્થીઓને સારો પરિચય કરાવી શકે એ દેખીતું છે. આ દૃષ્ટિથી તમારા " પ્રેમાનંદની પ્રસાદી " ના સંગ્રહને આવકાર દેતાં આનંદ થાય છે.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર બી. એ.

---

૪ Premanand stands in Gujrati Literature at the top of all poets, and a selection from his writings, with explanatory notes, in a cheap and popular form, cannot fail to be useful. Mr. Bhanusukhram's attempt to thus extend the wide popularity of a poet who has already become popular, deserves praise and encouragement. The introduction to the book is written in a very simple and lucid style, and betrays the clear grasp which the writer has acquired over his subject. The notes, too, are very helpful, and altogether he has turned out a work which is greatly creditable to him.

Modern Review.

---

૫ "......તમે કરેલો સંગ્રહ બહુ સારો છે. તમે નાટકોના કર્તૃત્વનો સવાલ નોંખો રાખ્યો છે તે ઠીક કર્યું છે. એનો નિર્ણય કરવાનું એક શાળોપયોગી સંગ્રહ ગ્રંથમાં બની શકે નહિ. ઉપોદ્ઘાતમાં કેટલીક હકીકત ટૂંકમાં આપી છે તે વાંચનારને ઉપયોગી થશે એમ ધારૂં છું."

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ.

---

૬ "......તમારૂં પુસ્તક જોતાં જણાય છે કે "મિડલ સ્કુલ" ને 'હાઇસ્કુલ' ના ૪ થા કે ૫ મા ધોરણ સુધી ઘણું ઉપયોગી થઇ પડશે. એ પુસ્તક જોઇ હું રાજી થયો છું ને એવાં પુસ્તકોની હાલ જરૂર છે."

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી બી. એ.

---

૭ "......વિદ્યાર્થીઓને માટે કરેલો આ સંગ્રહ ઘણાં મોટી ઉમરનાં નરનારને પણ પ્રેમાનંદ ભણી વાળશે. લગભગ અપ્રસિદ્ધ જેવા દશમમાંથી પુષ્કળ અવતરણો લઇ તે ભણી સહુનું લક્ષ ખેંચ્યું છે તે સારૂં કર્યું છે. ઉપોદ્ઘાત અને ટીકા વિદ્યાર્થીઓને માટે તમે લખ્યાં છે છતાં અન્ય વાંચનારને યે તે સરળતા કરી આપશે. ગુજરાતના સર્વોત્તમ કાવ્ય ભંડાર ભણી ગુર્જર કવિતાના અભ્યાસીઓનું ધ્યાન દોર્યું છે એ જ તમારા આ સંગ્રહની મ્હોટામાં મ્હોટી સાહિત્યસેવા ને જનસેવા છે."

ન્હાનાલાલ દલપતરામ કવિ એમ. એ.

---

૮ "......આવાં આવાં પુસ્તકોની ઘણી ખોટ છે. તમે જે મહેનત લીધી છે ને આવું સસ્તું પુસ્તક બહાર પાડયું છે તે ઘણું સ્તુત્ય છે. હું ધારૂં છું કે એનો ઉપયોગ ઘણો થશે જ."

છગનલાલ ઠાકોરદાસ મોદી બી. એ.

---

૯ "......તેના અમૃતપ્રવાહમાંથી તમે ધીરજથી ડહાપણ વાપરીને જે પદાર્થો ગુર્જર પ્રજા આગળ મૂકયા છે તેને હું મૂલ્યવાન મોતી અને રમણીય રત્નોની ઉપમા આપું છું. મને આશા છે કે આપના પુસ્તકને મુંબાઇનું તથા વડોદરાનું કેળવણી ખાતું વિદ્યાર્થી વર્ગમાં ફેલાવો પામે એવું ઉત્તેજન આપશે અને મને વિશ્વાસ છે કે આપણા લોક સમૂદાયમાં તે પ્રિય થઇ પડશે."

ગણપતરામ અનુપરામ ત્રવાડી.
